વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૧મું
ડિસેમ્બર - ૨૦૧૬
અંક : ૪૬૩



# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર






Elected USA President

: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org

# 'નવનીત'નાં શ્રેષ્ઠ આરોગ્યલક્ષી પ્રકાશનો




## NAVNEET EDUCATION LIMITED

Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad – 380052. India

Tel. : (079) 6630 5000, 6630 5001, 2745 1000 • Fax : 079 6630 5011, 2748 8000

e-mail : navneet.ahd@navneet.com • www.navneet.com • /navneet.india

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**


6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

AN ISO 9001 - 2000 COMPANY


સનગ્લાસ
કલેક્શન 2016
GRADED
CLUBMASTER
MORE STYLES
SPORT
WAYFARER
SHIELD
AVIATOR
Powered sunglasses in different styles also available.
GANGAR
EYENATION
INDIA'S LEADING EYEWEAR CHAIN
મુંબઈ | પુણે | નાશિક | ઔરંગાબાદ | સાંગલી | સોલાપુર | નાગપુર | કોલ્હાપુર | અમદાવાદ | આણંદ
સુરત | નવસારી | વડોદરા | ગાંધીનગર | ગાંધીધામ | ભુજ | રાજકોટ | જામનગર Infoline: 022-2419 5555

છેલ્લા ૪૦ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**
પ્રતાપ નારાણજી દંડ

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*— મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**


- ભારત અને અમેરિકા : ક્રાન્તિના ત્રિભેટે? ..... ૭
- આગામી કાર્યક્રમોની એક ઝલક ..... ૮
- કચ્છ ખાતે 'મંગલ મંદિર' પર્વ
  'મંગલ મંદિર'ના દીપોત્સવી અંકનું લોકાર્પણ ..... ૯


**લેખ વિભાગ**

### ધારાવાહિક નવલકથા


- ધારાવાહિક નવલકથા : છોરાંવછોઈ – (૨)
  સખીઓ સાથે લગ્ન પહેલાંની ચાંણ (ગોઠડી)
  મધુરજનીની મૂંઝવણ ..... **હંસરાજ સાંખલા** ..... ૧૧


### વાર્તા


- બહિષ્કાર ..... **પ્રવીણ ગઢવી** ..... ૧૬
- ન્હોર ..... **સુમંત રાવલ** ..... ૨૦
- ત્રિભેટો ..... **રમણ સોની** ..... ૨૪
- ડિપ્રેશન ..... **ડૉ. સતીશ પટેલ** ..... ૨૮
- બાવળનું ફૂલ ..... **વર્ષા અડાલજા** ..... ૩૧
- ડૉ. મિલ્કી ..... **નીતા જોશી** ..... ૩૫


### સમાજ ચિંતન


- સાચા અર્થમાં માતા-પિતા બનીએ : (૨) ..... **ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ (ગડા)** ..... ૩૮
- સાંધ્ય વેળાએ ..... **રશ્મિ શાહ** ..... ૪૦
- કુરિવાજોને કાઢવા પડશે! ..... **ભીમજી નાકરાણી** ..... ૪૪
- વૃદ્ધાવસ્થાની કઠણાઈ ..... **હિમા યાજ્ઞિક** ..... ૪૫
- સંબંધોના સથવારે : દીકરીનું વહાલ ..... **ઇલા કે. શાહ** ..... ૪૭


### સંસ્મરણ


- લાછુ, તું ક્યાં છે? ..... **લીલાધર માણેક ગડા** ..... ૪૮
- વડાપ્રધાન સાથેની મુલાકાત ..... **ડૉ. એચ.એલ. ત્રિવેદી** ..... ૫૧


### ધર્મ


- માહિતીના પગથિયાથી પ્રજ્ઞા ભણી પ્રયાણ ..... **થોમસ પરમાર** ..... ૫૩
- જૈન ધર્મ : વિશ્વનો મહાન ધર્મ ..... **નીતિન એચ. સંઘવી** ..... ૫૪


### ધર્મ ચિંતન


- આશાતના અને અંતરાય ..... **રમણલાલ ચી. શાહ** ..... ૫૫


### કહેવત કથા


- હવેલી લેતાં ગુજરાત ખોઇ ..... ૫૮


### ચિંતન


- ચાલને ફરીથી જીવીએ! ..... **રૂપીન પચ્ચીગર** ..... ૬૦

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**


### વિશ્વકારણ
- લોકશાહીની અવદશા : ચીન ..... **નાનુભાઈ નાયક** ..... ૬૨
- મોંઘેરી શાંતિ ..... **રક્ષા મ. વ્યાસ** ..... ૬૪

### લલિત નિબંધ
- બધું સુંદર કરતાં કરતાં ..... **ગુલાબ દેઢિયા** ..... ૬૫

### ચરિત્ર નિબંધ
- "નાની" ..... **સુચિતા કપૂર** ..... ૬૬

### લોક કથા
- સંત મેક(ર)ણ ..... **ઝવેરચંદ મેઘાણી** ..... ૬૮

### કચ્છી પ્રતિભા
- કેળવણીકાર - સિંધી સાક્ષર : હરિ 'દિલગીર' ..... **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ..... ૭૧

### વિવાદ
- સિંધુ-જળ-સંધિ વિશે વિવાદ ..... **નીતિન કોઠારી** ..... ૭૩

### વિમર્શ
- ગાંધીજીનો સત્યાગ્રહ અને ઈસુનો જીવનપંથ ....... **જોન હોયલેન્ડ ● અનુ. ચંદ્રશંકર શુક્લ** ..... ૭૫

### વિભૂતિ વંદના
- વજ્રથીય કઠણ કુસુમથીયે કોમળ : સરદાર વલ્લભભાઈ ..... **વિજયાબેન મનુભાઈ પંચોળી** ..... ૭૯

### નિબંધ
- શિયાળાની સવાર તો અપૂર્વ આનંદદાયક હોય છે ..... **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૮૨

### વિદ્યા
- એલેકઝાન્ડ્રિઆ : લાઈબ્રેરી ..... **મોહનલાલ પટેલ** ..... ૮૩

### નિયમિત વિભાગો
- બાલુડેં જ્યું ગાલિયું ..... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** ..... ૮૭
- આંજો કાગર ..... ૮૮
- અન્ય સંસ્થાઓના સમાચાર ..... ૯૦
- *Nano Nine* શબ્દ રમત-૧૨૩ ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૯૧
- *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૮૦) ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૯૩
- જાણવા જેવું ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૯૪
- વલોવતન ..... **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ..... ૯૫
- સમાજ દર્પણ ..... ૯૭
- સંસ્થા સમાચાર ..... ૯૮
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ..... ૯૯
- ઊડતી નજરે ..... ૧૦૦



Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## ભારત અને અમેરિકા : ક્રાન્તિના ત્રિભેટે?

એક જ દિવસે આખા વિશ્વને હચમચાવી દેતી બે ઐતિહાસિક ઘટનાઓ બની. અમેરિકામાં ક્યારેક 'નાઇન-ઈલેવન' નામે ઓળખાતી મહાવિધ્વંસક ઘટના બની હતી. આઠમી નવેમ્બરની રાતે ભારતીય અર્થકારણમાં સીમાચિહ્નરૂપ એવી 'ડિમોનિટાઈઝેશન'ની ઘટના બની. તે જ દિવસે વિશ્વની સૌથી શ્રેષ્ઠ લોકશાહી ગણાતા યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાની પ્રજાએ તમામ અટકળો અને ઍક્ઝિટ પોલને ખોટાં ઠેરવતો ચૂંટણી ચુકાદો આપ્યો. રિપબ્લિકન પાર્ટીના અધિકૃત ઉમેદવાર છતાં જેમને રાજકારણનો મુદ્દલ અનુભવ નથી એવા વયોવૃદ્ધ ધનકુબેર ડોનાલ્ડ ટ્રમ્પ લોકપ્રિય પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટનનાં ધર્મપત્ની અને શાસક ડેમોક્રેટિક પાર્ટીનાં ઉમેદવાર હિલેરી ક્લિન્ટનને ભારે બહુમતીથી હરાવી રાષ્ટ્રપતિપદની ચૂંટણી જીતી ગયા. ટ્રમ્પ ચૂંટણી જીતશે એવી જ્યોતિષીઓએ આગાહી કરેલી, પરંતુ દેખીતું વાતાવરણ હિલેરીની તરફેણમાં લાગતું હતું. અહીં વિશિષ્ટ સ્વચ્છતા અભિયાનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રૂા. ૧,૦૦૦/- અને રૂા. ૫૦૦/-ની ચલણી નોટોને તત્કાળ ચલણમાંથી રદબાતલ કરવાનો નિર્ણય લઈ દેશ અને દુનિયાને હચમચાવતો આંચકો આપ્યો. વડાપ્રધાન શ્રી મોદી કાળાં નાણાંના કાળીનાગને નાથવા કૃતસંકલ્પ હતા અને ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી વખતે એમણે પ્રજાજનોને, વિદેશની બૅંકોમાં જમા કાળું નાણું પરત લાવવાનું વચન પણ આપ્યું હતું. વડાપ્રધાનને અને નાણાપ્રધાનને વિદેશી બૅન્કોમાં પડેલું કાળું નાણું તો હજી ઝાઝું હાથ ન લાગ્યું, પણ ભારતમાં ઘર આંગણે ખેલાતા બ્લૅકના ખેલ સામે લીધેલ એમના ઐતિહાસિક કદમ પછી ભારતના અર્થકારણમાં નવા યુગનો આરંભ થયો છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. રાતોરાત, બધાને અંધારામાં રાખી લેવાયેલ આ નિર્ણયની વ્યાપક અને દૂરોગામી અસરો પડી છે અને પડવાની છે એમાં શંકાને સ્થાન નથી. અલબત્ત, આવા ક્રાંતિકારી અને ભારતની સવા સો કરાડ જનતાને સીધી જ અસર કરતા નિર્ણયની અમલવારી માટે જેવી પૂર્વતૈયારીઓ થવી જોઈતી હતી એવી થઈ શકી નહીં, તેથી સરકારને અને તંત્રને ભારે લોકનિંદા ખમવી પડી છે તથા વિપક્ષોને વણમાગ્યો મુદ્દો મળી ગયો છે. વિપક્ષો પણ સમજે છે કે કાળાં નાણાં નાથવા માટે મોદીએ લીધેલું આ જોખમી પગલું મોડુંવહેલું જરૂરી તો હતું જ. પરંતુ બરાબર દિવાળીના દિવસો પછી લેવાયેલ આ નિર્ણયને કારણે આમજનતા અનેક પ્રકારની મુસીબતોમાં ફસાઈ ગઈ છે, એનો પડઘો સંસદના શિયાળુ સત્રમાં પડ્યો છે.

સમય જતાં વડાપ્રધાનના આ ઐતિહાસિક પગલાની અસરનો સાચો અંદાજ આવશે. રિયલ ઍસ્ટેટના ભાવો અંકુશમાં આવશે, સામાન્ય લોકો માટે ઘરનું ઘર ખરીદવાનું સપનું સાકાર થઈ શકશે – એવી આશા અસ્થાને નથી.

અમેરિકામાં ટ્રમ્પનું રાજ્યારોહણ થાય એ પહેલાં જ વ્યાપક પ્રમાણમાં એમનો વિરોધ શરૂ થઈ ગયો છે. કદાચ અમેરિકાના ઈતિહાસમાં આ પહેલો જ પ્રસંગ હશે કે સત્તાનાં સૂત્રો ગ્રહણ કર્યા પૂર્વે જ રાષ્ટ્રપતિને પ્રજાનો એક મોટો સમુદાય રસ્તા પર ઊતરી વખોડવા લાગ્યો હોય. ટ્રમ્પનું વિવાદાસ્પદ અંગત જીવન અને નૈતિક મૂલ્યોને નેવે મૂકી ડૉલર રળવાનો વિક્રમ આવા દેખાવો પાછળ કારણભૂત ગણી શકાય. ટ્રમ્પના કેટલાક વિચારો અમેરિકાને એની ખોવાયેલી ગરિમા પુનઃ પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય એવા છે. જોકે એમનું ભારત તરફી અને પાક વિરોધી વલણ બે મહાન લોકશાહીઓને વધુ નજીક લાવી શકશે એવી આગાહી જરૂર કરી શકાય. નીવડ્યે વખાણ! તે ઉપરાંત આતંકવાદ સામે તેઓ કઈ રીતે અને કેવી કાર્યવાહી કરશે તે માટે ભારત સહિત સમગ્ર વિશ્વને ઈંતેજાર રહેશે.

ડિસેમ્બર એટલે ગ્રેગરિયન કેલેન્ડરનો છેલ્લો મહિનો. માસાન્તે આવતું નાતાલ પર્વ તે ખ્રિસ્તી જગતનું જ નહીં, સમગ્ર વિશ્વનું પર્વ બની રહેલ છે. સાન્તાક્લોસ નાતાલની ભેટો લઈને ઊતરી આવે છે, આકાશમાં દિવ્ય તારો ચમકે

છે, નાતાલવૃક્ષને ફૂલ બેસે છે – અત્ર તત્ર સર્વત્ર ઈશ્વરપુત્ર ઈસુના જન્મનાં વધામણાં લેવાય છે. આખી દુનિયા હવે તો ૨૫મી ડિસેમ્બર પછીના દિવસોમાં નવા વરસની આગતા-સ્વાગતામાં પરોવાઈ જાય છે. અલબત્ત, એક રીતે વૈશ્વિક ગણાતું આ મહાપર્વ ભારતીય સંસ્કૃતિ ઉપર યુરોપિયન સંસ્કૃતિનું આક્રમણ પણ ગણી શકાય. આ જ ડિસેમ્બરની પંદરમી તારીખે ભારતના લોહપુરુષ સરદાર પટેલે લાંબી સોડ તાણી હતી તે પણ કેમ ભૂલીએ? એ મહાન રાષ્ટ્રભક્તને વંદન અને 'મંગલ મંદિર'ના તમામ વાચકોને વૈશ્વિક ખ્રિસ્તી નવ વર્ષના નૂતન વર્ષાભિનંદન! ■

## ક્રોધનાં કડવાં ફળ

વ્યક્તિ નાની નાની વાતોમાં ક્રોધે શા માટે ભરાય છે? આધુનિક જીવનશૈલી, માનસિક તાણ, ખેંચતાણ, સ્પર્ધા - હરીફાઈ, આર્થિક સંકડામણ વગેરે અનેકવિધ કારણો ક્રોધ જન્માવે છે. માનસિક તાણમાં રહેતી વ્યક્તિમાં ચીડિયાપણું આવી જાય છે. પછી એનું રૂપાંતર ક્રોધમાં થાય છે.

ગુસ્સાના અન્ય પણ ઘણા કારણો છે. જેમકે ખોટી માનસિક વિકૃતિ, વ્યસનો, અસામાજિક તત્ત્વો, અહં વગેરે. ઈર્ષ્યા તો ક્રોધ માટેનું વિશેષ કારણ છે. પાડોશી શ્રીમંત હોય તો તેની સાથે વારંવાર અકારણ ઝઘડા થાય છે. એના મૂળમાં તો અચેતન મનની ઈર્ષ્યાવૃત્તિ જ છે. ગુસ્સો ચીડિયાપણાથી શરૂ થાય છે. પછી ગાળાગાળી, મારામારી થાય છે. આગળ વધતા હિંસા અને ખૂનાખરાબી પણ થાય છે.

ઘણી વખત માનવી બહાર શાંત દેખાય છે પણ અંદર ક્રોધ ભભૂકતો હોય છે, ને મોકો મળતાં લાવારસની જેમ ફાટી નીકળે છે. લાકડામાં ક્યાંય અગ્નિ જણાતો નથી. પણ જો જોરદાર ઘર્ષણ થાય તો અગ્નિના તણખા ઉડે. શાંત દેખાતા માનવીનું અપમાન કે પ્રતિષ્ઠાહાનિ થાય અથવા નુકસાન થતું દેખાય ત્યારે ક્રોધ શાંતિની ચાદર ફેંકીને બહાર આવી જાય છે. વળી ક્રોધની વિશેષતા એ છે કે પહેલા તે ક્રોધ કરનારને બાળે, પછી જેના પર થાય તેને બાળે છે.

આગની લ્હાય તો આપણા શરીરને બાળે છે પણ ક્રોધની લ્હાય એ વધારે ભયાનક છે. એ લ્હાય તો તન-મન બંનેને બાળે. સાથે જીવનને પણ બાળે છે ને આત્માના ગુણોને બાળીને રાખ કરી દે છે. ક્રોધ એ માનવનો 'સ્વ'ભાવ નથી, એ તો 'પર'ભાવ છે. એટલે નિમિત્ત મળે ત્યારે પ્રગટે. કોઈ પણ વ્યક્તિને ક્રોધ ગમતો નથી. છતાંય કોઈ એને છોડવા તૈયાર થતો નથી. કોઈપણ વ્યક્તિ કારણ વગર ક્રોધાવેશમાં આવી જાય છે, પણ પાછળથી એ પસ્તાય છે.

ક્રોધ કરવાથી માનવને કદી મધુરા ફળ મળતા નથી, કડવા ફળ જ મળે છે. ક્રોધની તાતી તલવાર વિંઝાય એટલે પ્રેમ પ્રેત બની જાય છે. ક્રોધ એટલે સ્નેહ - મૈત્રીને જાકારો અને વેર-વિરોધ - દુશ્મનાવટ અને ધિક્કારને આવકારો. ક્રોધની વિષવેલને ધિક્કાર, તિરસ્કારના ઝેરીલાં ફળ લાગે છે. ગુસ્સો એ વેરઝેરની નિશાની છે. થોર વાવો તો આંબા ન પાકે, કાંટા જ મળે. ગુસ્સો કરો તો પ્રીત - વાત્સલ્ય ન મળે, પણ ધિક્કાર ને નફરત જ મળે.


*ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • તા. ૧૪-૧૨-૨૦૧૬ | સૌરાષ્ટ્રનો પ્રવાસ | વયસ્ક સમિતિ | સૌરાષ્ટ્રના પ્રવાસમાં જૂનાગઢ, નરસિંહ મહેતાના સ્થળોની મુલાકાત, દેવળિયામાં સિંહ દર્શન, ગીરના જંગલની સફર, સોમનાથ મંદિરની મુલાકાત, માધવપુર - ચોરવાડના દરિયાકાંઠાની સહેલગાહ, ચિંતામણિ પાર્શ્વનાથ અને બલેજ પાર્શ્વનાથ પ્રભુના દર્શનનો લહાવો. |
| • શનિવાર, તા. ૧૭-૧૨-૨૦૧૬ બપોરે ૨ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | બે ફિલ્મ જોવાનો કાર્યક્રમ (હલ્લાબોલ + એક મનોરંજક ફિલ્મ) |
| • ગુરુવાર, તા. ૨૯-૧૨-૨૦૧૬ બપોરે ૨ વાગ્યાથી | રિવરફ્રન્ટ પાર્ક, સુભાષબ્રિજ | મહિલા ઉત્કર્ષ સમિતિ | મિની પિકનીક |

# કચ્છ ખાતે 'મંગલ મંદિર' પર્વ

## 'મંગલ મંદિર'ના દીપોત્સવી અંકનું લોકાર્પણ




રવિવાર, તા. ૬-૧૧-૨૦૧૬ના રોજ કચ્છના વડામથક ભુજમાં 'મંગલ મંદિર'ના દીપોત્સવી વિશેષાંકનો વિમોચન સમારોહ યોજાઈ ગયો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ અને મંગલ મંદિરના તંત્રી શ્રી પ્રતાપભાઈ દંડે આવકાર પ્રવચનમાં સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી આપતા સંસ્થા દ્વારા વિશ્રામ સ્થળ અને સામાન્ય ચાર્જ દ્વારા પૂરી પડાતી તબીબી સવલતોની જાણકારી આપી હતી. અમદાવાદમાં સરકારી હોસ્પિટલો સિવાય તબીબી સેવા પૂરી પાડતી સંસ્થાઓમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ શિરમોર છે. સંસ્થા અમદાવાદમાં રહેતા કચ્છી જૈન કે અન્ય કચ્છીઓ માટે તો કાર્ય કરે જ છે સાથે સાથે કચ્છ અને કચ્છનો વિકાસ, કચ્છના પ્રાણપ્રશ્નો માટે પણ નિરંતર કાર્ય કરી રહી છે. અત્રે કચ્છના વિકાસનું વિઝન દર્શાવતા દીપોત્સવી અંકનું વિમોચન કચ્છમાં થઈ રહ્યું છે તેની ખુશી વ્યક્ત કરી હતી.

'મંગલ મંદિર'ના વિશેષાંકના સંપાદક રહેલા શ્રી હરેશભાઈ ધોળકિયાએ અંક વિશે માહિતી આપતાં કહ્યું કે આ અંકમાં કચ્છ ઉપરના ૨૯ લેખ છે જે પ્રવાસન, સાહિત્ય, મહિલા સશક્તીકરણ સહિતના વિષયોને આવરી લે છે. આ અંકને કચ્છની વિશેની માહિતીના દસ્તાવેજીકરણનો નાનો પ્રયાસ લેખાવી તેમણે કચ્છ પર સંશોધન માટે અત્યારે અનેક લોકો આવી રહ્યા છે ત્યારે એક અલાયદી સંશોધન સંસ્થા સ્થાપવી જરૂરી હોવાનું કહ્યું હતું. શ્રી ધોળકિયાએ વધુમાં જણાવ્યું હતું કે કચ્છના ઈતિહાસને ત્રણ ભાગમાં વહેંચી શકાય : (૧) પ્રારંભથી શ્રી ખેંગારજી સુધી, (૨) ખેંગારજી બીજાથી ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ સુધી અને (૩) ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭થી ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ સુધી. ૨૦૦૧થી કચ્છના વિકાસની ગતિ અને દિશા બદલાઈ છે. વિકાસ વધ્યો છે પણ તેનું ન્યૂનતમ દસ્તાવેજીકરણ થયું છે. આ અંકમાં ૨૦૦૧થી ૨૦૧૬ સુધીના કચ્છના વિકાસનો અહેવાલ અપાયો છે, તે મહત્ત્વનો દસ્તાવેજ બને છે. મોટાભાગનાં મેગેઝિનોમાં ચીલાચાલુ બાબતો હોય છે, ભાગ્યે જ વિઝન દર્શાવતા લેખો આવે છે. એકવીસમી સદીમાં કેવળ વિઝન જ આગળ વધારશે. તેથી તે આપવાની જરૂર છે. 'મંગલ મંદિરે' આ બાબતની પહેલ કરી છે. તેણે લેખોમાં વિઝન આપવાનો પ્રયાસ કર્યો છે. આ ધન્યવાદને પાત્ર છે કારણકે સામાન્ય વાચકો માટેના મેગેઝિનોમાં આ મેગેઝિને પહેલ કરી છે. આના દ્વારા ભાવિ સંશોધકોને તેની મદદ મળશે અને તેના આધારે વધારે ઊંડાણથી સંશોધનો થશે. આના આધારે એક સૂચન છે :—

કચ્છમાં કોઈ જ સંશોધન સંસ્થા નથી. તેથી કચ્છનાં વિવિધ ક્ષેત્રો બાબતે ખાસ સંશોધન થતું નથી. કચ્છ ડેવલપમેન્ટ





કાઉન્સિલ, કચ્છ યુનિવર્સિટી અને 'કચ્છમિત્ર' ઇચ્છે તો આ પ્રવૃત્તિ શરૂ કરી શકે છે. યુવા સંશોધકો તૈયાર થાય. સમય અને વિશ્વ દોડે છે. સંશોધનના અભાવે કચ્છ પાછળ રહે છે. વાતોનો સમય પૂરો થયો છે. હવે એક વિશ્વકક્ષાની સંશોધન સંસ્થા શરૂ કરવાની તાતી જરૂર છે.

કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ચંદ્રસિંહ જાડેજાએ 'મંગલ મંદિર'ના દીપોત્સવી વિશેષાંક '૨૧મી સદીનું કચ્છ'નું વિમોચન કરતાં પ્રાસંગિક પ્રવચન કરતાં જણાવ્યું કે — 'મંગલ મંદિર'નો વિશેષાંક સાહિત્યના અર્ક સમો છે. શ્રી ધોળકિયાની લાગણીનો પ્રતિભાવ આપતા શ્રી જાડેજાએ કચ્છ યુનિવર્સિટીમાં સાહિત્ય કોર્નરની રચના કરવાનો અનુરોધ કરેલ અને વધુમાં તેમણે આહ્વાન આપતાં કહ્યું કે આપને ત્યાં ઉપલબ્ધ સાહિત્ય કે તેની પ્રતિલિપિ પણ અમને ઉપલબ્ધ કરાવો. યુનિવર્સિટી સાહિત્ય કેન્દ્ર શરૂ કરવા તત્પર છે.

જાણીતા સમાજચિંતક અને સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ કચ્છના વર્તમાન વિકાસને બિરદાવતાં સાહિત્યની ઉપેક્ષા તરફ લાલબત્તી ધરતાં કહ્યું કે, અર્થકારણના આક્રમણમાં કચ્છની ઓળખ ન ભૂંસાય, અસ્મિતા ન વિસરાય તે જોવાની દરેક સાક્ષરોની ફરજ છે. તેમણે પણ સાહિત્યના દસ્તાવેજીકરણની જરૂરત પર ભાર મૂક્યો હતો. આ પ્રખર સાહિત્યકારે જો તેમને સગવડ અને સવલત આપવામાં આવે તો લખપત પર નવલકથા લખવા પણ તૈયાર હોવાનું કહ્યું હતું.

કાર્યક્રમના અતિથિ વિશેષ અને 'કચ્છમિત્ર'ના તંત્રી શ્રી દીપકભાઈ માંકડે કચ્છ વિશેના દસ્તાવેજીકરણની જરૂરત દોહરાવી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને અમદાવાદમાં રહી જિલ્લાના પ્રશ્નોની ચિંતા સેવવા અને અવાજ ઉઠાવવા બદલ અભિનંદન આપ્યા હતા.

સમારંભના અધ્યક્ષ જાણીતા દાનવીર ઉદ્યોગપતિ અને સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ચેરમેન શ્રી દામજીભાઈ એંકરવાલાએ આ દીપોત્સવી અંક ૨૧મી સદીની દિશા તરફની દોટમાં મહત્ત્વનો મદદકારક સાબિત થશે એવી આશા દર્શાવી હતી. આ અંકમાં 'કચ્છમિત્ર'ના ૭૦ વર્ષ ઉજવણીની દળદાર પૂર્તિમાંથી પણ અમુક લેખ સમાવાયાની નોંધ લેતાં તેમણે કહ્યું હતું કે 'કચ્છમિત્ર' એ કચ્છી સાહિત્યના સંવર્ધનમાં પણ મહત્ત્વનું પ્રદાન આપ્યું છે. સાહિત્ય કેન્દ્ર રચાય તો આર્થિક મદદની પણ ખાતરી આપી હતી.

કાર્યક્રમનું સુચારુ સંચાલન કુ. નિરાલી સંઘવીએ કર્યું હતું. આભારવિધિ સંસ્થાના સહમંત્રી શ્રી હસમુખભાઈ ખાંડવાલાએ કરી હતી. સમારંભને સફળ બનાવવા સંસ્થાના સહ ખજાનચી શ્રી રમણીકભાઈ ગોસર, કાર્યકર્તા શ્રી કિશોરભાઈ ઠક્કર અને અજય રાણાએ જહેમત લીધી હતી. આ સમારોહમાં કચ્છી સાહિત્યકારો અને સાહિત્ય રસિકો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ પૂરો થયા પછી ભોજન સમયે સહુ મહેમાનોએ એક સૂરમાં આ વિમોચન સમારોહ નહીં પરંતુ કચ્છનો વિકાસ મેપ રજૂ કરવા તરફ આગળ વધવાનો જ્ઞાન સેમિનાર હતો એવું અનુભવ્યું હતું. ■



॥ ધારાવાહિક નવલકથા ॥

# છોરાંવછોઈ – (૨)

ધારાવાહિક નવલકથા

હંસરાજ સાંખલા

*વહી ગયેલી વાર્તા : કચ્છી પાટીદારોની લોકબોલીમાં રચાયેલી વિશિષ્ટ કથાની નાયિકા બાળવિધવા બની છે. એનાં પુનર્લગ્નની ચર્ચા હવામાં છે. કિશોરવયની ગ્રામીણ પાટીદાર કન્યાના જીવનમાં નાની વયે આવેલ વળાંક પછી શું બનશે?*

***વાંચો આગળ :***

## સખીઓ સાથે લગ્ન પહેલાંની ચર્ચાણ (ગોઠડી)

ચૈત્ર માસનો ટાઢી તેરસનો શીતળામાનો મેળો આવ્યો.

રતન મોટા ઘરની દીકરી અને થોડી બોલકાર એટલે સખીઓમાં તેનો પ્રભાવ હતો. એ સખીઓના મેળાપનું કેન્દ્રબિંદુ હતી.

'કાલે મેળામાં આપડે એક કામ હરુભરુ કરવું હે. જેના પણ માટીડા આવ્યા હોય એને આપડે મલવું નક્કી. ન કો લકાઈ લકાઈ (છુપાઈ - છુપાઈને) ને પણ જોવા તા ખરા જ.'

'તક્કડ કાં કરોર્યું, આમે પછે જોવા તાં હેજ ને?' મુખીબાપાની પોત્રી મંજુએ કહ્યું. આમ જોવા જતાં કોક ઓળખીતું માહણ જોઈ જાય તો કેવું લાગે?

'કેવું લાગે?' એક સખીએ કહ્યું, 'તું કેવી વાત કરોરી? આપડે તો ખાલી મો જોવું હે, વાતું થોડી કર્વ્યું હે? એના ભેગી.'

'હું તો કૌંરી ખાલી મો ન જોવાય. મલવુંયે ખરુંને એની પટીયે પાડવી.' રતને કહ્યું, 'મેળામાં ઓલ્યા ચીનુ મારાજના ભજિયાં કેવા વખણાયર્યાં. ઈતાં ખાવાં જ એના ઢીંગલે.'

'જો જો માટીડાનાં ભજિયાં ખાવા જતાં ઘરે ભજિયાં ન દે આપડી માંઉ (માતાઓ).' મંજુએ મલવા સામેના જોખમથી સાવધાન કર્યાં. લાલબત્તી બતાવી.

'અરે આ તાં છટારી હાવ ફૂંસર (બીકણ) હે. કેનીકે મા વઢે તો મારું રતનનું નામ લઈ લેજો. હું પોતે જવાબ દઈશ.'

આવા આવા અભરખા લઈને પાંચે બેનપણિયું ખૂબ આશા અને ઉત્સાહથી મેળામાં પોંચ્યું. એ પાંચ સખીમાંથી એક પણ સખીએ બહેનપણીના તો ઠીક પણ પોતાના માંટુડાનેય જોયા નોતા. પછી ઓળખવાની તો વાત ક્યાં રહી. હા એક સખી ગંગાબાઈ કેતીતીઃ 'મેં મણિલાલ પટેલને બે-ત્રણ વરહ પેલાં એક વાર જોયા હે.' નહીં તો એના ગામનું કોક આવે તો પૂછી પૂછીને ગોતવાની વાત હતી. એમ કરતાં ગોતવામાં ને ગોતવામાં બપોર થઈ ગયા.

એના જેવી જ ગણી ઓળખીતી છોરીયું કને પુછા કરી પણ પાંચમાંથી એકનો પણ માંટુડો બારેથી આવ્યો જ નતો. તો પછી મેળામાં ક્યાંથી મળે? ત્યાં રતનની ફઈજીની દીકરી હેંજાબાઈ મળી. એણે કહ્યું, 'અમારા મણિભાઈ તાં આઠમથી બે-ત્રણ દી વેલા આવશે. વેલા આવે તો કાળા થૈ જાય. એટલા હારુ. ન કાં મારી ધોળી ભોજાઈના પાંહાંમાં (બાજુમાં) શોભશેય નહીં.' કહી, એને રતનના ગાલે ચૂંટલી ભરી, એ જતી રહી.

'હાં. એની જ બીક હશે અમારા બનેવીને. વળી તું નપાસ કર તો? તું ધોળી ને રૂપાળી હોં એટલે ચામત તો રાખવી પડે ને એને!' ત્યાં ગંગાએ કહ્યું, 'ઇ નકામાં બીયેર્યા એના હારું તો રતને કેટકેટલ્યું માનતાઉં કર્યુંત્યું!'

'તમને બધીયું ને હું ને મારા ઇ જ દેખાયર્યા? હરુભરુ મારી જ વાત ખણોર્યું તે.' રતનને પોતાની ને એની વાત થાય ઇ તો આમ ગમતી જ હતી પણ ખોટે ખોટું સારું લગાડવા કહ્યું, 'હું એકલી કાંય નથી પેણનારી (પરણનારી) તમેય બધીયું પેણનારિયું હો (પેણોર્યું).'

એકેય બેનપણીના લાડાના હમાચાર ન મલ્યા. એટલે પછી મેળામાં ઝાઝો રસ ન પડ્યો. બધી વહેલી જ પાછી આવી ગઈ. આજે કોઈને ચરોચાર કરવા પણ વાડીએ જવું નતું એટલે સાંજે પાછી વહેલી જ મળી.

આજે રતનની સખીઓને સરસ નવો વિષય મળ્યો હતો ચર્ચા માટે. 'રતનનો માંટૂડો કાળો ન થૈ જાય એટલા હારુ બારેથી મોડા આવશે.'

આમ તો લગભગ દરરોજ રાત્રે મલ્ત્યું ને એકબીજાની મશ્કરી અને ચોલાણા કર્ત્યું.

'રતન અમારાં બધાં કરતાં તું નસીબવાળી હો. ઇ હાચું. ભગવાનને ત્યાં તને ગુજરાતનાં ઝાડ વતાવવાં હતાં પણ શીયાણું (શું જાણે) તે શું કર્યું? બચી ગઈ! વળી તને માંટુડોય કેવો શોખીન મલ્યો. તારી લાગણીને ખ્યાલ રાખે તેવો ને પાછો કલકત્તે રેવાવાળો.

રતને એનો કંઈ જવાબ ન દીધો.

'વાતુડી કાંક બોલ તાં ખરી. આમ તો વાતુમાં વારોય

ન દે ને જમાઈની (માટુંડાની) વાત આવે તૈયેં જેણે (જાણે) તેલમાં માખ પડી.'

રતનના ગાલ ઉપર મીઠી ચૂંટલી ભરતાં ગંગા બોલી, 'તેં ભલેને જમાઈ ન જોયા હોય, મેં જોયા હૈ. શેકાવી શેકાવી (તરસાવી- તરસાવી)ને ય તને લોટરી લગાડી હે તારા જલાબાપાએ.'

'તોય તમારા જેવાં વાડીવાળાં થોડાં હે. હે તો મજૂરિયાં જ ને? રતને થોડા નિરાશાના ભાવે કહ્યું. રોજ કેનીક વાડીયુંમાં મજૂરેં જ જવું ને એકલીએ. ને એનેય બારે કેનાક કનેજ કામ (નોકરી) કરવું પડશે ને. પોતાની વાડીએ બે માહણને ભેગું કામ કરવાની કેવી મજા આવે. બે માહણ ભેળા કામ કરતાં હોય તો થાકેય શેનો લાગે? ખેલ મશ્કરીમાં દી કેમ જતો રે ઈયે ખબર ન પડે. ને લાગ મળે તૈયેં હાથમસ્તીયે (હાથ મશ્કરીયે) કરી લેવાય.' રતને કહ્યું.

'હાથ મસ્તીમાં એકબીજાને ગલગલિયાં કરાય બીજું શું થાય?' મુખીબાપાની મંજુએ કહ્યું.

'કરવું હોય તો બધું થાય. બીજું બધું શું થાય ઈ કેવાય થોડું!' — રતન.

'જધ્ધી, એવું થોડું હેકે વાડીવાળાં હોય ઈ હાંમી જ મોડે (હંમેશાં) બે માહણ ભેળાં કામ કરે! અને વાડીવાળાંય ક્યાં એકલી ખેતી માથે બેહી રેર્યાં? ઈયે વારાફરતી બારે જાય જ ર્યાં ને?'

'આપડા પટેલવાળાંની ખેડ (વાડી) કેટલી મોટી હે તોય બે ભાઈ ઈયાંને ત્રણ ભાઈ બારે જ હેને? પાછા છડા. (પત્ની-પરિવાર વગર એકલા.)

'આ છડા રેવાવાળી પ્રથા ગેઢેરાએ (સમાજના આગેવાનોએ) કાયદો કરી કાઢી ન નાખી ખપે?' પદુબાઈએ કહ્યું.

'વિવા કરીને જા પછી કેજે તારા એને. તું તો ગેઢેરાની વઉ થઈશને.'

આવી તરેહ તરેહની મશ્કરી ને ચોલાણાં કર્ત્યું. ને એકબીજાને તાળી દેતી, એકબીજાના હાથ દબાવતી છૂટી પડત્યું.

લગ્નના દિવસો જેમ જેમ નજીક આવતા ગયા તેમ તેમ એ બહેનપણીઓની મુલાકાતો વધતી ચાલી. લગભગ તો એ રોજ રાત્રે ફળિયાના નાકે મળતી. એ રોજ મળતી તોય એમની વાતો ખૂટતી નહીં. એ એવી વાતોએ વળગતી કે ક્યારે મધરાત થઈ જતી એ ખબરેય ન પડતી. ત્યાં એકાદ બહેનપણીની ભાભી આવીને કહેતી.

'છોરીયું, તમને તાં ઉજાગરાય નથી નડતા. હવારેંયે (કાલે) હાંજ પડશે. આ હવે ર્યાણ મોટી કરો (પૂરી કરો). જુવો તો ખરીયું, હેણું ને કતીયું ક્યાંય આવી ગ્યું હે.' આકાશ સામે આંગળી ચીંધતાં લીલાભાભીએ કહ્યું.

'ભાભી જુઓને ઈયે ભેળીયું બેહીને ર્યાણ જ કરેરીયું. ઈયે ક્યાં હુઈ ગ્યું હે?' આકાશ સામે જોતાં રતન બોલી.

'વાત હાચી હે. લાગેર્યું તમારી જેમ એનેય ઊંઘ નથી આવતી' — લીલાભાભી.

'ભાભી વીવાતાં થૈ ગ્યા હૈ એના તોય કાં જાગેર્યું?' - પદુબાઈ.

'ઈ એના ઘરવાળા (ધણી) ભેગી ર્યાણ કરતીયું (કર્ત્યું) હશે.' — લીલાભાભી.

'તો તાં એની ર્યાણે મીઠી હશે, નૈં?' રતન.

'તો તમારી ર્યાણ શું મોળી હે?' — લીલાભાભી.

'આવી ર્યાણને મીઠી ર્યાણ થોડી કહેવાય?' — રતન.

'હવે મને હમજણ પડી તમે મીઠી ર્યાણ કેને કો'ર્યાં? તો હવે મોળી ર્યાણ મોટી કરોને હુવો. થોડાક દી પછી મીઠી ર્યાણ કરજો. હમણાં ખોટા ઉજાગરા ર્યું કરો.' — લીલાભાભી.

'ભાભી તમે તમારી વીવા (લગ્ન) થ્યાતા તૈયેં કેટલા ઉજાગરા કરતાંતાં, આજ કો કેટલા વાગ્યા હોદી જાગતાં તાં?' — રામબાઈ (બહેનપણી)

'રામલી વીવા પેલાં કે વીવા પછીની વાત કરોરી? પેલી એની ચોખ કર ભાભીને.' — રતન.

'હું તો બેય વખતનું પૂછુંરી. અમને કેટલું જાગવું ઈ ખબર તાં પડે.' — રામબાઈ.

'ઈ કાંય ઊભાં ઊભાં એટલી વારમાં જવાબ થોડો દેવાય? એના હારું નિરાંતે મલવું પડે ને ગુરુ દખણાય દેવી પડે.'

'લ્યો બેહો (બેસો) ઓટે' કહેતાં ઓટલે બેઠેલી પદુબાઈ નીચે ઊતરી ગઈ 'કેતાં હોતો ખોળામાંય બેહારું. દખણામાં તમે કેશો ઈ દેશું.'

'જુઓ ભાભી આજે હેણું ને કતીયું કેવી નિરાંતે ર્યાણ કરેર્યું' — રતન.

'ઈ નિરાંતે ર્યાણ કરેર્યું કે એના ભાઈમણ બારે કામ કરવા ગ્યા હે તે એની યાદમાં ઊંઘ નીં આવતી હોય. તૈયે જાગતીયું હશે. તોય અમારા જેવીયુંને ઈ ર્યાણ કર્ત્યુંજ દેખાતીયું હશે.' — લીલાભાભી.

'ના, અમને તાં એકલીયું એકલીયું રૂવેરીયું એવું દેખાયરીયું.'

'મઈના પેલાં તમને ભલે એકલીયું એકલીયું રોતીયું દેખાતીયું હોય પણ હવે તમને ર્યાણ કર્ત્યું દેખાવ્યું ખપે.' — લીલાભાભી

'ભાભી અમે કતીયું ને કતીવાર ર્યાણ કરાવીને આવીયેં રીયું. તમે જાઓ મારાભાઈ વાટ જોતા હશે.'

'તમે ભાઈને ભોજાઈની ચિંતા કરોરીયું પણ ઘરે તમારી

માઉં (માતાઓ) ચિંતા કરે રીયું.' — લીલાભાભી

લીલાભાભીને આડી અવળી વાતો કરાવી રવાના કરી દીધાં.

એને તાં છૂટા પડવાનું મન જ થતું ન હતું. એ ફરી વાતે ચડ્યું. ત્યાં રામભાઈના ભાભી લક્ષ્મીભાભી દેખાયા. એ જરા બોલકાર હતાં. બધાં એને ઝાંસીની રાણી કહેતાં.

'કાં ભાભી તમે હજી હુતાં નથી?'

'હુવા જતીજી ત્યાં મારી મોટી હાહુએ કેધું એટલે બાઈજીના હકમ માનવા જ પડે.'

'રામબાઈ જોઈ તારી બહાદુર ઝાંસી કી રાણી લક્ષ્મીભાભી' — પદુબાઈ.

'ખમો તાં ખરીયું થોડાક દી. તમારી બાઈજીયું તમારી કેવી ખૂટી ખણેરીયું ઇ તૈયે ખબર પડશે, તમારી બહાદુરીની. હાલો હવે અધરાત થૈય. માહણની અડધી ઊંઘુંય થૈ રીયું હશે. ને આપે હજુ હુતાંય નથી.' — ભાભી

'હુસો તોય તમને તાં ઊંઘ નીં આવતી હોય. મારા ભાઈ નથી (આવ્યા) તે!'

'મને તો ઠીક પણ તમને ઊંઘ નીં આવતી હોય ઇ હાચું, તમને બધીયું ને બૌ હોંહ (હોશ ઉમંગ) હશેને? વળી ઊંઘ આવતી હશે તોય હોણાં (સપના) ઊંઘવા નીં દેતાં હોય તમને!'

'તમને શું ખબર?' — પદુબાઈ.

'ઇ એના અનુભવ કેર્યા. હમજતી નથી. બે વર પેલાનું એટલા દીમાં થોડું ભૂલી ગ્યાં હોય' — રતન.

'હું તો બધું ભૂલી ગઈ હોં. આવા ઢૈડામાં (મજૂરીમાં) શું યાદ રે. તમારા ભાઈ ઉંવાંને હું ઇયાં. આ વાત આવતાં બધી બેનપણી પોતપોતાની રીતે એનાં ચોલાણા કરવા મંડી.' આજે લક્ષ્મીભાભી ચોલાણાના યુદ્ધમાં બરાબરની ઘેરાઈ ગઈ. આમ તો એકલી બધીને પોંચી વળે તેવી હતી. છતાં આજે એની હાલત 'ઝાઝે ઘુવડ લાધો' જેવી કરી નાખી.

છેલે 'લ્યો તમે જીતીયું હું હારી. ખમો તાં ખરીયું તમારી હાલત પણ એક દી મારા જેવી ન થાય તો કેજો.'

એની ખેડ (વાડી) મોટી જ હતી. છતાં એક ભાઈ ખેતી કરતા હતા ને બે ભાઈ વારા મુજબ બારે કમાવા જતા. હાલમાં તેના પતિનો વારો બારે જવાનો હતો.

કચ્છમાં ઢોરના ચરોચારનાં કામ, સવાર-સાંજ છાણ વાસીંદાનાં કામ, તળાવેથી પાણી ભરવા જવાનાં કામ, વહેલી સવારે દેંણાં દળવાનાં કામ, રાંધવાનાં કામ અને માલિકીપણાના ભાવ સાથે દિવસ આખો વાડીમાં ખેતીના કામ કરવાં. આ કામરૂપી અદ્‌ભુત અફીણને લઈને એના શરીરમાં રહેલો પેલો 'કામ' કુંભકર્ણની નિદ્રામાં એવો સૂઈ જતો કે વરહાળામાં જ્યારે એના પતિ દેવ (ઘરવાળા) આવીને છંછોડી છંછોડીને જગાડતા ત્યારેય એ 'કામ' માંડ માંડ જાગતો.

એ કામ માંડ જાગતો ત્યાં પાછો એના પતિદેવ જાણે મહિનામાહની નોકરી પૂરી થતાં કમાવા બારે ભાગતા. છડા ને છડા.

આમ તો આ છડા રહેવાની પ્રથા સમાજવ્યાપી હતી. આ પદ્ધતિ માત્ર વાડી વગરનાને લાગુ નો'તી પડતી. જેની વાડી મોટી હોય ને બે ત્રણ ભાઈ હોય તો એક ભાઈ વડીલો સાથે ખેતી કરતા ને બાકીના ભાઈઓ બારે કમાવા જતા.

કોઈ છૂટી નોકરી કરતા, કોઈ ઠેવરાની આશાએ સગાંવહાલાંને ત્યાં નોકરી કરતા, કોઈ લેબરમાં સૉ મિલ ચલાવતા તો કોઈ દસ પંદર સગાંવહાલાં કે હેતુસંતોષી ભેગા થઈ પોતાનો ધંધો (સૉ મિલ) કરતા.

બારે જતા એ તમામ ભાઈઓ માટે છડા રહી, કંપનીના રસોડામાં કે વીશી જમવાની થિયરી અમલમાં હતી. જે માનસિક રીતે સમાજ સ્વીકૃત અને સ્વમાનભેર વેવાર સાચવવા કરકસરવાળી આબરૂદાર પદ્ધતિ હતી.

તત્કાલીન સમયમાં એ પદ્ધતિ સામે કોઈ પણ સ્ત્રી-પુરુષને ફરિયાદ કે અસંતોષ પણ ન'તો. જોકે ક્યાંક એકલદોકલ કે નવપરિણીત દંપતીને થોડો અંદરથી અસંતોષ થતો. પણ આ પદ્ધતિ એક પરંપરા બની ગઈ હતી અને એ પરંપરાને લઈને જ્ઞાતિના દરેક સ્ત્રી-પુરુષની માનસિકતા એ રીતે જ કેળવાઈ ગઈ હતી. જેથી તેની સામે કોઈને ફરિયાદ કે દુઃખ ન હતું.

આ રીતે આખી સમાજની આબરૂદાર સંસ્કારી પરંપરામાં ક્યાંય નાનું સરખું છીંડું કે દાગ ગોત્યો જડે તેમ નો'તો. આમાં તમામ પરિવારોનાં ધર્મમય સંસ્કારી જીવનના પ્રભાવનો પણ મોટો ફાળો હતો અને એને લઈને જ એ જ્યાં જ્યાં જતાં ત્યાં ત્યાં એની જીવનપદ્ધતિ નીતિ રીતિ અને ઇમાનદારીની ખૂબ ઊંચી ઇજ્જત થતી. જે એની પેઢીઓથી વડીલોની કમાયેલી અમૂલ્ય કિંમતી અનામત પૂંજી હતી.

★

## મધુરજનીની મૂંઝવણ

રતનની ગાડાંમાં આવેલી જાન એના સાસરાના ગામ છતેદી પાછી પહોંચી ગઈ.

ગામના વથાણમાં (નાકે) ઢોલના ધુબાકે વરકન્યા સહિત જાનનું સામૈયું કરવામાં આવ્યું. વસુધૈવ કુટુંબકમ્ જેવી પરિવાર ભાવનાને લઈ સામૈયામાં ગામનાં હાજર બધાં જ માણસો જોડાતાં. ક્યારેક કોઈ વ્યક્તિ કોઈ વ્યસ્તતાને લઈને મોડું પડે કે ભાગ ન લઈ શકે તો તેને દિલથી અફસોસ થતો. અડે, મારાથી હામૈયામાં ન જવાણું.

કોઈ પણ પરિવારના આવા સારા અને માઠા તમામ પ્રસંગોમાં 'ઈ મારા પરિવારનું ક્યાં હે?' અથવા 'હું એક નીં જાઉ તો શું ફરક પડશે?' આવો ભાવ ક્યારેય કોઈના દિલમાં સહેજ પણ આવતો નહીં. આને લોકો ગામડાંની સાચી સમૃદ્ધિ અને સંપત્તિ માનતા. જે ગામમાં સંપ અને ભાવ સારો ત્યાંના વતનીની સામાજિક ક્રેડિટ ઊંચી ગણાતી ને ત્યાં રહેવાવાળાને આનો ગર્વ પણ થતો. રતન આજે આવા જ એક સંપીલા ગામમાં પરણીને આવી હતી.

ચોકમાં મંદિર આગળ જાનનાં ગાડાં ઊભાં રહ્યાં.

ગીત ગાતાં સૌ લાડાલાડીને (મંદિરે) - ભગવાનના દર્શન કરાવી ઘરે આવ્યાં. ઘરે બેસાડેલ 'ગણેશ પરમેસર'ને પગે લાગી સૌ વડીલોના આશીર્વાદ લીધા.

વર કન્યાને 'કોડીએ' રમવાની 'સુવાણ' ડોવા સૌ અધીરાં હતાં. એને લઈને નક્કી થતું કે 'ઘરમાં કોનું ચાલશે?'

કોડીની રમતમાં ચારે વખત 'ચાર આની' રતને પહેલી ગોતી લીધી. મણિલાલ સહિત સૌને નવાઈ લાગી. કોઈને ક્યાં ખબર હતી કે આના માટે રતને એની બહેનપણીની સલાહથી ઘરે પ્રેક્ટિસ કરી હતી!

આ દરેક વખતની રતનની જીતને લઈને 'વઉ બૌ ચાલાક લાગેરી.' આવી ગુપસુપ સાંભળી, આ રમતમાં ન જીતનાર મણિલાલ થોડો શરમાયો. સાથે એને આનંદ અને ગર્વ થયો : રતનની, પોતાના માણસની ચાલાકી ઉપર.

કાનજી બાપાના ફળિયામાં રહેતી રતનની દૂરનાં ગસાંની દીકરી નાનબાઈની સાસુએ નાનબાઈને કહ્યું, 'વઉ તમારી બોનવાળાં હવે પરવારી ગ્યાં હશે. હું ભિરંજ રાંધી લઈશ. તમે જાઓ તેડી આવો તમારી બોનને. બિચારી મૂંઝાઈ ગઈ હશે. થોડી મોકળી તાં થાય.'

ઉનાળાના દિવસો હતા. તેથી અંધારાંને હજી થોડી વાર હતી.

'ભલે જાઉરી લ્યો. આવીને હું પોતે ચોપાં (ગાય-ભેંહ) દોઈશ. તમે દોજો મા' કહી નાનબાઈએ વિચાર્યું કેવો હખ્ખર જીવ રે મારી હાહુનો. મારા જેમ એનોય કેવો જીવ બળેર્યો રતન માથે. હાચાહાચ બિચારી મૂંઝાઈ ગઈ હશે. પેલું પેલું કેવું ઓખું હોય. ઓળખીતું પાળખીતું કોંય ન મળે. ઘરમાં ગુંગાંને લાજમાં અંધાં થઈ મૂંઝાઈ જવાય.'

નાનબાઈને બે વર્ષ પહેલાંનો પોતાનો અનુભવ યાદ આવ્યો. રતનને તો આઢર વર થ્યાં હશે પોતે તાં હાવ પાંદર સોળ વરે પેણીતી. હાહરેતાં નેનકડીયે વઉ ને મોટીયે વઉ. મારી હાહુની જેમ બધીયું હાહુને એમ થોડું થાય કે 'વઉને થોડીક ખીજું.' (લાગણી બતાવું)

વાડીમાં ને ઘરમાં વઉ કામ આવે. ઈ લોભમાં એટલા હારું તો દીકરાય સોળે વરે પેણાવી દેતા એટલે તાં અમારા વીવા વેલા કર્યા. નકાં મોટી થોડી થૈ ગીતી?' એવું એવું વિચારતી નાનબાઈ કાનજી બાપાને ઘરે ગઈ.

નાનબાઈ મરઘાંમાને મળી, રતનને એના રૂમમાં ઓરડામાં મળવા ગઈ.

રતનને નાનબાઈ મળતાં રતનનાં મોં ઉપર ચમક આવી ગઈ. રતનને અહીં 'મારું કોક મળ્યું'ની અનુભૂતિ થઈ.

રતનનાં કપડાંની થેલી તો નાનબાઈના વર મનસુખભાઈને રતનનાં કાકીએ આપી હતી. તે મનસુખભાઈ ઘરે લઈ આવ્યા હતા.

મરઘાંમાને કહી રતનને લઈ નાનબાઈ પોતાના ઘરે જવા રવાના થઈ.

રતને બંને હાથથી લાંબી લાજ કાઢી હતી.

બે હાથની પહેલી બબ્બે આંગળી વચ્ચે સાડીનો છેડો ખાસ પદ્ધતિથી દબાવી કલાત્મક રીતે લાજ કાઢી રતન નાનબાઈની પાછળ પાછળ ચાલતી નાનબાઈના ઘરે પહોંચી.

રતનને નાનબાઈના ઘરે 'માવતર પક્ષ'ના ભાવ જેવી લાગણી થઈ. થોડી મોકળાશ મળી, થોડો મૂંઝારો ઓછો થયો.

નવેણીમાં હાથ પગ મોં થોઈ કપડાં બદલ્યાં ને નાનબાઈના રૂમમાં એ બેઠી. રૂમમાં કંડેલનું ઝાંખું ઝાંખું અજવાળું હતું. નાનબાઈ એની ગાય-ભેંસ દોવાના કામમાં હતી.

મેલીઘેલી ને નાકમાં સેંડાવાળી નાનબાઈની નાની નણંદ રતનનું મોં જોવા કંઈને કંઈ બહાનું કાઢી બે વાર રૂમમાં આંટા મારી ગઈ. એની આ ક્રિયા જોઈ રતનને એ ઉંમરની પોતાની નાની બહેન યાદ આવી. એને થયું થોડા વર પહેલાં પોતેય આવી જ મેલીઘેલી ને ગંદી ગોબરી હતી. એવું એનાં કાકી વારંવાર કહેતાં. એ યાદ આવતાં એ મનમાં થોડી મૂરકી (મલકાઈ). એટલા દીમાં હું કેટલી મોટી થઈ ગઈ ને આજ પાછી વિવાનાં લૂગડામાં કેવી રૂપાળી લાગુંરી? જાણે રાગિણી કલા કેન્દ્રની રાગિણી કે મંજરી દેસાઈ જેવી. ઓલ્યા નાટકના કોમિકની મેનાની જેમ મારા વિવાય થઈ ગયાંને હું વઉ એ થઈ ગઈ! સમય કેમ જાયર્યો ઈ ખબર નથી પડતી!

રતનને યાદ આવ્યું. 'આજે મારા વિવાનો પેલો દિવસ હે આજ તાં મારી 'સુવાગરાત' હે.યાદ આવતાં એના શરીરમાં રોમાંચ થયો ને શરીરમાં ભયનું લખલખું પ્રસરી ગયું. પંદર દી પેલાં બધી બેનપણીયુંને કેવી હોંહ (હોશ) હતી. ઉંમગમાં ઝાલીયું ઝલાત્યું નોતી. ને આજ ઈ જ સુવાગરાતની બીક લાગેરી? બીક તાં લાગે જ ને? જે ઘર નથી જોયું. ઈ ઘરનાં કોય માહણને નથી ઓળખતી. અડે (અરે) ખુદ પોતાના માહણ (પતિ)ને ક્યાં ઓળખું રી? ખરેખર સુવાગરાત પેલાં પોતાના માહણની કમ સે કમ ઓળખાણ તો થઈ ખપે. ઈયે આવું વિચારીને મનમાં બબડી. થોડા દી વેલા આવ્યા હોત તો ઉવાં કલકત્તે એની ક્યાં લંકા લૂંટાઈ જનારીતી? તો મેળામાં મળાંણુ તો હોત.

ઇ મેળામાં આયા હશે એમ વિચારીને તાં મેળામાં મળવા ધોડીયુંત્યું. પણ કાળા થૈ જવાની બીકે પાંચમાંથી એકેયનો માંટીડો નતો ઘુડાણો. હું ભલે ધોળી હૌં પણ મેં ક્યાં એવું વિચાર્યું'તું કે ઇ કાળા હશે તો મને નીં ગમે કે મજા નીં આવે. આ તો મેરબાની જલાબાપાની કે ઇ ખોડખાંપણવાળા તાં નથી. નૈં તો આ ઉંમરે ખોડખાંપણવાળવા જ મળે. (વાળાય કબૂલ કરવા પડે) તૈયે તાં બિચારી લખુડી શેડરને અંધાના ઘરમાં જવું પડ્યું. નકાં એનામાં એવી ક્યાં ખોટ હતી?

એના મા બાપે 'અંધો તો અંધો પણ દીકરીને - ગુજરાતાં તો નીં જવું પડે.' વિચારી એને કાનજી અંધાને પૈણાવી. રતને વિચાર્યું, 'મનેય આટલી બધી મુંઝ થાયરી તો લખુડી શેડરને ને બિચારા સુરદાસને પેલુંવેલું કેમ થયું હશે. બિચારો સુરદાસ!

વિવા પહેલાં એને બધાં અંધો કહેતાં પણ એના વિવામાં આવેલ સંત જયભગવાન બાપાએ કેધું કે 'કોઈ અંધ વ્યક્તિને અંધો ન કહેવું જોઈએ. એને સુરદાસ કહીને બોલાવવા. એને અંધો કહીએ તો એના દુઃખમાં વધારો થાય. જ્યારે સુરદાસ કહીએ તો એના દુઃખમાં ઘટાડો થાય ને ભગવાન પણ રાજી થાય. ઇ જનમથી અંધ થોડા હતા. ઇ તો શીતળા માએ એની આંખુ લઈ લીધીયું હે.'

સંતોના મુખેથી નીકળેલું વાક્ય બ્રહ્મવાક્ય કહેવાતું હોવાથી આખા ગામે નક્કી કર્યું. હવેથી કોઈ પણ અંધ વ્યક્તિને અંધ ન કહેવું. તેને સુરદાસ કહી બોલાવવું. તે વખતે ઘરે જતાં રસ્તામાં રતનને નાનાભાઈએ પૂછેલું : બાઈ મા શું આંખુ લૈ લૈ? લે તો એને મા થોડી કેવાય. રતન આવું વિચારતી હતી ત્યાં નાનબાઈ રૂમમાં આવી.

રતનને રસોડામાં બેસાડી જમવાનું આપ્યું. એને અજાણ્યું ન લાગે માટે નાનબાઈને પણ એની સાસુએ સાથે બેસવાનું કહ્યું. બંનેએ જમી લીધું.

મોડેથી નાનબાઈ રતનને એના સાસરાને ઘરે મૂકવા ગઈ.

*(ક્રમશઃ)*

## શ્રવણ : ગઈકાલનો અને આજનો

પેલા શ્રવણે —

ખભે ઉપાડેલ કાવડમાં અંધ મા-બાપને બેસાડી અનેક તીર્થોની યાત્રા કરાવી હતી!

જ્યારે વિવિધ ટી.વી. ચેનલો અને સીરિયલોનું દર્શન અને શ્રવણ કરનાર અને જીવન ઘડનાર આજના શ્રવણોએ પોતાને જન્મ આપી જતનથી ઉછેરનાર મા-બાપને હડસેલે ચઢાવી મા-બાપને વૃદ્ધાશ્રમે પહોંચવાની યાત્રા કરાવી!

પેલો શ્રવણ ભારતની ધરતી પર જન્મ્યો હતો.

આપણે કઈ ધરતી પર જન્મ્યા છીએ?

*ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

## જખૌજા જશનામી માડુ....

### સ્વ. શ્રી ખીમજી હીરજી કાયાણી - જખૌ

ખીમજી હીરજી કાયાણી નાતજા નીડર લેખક ને પેલા પત્રકાર
કચ્છરાજ પ્રત્યે વિજ્ઞપ્તિ પુસ્તક લેખ્યાં જેંસેં કચ્છ રાજ કેં તડીપાર.

### સ્વ. શ્રી ત્રિકમજી દામજી ખોના - જખૌ

સ્વયં સેવક મંડળજા પ્રમુખ થૈ, ચડવડમેં ગચ્ચ કમ ક્યાં
આઝાદીજા હી મૂકસેવક, જેલજી સજા પણ ભોગવ્યાં
ભાંડુએંજી સમાજ સેવામેં નિત ખોવાયેલા યાં
સ્વતંત્ર ભારતમેં પાંજી નાતજા પેલા જે.પી. થ્યા
બાલુડેંજા કમ કરેલાં હિત હુત ધોળ્યા ન આયો કંટાળો
બોર્ડિંગ કે સધ્ધર કરેલાં પાયેમેં વો ઈનીજો જભરો ફાળો
માનદમંત્રી થ્યા બોર્ડિંગજા ત્રે દાયકે સુધી સેવા લગાતાર
સેવા વિક્રમી હિન ભદ્ર માડુકે રશ્મિનજા જિજા જુહાર
ચોંધાવા ગાલીયું છડ્યો કમ ક્યો "છોડો રોના ધોના"
ઈ ભલા માડુ પાંજી નાતજા ત્રિકમજી ખોના.

### શ્રી વસંતભાઈ કરમશી વિકમશી - જખૌ - દાદર

પરદેશજી ટુર કરાઈયેં રજવાડી, મોંઘેરા ડે માનપાન
વસંતભાઈ કોઠી વિને ટુરમેં ને ડિંયેં ગમત સાથે જ્ઞાન
સફર બિજનેસ ને મનોરંજન, ઈ આય ઓરબીટજી વિશેષતા
અનેક મુખી આયોજન થકી, નાત મેં વધઈ ઈનીજી મહત્તા
ઓરબીટ વારા વસંતભાઈ જર્મનીમેં વતાંઈયેં ઉદ્યોગજો પ્રદર્શન
જુધી જુધી ઈન્ડસ્ટ્રીઝ થકી, મિલે લેટેસ્ટ ઈનીજી ટુરમેં માર્ગદર્શન
ઓરબીટ ટુર્સજી કામયાબીજી, સુણાંઈયાં ખુશખબર
બબ્બ વખત એવોર્ડ ડિના ઈન્ડો જર્મન કોમર્સ ચેમ્બર
કેડીઓજા ચાલી પ્રવાસી ખેડ્યાં ઈની ભેરો યુરોપ પ્રવાસ
સંભરધી સદાંય સફર ધન વસંતભાઈજો નવલો પ્રયાસ
કેડીઓકે યુરોપ જે પ્રવાસમેં કરાયાં મોર્ડન યુગજા દર્શન
પરદેશજી ખૂબીયું ને અજાયબીયું ન્યારી મિણીકે સફર લગે સુદર્શન
કમાયજી લાયનાંય વતાયણા ટેકનોલોજીજા નવા નવા સોપાન
અહંમ બ્રિજે ગુસ્સો ભજે, એળી અમીરી સ્વભાવજી મીઠી મુસ્કાન
ડો વરેથી દાદર જૈન સંઘજા પ્રમુખ ને રત્નટુંક જા વા ચેરમેન ને ટ્રસ્ટી
બસંત બહાર ખીલી ઉઠે ઉત ઉત વે વસંતભાઈજી દૃષ્ટિ
સિધ્ધાચલજી નવાણું યાત્રાજા સેવક ભની સજોડે યાત્રીએંજો ક્યાં જતન
સેવા ન્યારી એલડો સંઘ રાજી થઈ પતિ પત્ની બિંકે ડિના બિરૂદ 'સંઘ-રત્ન'

### શ્રી પ્રવિણ દેવજી ખોના - જખૌ - અંધેરી

અરિહંત બેંકજા પેલા ચેરમેન, પ્રવિણ દેવજી ખોના
બેંકીંગ ક્ષેત્રમેં નાતકે, નેતૃત્વ ડૈ વડો કઢ્યાં નાં.

*રશ્મિન ખોનાનો કાવ્ય સંગ્રહ : ધન્ય! દશેંજી નાત ભાગ:૧ માંથી સાભાર*

શુભેચ્છા સહ : સૌ. લીનાબેન હંસકુમાર શાહ

**મે. હેમંત સર્જીકલ ઇ. લી.**

૧૪૦૩, શોભા સુમન, ચૌદમે માળે, ડૉ. એમ.એમ. માલવિયા રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦. ફોન : ૨૫૬૮૬૧૦૨

# બહિષ્કાર

વાર્તા

પ્રવીણ ગઢવી

ગામમાં તળાવના પાણી જેવી શાંતિ હતી.

ગામમાં પટેલ, ગરાશિયા, રબારી, ભરવાડ, ઠાકોરો, વહવાયાં રાવળ-વાઘરી અને વીસ-પચીસ ઘર ચમારોનાં હતાં. સૌ સંપથી હળીમળીને રહેતા હતા. રોટી-બેટીનો વહેવાર તો કોઈ વચ્ચે નહીં, પણ રોજી-રોટીનો ખરો. પટેલ, ગરાશિયાનાં ખેતરોમાં ઠાકોરો અને ચમારો મજૂરી કરતા. રબારી ગાય-બકરાં ચરાવતા. રાવળ-વાઘરી, શાક-બકાલુનો ધંધો કરતા. ચમારો પહેલાં તો મૂઆ ઢોરનાં ચામડાં ઉતારી કમાવાનું કામ કરતા, પછી મોચીને ચામડાં વેચી આવતા. મોચી ત્યારે જોડા બનાવતા. પટેલના જોડા સાદા, ગરાશિયાના ચાંચવાળા અને રબારીના ચૈડચૂં બોલે તેવા. રબારી જોડા પહેરે તે કરતાં વધુ ખભે લાકડી પર લટકાવી ફર્યા કરે. એ લોકને દેશી બાવળનો કાંટોય વાગે નહીં, પાની લોઢા જેવી. જાણે ઘોડાને નાળ નાંખી હોય એવી! કાંટો મરડાઈ જાય. હવે તો મોચીનો ય ધંધો ભાગી પડ્યો છે. સોની-દરજી નવરા જેવા. તો યે રબારીઓ અને ભરવાડોના કારણે સોનીની ફૂંકણી હજી કેરાસીનની દીવી ફૂંક્યા કરે છે. એકાદ દરજી રબારણો, ભરવાડણોનાં કપડાં સીવ્યા કરે છે. ગામમાં વાણિયાની કપડાંની ને ધીરધારની દુકાન છે. એક લવાણા અને એક છીપાની કરિયાણાની દુકાન છે. એક પટેલ અનાજ દળવાની ઘંટી ચલાવે છે. બે-ચાર ઘર સિપાઈઓનાં એટલે કે મુસલમાનનાં છે. પહેલાં એ લોકો સિપાહી થતા, હવે તો ઘોડા રાખી વરઘોડામાં નચાવે છે. ગામમાં ખાલી દરબારો જ વરઘોડા કાઢે છે.

ચમારોમાં મોટાભાગના ખેત મજૂરીએ જાય. થોડા છોકરા તાલુકે મજૂરીએ જાય. ત્યાં કડિયાકામની મજૂરી કરે.

ચમારોનો ચોમાસા-શિયાળા પૂરતો ખેતરો સાથે સંબંધ. ઉનાળામાં ખેતરો કોરાંધાકોર પડ્યાં હોય ત્યારે મહોલ્લાના બધા સરકારની નરેગા યોજનામાં દા'ડિયે જાય. ચોકડીઓ ખોદવાનું કામ ચાલે. બે મહિના થાય ત્યાં ખેડ ખાતર ચાલુ થાય એટલે પાછા ખેતરોમાં. પહેલાં તો એ લોક રોટલાને દાળ ખાવા આપતું, હવે તો રોકડ વહેવાર થઈ ગયો છે. દા'ડી લો અને ઘર જાવ. તમે ય છૂટા અને અમેય છૂટા! હવેની પટલાણીઓ રોટલા ઘડવાની કાયર થઈ ગઈ છે. મજૂરિયાંના રોટલા કોણ ઘડે?

ગામના મંદિર ન જવું પડે એટલે તો ચમારોના મહોલ્લામાં રામાપીરની અને ચામુંડા માની દેરી બનાવેલી. 'આપણે એ લોકના ઉજળા ભગવાન પાંહે જવાની શી જરૂર?' કરસનભા કહેતા : 'ભગવાન તો રૂદિયામાં રમે છે, મંદિરોમાં નૈ.'

ગામમાં દૂધ-શાક-છાશ-ઘંટી પૂરતો જ વહેવાર. એ સિવાય ગામ બાજુ લમણો વાળવાનો જ નહીં. બસ સ્ટેન્ડ જવું હોય તો ગામની બહારનો આંટો મારીને જ જવાનું.

પાણીનાં તો હવે સ્ટેન્ડ આવી ગયાં અને ગામમાં તો હવે નળ પણ આવી ગયા. હવે હરિજન મહોલ્લાનું કામ લેવાનું છે, એમ સરપંચ કહેતા હતા. સબ પ્લાનની ગ્રાન્ટ આવે એટલે થઈ જશે.

હવે આમાં ગામની શી ગરજ? તમે તમારે ઘેર સુખી અમે અમારે ઘેર સુખી! ગામમાં આવી તળાવના પાણી જેવી શાંતિ હતી. એમાં આ દલિતજ્યોત સંસ્થાવાળા આવ્યા અને પથરો ફેંક્યો ને ગામનું ભમરિયું મધ ઊડ્યું.

સાંજના લોકો મહોલ્લામાં મોટર સાઈકલોની ધડધડાટી કરતા આવ્યા. રામાપીરના ઓટલે સભા ભરી. સાથે ડફલી, ઢોલક એવું બધું લાવેલા.

'ભાઈઓ, મારું નામ નિખિલ, આ રૂપા, આ રાજુ અને આ ચારૂલ. અમે બધાંએ 'ચપણિયાં છોડો' ની યાત્રા કાઢી છે.'

પછી નિખિલ, રૂપા અને સૌ 'જાગો, જાગો ચપણિયાં છોડો...' એનું નાચતાં નાચતાં ગાવા લાગ્યાં. એટલે મહોલ્લાના ઘરડા બુઢા-બૈરાં-છોકરાં અને જુવાનિયાં ભેગાં થવા માંડ્યાં. જુવાનિયા ટોળાની પાછળ અદબ ભીડીને ઊભા રહ્યા. પછી નાચ-ગાન બંધ થયાં અને રૂપા બોલવા લાગી : 'ભાઈઓ, આપણને એ લોકોએ સદીઓથી અછૂત બનાવ્યા છે. આપણું શોષણ કર્યું છે. આપણું અપમાન કર્યું છે. ગામના તળાવમાં કૂતરાં પાણી પી શકે, પણ આપણે ન પી શકીએ. ગામના મંદિરમાં કૂતરાં નિરાંતે સૂઈ શકે પણ આપણે એમાં પગ ન મૂકી શકીએ. આપણા બાબાસાહેબ આંબેડકરે દેશનું બંધારણ ઘડ્યું અને તેમાં અસ્પૃશ્યતા - આભડછેટ દૂર કરી, કાયદો બનાવી તેને ગુનો જાહેર કર્યો છે. તો ય આજે શું જોવા મળે છે? હોટલમાં આપણા માટે ચપણિયાં અલગ રાખવામાં આવે છે. તમારા ગામમાં એવું છે?'

'હોવ્વે! દરબારની હોટલમાં ચા ના કપ અલગ રાખ્યા છે.' સૌએ હોંકારો ભર્યો.

'આપણે રામજી મંદિરમાં જઈ શકતા નથી. તમારા ગામમાં એવું છે?'

'હોવ્વે...! અમે કદી રામજી મંદિરમાં પગ જ મૂક્યો નથી.' સૌ નિશાળમાં માસ્તર આગળ બોલતાં હોય એમ બોલ્યાં. ત્યાં ઝાલરટાણું થતાં જ રામજી મંદિરમાં ઘંટારવ શરૂ થયો.

'તમારાં સ્મશાન અલગ છે?'

'હોવ્વે.'

'હજામ તમારા વાળ કાપે છે?'

'હવે વળી જુવાનિયાના કાપે છે.'

'તો ચાલો, આજે આપણે સૌ ગામના રામમંદિરમાં પ્રવેશ કરીએ.' પછી એમની સાથે આવેલા બે-ચાર લઘરવઘર જુવાનિયા અને જિન્સનાં પેન્ટ અને ટીશર્ટ પહેરેલી બહેનો ડફલી પર ગાતાં ગાતાં નાચ કરવા લાગ્યાં.

'ચપણિયાં છોડો, નાતજાત તોડો.'

એ પત્યું પછી બધા ઓટલે બેઠા.

'પણ ભૈ, આપણે તો રામાપીરનું મંદિર સે જ, તો પસી રામજી મંદિરમાં હું કામ જવું સે?' વડીલ કરસનભા બોલ્યા.

'આપણને રામજી મંદિરમાં કે ભગવાનમાં રસ નથી પરંતુ બાબાસાહેબ આંબેડકરે કહેલું, તે હક્ક પ્રસ્થાપિત કરવા પ્રવેશ કરવો છે.'

'પણ ગામમાં શાંતિ છે. હૌ લોક પોતપોતાનો ધંધો ધાપો કરી પેટિયું રળી ખાય છે. ઈમાં નકામો ભડકો શું કામ કરવો સે?' કોઈએ પૂછ્યું.

'આમ ડરી, દબાઈને ક્યાં સુધી રહેશો? સદીઓથી, બાપદાદાના વખતથી ડરી-ચંપાઈને જીવો છો. હજી કેટલાં વરસ આમ જીવશો?' નિખિલે પૂછ્યું.

'અને ગામલોકો તમારાથી આભડછેટ નથી રાખતા? આપણે ત્યાં અઠ્ઠાણું જાતની આભડછેટ પળાય છે.' રૂપા બોલી.

'મૂઆ આપણને ના અડતા! આપણેય એમને અડીને વળી હું કામ સે?'

'આંમેય બાંમણો તો પોતાને સૌથી ઊંસા માને સે, ને કોયને અડતા નથી.' કરસનભાએ સૂર પુરાવ્યો.

'ગામમાં કોઈ કોઈને અડતું જ નથી.' રામી બોલી.

'પણ બીજા કોઈ અડી જાય તો છાંટ લેતા નથી, પણ તમારી છાંટ લે છે ને?' ચારૂલે પૂછ્યું.

'હા, ઈ વાત હાચી, પણ એ તો અમારા લોકનો ચામડાંનો ધંધો એટલે?'

'બાટાવાળાની દુકાનમાં કોઈ છાંટ લે છે?' બધા હસી પડ્યા.

'ભૈ આ તો બાપદાદાના વખતના લિસોટા પડ્યા છે તે ચાલ્યા આવે સે.'

'કાકા, આપણે એ ભૂંસવા છે.'

'ચાલો જીતવા જંગ...આગે કદમ આગે કદમ!' પાછું ડફલી પર ગાવાનું - નાચવાનું શરૂ કર્યું. એ લોકો પાસે કાકડા પણ હતા, તે તેલ નાંખી સળગાવ્યા.

મશાલ સરઘસ નીકળ્યું. ઘરડાં-બુઢાં ઘેર રહ્યાં : 'નકોંમી ગામમાં ઉપાધિ કરવાના સે આ લોક. છાસ - પાણી બંધ કરશે પટેલિયા!' બબડાટ કરતાં વાળુ ભેગાં થયાં.

મહેશ, કિસન, દશરથ, બાબુ જેવા જુવાનિયા જોડાયા. સૈડસૂં કરતાં છોકરાં ય સાથે થયાં. તમાશાને તેડું નહીં. મહોલ્લાનાં બીજાંય ઢસડાયાં.

'બાબાસાહેબ આંબેડકર... અમર રહો, જબ તક સૂરજ ચાંદ રહેગા, બાબા તેરા નામ રહેગા. પ્રેમસે બોલો. જય ભીમ બોલો. ગલીગલીમેં નારા હૈ, ભીમરાવ હમારા હૈ.' એવા સૂત્રોચ્ચાર કરતું સરઘસ નીકળ્યું. આગળ ડફલીને ઢોલક વાગતાં હતાં.

ગામલોકો પણ બજારના ઓટલે ભેગા થઈ જોવા લાગ્યા.

'અલ્યા આ શું નવું કૌતુક?'

'રામાપીરનો ખેલ કાઢવાના હશે!' કોઈએ ટીખળ કરી.

'હા, લ્યા, રામાપીર તો ઈમના જ!'

'આપણા ગાંમનું આ વહવાયું લોક તો હુંવાળું ને નરમ છે. આ વળી ઈમને શીનું ગાંડપણ ચઢ્યું?'

'દરબારોના મહોલ્લા પાંહે તો જવા દો, બરડા ભાંગી નાંખશે.' કોઈએ દહેશત વ્યક્ત કરી. બધા હસી પડ્યા.

ગામની શેરીએ શેરીએ ફરતું સરઘસ રામજી મંદિર પાસે આવી ઊભું રહી ગયું.

'મંદિરનાં બારણાં ખોલ દો, યા તોડ દો.' નિખિલ રૂપાએ જોરશોરથી સૂત્રોચ્ચાર ચાલુ કર્યો.

મંદિરના બાવાજી સાથે પટેલો અને ગરાશિયા મંદિરને ઓટલે ઊભા હતા : 'કોન હૈ યે લોગ?' બાવાજીએ પૂછ્યું.

'આપણા ગામના ચમાર લોગ હૈ, ન? વો કેતે હૈ અમકો મંદિરમે જાને દો.'

'તો તો મંદિર ભ્રષ્ટ હો જાયેગા. અબ્રહમણ્યમ્. અબ્રહમણ્યમ્...' બાવાજીએ આંખો આડા હાથ દીધા.

'દરવાજે બંધ કર દો.' બાવાજીએ આદેશ કર્યો.

મંદિરના દરવાજા ધડાધડ બંધ થયા. ભરવાડો અને ગરાશિયા લાકડીઓ લઈ આડા ઊભા રહી ગયા.

'ગામના દિયોરો, આંય ચડો તો ખરા. બરડા ભાંગી નાખીએ.' કહી લાકડીઓ ઉગામી.

સરઘસ સૂત્રોચ્ચાર કરતું રહ્યું : 'બાબાસાહેબ આંબોડકર... અમર રહો... બાબાસાહેબ આંબેડકર કી જય. જયભીમ બોલો, જયભીમ બોલો.'

'હલ્લા બોલ' કરતાં નિખિલ-રૂપા આગળ વધ્યાં. સાથે સરઘસ પણ પગથિયાં ચઢ્યું. ભરવાડો આડેધડ લાકડીઓ વીંઝવા લાગ્યા. થોડીવાર તો તડાફડી ધક્કામુક્કી, ચીસાચીસ મચી ગઈ.

પછી સરઘસ પાછું પડી આગળ ચાલ્યું. ડફલી, મંજિરાં, ઢોલક વગાડતું વગાડતું મહોલ્લામાં પાછું ફર્યું. મશાલો બુઝવી નાંખી.

'પબ્લિક અવૅરનેસનું કામ પૂરું થયું.' નિખિલે સંતોષનો શ્વાસ લીધો. જિન્સ પેન્ટ-ખાદી ઝબ્બા પહેરેલા દલિત જ્યોતના કાર્યકરો પોતપોતાનાં બાઈક સ્ટાર્ટ કરી ઊપડ્યા.

'બોલો બાબા સાહેબ આંબેડકરની જાય.'

મોડી રાત્રે મહોલ્લા પર પથરાનો વરસાદ વરસ્યો. લોકો જાગી ગયા : 'નકામી હાથે કરીને ઉપાધિ વોરી.'

'ગોંમમાં સુખચેનથી રેતા' તા. આ લોકોએ આઈ ઊંબાળિયું ચોંપ્યું.'

'આપણે રોંમંદિરમાં જયા વિના ભૂસ્યા મરતા'તા?' કરસનભા અને બીજાં બુઢ્ઢાં બબડાટ કરવા લાગ્યાં.

સવારે મજૂરોનું ડોળું દાડિયે ઉપડ્યું. અરધા કલાકમાં તો પાછું!

'ચ્યમ લ્યા, પાસા આયા?' કરસનભાએ તડકો ખાતાં પૂછ્યું.

'મારા હાળાઓએ ના પાડી દીધી. કયે અમે ગોધરિયા મજૂરોને બોલાવી લઈશું, હવે તમે તો નૈં જ!'

હજી ગામમાં વલોણાં ચાલતાં હતાં. છાસ લેવા ગયેલાં બૈરા ખાલી તાંબડી લઈ પાછાં આવ્યાં. પટલાણીઓએ કર્યા છાસપાણી બંધ.

ઘંટીએ અનાજ દળાવવા ગયેલાં છોકરાં ડબ્બા લઈ પાછાં આવ્યા : 'ઘંટીવાળો કે' સે ગાંમે છાસપાણી બંધ કર્યા છે, એટલે તમારું ધાન નહીં દળાય.'

'લ્યો, હવે રોટલા શીના - રેતના ઘડીશું?' બૈરાંએ માથું કૂટ્યું.

વાળ કપાવવા ગયેલો મગન પાછો આવ્યો : 'વાળ કાપવાની ના પાડી દીધી, સૂર્યાએ.'

'બાવાની જ્યમ ઝંટિયાં વધારો હવે!' બધા હસી પડ્યા.

મસાલો ખાવા જુવાનિયા પાનના ગલ્લે ગયા તો દરબારે ના પાડી દીધી : 'ગામે મનાઈ ફરમાવી સે.'

કેરોસીન લેવા રેશનિંગની દુકાને ગયા તો લવાણાએ હાથ જોડ્યા.

બાબુ અને દશરથને નિગમમાંથી લોન પર છકડા મળ્યા હતા, લઈને રોડ પર ગયા, તો કોઈ બેસવા આવ્યું નહીં.

'અલ્યા, ચ્યમ કોય પેસેંજર નહીં આવતું?' બાબુએ દશરથને પૂછ્યું.

'કેસે ગામે આપણાં છાસપાણી બંધ કર્યા સે.' તડકે ધખીને બે ય મહોલ્લામાં પાછા આવ્યા.

'છકડા લઈને ઊપડો ને લોટ દળાવતા આવો.' છકડા પર સૌ ડબ્બા થેલા ભરાવી લોટ દળાવવા તાલુકે સીતાપુર ઊપડ્યા.

'બાબાસાહેબ આંબેડકરે એટલે જ કીધેલું કે ગામ છોડો, શહેરમાં જાઓ.' કિસને કોલેજનાં બે વરસ કરેલાં.

'શે'રમાં જઈ ભૂસે મરવાનું?' કાંનો માસ્તર ઊકળ્યા, : 'આ તમે જુવાનિયાંઓએ દાટ વાળ્યો. ગામમાં પડ્યા પડ્યા સુખચેનથી રોટળો રળી ખાતા હતા. એમાં આ ઉપાસણ કર્યું.'

સાંજે પાછા નિખિલ, રૂપા અને એના સાથીદારો બાઈક લઇને ખબર કાઢવા આવ્યા.

'આંય તો મોંકાણ મંડાણી સે. ગોમલોકોએ છાસપાણી બંધ કર્યા સે.' મહોલ્લો આખો ભેગો થઈ રોક્કળ કરવા લાગ્યો.

'એવું કેવી રીતે ચલાવી લેવાય? આપણે પોલીસમાં ફરિયાદ કરીએ. કલેક્ટર અને ડાયરેક્ટરને રિપોર્ટ કરીએ.'

'હવે ભૈલા, કાંય ફરિયાદું નથ કરવી. મંદિર જયું માંય, અમારે તો એય ને અમે ને અમારા રામાપીર!'

'બે દાડામાં બધું થાળે પડી જશે. ફરિયાદું કરશો તો વધુ ભડકો થાહે.' કરસનભા જેવા વડીલોએ જુવાનિયાઓને પોલીસ સ્ટેશન જતા રોક્યા.

તો ય દલિતજ્યોત સંસ્થાવાળાઓએ ડાયરેક્ટરમાં ફરિયાદ કરી. 'ગામમાં લોકોએ દલિતોનો બહિષ્કાર કર્યો છે. તો મળતી બધી સરકારી સહાય આપો, નહિંતર ધરણાં કરવામાં આવશે.'

નિયામકની કચેરીમાં રિપોર્ટ પહોંચ્યો. તરત જ નાયબ નિયામક ત્રિવેદી રિપોર્ટ લઈને નિયામક પાસે દોડ્યા : 'લો સાહેબ, આ એક વધુ ઉપાધિ. આ દલિત જ્યોતવાળાઓએ તો નાકે દમ લાવી દીધો છે. ગામે ગામ ચપ્પણિયાંની યાત્રા કાઢે છે ને બધે સળગાવતા ફરે છે. વધુ એક બહિષ્કાર, પછી કહેશે, હિજરત કરીને અમે મામલતદાર કચેરીમાં બેઠા છીએ. અમને મળવા અને લાડવા ખવરાવવા આવો!'

'અરે, પેલા હિજરતીઓએ તો કલેક્ટર કચેરીમાં દીકરીનાં લગન કરવાની હઠ નહોતી પકડી?' સાથે આવેલા વાઘેલા ઈન્સ્પેક્ટરે યાદ અપાવી.

'હા, પછી આપણે જાનમાં ગયેલા. નહીં સાહેબ?' ત્રિવેદીએ મશ્કરી કરી.

'ત્રિવેદી, તમે બહુ આકળા થાવ છો. આવું બધું તો ચાલ્યા

કરે. જાઓ ગામમાં જઈ જાત તપાસ કરી આવો.' નિયામક ચારણ સાહેબે આદેશના ઘોડા છોડ્યા.

બીજા દિવસે ત્રિવેદી અને વાઘેલા બોલેરો લઈ ધસી ગયા સીધા મહોલ્લામાં.

'શું થયું હતું?' પૂછ્યું.

'આ મંદિરમાં પ્રવેશ કરવા ગયા ને માથાકૂટ થઈ.' બધા બોલેરો જોઈ એકઠા થઈ ગયા હતા.

'પણ શી જરૂર હતી રામજી મંદિરમાં જવાની? આપણા રામાપીર નથી કે રામજી મંદિરમાં જવું પડે?' ત્રિવેદીએ નારાજગી બતાવી.

'હક્ક પ્રસ્થાપિત કરવા.' સુરેશે જવાબ વાળ્યો.

'હવે હક્ક જ છે. છાનામાના નોકરી ધંધા કરી ખાવ અને આવી નવરી સંસ્થાઓના ચાળે ના ચઢો, સમજ્યા?'

ચા-પાણી કરી ત્રિવેદી અને વાઘેલા ઊપડ્યા સસ્તા અનાજની દુકાને. સાથે મહોલ્લાના મગન, હરખો, કાળો, ભોળાને લીધા.

'હું નાયબ નિયામક છું. તમે હરિજન મહોલ્લાના લોકોને અનાજ આપવાની ના પાડી છે?'

'ના રે સાહેબ, અમારે તો કારડ પર અનાજ, કેરોસીન આપવાનાં હોય, અમે શું કામ ના પાડીએ?'

'ગામે હરિજનોનો બહિષ્કાર જાહેર કર્યો છે?'

'ના સાહેબ, મને કાંય ખબર નથી.' અમે તો વેપારી, આવી પડપૂછમાં ના પડીએ.

ત્યાંથી સુરેશ વાળંદની દુકાને ગયા : 'તમે આ લોકોના વાળ કાપવાની ના પાડો છો?'

'ના રે સાહેબ, મારે તો દા'ડાના માંડ પાંચ-છ ગરાક હોય, ઈમાં ના પાડું તો મારાં સોરાંને ખવરાવું સું?'

'ગામે બહિષ્કાર જાહેર કર્યો છે?'

'ના સાહેબ, મને શી ખબર?'

ત્રિવેદી ઘંટીવાળાને ત્યાં ગયા. ઘંટીવાળો નારણ પટેલ આખો લોટથી નહાયેલો હતો.

'તમે ઘંટી પર આ લોકોને લોટ દળવાની ના પાડી હતી?'

'ના રે સાહેબ, દળવા તો બઠો સું. મું શું કામ ના પાડું?'

'ગઈકાલે તમે મોહનની વહુને ના પાડી હતી?'

'તે આગલા બાકી આલતી નથી તે ના જ પાડું ને સાહેબ?' પાન-બીડી-મસાલાનો ગલ્લો ગામના રામજી દરબારનો હતો.

'આ લોકોને પાન-બીડીની ના પાડી હતી તમે?'

'ના, પણ ઉધાર મું નથી ચલાવતો. સિગારેટ પીવીને પૈસા ના આલવા એ ક્યાંનો ન્યા'સાહેબ?'

'ગામે બહિષ્કાર કર્યો છે તે વાત સાચી?'

'પટેલિયાઓએ કર્યો હશે. એ લોકો તો અમારો ગરાશિયાઓનો ય આંતરે દા'ડે બહિષ્કાર કરે છે. અમારા ભાવુભા બાપુનો પાડો એકવાર એમના ખેતરોમાં પેસી જ્યો'તો તારે એમણે અમારો ય બહિષ્કાર કરેલો. થોડા દા'ડા અમારા છકડામાં ના બેઠા, પછી જખ મારીને બેઠા.' દરબારે ત્રિવેદી અને વાઘેલાને વિલ્સનું પાકિટ ધર્યું.

'સિગારેટ નહીં, દરબાર, માવો બનાવો.' ત્રિવેદી માવા-મસાલાના શોખીન હતા.

ત્યાંથી ત્રિવેદી અને વાઘેલા રામજી મંદિરના બાવાજી પાસે ગયા. બાવાજી મંદિરના ઓટલે બેસી ચલમ ફૂંકતા હતા. એક બે ગરાશિયા ને પટેલિયા પણ પગથિયા પર બેઠા બેઠા બીડીઓ ફૂંકતા હતા.

'જે રામજીકી, બાપજી!'

'જે રામજીકી...'

'બાપજી હું સરકારમાંથી આવ્યો છું. ઓફિસર છું. આપે આ હરિજન લોકોને રામજી મંદિરમાં જવા દેવાની ના પાડેલી?' દરવાજા બંધ કરેલા?'

'ક્યા કહા?'

'બાપજીને હિન્દીમાં કો, ગુજરાતી હજી બરાબર નથી સમજતા. બાજુમાં બેઠેલા પટેલો બોલ્યા.

ત્રિવેદીએ ફરી પૂછ્યું : 'આપને ઈન લોગો કે લિયે રામજી મંદિર કે દરવાજે બંધ કિયે થે?'

'અરે યે કૂત્તે અંદર ન આયે, ઈસલિયે દરવાજે બંધ કરતા હૂં. બાકી મેરા રામજી તો સબકે લિયે ખુલ્લા હૈ.'

'ના, પણ આ લોકો રાત કો આયે થે?'

'હાં, લેકિન ઉસ સમય હમારા સોનેકા વખત હો ગયા થા.'

'તો યે લોગ મંદિરમેં આ સકતે હૈ?'

'હાં હાં ક્યું નહીં? મેરા રામજી સબકા હૈ. ઉસને તો શબરી કે જૂઠે બોર ખાયે થે ન?'

બૂટ ઉતારી ત્રિવેદી અને વાઘેલા અંદર ગયા. સાથે મગન, હરખો, ભોળો ય ઘૂસ્યા. બાવાજી ફાટી આંખે જોઈ રહ્યા. ગરાશિયાની મૂછો કડક થઈ ફરકવા લાગી. બાવાજીએ ઈશારો કર્યો : 'સરકાર કે સામને કભી નહીં પડતે!'

ત્રિવેદીની સાથે બધાએ ભાવવિભોર થઈ દર્શન કર્યા. પહેલીવાર મંદિરમાં પગ મૂક્યો હતો. રામ-સીતા-લક્ષ્મણે જરીનાં ચળકતાં વસ્ત્ર પહેર્યાં હતાં. હાથમાં ધનુષ-બાણ રામજીના લાલ ગુલાબ જેવા હોઠ મરક મરક હસતા હતા.

બધા મહોલ્લામાં પાછા આવ્યા. ત્રિવેદી કહે : 'ક્યાંય બહિષ્કાર નથી. આ દલિતજ્યોત સંસ્થાવાળાઓને ગપ્પાં હાંકવાની

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૩ ઉપર)**

# ન્હોર

સુમંત રાવલ

રોજ હવારના પૉરમાં નાઇ-ધોઈ તીયાર થઉં પછી જળી ગયેલી પોતડી પહેરું, કેડે ગાંઠ વાળું... સોંસરી દેખાતું નથી ઈની ખાતરી કરું. માને પૂછું, મા અંદર દેખાય સે... મા કે' ના... પછી કે' ચડ્ડી તો પેરી સે પછી હું લેવા ઉપાધિ કરેસ... પછી હાથમાં પેટી લઉં... ખખડાવી ખાતરી કરું... ઉંબરા બા'ર પગ મેકું તાણે, જોર કરી થૂંકું, ખોખારો ખાઉં... મૂંછો મરડું ઈ રીતે હું મારો વટ દેખાડું... હા હંધુંય કરવાનું કારણ મારી અંદરની દુઃખતી રગને દાબવાની... જ્યારથી રાજપરથી લીલકીને પરણીને લાવ્યો સવ ત્યારથી મારી મા પૈણી ગઈ સે... મારે એને ઘર્યમાં ગુડવી નો'તી. પણ મા માનતી નો'તી... રૉયા ત્રીહ વરહનો ઢાંઢો થ્યો... વઉં... વઉ કરતો મીંદડો બની ઘરના મોંભારે રખડ્યા કરીશ... હું જીવું સું ન્યા લગી તારું ઘર બંધાઈ જાય...

મારે લીલકી નો જોઈ...

ચ્યમ?

ઈ ગામનો ઉતાર સે.

કોણે કીધું?

આખું રાજપર જાણે છે. ઈ ઓલા દલા શેઠના ધીરીયા હારે...

મૂંગો મર... મા આંખો કાઢતી. વા વાતું લૈ જાય... ઈ બચાડી માનતા પૂરી કરવા ધીરીયાની સંગાથે સોટીલા ગઈ હતી. માતાજીના દરશન કરી પગથિયાં ઊતરતાં પડી ગઈ. ધીરીયો દવાખાને લઈ ગ્યો, પાટો બંધાવ્યો અને બેય જણાં ધરમશાળામાં ગ્યાં. ન્યાં રૂમ ભાડે રાખી... કલાક બે કલાક લીલાના પગને આરામ મળે, ત્યાં વરહાદ પડ્યો. રાત પડી ગઈ.

વરહાદ કે મારું કામ... એટલે બેય એક રૂમમાં રાત રોકાઈ ગયા. ક્યાં જાય બા'ર વરહાદ, લીલાના પગે પાટો... બેય નોખી નોખી પથારીમાં સૂતા'તા... પણ તારા મગજમાં રાઈ ભરાઈ ગઈ સે... છેવટે રાઈ તો ન નીકળી પણ માના આગ્રહ આગળ મારી જીદ નીકળી ગઈ. પરણી ગયો, મારા કરતાં રૂડીરૂપાળી... હું જરા કાળાવાને અને ગાલ પર ખીલના ડાઘા... પણ લીલકીના ગાલ લીસા અને ઘઉંવર્ણી...

લગન પછી મહિનો થયો, બીજો મહિનો બેઠો અને એણે કહ્યું : હું મા બનવાની સવ...

હોય નહીં!

હાચું કવસું... દર મહિનાની પાંચમે...

ફટ્ કરતી મેં એક ધોલ ઝીંકી દીધી. ભાગ અહીંથી. તારા પેટમાં ઓલા ધીરીયાનું પાપ સે.. એ મોઢું ફેરવીને સૂઈ રહી. એક રાત - બે રાત - ત્રણ રાત - અઠવાડિયું... આપણા રામ તો બોલાવે જ નૈ. બોલાવી બાથે આવે...! ઈના હામું જોવું નઈ. એના હાથનું ખાવ નઈ... ઈ સામી મળે તો પીઠ ફેરવી ઉભો રઉં... છેવટે મા ઈને રાજપર મૂકી આવી... માનું રાંધેલું પેટમાં ગયું, માએ કાન પકડીને ખેંચ્યો... રોયા ખાધાપીધા વગર અડધો થઈ ગ્યો હતો... તારું ડાચું આયનામાં જો... કેવો લેવાઈ ગ્યો સે...

મારે મન તો બલા ગઈ... મેં માને કહી દીધું લીલા આ ઘરમાં નો જોઈ... ભલે સોકરા હોતી બીજે જાય... પણ આ ઘરમાં એવી અભડેલી બાઈનો ઓછાયો નો જોઈ... વાંઢો મરી જવું બે'તર છે! તમારાથી શું સંતાડવાનું! વાજતે-ગાજતે માંડવે આવ્યું! આખી શેરીમાં ખબર્ય પડી ગઈ કે રઘલાએ એની ઘરવાળીને કાઢી મેલી... દાળમાં કૈંક કાળુ સે... નીકર આવી રૂડી રૂપાળીને આવો કાળો કૂબડો ધણી શું લેવા કાઢી મૂકે? એટલે સવારમાં પેટી લઈને નીકળું ત્યારે વટ દેખાડવા પાડોશીને રોફ બતાવવા આવા કરતૂત કરું છું. જોરથી થૂંકું, ખોખારો ખાઉં, મૂછો આંબળું, જૂના જોડા પહેરેલા પગ પછાડું...

હવે મૂળ વાત પર આવું તો મારા હાથમાં રહેલી આ પેટીમાં મારું હંધુંય સુખ! સાંકડી પેટીમાં મારો રોટલો! એમાં મારી દુનિયા... જુઓ તમને કઉં એમાં શું શું છે! પાણીનો ફુવારો છોડવાની કાચની બાટલી, ગાલ પર રગડવાનું બ્રશ, દાઢી કરી લીધા પછી મોં લૂછવાનો ગમછો, અસ્તરાની ધાર તાજી કરવાનું કાળું રબ્બર, વાળ કાપવાનું વિલાયતી મશીન, પાઉડરની ડાબલી, કાતર, અરીસો, અસ્તરો, દાંતિયો, તેલની શીશી, ફટકડી, નેરણી, વાટકી. પેટી લઈને હાલું ત્યારે આ બધી સામગ્રી ખખડે અને મને એમ કે રઘાબાઈ બીશો નઈ... અમે તમારી સાથે છીએ ઈ વખતે મારા પગમાં જોર આવી જાય, મારો ધંધો કરવો ઈમાં શરમ શાની!

આ ગઈકાલની જ વાત. મણિડોશીનો મનકો રસ્તામાં મળી ગયો. વીર વરહનો જુવાન એટલે દાઢી કરીને ગાલ સમકતા રાખવાનો શોખીન. 'રઘુ, દાઢીમાં ભાઠાં ઊગી નીકળ્યાં સે, કરડે સે...' 'તે બેહી જાવ, હમણાં સાફ કરી દઉં...' કે'તા મેં એક બંધ દુકાનનો ઓટલો બતાવ્યો. અમે બન્ને સામસામા બેસી ગ્યા, ન્યાં ઓટલા પર જ જમાવી દીધી. મનકાને પલાંઠી વળાવી,

પલાંઠી પર રૂમાલ પાથરી દીધો. એના હાથમાં અરીસો પકડાવી દીધો એટલે એ મોઢું જોતો થાય... અને આપણે બંદા તો ઉભડક પગે બેસી ગયા. જળી ગયેલી પોતડીમાંથી સાથળ દેખાયો... ભલે દેખાય! ધંધા વખતે આવું બધું નો જોવાય! વાટકીમાં પાણી ભર્યું, બ્રશ ઝબોળ્યું, પછી મંડ્યો સાબુની સુકાયેલી ગોટી પર ઘસવા, ઘરડ્...ઘરડ્... ઘરડ્... બ્રશ ફીણ ફીણ થઈ ગ્યું, પછી મનકાના ગાલ પર મંડ્યુ બ્રશ ઘસવા, ફસડ્... ફસડ્... ફસડ્... મનકાના ગાલ પર ફીણ ચોંટવા લાગ્યા, આખું મોઢું ફીણ ફીણ થઈ ગયું. ફક્ત આંખ, કાન, કપાળ અને નાક બાકી રહી ગયું. પછી પેટીમાંથી રબ્બર કાઢી મંડ્યો અસ્તરાની ધાર ઘસવા : ફસડ્... ફસડ્... ફસડ્... ધાર તેજદાર થઈ ગઈ એટલે મનકાના બેય કાનની ટીશી - એક પછી એક - એમ બંને ટીશી નીચેથી અસ્તરા વડે લાંબા લીંટોડા કર્યા. વાળ ઊખડી ગયા, ભાઠાં ભૂંસાઈ ગયાં અને લીસી ચામડી ચળકી ઊઠી. અસ્તરો સીધો દોડતો હતો, ખસડ્... ખસડ્... ખસડ્... સાચું કહું તો આ અવાજના તાલે જ આપણા રામનું મગજ ચાલે! દાઢી નીચે છેક ડોક સુધીના કાંટા સાફ કરી દીધા પછી ગમછા વડે મનકાના મોં પરનો સાબુ લૂછી નાખ્યો અને ફુવારો છાંટી દીધો... ફુવારો છાંટી જેવું મોં લૂછવા મેં પેટીમાંથી ગમછો બહાર કાઢ્યો ત્યાં એ બોલી ઊઠ્યો, ‘રે’વા દે રઘલા... ઇ મેલો છે... એટલું કહી પોતાના ખીસામાંથી રૂમાલ કાઢી પોતાનું મોં લૂછી કાઢ્યું. પછી ફરી અરીસો ધરી જોવા લાગ્યો. મેં ગાલ પર અફઘાન સ્નોનાં આંગળી વડે ધોળાં ટપકાં કરી પછી હથેળી વડે માલીશ કરી દીધું ત્યો ઇ કહે... ભારે ટાઢું...! ઠેઠ મુંબઈથી મંગાવ્યો સે આ સ્નો! મેં ય બાંગો મારી દીધી... તેણે ઝટ કરતો ખીસામાંથી રૂપિયાનો સિક્કો કાઢી મારી હથેળીમાં મૂકી દીધો બસ... અને આપણા રામ રાજીના રેડ!

‘આ સ્નો તો બાકી કેવું પડે. ટાઢોય સે અને સુગંધીયસે...’ મનકાએ ઊભા થતાં કહ્યું. અને પોતાના ખીસામાંના દાંતિયા વડે માથાના વાળ ઓળવા લાગ્યો. બાપનો પૈસો હતો, એકનો એક હતો એટલે ગામની છોકરીઓ પાછળ વાપરતો હતો.

લો, પે’લાં હું બીડી પી લઉં પછી તમને એક ખાનગી વાત કરી દઉં... મનના વિચાર વશમાં રહેતા નહોતા. ખીસામાંથી થોકડી કાઢી બીડી પેટાવી એક ઊંડો કશ લીધો અને યાદ આવી ગયું. હા, ખાનગી વાત... આ ગામના દરબાર છે ને વિશુભા... રાજપાઠ ગ્યાં તોય દાદાગીરી જતી નથી... આ અઠવાડિયાથી મારી વાંહે પડી ગ્યા સે... વાત એમ સે કે ઇમણે એક કૂતરી પાળી સે... દેશી-પરદેશી કૂતરા-કૂતરીની પેદાશ એવી એ કૂતરીનું નામ ટોમી પાડ્યું સે. રોજ સાંજે પટ્ટાથી બાંધી ફરવા નીકળે છે, નદીના કાંઠે હેરવે-ફેરવે... એને જોઈ ગામના રખડુ કૂતરા ભેગા થઇ જાય અને મંડે ભસવા... પણ ટોમી બાકી ભારે જોરદાર. એક વડચકું ભરે એટલે હંધાય કૂતરાની પૂંછડી પાછલા બે પગ વચ્ચે ઘૂસી જાય... ભૂરો ભૂરો વાન, ભૂરી ભૂરી આંખો, પાતળી સોટા જેવી પૂંછડી... અને પાતળી કમર, ઢળેલા કાન ક્યારેક ઊભા થઈ જાય, મોં ઉઘાડી રતુંબડી જીભ બહાર કાઢી હાંફે ત્યારે વધુ સરસ લાગે.

એકવાર બાપુ એ ટોમીને લઈને નીકળ્યા. હું સામો મળ્યો, એટલે મેં કહ્યું, ‘રામ...રામ... બાપુ!’

રામ... રામ... લ્યા રઘલા, તારું કામ પડ્યું સે...

શું કામ?

આ મારી ટોમીના પગના નખ વધી ગયા છે. હું રમાડું ત્યારે વાગે છે. તારી પાસે ઓલી નેરણી છે ને?

હા... પણ ઇ તો માણહના નખ કાપવા માટે...

હું એટલું બોલી અટકી ગયો. બાપુનું મોં ભારેખમ થઈ ગયું. ‘હવે ટણપીના, માણહ કે કૂતરા બેય એક જ કે’વાય, ટોમીના નક કાપીને ધોઈ નાખજે. ઇમાં તારું સાધન અભડાઈ નૈ જાય... છતાં અભડાય તો ગરમ પાણીમાં ધોઈ નાખજે જેથી કૂતરાના જંતુ...’

‘પણ બાપુ...’ મેં હાથ જોડ્યા... ‘માણહ તો સમજુ હોય અને કૂતરા અણસમજુ. નખ કાપતાં વાગી જાય અને બચકું ભરે તો...’

‘તો ચૌદ ઇંજેક્શન - ડૂંટી ફરતા લઈ લેજે હમજ્યો?’

હું મૂંગો થઈ ગયો. ટોમી પૂંછડી પટપટાવતી મને તાકી રહી હતી. બાપુએ પટ્ટો ઢીલો કર્યો એટલે એ સાવ પાસે આવી અને મારા ફરતી ગોળ ચક્કર કાપી મને સૂંઘવા લાગી...

‘લે... જો તને ઓળખી લીધો. હવે તને બચકું નહીં ભરે... સમજ્યો? હવે કાલ સવારે દરબારગઢમાં આવી જજે. જો કાલ નથી આવ્યો તો તારી ખેર નથી. એટલું કહી બાપુ કૂતરીને દોરતા ચાલી નીકળ્યા અને હું ઊભો ઊભો જોતો રહ્યો. કૂતરીના ન્હોર કરતાં બાપુનો ન્હોરનો ઉઝરડો મારા માટે વધુ જોખમી હતો. પણ આપણેય છેવટે તો કારીગર છીએ, એમ ગાંજ્યા જઈએ તો ગામમાં રે’વાય શી રીતે... અઠવાડિયું કાઢી નાખ્યું. ટોમીના નખ કાપતાં મને મારી જાતનું હડહડતું અપમાન લાગતું હતું. છતાં મનેય ઇ રીતે બાથપગ બાંધીને ધબેડી નાખે તો ગામમાંથી કોઈ મારી વ્હારે ન આવે... બાપુની ધાક છેક પોલીસ ખાતા સુધી હતી અને ‘પહોંચ’ પરધાન સુધી હતી... મારી તો ઊંઘ ઊડી ગઈ...

મા વાત લાવી હતી કે લીલાને પૂરા દિ’ જાય છે, આજકાલમાં છે. પોતે લાડવા લઈને જવાની વાત કરતી હતી. પણ અહીં બાપુએ મને મહિના રાખી દીધા હતા! એ જો એમનું કીધું નો કરું તો ભરબજારે મારો ઘડો લાડવો થઈ જવાનો હતો!

મારી હાલત તો જાણે સૂડી વચ્ચે સોપારી - ઘેર જઉં તો મા ખિજાય અને બાર નીકળું તો ‘બાપુ’ ખિજાય. બેય બાજુની ભીંહ ડુંગર જેમ તૂટીને મારા માથા પર ત્રાટકી’તી. હું તો ચૂરેચૂરા થઈ ગ્યો. થાકી - કંટાળી - નદીકાંઠે શિવમંદિરે ચાલ્યો ગયો, ન્યા પડથાર પર શિવમંદિરની છાયામાં પેટીનું ઓશીકું બનાવી આડો પડ્યો... ત્યાં

બાપ યાદ આવી ગયો. આ શિવમંદિરના શિખર જેવી બાપની છત્રછાયા હતી, તે ઊઠી ગઈ. ભલે અમે રિયા વહવાયા... પણ બાપનું માન તો ઉજળિયાત જેટલું હો! બાપ હોત તો કૈંક રસ્તો કાઢત... દરબારનેય મનાવત અને મારી માનેય મનાવત. લીલાને ફારગતી આલી દેત અને બીજી છોકરી ગોતી આપેત...

મારા બાપે મને હાથમાં અસ્તરો પકડાવ્યો હતો. ઈ વખતે હું પાંચેક વરહનો હતો. પેલા અસ્તરા વગર મુઠ્ઠી વાળતાં શીખવ્યું પછી હથેળીમાં આસ્તરોની મૂઠ મૂકી મૂઠી વાળતાં શીખવ્યું અને કહ્યું : જો હવે અંગૂઠો અને પે'લી આંગળીનો ટેકો લઈ આસ્તરાની 'ઠેસી' પકડ... આ ઠેસીની પક્કડથી જ અસ્તરો સીધો રીયે... જરા ચૂક થાય તો ગરાગની ચામડી છોલાઈ જાય પછી અસ્તરો મ્યાન કરી મને ચપટી લેતા શીખવ્યું. મેં બે-ત્રણ વાર મે'નત કરી. નો આવડ્યું તો એક ઝાપટ મારી દીધી. હજામનો દીકરો થઈને ચપટી લેતાં નથી આવડતું? ઝાપટને કારણે આવડી ગયું. જમણા હાથનો અંગૂઠો અને પે'લી આંગળીના પહેલા વેઢા સામસામા આવી જાય અને વચ્ચે કાણું પડી જાય... મેં ચપટી લીધી અને બાપે મારા માથે હાથ મૂક્યો. આવડી ગયું મારા રઘાને આવડી ગયું! બાપ રાજીના રેડ થઈ ગયો. હું આંખો બંધ કરી, બાપના એ ખુશખુશાલ મોઢાને જોઈ રહ્યો હતો. ત્યાં કોઈકે ઠોસો માર્યો, આંખ ઊઘડી ગઈ. જોયું તો મારી હામે જમરાજા જેવો સોમો પગી ઊભો હતો... ડોળા કાઢતો : તારી તે જાતના... હમણાં મારી ક્યાંય જીભ જશે... સોમો પગી વિસુભાનો ખાસ માણસ! હું બેઠો થઈ ગયો. સોમો પગી ધૂંઆફૂંઆ થઈ ગયો. ન્યા દરબારગઢમાં બાપુ તારા નામની મણ મણની ગાળો કાઢે સે... મને ગોતવા મોકલ્યો કે જીવતો કે મરેલો હાજર કર સોમા... ગોતી ગોતીને આખું ગામ ગાંડું કર્યું. તો જાટસા'બ અહીં ટાઢા છાયામાં નીંદર કરી રહ્યા છે... વિસુભા બાપુના સોટા બરડામાં પડશે ને તો મહિનો નીંદર નહીં આવે... હાલ પેટી લઈને આગળ થા!

હું આગળ અને સોમો પગી પાછળ... સરઘસ બાપુની ડેલીએ... વીઘા એકનું ફળિયું વળોટી હું ઓસરીના પગથિયાં ચડ્યો ત્યારે બાપુ ઓસરી પર હીંચકે ઝૂલી રહ્યા હતા, હાથમાં હોકો રહી ગયો હતો, મને જોઈને ભૂરાંટા થ્યા, 'લ્યાં ઘાંયજા... તારા માથામાં કંઈ રાઈ ઘાલી સે...'

મેં માથેથી ફાળિયું ઉતારી, હાથ જોડતા કહ્યું, 'ના બાપુ...'

'તેં કેમ ડોકાતો નથી... તને મેં પોતે કીધાને અઠવાડિયું વીતી ગ્યું...'

'બાપુ, બૈરીની સુવાવડ આવે ઇમ સે અને મારી માને રાજપરના દોડા...'

'હવે અદકપાંહળીના... બા'નાં બતાવ મા...' કે'તા બાપુ ઊભા થયા. કથરોટમાં હોકાની રાખ ઠાલવી અને પછી હોકો ખીંટીએ લટકાવતાં હીંચકે બેઠા ત્યાં બાજુના ઓરડામાંથી ટોમી જોરજોરથી ભસવા લાગી. મારા પગ ઢીલા પડી ગ્યા.

ટોમીનેય મારી ગંધ આવી ગઈ હતી.

'જો સોમલા, ટોમીને લૈ આવ...' સોમો પગી ઓરડામાં ગયો અને પટ્ટાથી બાંધેલી ટોમીને લઈ આવ્યો... ટોમી મને જોઈને પટ્ટાને સાતાણ કરવા લાગી. સોમા પગીએ માંડ માંડ પટ્ટો પકડી રાખ્યો'તો...'

બાપુએ જોયું અને દાંત કાઢ્યા : 'સોમલા, પટ્ટો મૂકતો નહીં. નહિંતર રઘલાને રહેંસી નાખશે...'

મેં જોયું તો ઉઘાડા મોઢામાં તીક્ષ્ણ અણીદાર દાંત દેખાતા હતા. પછી મારી નજર એના ન્હોર પર પડી તો ન્હોર પણ દાંત જેવા અણીદાર હતાં...

'બાપુ... મારાથી નહીં થાય...'

'નો શું થાય... મરદ થઈને એક કૂતરીથી બી ગયો? હું અને સોમલો પકડી રાખશું. તારે તો નેરણીથી નખ કાપવાના છે...' પછી બાપુએ સોમાને કહ્યું, 'ચાલ સોમલા, એને સુવાડી દે... પણ ટોમી સોમાના વશમાં રે'તી નોતી. છેવટે બાપુ ઊઠ્યા. બંનેએ પકડીને જમીન પર સુવડાવી દીધી. બાપુએ માથું પકડી આડું કરી નાખ્યું જેથી એ મને જોઈ નો શકે અને સોમાએ પાછલી કેડ પર ઢીંચણ મૂકી દીધો. ટોમી ભસવાનું ભૂલી ગઈ. ગળામાંથી કણસતો ધીમો અવાજ સંભળાઈ રહ્યો હતો. મેં પેટી ઉઘાડી નેરણી ગોતી કાઢી અને લહણની કળી જેવા વાંકા ન્હોર પર આસ્તેથી મૂકી ભીંસ દીધી. અણીદાર ન્હોર કટ કરતો નોખો થઈ ગ્યો. 'વા, કારીગર!' બાપુએ ફૂલ ચગવ્યાં... ટોમી વાઉં.... વાઉં કરતી રહી અને હું નેરણી વડે નખ કાપતો રહ્યો. ચારેય પગના ન્હોર કાપી દીધા. વિસુભાબાપુએ કપાયેલા નખ પર આંગળી ઘસી ખાતરી કરી. હમ્મ્ હવે વાગતા નથી. વા'રઘલા, તારી કારીગરી બાકી કેવી પડે. બાપુએ બીજીવાર રાજીપો જાહેર કર્યો. 'હવે બાંડી થઈ ગઈ, હવે ચાચકાના દરબાર સા'બના કૂતરા હેરીને ઉઝરડો નૈ કરી અકે... ટોમી ઊભી થઈ. સોમલાએ પટો પકડી રાખ્યો, પણ કાન ફટફટાવતી એ ઊભી રહી, તેની પૂંછડી સીધી દોર થઈ ગઈ.

'સોમલા, ટોમીને ઓરડીમાં લઈ જા....'

સોમલો ટોમીનો પટ્ટો ખેંચતો પરાણે ઓરડામાં લઈ ગયો...

મેં જમીન પર પડેલા નખને સાવરણીથી વાળી સૂપડીમાં ભરી દીધા, ત્યાં બાપુએ ઘેનભરેલી આંખે મારી હામે જોયું :

આ હું લેવા કરવું પડ્યું ખબર્ય સે...

ના...

ભાદરવો બેહી ગ્યો સે અને ચાચકાના દરબાર સા'બ વિદેશનો એક કૂતરો લાવ્યા સે. નામ એનું હેરી... ઈ હેરી આગળ ટોમીને ફળવવી સે... જો હેરીને ટોમીના નખ વાગી જાય તો રંગમાં ભંગ પડી જાય... કાં હેરી ઠરી જાય અને કાં

ટોમી પર હુમલો કરી બેહે... પછી કૈંક યાદ આવતાં પે'રણના ખીસામાંથી પાંચની નોટ કાઢીને મારા તરફ લંબાવી, 'લે આ તારી મે'નતના!'

મેં ધાર્યું નો'તું કે આટલા નાના કામની આટલી મોટી 'બક્ષિસ' મળશે... હું રાજી થઈ ગયો.

'જો સાંભળ, ટોમી દેશી અને હેરી વિદેશી તો એની ફરજંદ આવે ઇ શું કે'વાય?'

'ખબર નંઈ...'

ડોબા, ઈને વણશંકર કે'વાય... જાનવરની જેમ માણાહમાં પણ વણશંકર પરજા પેદા થાય સે...

મારા માથામાં કોઈકે જોરથી સાંબેલું ફટકાર્યું હોય ઇમ માથાનાં બે ઊભાં ફાડિયાં થઈ ગ્યાં : લીલકી અને ધીરીયો બેય થકી પેદા થયેલું બાળક : વણશંકર...

ઘરમાંથી નીકળ્યો ત્યારે માએ કહ્યું'તું જલ્દી પાછો આવજે, મારે તને સારા સમાચાર આપવાના છે. મારે નથી સાંભળવા સારા સમાચાર... કાળઝાળ થતો હું નીકળી ગ્યો'તો. પાછા ફરતાં પગમાં ભાર લાગતો'તો. મન નો'તું માનતું તોય ઘેર જવું પડ્યું. સાંજ પડી ગઈ હતી. શેરીમાં બૈરાંઓ દોડાદોડી કરતાં હતાં એ જોઈ મને ધ્રાસકો પડ્યો.

ત્યાં પડોશણ બાઈએ લાજનો ઘૂમટો ઊંચો કરતાં કહ્યું : 'રઘાભાઈ, પેંડા ખવડાવો... લીલાબેન દીકરો લઈને આવ્યાં...'

'દીકરો! વણશંકર...' બાપુનાં વેણ હજુય માથામાં વાગતાં હતાં, તોય ઘરમાં જવું પડ્યું. ઘરમાં પગ મૂક્યો એટલે ઓરડામાં ભરાયેલાં બૈરાં બહાર નીકળતાં ગયાં... એકે કહ્યું, 'અસલ ચંદરમા જેવો તેજદાર સે.' બીજાએ કહ્યું : રૂપ તો ઈની માનું લીધું સે... ત્રીજીએ મારા માથામાં ટપલી મારી.

મા-દીકરો એક થઈ જશે ને તમને કાઢશે...

બસ હવે જાવ, અહીંથી... : મા ચિડાઈ ગઈ.

હું ઓસરીમાં ખાટલો ઢાળીને બેઠો. બીડી પેટાવી. ઊંડા કશ લીધા... વણશંકર...

ત્યાં મા ગોદડીમાં વીંટાળેલું એક જીવ લઈને હાજર થઈ... બીજી હોલવી નાખ...

મેં બીડી ઠારી નાખી.

ત્યાં મા કે' પલાંઠી વાળ...

મેં પલાઠી વાળી. અને માએ ગોદડીનો વીંટો મારા ખોળામાં મૂક્યો. મેં ગોદડી ખોલી નાખી...

'પંદર વાહાનો થ્યો...'

'મને કેમ નો કીધો...'

મારા માથામાં જોરથી આંગળી મારતા કહ્યું : 'તારી ખોપડીમાં ઝેર ભર્યું'તું એટલે...'

હું જોઈ રહ્યો. દીકરો હતો. ડૂંટી આગળ કૈંક લબડતું હતું. નોખી ગંધ આવતી હતી. બંધ આંખો ક્યારેક ઉઘાડી એકદમ મીંચી જતો હતો. મુઠ્ઠીઓ વળેલી, હાથપગ ઊછળતા હતા. સાચું કહું તો ઈ ટાણે મારી અંદર પણ કૈંક ઊછળવા લાગ્યું, બંધ તૂટી ગયો અને હડડડ કરતું પાણી વહેવા લાગ્યું. ધોળો હતો, રૂપાળો હતો. મેં મા સામે જોયું, પણ મા તો બાબાને તાકી રહી હતી... 'અરે રઘા, આ જો તો ખરો...' તે એકદમ ખુશીને લીધે ચીસ પાડી ગઈ, 'અલી વહુ... અહીં આવ... જો તો ખરી અટાણથી જ...!'

મેં જોયું તો જમણા હાથની મુઠ્ઠી વળેલી હતી અને પહેલી આંગળી સાથે ઊંચો થયેલો અંગૂઠો બિડાયેલો હતો. મારો જીવ બળવા લાગ્યો. છોકરો મારો હતો, જન્મતાંની સાથે અમારાં જાતિગત લખણ બતાવતો હતો. ત્યાં લીલા બારણા વચાળે ઊભી હતી. મેં તેની હામે જોયું. તેની આંખોમાં આંસુ હતાં. હું વધુ વાર તેની સામે ન જોઈ શક્યો, તેનો ગુનેગાર હોઉં તેમ મારી ડોક નમી ગઈ અને મારી આંખમાંથી આંસુ ડબક... ડબક... ડબક...

*(લેખક સુરેન્દ્રનગર ખાતે નિવૃત્ત જીવન ગાળે છે.)*

## બહિષ્કાર

**(અનુસંધાન : પાના નં.-૧૯ ઉપરથી ચાલુ)**

આદત છે. એમને ચોતરફ આભડછેટ જ દેખાય છે. હવે ભુલાઈ ગયેલી વસ્તુને પાછા યાદ કરાવે જાય છે, નકામા.'

'સાહેબ, જેમ આભડછેટ નરી આંખે દેખાતી નથી, એમ બહિષ્કાર ય નરી આંખે ના દેખાય, તમને સાહેબલોકને ના દેખાય, પણ અમને દેખાય. એ તો જીન જેવી છે. વળગે એને જ દેખાય!' રમણ અકળાયો.

'તમે લોકો આ સંસ્થાવાળાના ચાળે ના ચઢો. દુઃખી થશો. લો આવજો, જયભીમ...' કહી ત્રિવેદી, વાઘેલા બોલેરોમાં ચઢી બેઠા.

ઓફિસમાં જઈ ચારણ સાહેબને રિપોર્ટ આપ્યો : 'ગામમાં અમે જાતે ખાતરી કરી છે. ઘંટીવાળો, હજામ, પાનના ગલ્લાવાળો-એફ.પી.એસ. વાળો, બધાંય ના પાડે છે. ગામમાં બહિષ્કાર થયો જ નથી.'

'એમ? સરસ! આ લોકોને ખોટી બૂમરાણ કરવાની ટેવ પડી છે!'

ચારણ સાહેબે સિગારેટ સળગાવી અને ચા માટે બેલ માર્યો.

'બેસો, ચા પીને જાઓ, મંત્રીશ્રી તમને યાદ કરતા હતા.'

'આની આ જ રામાયણ સાહેબ! દલિત જ્યોતવાળા તો દિલ્હી રાષ્ટ્રપતિથી માંડીને મામલતદાર સુધી ફરિયાદો કરે છે!'

'હા, એ લોકો પરાણે સાબિત કરવા મગે છે કે હજીય અસ્પૃશ્યતા છે!' ચારણ સાહેબે સૂર પુરાવ્યો.

*(ગાંધીનગર નિવાસી લેખક નિવૃત્ત આઈ.એ.એસ. અધિકારી છે.)*

# ત્રિભેટો

રમણ સોની

અમે બંને સાથે જ અવસાન પામ્યાં.

નદીને કાંઠે પગથિયાં પર બેસીને અમે નહાતાં હતાં. દીવો મૂકેલો પડિયો સરકાવતાં હોલવાઈ ગયો એ લેવા મારી પત્ની જરાક નમી, ને લપસી ગઈ પાણીમાં. હું એને બચાવવા હાથ ખેંચું ખેંચું ત્યાં હું પણ...

મરણ પછીનો માર્ગ પણ પાણી જેવો જ હળવો હતો. બંનેના પગ થોડુંક ચાલતાં પણ દુખતા એ થાક વિના આગળ સરતા હતા. પાણી ખૂંદવું પડતું ન હતું. પાણી અમારા પગ તળે અડતું હતું.

બહુ વખતે અમને બંનેને વાતો કરવાની નિરાંત મળી હતી. — આ વખતે તો ગરમી બહુ પડી, તોબા. — પણ ઘરના આંબા પર કેરીઓ બહુ આવી આ વખતે, નહીં? — આ તમારે ફોનો કરવાની બહુ કટેવ હતી, તે આ હવે છૂટી, હાશ. — તારું ટીવી છૂટ્યું એમ કહેને, નવરી પડતી નથી કે જે આચરકૂચર આવતું હોય એ ખોલીને બેઠી નથી. હવે ગયો એ ટીવલો, શાન્તિ. અમારાં પાછળવાળાં પડોશી કમળાબહેન, એમનો બોલવાનો ઠેકો ‘આ તમને કહું.’ એ યાદ કરી કરીને અમે બહુ હસ્યાં. — ને પેલા તમારા શકરાભૈ, ‘શ્યૂં ચાલે છે શંજયભાઈ શાએબ?’ અમે લોટપોટ થઈ ગયાં. સરકતે રસ્તે તડાકા મારવાની ખૂબ જ મજા આવતી હતી.

એમ કરતાં કરતાં રસ્તાનો ત્રિભેટો આવ્યો. ત્યાં એક નાનકડી પણ સ્વચ્છ, ઠંડકવાળી, સરસ જગા હતી. આમ તો બધું કાચ જેવું પારદર્શક હતું પણ એક ઓરડાનો આભાસ થતો હતો. રૂમ નહીં પણ કંઈક રિસેપ્શન જેવું હતું. એક ભાઈ સોનેરી મુકુટ અને ગુલાબી ધોતિયું પહેરીને ત્યાં ઊભા હતા. અમને આવકાર આપ્યો, વિરાજો! બેઠાં. એમણે એમના હાથ સહેજ ઊંચા કરીને, ટાઈપ કરતા હોય એમ આંગળીઓ હલાવી. સામે એક સફેદ પરદો થઈ ગયો. એનાં પર રંગોનાં થોડાંક ટપકાં ઊપસ્યાં, મોટાં થયાં, આમતેમ ખસીને અદૃશ્ય થયા. પરદો પણ અલોપ થઈ ગયો. અમારું કંઈક સ્કેનિંગ થઈ ગયું.

એ ભાઈએ ઘેરા ગંભીર પણ સૌમ્ય અવાજે કહ્યું, આપ દંપતીનું જળમરણ થયું છે એથી આપને સંયુક્ત રીતે સ્વર્ગમાં જવાનો આકસ્મિક અધિકાર પ્રાપ્ત થયો છે. વળી એક જ ક્ષણે સહમરણને કારણે આપને એક વિકલ્પ પણ પ્રાપ્ત થાય છે. આપ દક્ષિણ માર્ગે સ્વર્ગમાં જઈ શકશો કે પછી વામ માર્ગે નર્કમાં પણ જઈ શકશો.

પસંદગીનો વિકલ્પ મળ્યો એટલે મેં ટેવ પ્રમાણે પૂછવા માંડ્યું : ‘આનંદ. પરંતુ સ્વર્ગને વિશે કેવી કેવી સુવિધાઓ હોય છે અને વળી નર્કને વિશે કઈ કઈ સુવિધાઓ પ્રાપ્ત થતી હોય છે એ વિશે કૃપા કરીને કહો.’ મારી પત્નીએ મને કોણી મારીને ધીમેથી કહ્યું, મૂકોને લપ, સ્વર્ગને રસ્તે જ હેંડતાં થઈએ...

પેલા પાર્ષદે કહ્યું : સમય અલ્પ છે. કિન્તુ આપને જિજ્ઞાસા જાગી છે તો આવશ્યક હોય એ નિવેદિત કરવું એ મારું કર્તવ્ય છે. સાંભળો : સ્વર્ગમાં સર્વત્ર શ્વેત શ્વેત છે. સૂર્ય-ચંદ્ર ત્યાં પ્રકાશતા નથી. નિહારિકાઓનો ઉજ્જવલ પણ પ્રસન્ન શ્વેત પ્રકાશ. ત્યાં રાત્રિ નથી, શાશ્વત કાળ દિવસ જ હોય છે. ઋષિઓના મંત્રોચ્ચાર ધ્વનિઓથી સ્વર્ગપ્રદેશ સદા ગુંજતો રહે છે. પૃથ્વી મધ્યે જે ગંધમાદન પર્વત છે એની સુગંધ, દૂષિત પર્યાવરણને કારણે પૃથ્વીવાસીઓ તરફ નીચે ઊતરતી નથી, એનું ઊર્ધ્વગમન થાય છે ને સમસ્ત સ્વર્ગમાં એ સુગંધ પ્રસરતી રહે છે.

મેં અધવચ્ચે મારું જ્ઞાન દર્શાવ્યું : અને હા, ગાંધર્વોનું સંગીત અને અપ્સરાઓનાં નૃત્યો...

પાર્ષદજી કહે, ક્ષમાપ્રાર્થી છું પરંતુ સંગીત-નાટ્ય-નૃત્ય સંકુલોનો હવે વિલોપ થયો છે. પૃથ્વી પરથી અકાલે અવસાન પામેલા કેટલાક દિવંગત નવયુવાન સંગીતકારોને લાગ્યું કે આ સંગીત તો કાલગ્રસ્ત છે, અસંગત છે. પરંતુ મન્વન્તરોથી સ્વર્ગે વિરાજેલા પ્રાચીન સંગીતકારોએ એમની વાત માન્ય ન કરી. નવાગંતુક સંગીતજ્ઞોએ પોતાનો મત તજ્યો નહીં. પરિણામ સ્વરૂપે એ સંસ્થા જ અંતર્લોપ પામી.

પાર્ષદને અચાનક લાગ્યું કે એમની ભાષા અમને કઠણ પડે છે એટલે એમણે અમારી ભાષામાં સંવાદનો સેતુ સાધી લીધો. કહે : ભૈ, પાણીની તકલીફ સ્વર્ગમાં પણ છે એટલે હવે અપ્સરાઓનાં જળનૃત્યો પણ બંધ છે. કાળાં વાદળોને નર્ક તરફ ધકેલી દેવાની એક મહાભૂલ સ્વર્ગાધિપતિએ કરી છે ત્યારથી સ્વર્ગમાં પાણીની તંગી થઈ ગઈ છે.

પગ તળેથી રેતી સરકતી હોય એવો મને ભાસ થયો. હું ક્રમ વગરના પ્રશ્નો કરી બેઠો : તો અમારે શું કરવાનું? ક્યાં બેસવાનું? ક્યાં સૂવાનું? ક્યાં રહેવાનું? ક્યાં નહાવાનું?

પાર્ષદે આશિષ અને આશ્વાસનની મુદ્રામાં હથેળી ઊંચી કરી કહે : શાન્ત થાઓ. સ્વર્ગમાં તમને તરસ નહીં લાગે, ભૂખ નહીં લાગે, થાક નહીં લાગે, ઊંઘ નહીં આવે છતાં ઉજાગરો

નહીં લાગે, શરીરે પ્રસ્વેદ કહેતાં પરસેવો નહીં થાય એટલે આપે છેલ્લું જે જળસ્નાન કરેલું છે એ પુણ્ય સદાકાળ રહેશે, તમને એકધારી તાજગી રહેશે. સ્વર્ગમાં બંધ આવાસો નથી. બેસો તે આવાસ. નિવસો તે નિવાસ. સૂઓ તે શયન. આડાં પડશો એટલે પીઠ નીચે આરામદાયક પથારી હોય એવું સુખ મળશે. તર્જની ઊંચકતાં જ સ્ફૂર્તિથી ઊભા થઈ જશો. ચરણ ઊંચક્યા વિના ચાલી શકશો. જીવન જીવવાની સુવિધા પણ છે એટલે કે તમારાં જેવા મનુજયોનિનાં પ્રાણીઓ પણ અહીં છે. એમની સામે સંવાદ સાધી શકશો. જોકે, એમાંનાં કોઈ પૃથ્વી પરનાં તમારાં પરિચિત હશે તો પણ તમે એમને ઓળખી નહીં શકો. બધાનાં ચહેરા સ્વર્ગપ્રવેશે જ એકસરખા સુંદર, પ્રફુલ્લિત, ગૌરવર્ણ થઈ જતા હોય છે. તમારા પણ થઈ જશે. હા, તમને પૃથ્વી પરનું તમારું અંગત જીવન યાદ રહેશે. એટલે તમે ભૂતકાળને વાગોળી શકશો.

મારો રખડેલ જીવ પૂછી બેઠો : અને સ્વર્ગમાં જુદે જુદે સ્થળે પ્રવાસ કરી શકાશે, મતલબ કે યાત્રા?

એ કહે, સુણો બંધુ, સ્વર્ગ સ્વયં એક તીર્થ છે, ઇચ્છાયાત્રા છે. આખો પ્રદેશ શ્વેત - સુંદર છે. તમારા હિમાદ્રિ કરતાંય વધુ શુભ તેજસ્વી શિખરોનાં શિખરો, તમે જે જે દિશામાં ગતિ કરશો ત્યાં દષ્ટિપથમાં આવતાં જ જશે, કમલદલની જેમ ફૂટતાં જશે. તમારાં ચરણ તળે શ્વેત વાદળોના પોચા પોચા પોલ...

મારાથી વચ્ચે બોલ્યા વિના રહેવાયું નહીં : પણ વિવિધ રંગો? સફેદ સિવાયનો કોઈ રંગ પણ ક્યાંક જોવા મળશે ને?

એક ક્ષણ આંખ બંધ કરીને પછી ખોલીને પાર્ષદજી બોલ્યા : બંધુ અને ભગિની, તમે કેમ ભૂલી જાઓ છો કે શ્વેત રંગમાં જ સર્વ રંગોનો અંતર્ભાવ થતો હોય છે! તેમ છતાં, તમે જ્યારે પોપચાં ઢાળશો ત્યારે બધું સ્વર્ગવિશ્વ ગુલાબી લાગશે; તમે પરસ્પરને સ્પર્શ કરશો એટલે પ્રભાતની લાલાશનો ઉદય થતો જોઈ શકશો; એકબીજાની નાડીના ધબકાર પર આંગળીઓ દાબશો એટલે ભૂરા, વાદળી રંગોનાં મોજાં ઊછળતા હોય એવો આભાસ થશે. નિત્ય યુવાન એવા તમે એકબીજાની આંખમાં અનિમેષ તાકી રહેશો એટલે લીલાં - ઘેરાં જંગલોની વચ્ચે પ્રવાસ કરતાં હોવાનો અનુભવ કરી શકશો. સ્વર્ગને વિશે કાયમ તો શ્વેતની જ સત્તા છે, અન્ય રંગોના વૈવિધ્યનું નિર્માણ તમારે જાતે કરવું પડશે. પરંતુ એ રંગો સંચારી અને અલ્પજીવી છે, શ્વેત સ્થાયી અને નિત્યસંગી છે.

'સાલું, અઘરું તો પડે નહીં?' મેં મારી પત્નીને ધીમેથી કહ્યું. 'સ્વર્ગમાં આવી એકવિધતા, આવી મોનોટોની હોય તો આપણી બધી મજાઓનું શું? જીવ્યાં ત્યાં સુધી દેશ-પરદેશ બધે ફર્યા છીએ. એના સૌંદર્યનાં જે મધુર સ્મરણો છે એ જ વાગોળવાનાં? સ્વર્ગમાં સાવ ધોળાધબ્બમાં રહીને, એ બધું યાદ કરીકરીને દુઃખી થવાનું આપણે, હેં?

મારી પત્ની તો લમણે હાથ દઈને બેઠી હતી. કશું બોલી શકી નહીં.

એકાએક જ મને સ્ફુર્યું : કલ્પવૃક્ષ!!!

હત્ તારીની! આ બધી લમણાઝીંક ખોટી કરી. આપણે આ પાર્ષદભાઈને એટલું જ પૂછી લઈએ કે હે દેવસેવક, અમને એટલું કહો કે કલ્પવૃક્ષ કઇ દિશામાં છે. પછી તો એય ને, એની નીચે ઊભાં રહીને કહેવાનું કે, એક બંગલા બને ન્યારા... અને કહેવાનું કે દાર્જિલિંગ ને સ્વિટ્ઝર્લેન્ડ ના નાયગરા ને આંદામાનનો દરિયો, ને પંખી બનું.... ને બધું જ સાક્ષાત્. અરે સંગીતની સીડી માગી લઈને, કલ્પવૃક્ષ ઉપર જ ચડી જઈને, એની કોઈક સુંદર ડાળ પર હીંચકતાં હીંચકતાં જ...

અમારા જવાબની રાહ જોઈને થાકેલા પાર્ષદજીને મેં કહ્યું : હે કૃપાળુ, બીજું બધું જવા દો, અમને બસ કલ્પવૃક્ષ ભણીનો રસ્તો બતાવવાની કૃપા કરો. પછી અમે બધું જાતે ફોડી લઈશું...

એમણે આશ્ચર્ય પામીને કહ્યું : કલ્પવૃક્ષ? એ શું છે?

મને ભયંકર આઘાત લાગ્યો. જાણે વજ્રપાત થયો. આ ઘડીએ હું પૃથ્વી પર હોત તો મારું હૃદય બંધ જ પડી ગયું હોત. હું માંડ બોલી શક્યો : ક...કલ્પવૃક્ષની ખબર નથી આપને? અરે, સ્વર્ગની એ જ સર્વશ્રેષ્ઠ છાંયડી છે. એની નીચે ઊભાં રહીને તમે જે સંકલ્પ કરો એ તરત જ ફળે, તત્ક્ષણે, ને મેં ટૂંકમાં કલ્પવૃક્ષ - મહિમા વર્ણવ્યો.

ગંભીરતાની મૂર્તિ એવા પાર્ષદજી પહેલીવાર હસ્યા, ખડખડાટ. વાંકા વળીવળીને હસ્યા. કહે : પૃથ્વી પરનાં પ્રાણીઓને કોઈએ આ ખરી ભ્રાન્તિ-ભેટ આપી લાગે છે! તમને જે જે ધખારા થયા, જે જે અભાવો સાલ્યા, જે જે બેફામ તુક્કા જાગ્યા તમારા મગજમાં — એણે આ મહાછલનું સર્જન કર્યું લાગે છે. બંધુવર્ય, પૃથ્વી પરના મૃગજળમાં ને આ તમે જે કહો છો એ કલ્પવૃક્ષમાં કશો જ ફેર નથી. સ્વર્ગમાં કોઈ જ કલ્પવૃક્ષ - અલ્પવૃક્ષ નથી. એ માયા રહી ત્યાં પૃથ્વીલોકમાં.

મેં જબરદસ્ત નિસાસો નાખ્યો. ઉમાશંકરના યુધિષ્ઠિરની જેમ હું રોષપૂર્વક બોલી ઊઠ્યો : સ્વર્ગ, તો આ સ્વર્ગ નથી!

મારી પત્ની હવે જીભાજોડી સાંભળીને બહુ કંટાળી હતી. એ કંટાળામાં જ એણે પૂછી નાખ્યું : હેં ભઈલા, નર્કમાં કેવું હોય છે?

પાર્ષદને રમૂજ થઈ — ખરાં છે આ લોકો! એણે હસીને કહેવા માંડ્યું : મોટીબહેન, બહુ ગિરદી હોય છે નરકમાં તો! ચાલવાનીયે અગવડ. પૃથ્વી પરના મહામેળાઓમાં હોય છે એથી પણ વધુ મનુષ્યાદિ પ્રાણીઓ હંમેશાં નર્કમાં મોટરવાહનોને કે કોઈપણ ચક્રવાહનને પ્રવેશ નથી. માત્ર મહાકાય પશુપક્ષીઓ છે. ગર્દભમાં ને હસ્તીમાં કશો ફેર નથી. બધાં પ્રાણીઓનાં કદ સરખાં. એ પ્રાણીઓ તમને આરૂઢ તો થવા દેશે પણ બીજા મનુષ્યો તરત તમારું પતન કરશે. પ્રાણીઓ કરતા મનુષ્યો ત્યાં શતાધિક પ્રમાણમાં છે.

ભય અને જિજ્ઞાસામાં અમારી આંખો પહોળી થઈ. એ જોયા વિના જ એમણે આગળ ચલાવ્યું.

પંચધાતુનાં મકાનો છે ત્યાં — ઊંચાં ઊંચાં. ને એની ઉપર

ઘેઘૂર વૃક્ષો ઊગેલાં છે. ઊંચે ઊંચે અડાબીડ જંગલો. એ અંધકારને ભેદીને પ્રચંડ સૂર્યનાં લાલ કિરણો રસ્તા સુધી પહોંચે છે ને એથી માનવ મહેરામણ આગળ ને આગળ ચાલે છે. રાતના પોલાદી અંધારામાં સૌ પેલાં મકાનોમાં જતાં રહે છે ને દિવસનું અજવાળું ફાટતાં જ ફરી રસ્તા પર આવી જાય છે – સતત ચાલવા માટે.

અમને થયું : તે આમ જ અથડાયા કરવાનું? ટોળાંમાં?

એ પામી ગયા : હા તમે ચાલ્યાં જ કરશો. મોં પહોળું કરશો ને ચાલતાં ચાલતાં જ મોંમાં કેટલાંક ટીપાં પડશે – એ જ ભોજનનો આનંદ ને ભોજનની તૃપ્તિ આપશે. તરસ મટાડશે. ચાલતાં-ચાલતાં જ તમારું મનોરંજન પણ થશે. તમે સ્પર્ધાઓ જોયા કરશો. મલ્લયુદ્ધો ને સાંઢયુદ્ધો ને સર્પયુદ્ધો. જે મરે છે તે હારે છે ને ત્યારે સૌ હર્ષની કિલકારીઓ કરે છે. તમે પણ કરશો.

અમને સમજાતું હતું પણ કશું ગળે ઊતરતું ન હતું. પણ સતત, 'પછી, પછી?' એમ થયા કરતું હતું.

પાર્ષદજી કહે – અને બિલકુલ નવા અનુભવો. તમે જે યુદ્ધો જોયાં નથી ને, મહાભારતના યુદ્ધથી માંડીને વિશ્વયુદ્ધો સુધીનાં, એ યુદ્ધોનાં અંતિમ દૃશ્યો અહીં જીવતાં કેદ કરી લેવામાં આવ્યાં છે. એ તમે જોઈ શકશો. શોણિત સરોવરો તથા અનેક મનુષ્યોનાં, ઘોડાઓનાં, હાથીઓનાં કપાયેલાં વેરણછેરણ અંગો. પરંતુ મૃત નહીં, એ જ સમયનાં એ જ ક્ષણોનાં જીવંત દૃશ્યો રૂપે. જીવતો ઇતિહાસ માત્ર નર્કમાં જ સચવાયેલો છે, મૂળ સાચા રૂપે.

અમે ડઘાઈ ગયાં. અમારી નાડીઓ જોરથી ધડકતી હતી – તો? તો? તો? તો?....

વાતને હળવી કરતાં પાર્ષદ કહે : જુઓ, આ ગિરદીમાં એક વાર ફાવી જશે પછી વાંધો નહીં આવે. પૃથ્વી પર તમે જોયેલાં ઘણાં મનુષ્યો ત્યાં મળશે ને તમે એમને ઓળખી પણ શકશો, ને એ પણ તમને ઓળખી જશે.

મારી પત્ની બોલી ઊઠી : ના ભૈ, ના. એ લોકો ઓળખી જાય એ સારું નહીં. એમને થાય કે લો, આ લોકો પણ નરકમાં આવી ગયાં. એ જ લાંગનાં હતાં. આપણને એમ થાય કે ધરતી મારગ આપે તો અંદર ઊતરી જઈએ.

પાર્ષદભાઈ કહે, ના બહેન, નરકમાં ધરતી ફાટતી નથી, ત્યાં આગ લાગતી નથી, પૂર આવતાં નથી, અકસ્માત થતા નથી, મનુષ્યો - પ્રાણીઓ મરતાં નથી. ચિરંજીવ હોવું એ સ્વર્ગની જેમ જ નર્કની પણ નિયતિ છે.

પાર્ષદ જે બોલે એ મારી પત્નીને ભાષણ જેવું લાગતું હતું એટલે એણે તો પોતાની એક ખરી ઇચ્છા પૂછી લીધી : આ તો બધું સમજ્યા મારા ભૈ, પણ ટીવી હશે ત્યાં, નર્કમાં? સીધેસીધું કહો.

પાર્ષદે સ્મિત કરીને કહ્યું, હા, જરૂર, એ ઇચ્છાપૂર્તિ પણ થઈ શકશે. પણ આકાશમાં. ઊંચે આકાશમાં જોઈને તમારે બે તાળી પાડવાની. ઉપર ટીવીનો પરદો ખૂલશે. આંગળીઓ પર ને એના વેઢા પર અંગૂઠો અડાડતાં જશો એમ ચેનલો બદલાતી જશે. ત્રણ તાળી પાડો એટલે ટીવી બંધ. પણ હંમેશાં ઉપર જોઈજોઈને તમારી ડોક દુ:ખી જશે એટલું તમને કહી રાખું.

પત્ની ગુસ્સે થઈ – જહન્નમમાં જાય આ નર્કવાળા. મને તો એય ને સોફામાં બેસીને શાક સમારતાં સમારતાં, કે કપડાં વાળતાં વાળતાં, કે ચા પીતાં પીતાં ટીવી જોવાની ટેવ છે. આમ અધ્ધરમાથે ને અધ્ધરજીવે તે ટેવી કેમનું જોવાય, મારા ભૈ. તે આ નરકવાળાઓને ભૂંડાઓને કોઈ કહેનાર નથી? આટઆટલા વખતથી કોઈ ફરિયાદ નથી કરતું? કોઈ પૂછતું જ નથી?

પાર્ષદે હાથ જોડ્યા, પહેલી વાર. કહે : બહેનશ્રી અને ભાઈશ્રી, એક વાત કહેવાની રહી ગઈ એ માટે ક્ષમા માગું છું. નરકમાં પ્રશ્નોને પણ પ્રવેશ નથી. પ્રશ્નમાત્ર ત્યાં અપાત્ર છે, નિષિદ્ધ છે. ત્યાંની હવામાં પ્રશ્નનો અણુમાત્ર નથી.

મને આ ત્રાસમાં પણ રમૂજ સૂઝી : પૂજ્ય, નર્કનું હવામાન કેવું? અનુકૂળ કે પછી પ્રતિકૂળ જ?

પાર્ષદજીએ વ્યાખ્યા કરી : નર્ક એટલે અતિશય. માણસો - પ્રાણીઓનું પ્રમાણ અતિશય, આવાસો - જંગલોનો વિસ્તાર અતિશય. યુદ્ધજન્ય મનોરંજનનો અતિશય એમ હવામાનનો પણ અતિશય. તમે જેને ભયાનક કહો એવી ગરમી. અસહ્ય કહો એવી ઠંડી. અનરાધાર કહો એવી વર્ષા. વળી ત્યાં એ.સી. કે હીટર જેવી યંત્રસામગ્રીને પણ પ્રવેશ નથી. અત્યંત ગરમી પડતી હોય એની બીજી ક્ષણે થીજાવતી ઠંડી આવી શકે ને બેફામ વર્ષાતાંડવ થાય. પણ પૂર ન આવે. નર્કથી સીધો પૃથ્વી પરની નદીઓમાં પાણીનો નિકાલ થતો રહે છે. તાપ - ટાઢ - વર્ષ સહન કરો અને જીવતા રહો. મરણ નથી સ્વર્ગમાં, નથી નર્કમાં. તમારે ત્યાં પૃથ્વીપટે જ એ પ્રથા જીવતી રહી છે કે પશુ-પંખી-મનુષ્યો મરે છે. ને પ્રાણીઓ ગમે ત્યારે, ગમે ત્યાં, ગમે તે રીતે, ગમે તે વયે મરી જાય છે. અકસ્માત વગેરે કેટલીક પરિસ્થિતિઓમાં તો યમના આદેશની અવગણના કરીને પણ કેટલાક મરી જાય છે. અને એથી અમારે હંમેશાં વ્યવસ્થાની તાકીદ કરવી પડે છે. ધારું છું કે મારા નિવેદનથી તમને સંતોષ થયો હશે.

હું ખિજાયો : લે, નર્કમાં શું હોય છે એમ પૂછીને શા કાંદા કાઢ્યા આપણે? હવે?

હવે? – પત્નીએ પણ એ જ પૂછ્યું. કહે, 'તો સ્વર્ગમાં?'

'પણ જો ને, એ પણ કેવું છે? મરણ પછી સફેદ ચાદર ઓઢાડી હોય એવું!

પાર્ષદે હવે ઘટિકાયંત્ર જોયું. હવે રેતીના થોડાક જ કણ નીચે સરવાના બાકી હતા. અર્થાત્ હવે સમય થવા આવ્યો હતો. કહે : ઝટ બોલો, બંધુ અને ભગિની, ઝટ બોલો, નર્ક કે સ્વર્ગ? જલદી કહો, સમય સરી રહ્યો છે.

અમે મૌન. એકબીજાની સામે જોઈ જ રહ્યાં. અમારી નિર્ણયશક્તિ પણ સરી રહી હતી.

એકાએક જ પાર્ષદ અમારી બાજુ ધસ્યા. પાસે આવીને અમારા કાનમાં ધીમેથી વિસ્ફોટ કર્યો : તો બોલો, પાછા ઝીંકાવું છે પૃથ્વી પર જ? ■

## જખૌજા જશનામી માડુ ને બાયું

### શ્રી હીરાચંદ ભવાનજી મોમાયા - જખૌ

જખૌ પાંજરાપોળને ગામજે વિકાસમેં આય જેંજો જભરો હથ
ઈ હીરાંચદ ભવાનજી મોમાયા એળા કાંમોંઢા ને મુડસ
જખૌ પાંજરાપોળ થૈ સોંજી પગભર જેંમેં ઈનીજી જહેમત
જખૌ ગામજે વિવિધ વિકાસમેં કયાં ભારી મહેનત
ઈ હીરાચંદ ભવાનજી મોમાયા અંઈ સેવાભાવી ખરા
'રશ્મિન' ચેં કીં ભૂલધી આંકે જખૌજી ધીંગી ધરા?

### શ્રી લબ્ધિકુમાર ભવાનજી મોમાયા - જખૌ - ગાંધીધામ

કચ્છમેં ગજેતો ગાંધીધામ તેંમેં ભન્યો આશાપુરાજો ધામ
માં જે હિન મંદિર નિર્માણલા લબ્ધિકુમાર કયાં ધોળધામ
સીટી કોંગ્રેસજા મહામંત્રી થૈ ઈતર નાતમેં સેવા ડીંયે જામ
'રશ્મિન' ચેં ધન્ય આય આંકે જખૌજા જશનામી જુવાન.

### અ.સૌ. રાજેશ્વરી વિજયકુમાર હીરાચંદ મોમાયા - જખૌ

જખૌજી નારી સન્નારી રાજેશ્વરી વિજય મોમાયા
જખૌમેં પ્રથમ મહિલા સરપંચ થૈ નાતમેં નાં કમાયાં
આંજે પ્રયાસેં કન્યાશાળાજા ચાર મકાન થ્યા તૈયાર
ને હરીજન કોમ્યુનિટી હોલ ભનાયમેં આંજો આય સહકાર
જખૌ પાણી પુરવઠા યોજનાકે પૂરી કરાયાં ભરાભર
'રશ્મિન' ચેંતો ભેણ નારી થૈને કચ્છમેં કમ કયોતા સખ્ખર.

## ડુમરા : ડુમરેજા ડાહ્યા ડમરા

### વીરપાર દેવજી પોલડીયા - ડુમરા - મુંબઈ

દેશમેં ખન્નજી ખપતકે પુજેલા સાહસ કરી ચીનસેં ખન્ન કયાં આયાત
લોકપ્રિય થ્યા વીરપાર દેવજી પોલડીયા, ખન્ન વારા પૈ છાપ.

### શ્રી મેઘજી ભાણજી પોલડીયા - ડુમરા - નાગપુર

જિત્તજિત્ત દશા વિને ઉત્તો વધારીયેં નાતજી શાન
છાભાશ! મેઘજીભાઈ પોલડીયા આંજા કમ ડીંયેં આંજી પેચાન
નાગપુરમેં સામાજીક કાર્યકર્તા થૈ પામ્યા અધિકો માન
'રશ્મિન' ચેં આંજે ભલેં કમેંસેં નાગપુરમેં ગજે આંજો નામ.

## તેરા : તેરેંજા તેજસ્વી તારલા

### સ્વ. શ્રી બુધ્ધા ડોસા મોતા / સ્વ. શ્રી રાયમલ શિવજી

તેરેંમેં મોતા બુધ્ધા ડોસા ને શિવજી સુત રાયમલ
જીરાવલ્લી પાર્શ્વનાથજો દેરો બધ્યાં, જુકો સંભરે પલપલ.

### સ્વ. શ્રી જેતશી જીવરાજ - તેરા - મુંબઈ

નાતમેં પેલાં થ્યા કપ્પાજા વેપારી, શેઠ જેતશી જીવરાજ,
હિંમત આંજી ગચ્ચ ભારી, નાતકે આય આંલા નાઝ.

*રશ્મિન ખોનાનો કાવ્ય-સંગ્રહ*
*"ધન્ય! દશેંજી નાત : ભાગ-૧" માંથી સાભાર*


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

## J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 • Fax : (020) 26434525 • E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 • Fax : (022) 23451950 • E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

# ડિપ્રેશન

ડૉ. સતીશ પટેલ

ઊંઘની બદનામ ગોળીઓ... પેટમાં હોમીએ એટલે જિંદગી સ્વાહા...! યમરાજાના દૂતોનું ધાડું ખડકાયું હોય એમ હથેળીમાં ઠલવાયેલ ઊંઘની ગોળીઓ સામે ત્રાટક-નજરે જોઈ અવિનાશ વિચારી રહ્યા હતા. આત્મહત્યાના આયોજનમાં હવે કોઈ ચૂક રહી ગઈ હોય એવું લાગતું નથી. પછી તો...

આપઘાતની રસમ નિભાવવા માટેની સ્યુસાઈડ નોટ લખાઈ ચૂકી છે. બધાં સ્વજનોને નિર્દોષ જાહેર કર્યા છે. ગૌરવ પણ આજકાલમાં આવી જવો જોઈએ. બસ, એની જ રાહ જોવાય છે...અરે! હા, જયેશને થેંક્યુ કહેવાનો ફોન કરવાનું તો ભૂલાઈ ગયું! ગોળીઓ લાવી આપવાની કપરી જવાબદારી એણે જ તો નિભાવી છે, પણ એને ક્યાં અણસારેય છે બિચારાને, ગોળીઓ શા માટે લાવી આપી છે તે! તો પણ કલંકની ટીલી તો એના કપાળે જ ને! ક્ષમા કરજે, દોસ્ત!

એમણે મુઠ્ઠી કચકચાવીને બંધ કરી અને બબડ્યા : "જિંદગીએ આજપર્યંત મને ખૂબ નાચ નચાવ્યા છે. બેફામ નાચ્યો છું, નટવાની જેમ! હવે જિંદગીને ગોળીએ દેવાનો આ પરવાનો મારી મુઠ્ઠીમાં. મોત હવે હાથવેંતમાં!"

છેલ્લે છેલ્લે બધું જોઈ લેવાની લાલચથી પ્રેરાઈને તેમની નજર કાબૂ બહાર જઈ બારીમાંથી ઊડી. પવન સુસવાટા મારતો હતો - ચિતા ભડભડ બાળી નાખે એવો. આ પણ આપઘાતના સંકલ્પમાં બળ પૂરતું એક પરિબળ જ કહેવાય ને! પેલો સાઈકલવાળો સુકલકડી વાંકો વળી સામા પવનને ચીરતો સાઈકલ ચલાવતો હતો. માઉ થતો હતો બિચારો! એના જેવા કેટલાક કૂચે મરતાં-મરતાં જીવવાની જીદ લઈને પીડા વહોરતા હતા. ત્રીજા ઘરના ઓટલા પાસે એક કૂતરું એઠ ઝાપટતું હતું. ઓક્યું...આ...આ...ક...ઠોં...એઠ કાઢી અને વળી એ જ વલોવાયેલી એઠ ચાટવા માંડ્યું લબાડ! ઓકેલું ચાટે એ બધાં કૂતરાં કહેવાય. મેં પણ...

"સાંભળો છો ઓ...ઓ...ઓ...ત્યાં બારી પાસે ફરી ઘા ખોતરવા માંડ્યા ને? તમારાથી તો છોકરુંય સમજદાર હોય! તંઈ શું! કહું છું, અહીં હીંચકા પર આવો, બેસો બે ઘડી મારી પાસે, આવો."

અવિનાશ ચોંક્યા : અરે! આવી ગઈ નિર્મળા બિલ્લીપગે. સારું થયું સીધી અહીં ન આવી તે. નહીં તો ગોળીઓ સાથે રંગે હાથ પકડાઈ જવાત. બધું ઉઘાડું પડી જાત. ચાલો, હવે ઘા ખોતરવા પર પ્રતિબંધ. ખોતરીએ તો ભીંગડાં ન વળે. જવું પડશે, હીંચકે હીંચકવા. હવે તે એકડિયા-બગડિયાવાળાં છોકરાં ભણાવતી હોય એમ જિંદગી જીવવાનાં કારણો ગણાવશે. બહાનાં જ કહો ને! જીવવાની રંગબેરંગી રૂપરેખા ઘડી આપશે અને જિજીવિષાને જગાડશે! ચાલો ત્યારે...જવું પડશે. ઊંઘની ગોળીઓનું પડીકું વાળી અવિનાશે ટેબલના ખાનાનાં કાગળો નીચે છુપાવી દીધું અને ઊઠ્યા.

"કહું છું, છોકરમત છોડો અને ભૂલી જાઓ બધું. થવાકાળ હતું તે થયું. મન બીજે પરોવો. સમય જતાં સૌ સારાં વાનાં થઈ રહેશે." નિર્મળાના આ સુરીલા શબ્દોમાં હીંચકાના કડામાંથી ઉદ્‌ભવતો કીચૂડ-કીચૂડ ધ્વનિ સંગીત પીરસતો હતો. તેમની આંખો ઘેરાવા લાગી, પણ પાંપણો ન પડી. હીંચકાના વીંઝણાથી આંદોલિત થતી હવા સાથે તેમનું મન પણ આંદોલિત થઈ ઉઠ્યું.

...ભૂલી જાઓ બધું! તમારે તો કહેવું જ છે ને! ભૂલવું એ ભૂંસવા જેટલું સહેલું નથી, નિર્મળા! કેમ કરી ભૂલવું? કાશ, ભૂલવાની કોઈ કરામત કામ કરી જાય. કાશ, કોઈ દુર્વાસા આવી શકુંતલાને આપ્યો હતો એમ શાપ આપે અને બધી યાદો છૂમંતર થઈ જાય!

"ફરી શું વિચારવા લાગ્યા?"

તેઓ નિરુત્તર રહ્યા, એટલે નિર્મળાએ હલબલાવી પૂછ્યું : "તમને કહું છું."

"હં...."

"કહું છું, મારી નહીં તો ગૌરવની તો દયા ખાવ! કાલે આવી પહોંચશે. મેચ જીતીને આવશે તો ઝાલ્યો નહીં ઝલાય. એના આનંદને તો..."

"આનંદો તમે બધાં. હું ક્યાં કોઈની આડે આવું છું? પણ મહેરબાની કરી મને એકાંત આપો."

"એકાંત જ તમને કોરી ખાય છે, અવિનાશ! શા માટે એકાંતમાં ભટકો છો? શું થયું છે તમને? ક્યાં ગયું તમારું... તમારા જ શબ્દોમાં કહું તો... શતપ્રતિશત હાસ્ય? છેલ્લે ક્યારે હસ્યા હતા, યાદ છે? મને તો નથી! આ ચહેરો જુઓ તમારો. અરીસોય પૂછે કે તમે કોણ? આંખોની નીચે આ કાળાં કૂંડાળાં... દિમાગમાંથી અંધારાં ઉલેચો, અવિનાશ! તમારા જેવા સમજુ અને પાંચમાં પુછાતા માણસ આમ..." નિર્મળા રડમસ થઈ ગઈ.

"સમજુ?! એ સમજના ગર્ભમાંથી જ તો જન્મેલું આ દુઃખ છે, નિર્મળા! જેટલી ઊંચી સમજ એટલું ઊંડું દુઃખ. એ સમજની સોબતે જ તો લૂંટાયો છું."

"હજુ પણ ક્યાં સર્વસ્વ લૂંટાઈ ગયું છે?"

"હવે બચ્યું પણ શું છે?" તેણે નિસાસો નાખ્યો.

ઘડીભર બંને મૌન સેવી રહ્યાં. હીંચકો અવિનાશના મન સાથે મૌનને ઝુલાવી રહ્યો હતો. અચાનક અવિનાશ પોકારી ઊઠ્યા : "ઓહ! મારા પેટમાં વલોણું ફરતું હોય એવું અનુભવાય છે. છાતીમાં કાંઈક ઘૂમરીઓ લેતું જણાય છે. અંદરથી બધું ઊભરાઈ રહ્યું છે. હૃદયમાં ફફડાટ થાય છે."

"થાય જ ને! આમ ને આમ કેટલા દી હીજરાયા કરશો? બે મહિના થયા! ધરાઈને ધાન ખાધું નથી. ઊઠો, તમારા પલંગ પર આવો." અવિનાશે પલંગ પર લંબાવ્યું. પીડાને પાથરી પાતળી કરી અને બોલ્યા : "તું સાચી છો, નિર્મળા! પણ હવે મને લાગે છે, હું બેઠો નહીં થઈ શકું. મને ક્ષમા કરજે." તેઓ બાળકની માફક ધ્રુસકે-ધ્રુસકે રડવા લાગ્યા. નિર્મળાએ તેમના માથા પર પ્રેમપૂર્વક હાથ ફેરવ્યો અને બોલી : "વિચારોને તગેડી મૂકો અને ઊંઘી જાઓ. હું ડૉક્ટરને ફોન કરી બોલાવું છું."

"ઊંઘ! ઊંઘ ક્યાં આવે છે? એણે તો કિટ્ટા કરી છે. લાવ મનાવું... ઊંઘ રે ઊંઘ... આવ રે ઊંઘ." લવારી કરતા-કરતા અવિનાશ નિર્મળાનું માન રાખવા આંખો બંધ કરી સૂઈ ગયા અને તરત જ માંદલા વિચારોના ટોળાએ તેમના દિમાગ પર અતિક્રમણ કર્યું.

ઊંઘ! અંધારું થાય એટલે ચામાચીડિયાં આવી પહોંચે, પણ ઊંઘ! પાળેલા કબૂતરની જેમ પાંપણોની આસપાસ ચકરાવા મારી લલચાવે છે, પણ ઉતરાણ નથી કરતી. ડરે છે કદાચ, અંદર છુપાયેલા આત્મઘાતના કલુષિત વિચારોથી. હા, ઊંઘની ગોળીઓની ચણ નાખું તો જરૂર પકડમાં આવે, પણ હજુ એ ક્ષણ આવી નથી. પછી ચિરનિદ્રામાં પોઢવું જ છે ને, ઊંઘની ગોળીઓ ગળકીને...

"લો, આ ઊંઘની ગોળી."

"કોણ? ડૉક્ટર? આવી ગયા!"

"હા, અવિનાશ! લો આ ગોળી. છ કલાક ઊંઘ આવશે. ગેરન્ટી. પણ હા, વારંવાર આવી ગોળીઓ નહીં આપું. ન અપાય. ટેવ પડી જાય. તમારે ખુદ ઊંઘવાની આદત પાડવી પડશે."

"થેંક્યૂ, ડૉક્ટર!" તેઓ ગોળી અને ડૉક્ટર સામે જોઈ મર્માળું હસ્યા અને પછી ગોળીનું ગજું માપતા હોય એમ એકીટશે જોઈ વિચારવા લાગ્યા : આવડી ટચુકડી ગોળીમાં છ કલાકની ઊંઘ! વાહ રે ઊંઘ! તને પણ ગળવી પડે, છ છ કલાકની ગોળીઓમાં વાળીવાળી! ડૉક્ટર કહે છે, ગોળીથી છેટા રહેવું. ટેવ પડી જાય ટેવ! નિર્મળાને નસકોરાં ઢરડવાની અને ગૌરવને નખ કરડવાની ટેવ છે, એમ મને ઊંઘની ગોળીઓ લઈ જીવવાની ટેવ પડી જાય, એમ જ ને! કોઈ ટેવ સારી નહીં, ભાઈ! જીવવાની પણ નહીં.

તેઓ ગોળી ગળકી ઊંઘમાં ગરક થઈ ગયા. ગોળીએ તેમની આંગળી પકડી અજાયબ દુનિયામાં છ કલાકની સહેલ કરાવી. તેમણે આંખો ખોલી ત્યારે નિર્મળા થાળી પીરસી તેમની રાહ જોઈ રહી હતી.

"બે કોળિયા પેટમાં જાય તો સ્ફૂર્તિ આવે... આવો, જમી લો."

"ભૂખ નથી."

"કેમ નથી? ચાલો, બાળક ન બનો."

"ભૂખ લાગે છે જ ક્યાં!" કહેતા તેઓ કચવાતા મને ઊઠ્યા અને થાળી પાસે ગોઠવાયા.

"ભૂખ પણ લાગશે, ધીરેધીરે ઊઘડશે."

ભૂખ ઊઘડે? ભૂખને આહ્વાન આપતા, થાળીમાં પીરસેલા અર્ધ્ય જેવા આહાર સામે જોઈ તેઓ વિચારી રહ્યા. અચાનક દાળમાં માખી આવી પડી! લે! માખી પડી ને દાળમાં... ધુબાકો માર્યો! આપઘાત કરવા જ તો! ડૂબી રહી છે... જીવવા માટે ઝાવાં મારે છે. લે...ડૂબી ગઈ...શાંતિ... જાન છૂટી બિચારીની. એ જાય છે... એ જાય છે...એ...એ...ડૂબી રહ્યો છું. અરે! અરે! મને આંખે અંધારાં આવે છે. આ અતાગ ભમર મને તાણી જાય છે...પ્લીઝ હેલ્પ મી...આઈ એમ સિંકિંગ...

"અવિનાશ! હોશમાં આવો. શું માંડ્યું છે? દિવસે દિવસે તમારું વર્તન વિચિત્ર થતું જાય છે! નહીં તો સાવ આમ હોય! તમે ઊઠીને આમ!" નિર્મળાએ તેમને ઠીકઠાક કર્યા.

તેઓ સફાળા ઊઠી ફરી પલંગ પર જઈ ફસડાયા અને બબડવા લાગ્યા : "નિર્મળા! મને છાતીમાં ડચૂરો વળે છે."

અવિનાશની છાતી પર હાથ પસવારતા નિર્મળાએ આશ્વાસન આપતાં કહ્યું : "અવિનાશ! વિશ્વાસ રાખો. સઘળું સારું થઈને રહેશે. બસ, મારે તમારો સહકાર જોઈએ. તમે સંજોગો સાથે સમાધાન કરી લો અને બાકીનું બધું મારા પર છોડી દો."

સમાધાન! તેના દિમાગમાં ફરી વિચારોનો ચક્રવાત ઊઠ્યો. સંજોગો સાથે સમાધાન કે શરણાગતિ? કાંડાં કાપી આપો અને પછી રાજ કરો, એમ જ ને? મારાથી એ કેમ બને? શ્વાસની ભીખ માગીને જીવવાવાળા માંહેનો હું નથી. આમ રોજરોજ મરવું એના કરતાં એક ઘાએ શા માટે ન મરવું? ઊંઘની ગોળીઓ ખાઈને...

ઊંઘની ગોળીઓ... તેઓ સજાગ થયા. ટેબલના ખાનામાંથી કાગળ કે કવર જેવું કાંઈક લેતાં નિર્મળાની નજરે ચડે તો? વેરણછેરણ થઈ જાય સઘળું. મનોવાંછિત ક્ષણ આવી પહોંચે ત્યાં

સુધી કાંઈક ગોઠવણ કરવી પડશે એવું વિચારી તેઓ ઊંઘવાનો ઢોંગ કરતા રહ્યા. તેમને શાંત થયેલ જોઈ નિર્મળા રસોડામાં ગઈ એટલે તેઓ ઊઠ્યા. બારી પાસે જઈ ટેબલના ખાનાનું હેન્ડલ પકડી ખુરશી ઉપર બેઠા. ખાનું ખોલતાં તેમને ક્લિઓપેટ્રા યાદ આવી ગઈ.

મિસરની રાજકુંવરી અને રોમની સમ્રાજ્ઞી. કરંડિયો ખોલી કાળોતરા પાસે દંશ દેવડાવ્યો હતો! આપઘાતીઓની આદર્શ અમર થઈ ગઈ. હિટલર - રિવૉલ્વર, ક્લાઈડ લોઈડ-અસ્ત્રો... કોણ કહેશે કે તે બધાં ડરપોક હતાં? જીવ્યાં તો રાજવંશી અદાથી અને મર્યા તો પણ મર્દાનગીથી! ઇતિહાસ રચી ગયાં. અને કોઈ ડરપોક કહે તોપણ શું? આપ મુએ પીછે ડૂબ ગઈ દુનિયા!

દુનિયા! તેમની નજર દુનિયાના આખરી હાલચાલ જાણવા બારી બહાર ઊડી વિહંગાવલોકન કરવા લાગી. આખી દુનિયા લૂંટાતો ગરાસ બચાવવા ઘાંઘી બની હાંફળીફાંફળી દોડતી હતી. પેલો દાઢીવાળો ભિખારી રોંગ સાઈડમાં ચાલતો ચાલતો આ તરફ આવી રહ્યો હતો... આમ તો એ ભિખારીની વ્યાખ્યામાં બંધબેસતો નથી, કારણ કે રસ્તામાં મળે છે તોપણ ગરીબીનાં રોદણાં રડતો નથી, બલકે અંગત સ્માઈલ આપે છે. ક્યારેક બે-પાંચ રૂપિયા ભીખમાં લેવામાં પણ આનાકાની કરે છે. જ્યારે જ્યારે નજીકથી સરક્યો છે ત્યારે નજીકનો માણસ હોવાનો અહેસાસ કરાવતો આવ્યો છે. સંજોગોએ એને માર્યો હશે, નહીં તો આમ માર્યો-માર્યો શા માટે ફર્યા કરે બિચારો? નક્કી એની પાસે જીવવાનું કોઈ સબળ કારણ હશે...

ત્રીજા ઘરના ઓટલા પર તે બેઠો - બરાબર એ જગ્યાએ કે જ્યાં ગઈ કાલે લબાડ કૂતરાએ ઊલટી કરી હતી.

ઊલટી! તેમને અચાનક સ્ફુરણા થઈ આવી. ઊંઘની ગોળીઓ ગળ્યા બાદ ઊલટી થાય તો? કર્યું-કારવ્યું બધું ઊલટીમાં. કૂતરાની જેમ ફરી ચાટી પણ ન શકાય...છી! અને બૂકડો ભર્યા બાદ ગોળીઓ ગળામાં ઊતરવાની આનાકાની કરે તો? જીવતાં જીવડાં ગળતાં હોઈએ એવી વલે થાય. શો ઇલાજ? તેમણે ટેબલનું ખાનું બંધ કર્યું અને દિમાગને કામે લગાડ્યું. નિર્મળા ગેરહાજર હતી. હાશ! ગઈ હશે ક્યાંક. ગૌરવ પરત આવવાનો છે. કદાચ એને લેવા પણ ગઈ હોય. નિર્મળાને મારા વર્તન ઉપરથી શંકા નહીં જતી હોય કે હું કાંઈક કરી બેસીશ, આપઘાત-બાપઘાત? આમ મને એકલો છોડીને જાય છે તે! કોણ જાણે, એમ સાવ કાંઈ બોઘી નથી, પાકી છે. તોપણ આવું કોને સૂઝે?

તેમને કાંઈક સૂઝી આવ્યું. ઝડપથી દોડી ખાંડણીદસ્તો લીધાં. બારણું બંધ કર્યું. ઊંઘની ગોળીઓ ખાંડણીમાં ઠાલવી અને ખાંડવા લાગ્યા. થોડીવારે ઝીણો પાઉડર ચપટીમાં લીધો અને બબડ્યા : "મોત મુઠ્ઠીમાં હતું, હવે ચપટીમાં!" તેઓ મ્લાન હસ્યા. ઊભા થયા. ખાલી શીશી શોધી કાઢી અને પાઉડર તેમાં ભરી આંખો સામે ધરી બબડ્યા : "હવે મોતને કોઈ ઓળખી નહીં શકે. શું છે? કોઈ પૂછશે તો કહી દઈશ કે પેટ-બળતરાની ફાકી છે."

સાંજ ઢળી. હવે ગૌરવ આવવાની ઘડીઓ ગણાતી હતી. ઘડીઓના પગરવ કાને પડતા હતા. ગૌરવની આકૃતિ બે આંગળીથી વિજયની મુદ્રા કરી હસતી-હસતી નજીક સરકી રહી હતી. આવી કલ્પનામાત્રથી તેમની આંખોમાંથી આંસુઓનો ધોધ છૂટ્યો. નિર્મળાની ગેરહાજરીનો લાભ ઉઠાવી તેમણે ધ્રુસકાંઓને છેલ્લી વારનું રડી લેવા મોકળાં મૂક્યાં.

ડિંગ...ડોંગ...ઘરની ડોરબેલ વાગી. તેઓ ચોંક્યા. હાથમાં પકડેલી શીશી ખિસ્સામાં સરકાવી, ઝટપટ આંખો કોરી કરી, કૃત્રિમ હાસ્યનો મુખવટો પહેર્યો અને બારણું ખોલ્યું. જુએ છે તો નિર્મળા અને ગૌરવ. તેમના ગમગીન વદન પર સુખની હળવી લહેરખી ફરી વળી. સુષુપ્ત જિજીવિષા સળવળી. ખભે બેટ અને હાથમાં બૉલ રમાડતો ગૌરવ અંદર દાખલ થયો. ઘર આખું જાણે કે સ્ટેડિયમમાં ફેરવાઈ ગયું અને હર્ષની કિકિયારીઓથી ગુંજી ઊઠ્યું. અચાનક તેમને ભાન થયું : આઉટ થવાની ક્ષણ આવી પહોંચી છે. તેમણે ગૌરવના માથા પર હાથ ફેરવી વહાલ સીંચ્યું. ગૌરવ એના ડ્રેસિંગરૂમમાં ગયો, નિર્મળા રસોડામાં અને તેઓ પોતાના રૂમમાં દાખલ થયા. અંદર જઈ તેમણે બારણું બંધ કર્યું. આખી દુનિયા હવે ઓરડાનાં કદ અને આકારમાં સંકોચાઈ ગઈ હતી. આ ક્ષણને સાચવી લેવા તેમણે ગ્લાસ ભરી પાણી લીધું, ઊંઘની ગોળીઓનો પાઉડર તેમાં ઠાલવ્યો અને ગ્લાસ સામે અસમંજસભાવથી જોઈ રહ્યા. ગ્લાસનું ડહોળાયેલ પાણી તેમના ડહોળાયેલ ચિત્તનું પ્રતિબિંબ ઝીલતું હતું.

ડિંગ ડોંગ...ફરી ઘરની ડોરબેલ વાગી! બરાબર આ જ ક્ષણે કોણ ટપક્યું હશે? આ પ્રશ્ને તેમના ઇરાદા પર બ્રેક મારી. તેમના રૂમના બારણે ટકોરા પડ્યા. ઊંઘતા ઝડપાઈ ગયા એમ તેઓ ચમકી ગયા. પછી બીજી જ ક્ષણે સ્વસ્થતા પ્રાપ્ત કરી અને બારણું ખોલ્યું તો નિર્મળા સાથે પેલો ભિખારી ઊભો હતો! અવિનાશના આશ્ચર્યને ઘેરું બનાવતો હોય એમ એ મંદમંદ હસતો હતો.

"આ ભાઈ તમને મળવા માગે છે." નિર્મળાએ ઘટસ્ફોટ કર્યો.

"આવો..." કહેવાનો શિષ્ટાચાર ખરવા જેટલા હોશ અવિનાશમાં ક્યાં હતા? તેમણે બારણાં વચ્ચેથી ખસી માર્ગ કર્યો અને ખુરશી પર બેસી પેલા સામે વિસ્મયપૂર્વક જોયા કર્યું.

"સાહેબ! માફ કરજો!" તેણે હાથ જોડ્યા : "તમારા ઘરે મારા જેવા ભિખારીએ આમ પૂછ્યાગાછ્યા વિના ન આવવું જોઈએ, પણ શ્રદ્ધા મને તમારાં દ્વાર સુધી દોરી લાવી છે." પેલાએ ઊભાઊભા જ રજૂઆત કરી.

હજુ પણ અવિનાશ એને સાશ્ચર્ય જોઈ રહ્યા હતા.

"સાહેબ! હું કાંઈ માગવા નથી આવ્યો, પણ મારી અમાનત તમને સોંપવા આવ્યો છું." કહેતાં તેણે પહેરણ નીચે હાથ નાખી

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૪ ઉપર)**

# બાવળનું ફૂલ

વર્ષા અડાલજા

સુષમાએ રોષમાં બારણાને ધક્કો માર્યો અને ઘરમાં દાખલ થતાં જ તાળાને ખુરશીમાં ફેંક્યું. ધમધમ કરતી રસોડામાં ગઈ અને પાણીનો ગ્લાસ એક ઘૂંટડે પી ગઈ.

છતાં છાતીમાં બળતરા થતી રહી. બહાર આવી, પંખો ચાલુ કરી એ સોફામાં બેસી પડી. ઓફિસમાં ખીચોખીચ ભરેલા ઓરડામાંથી સનનન્ કરતાં તીરની જેમ એ સૂનકારથી છલોછલ ઘરમાં આવી પડી હતી. કેટકેટલીવાર બાને કહ્યું હતું કે તું સાંજે બહાર ન જા. ઓફિસેથી આવું ત્યાં ઘરને તાળું. ઓફિસમાં દિવસભરના ઊકાળેલા રગડા જેવી ચા પછી ઘરની સોડમદાર, હાથે ખાંડેલા મસાલાની મીઠી મધુર ચાના ઘૂંટ માટે એ તલસતી. સાથે સરસ નાસ્તો હોય. દિવસનો થાક ઓગળી જાય.

પણ કોણ જાણે જડ જેવી બા સમજતી જ નથી! સાંજે જ થેલી લઈ હાલી મળે. કોણ જાણે ચિત્રવિચિત્ર શાક ક્યાંથી ઉપાડી લાવે. ઘરમાં આવતાંવેત બેસી જશે એના લાલા પાસે. સાંજે દીવો કરી લઉં, પછી નિરાંતે રસોઈ કરું.

રસોઈ? વળી છાતીની બળતરા ભભૂકી ઊઠી. સુષમા ઓરડામાં ગઈ. વાસણો પછડાયાં, નાની તપેલી શોધી અને ચા મૂકી. હજી બપોરનાં ઊટકેલાં વાસણનો ઢગલો પડ્યો છે. કોણ ચડાવશે? મારો.. દાઝ તો એવી ચડી કે એક એક વાસણ ઊંચકીને ફેંકું. ઊંટકશે બજારેથી આવીને મારી બા. એક તો ઢસરડો કરો, ઘરનો બોજ ઉપાડો, આ બાઈને સાચવો અને ચાનો એક કપ નસીબ નહીં?

ચા ઊભરાઈ. દાંત કચકચાવી સાણસી પકડી અને ઊકળીને અડધી થઈ ગયેલી ચા ગાળી. આમતેમ જોયું. ટ્રે ન મળી. કપ લઈ એ બહાર આવી. ચા પીને એ સોફામાં જ લાંબી થઈને પડી. પંખામાં ટી.વી. પરનું ઢાંકેલું કવર ફરફરતું હતું. બાજુમાં જ ફોટાઓની લંગાર. દાદાજીનો પાઘડી પહેરેલો ફોટો. ફોટોફ્રેમના લાકડાનું પોલિશ ઊખડી ગયું છે અને બાજુમાં આગળ આછી ટાલવાળો બાપુજીનો ફોટો. નાની હતી ત્યારે જોયા હતા. હવે તો મનમાંય એમની છબી નથી. કાકીએ કહેલું શું રૂઆબ હતો એમનો! બે ઘોડાની ચકચકતી બગીમાં એ જતાં. ઘરની જ હતી. એમનું પોતાનું સરસ મકાન હતું. એક નહીં, ત્રણ ત્રણ. એક જ્ઞાતિને ભેટ આપેલું, બીજું હવેલી બનાવવા. પછી બધા નાના મોટા ફોટા. એક અમેરિકાવાળા ભાઈ ભાભીનો અને એમનાં રૂપાળાં ફેશનેબલ બાળકોનો. બે મોટી પરણેલી બહેનો અને એમના વેલા જેવા વસ્તારના ફોટાઓ...

દીવાલ આખી ભરાઈ ગઈ હતી. આટલા લોકો હતા અને તો યે પોતે ઘુવડની જેમ આ જૂના ભાડાના ઘરમાં પડી રહી હતી. બા નામની ઘંટીનું પડ પોતાના ગળામાં ભરાવી સૌ આ ઘરમાંથી જાણે દુમ દબાવી ભાગી છૂટ્યા હતા અને પોતાપોતાના સંસારમાં પરોવાઈ ગયા હતા. એક પોતે અને બા તૂટી પડેલી માળામાંથી સરકી પડેલા બે મણકાની જેમ ક્યાંય પરોવાયાં ન હતાં.

ભૂખ લાગી હતી અને હજી બા આવી નહોતી. ક્યાં અથડાતી હશે? ભલું હશે તો આજે ભાણામાં ખીચડી અને બટેટાનું રસાવાળું શાક. વિચારતાં ઊબકો આવી ગયો.

સુષમા ઊઠી. ખાંખાંખોળાં કર્યા. ખાખરાનો ડબ્બો હાથ લાગ્યો. ફરી બહાર આવી અને બેઠી. ડબ્બો ખોલી ખાખરા ખાવા લાગી. છી! સાવ બેસ્વાદ! તૈયાર લીધા હશે કે ઘરે કર્યા હશે? કોને ખબર! પોતાના ભાગ્યમાં જ આ બધું વધ્યું ઘટ્યું કેમ લખાયું હશે! બાપુજીની જાહોજલાલી હતી તો ગઈ ક્યાં? પોતેય બે ઘોડાની બગીમાં ફરત. સરસ ઘરમાં પરણત, છોકરાંઓ ગલુડિયાંની જેમ વળગી પડત.

પણ કરમમાં આ ઢસરડા અને આ બા. સાવ જરઠ. ના બોલે ના ચાલે. સુકાયેલા છોડિયા જેવું શરીર. ઊંચો નીચે સાડલો. ખેંચીને બાંધેલી અંબોડી. ચાલે ત્યારે ટાંટિયા ઘસડતી હોય એવું લાગે. નોકર પર કચકચ. આમ મૂક, તેમ મૂક. સુષમા સાડલો ફેંક નહીં. તારી પર્સ તો ઠેકાણે મૂક. આજે ખીચડી કરી છે, ચાલશેને?

બે વચ્ચે થતી વાતચીતનો આ સરવાળો. બસ. ખીચડી ખાધી. પછી થોડીવાર ટી.વી. જુએ ત્યાં તો બા માંડે નસકોરાં બોલાવવા. એ નહાઈ ગાઉન પહેરીને પથારીમાં પડે. શરીર પરથી સરકારી ફાઈલોની ગંધ. બણબણતી માખીઓ જેવા કર્મચારીઓની સતત વાતચીતના અવાજો, છતમાં લાંબી દાંડીએ ટીંગાયેલા ધીમે ફરતા પંખાઓમાંથી ખરતી ધૂળ ખાતી હવા, એ બધું જાણે શરીર પરથી ધોવું હોય એમ નહાયા વિના ચેન ન પડતું. સાફસૂથરી થઈ એ પથારીમાં પડે ત્યાં બા માળા કરતી સૂઈ ગઈ હોય. ક્યારેક તરત નિંદર આવી જતી. ક્યારેક ભીંત પરના ફોટાઓની સતત તાકતી નજર નીચે અકળાતી એ બેઠી થઈ જતી. મિસિસ અસરાનીની સાસુ સિત્તેર વર્ષેય કેવી રંગીલી હતી! કોઈક દિવસ લાલ લીલી સાડી પહેરી, અત્તર છાંટી એ વહુ માટે ગરમ ટિફિન આણતી. સુષમાને આગ્રહ કરીને જમાડતી.

સાસુ-વહુ ખીખી હસતાં, જમતાં. રાત્રે પત્તાં રમવા મિત્રોને ઑફિસના ટૅલિફોન પરથી દસ ફોન કરતાં.

સુષમા તુમ ભી કભી ઘર આઓની કહેતી. સાસુ ટિફિન લઈને જતી ત્યારે સુષમા કહેતી : અલી એય અસરાની, નસીબદાર છે. સાસુ ગરમ ટિફિન જમાડે છે. અહીં તો મા છે તો ય કોળિયો ભરાવતી નથી.

જમાડે છે ને! ખનાખન આપું છું દર મહિને. બીજા ત્રણ દીકરા છે, પણ રાખું છું હું જ ને! અસરાની કહેતી.

તે હુંય ક્યાં નથી રાખતી આને? સુષમાએ ખીજથી કોકડું વળીને સૂતેલી બા સામે જોયું. બધાં ભાઈબહેન છટકી ગયાં આ ઘરની કેદમાંથી ને પોતે રહી ગઈ. પુરાઈ ગઈ જેલમાં. જનમટીપ થઈ હોય એમ અહીંથી તો હવે જીવતેજીવ છૂટકારો નથી અને આ કારાવાસમાં આ બીજી બંદીવાન બા. બંને આ ઘરની એક જ કોટડીમાં પુરાયેલાં. ન અહીંથી છૂટકારો, ન એકમેકથી છૂટકારો, હાથ પરની છઠ્ઠી આંગળી જેવા! સામે ઊગેલી તો ય વેગળી, નક્કામી, બેહૂદી.

સુષમાએ ઊઠીને ટી.વી. ચાલુ કર્યું. ગમતી સિરિયલ હતી, પણ દિલ લાગ્યું નહીં. આજે પુષ્કર આવ્યો હતો. મિ. જોષીના ટેબલની સામેની ખુરશીમાં બેઠો હતો. પહેલાં ઓળખાયો નહીં. જાડો થઈ ગયો છે. પેટ ગોળા જેવું નીકળી આવ્યું છે. પણ ઘડીઘડી માથું ઓળવાની આદત...

'કેમ ઘડી ઘડી માથું ઓળો છો? હિન્દી ફિલ્મના હીરો છો કે!' ભાનુભાઈના ઘરે મેરેજ બ્યુરો થકી આ પહેલી મુલાકાત! એણે તો હસીને સંકોચ ટાળવા માત્ર મજાક કરી હતી. તમાકું ખાતાં, ગંદા દાંત દેખાડતાં એ ધડ દઈને બોલેલો : 'તે તું ય વળી ક્યાં હીરોઈન જેવી છે?'

પુષ્કરે એના ખભે હાથ મૂકેલો. એને ચીતરી ચડી ગઈ હતી. હાથ ખસેડી નાખતાં એ બોલી હતી : 'હું તમને માનથી બોલાવું છું, તમે પણ મને તું નહી કહો.' દસ મિનિટમાં તો એ ઊભી થઈ ભાનુભાઈના ઘરમાંથી બહાર નીકળી ગઈ હતી. પુષ્કર બોલ્યો હતો : "ભાનુભાઈ, મને આ પસંદ છે.'

'તું તારે રાહ જોયા કર.' કહીને એ દાદર ઊતરી ગયેલી. મોટીબહેન વીણાએ ઠપકો આપેલો : 'શું તું ય તે સુષમા! માંડ ગોઠવ્યું હતું.'

'એટલે? તારે મને પરણાવવાનો જશ ખાટવો છે એટલે સાવ આવા માણસને પરણી જાઉં?'

'સાવ આવો? શું ખોટો છે?' વીણા ભડકી હતી.

'તને ખબર છે, વીણા, એ મારી ઓફિસમાં તપાસ કરી ગયો છે કે મારી પોઝિશન શું છે, મને પગાર કેટલો મળે છે અને એની પર મને ઘર માટે લોન મળે કે નહીં. આવા માણસને હરગીઝ ન પરણું.'

'દરેકમાં વાંધાવચકા. તો પસંદગીના છોકરાના પ્રેમમાં પડવું હતું ને?'

'કોલેજટાઈમથી શોધતી આવી છું, પણ કોઈ શાકભાજીના ટોપલામાંથી વીણેલા શાક જેવા ભંગાર છોકરાઓને સગાં લઈ આવે છે. એવી વેઠ મારે ઉતારવી નથી.'

'સાંભળે છે ને, બા?'

વીણા ભડભડ સળગી ગયેલી : 'તારી દીકરીના મોંએથી ફૂલ ખરે છે તે સાંભળે છે ને?'

'એ બધું સાંભળે છે, સમજે છે, પણ મારા સારું હાથપગેય હલાવે તો બા શેની?'

બસ, પછી લગ્નની વાતનો વીંટો વળી ગયો.

આમતેમ અધકચરા પ્રયત્નો કોઈ કરતું, ક્યારેક એકાદ મુલાકાત, પછી બીજવર... વિધુર... નિર્દોષ છૂટાછેડાવાળો... બચ્યાખૂચ્યા એના જેવા રહી ગયેલા છોકરાઓ તો શું પુરુષોની વાત થતી. 'ઠેકાણે પડ, બાઈ.' કાકી-મામી કહેતાં. 'આ તારી બાના માથેથી બોજ ઊતરે.'

બોજ?

સુષમા ધૂંઆપૂંઆ થઈ જતી. એ કમાય છે, એ ઘર ચલાવે છે, એ બાને પોષે છે અને પોતે બોજ? ભાઈ તો બધું ખંખેરીને ભણતો હતો ત્યારે જ અમેરિકા ચાલ્યો ગયો હતો. ક્યારેક કોઈ ભેટ, થોડા ડોલર કે પછી વરસે દિવસે ફોન એવરીથીંગ ઓ.કે.! અને આ ઘર, આ દેશ અને આ કૌટુંબિક જવાબદારીમાંથી છટકી ગયો હતો. વીણા પડોશના છોકરા સાથે આર્યસમાજમાં લગ્ન કરી એના શબ્દોમાં ઠેકાણે પડી ગઈ હતી. વીણાથી નાની નયના છાપાની જાહેરખબર વાંચી વાંચીને મોટી ઉંમરના શ્રીમંત માણસને પરણી દિલ્હી ચાલી ગઈ હતી.

રહી ગઈ હતી એ અને આ કોકડું વળી ગયેલી બા. બીજાં સંતાનો પોતપોતાનો રસ્તો કરી ચાલતાં થઈ ગયાં હતાં. ત્યારે ય ન કોઈને એ વઢી હતી, ન કોઈ માટે કંઈ કરી શકી હતી. એ છટપટી ઊઠી. જાણે હમણાં જ ક્યાંક ભાગી જાઉં એવી

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

બેબાકળી બની ગઈ. જાણે દીવાલો પરથી ખરતા પોપડા, વળગણી પર સુકાઈને ટીંગાઈ રહેલાં કપડાં અને ધીમે ધીમે સ્થગિત થઈ ગયેલી જિંદગીના કોહવાટની વાસ આ બધું ભૂતપલીતની જેમ વળગી પડવાનું હોય એમ અહીંથી ભાગી છૂટવાની અદમ્ય ઈચ્છા થઈ આવી.

પોતાની નજર સામે જાણે આ કોકડું વળીને સૂતેલી બા બની ગઈ-ભેંકાર ઘરમાં, ગામની સીમમાં ઊગેલા બાવળના ઠૂંઠા જેવી! એ તરત પલંગ પરથી ઊતરી પડી અને રસોડામાં પાણી પીવા આવી. કાલે ઓફિસમાં કાગળ ફરતો હતો. ત્રણ દિવસની રજા આવતી હતી. કોઈએ ટ્રીપ ગોઠવી હતી. જે જોડાવા માગતા હોય એણે સહી કરીને ૪૦૦ રૂપિયા ભરવાના હતા. મિસિસ અસરાની, નંદુ, ગોમટે બધાંએ સહીઓ કરી હતી. સાવ સસ્તામાં વ્યવસ્થા થઈ હતી. સરકારી હોલી ડે હોમ્સ મફત મળ્યાં હતાં. આજે પૈસા ભરવાનો છેલ્લો દિવસ હતો.

પણ આ બાનું શું કરવું? પહેલાં પણ બે ત્રણ વખત વીણાને ત્યાં જઈને રહેવાનું કહ્યું હતું તો બા લગભગ કરગરીને રડી જ પડેલી : 'હું ઘરમાં એકલી જ રહીશ. તું તારે જા.' તે દિવસે પણ આજના દિવસ જેટલી જ ચીડ ચડેલી.

પાણી પીને પાછાં ફરતાં કશાક પર પગ પડ્યો. જોયું તો તુલસીમાળા! ઊંઘમાં બાના હાથમાંથી પથારી બહાર સરકી પડેલી. નીચે બેસી માળા લઈ આંખે અડાડી ઊભી થવા જાય ત્યાં જ બા પડખું ફરી અને એના ચોળાયેલા મેલ ખાયેલા સાડલામાં લોહીનું ધાબું દેખાયું.

સુષમા ચમકી ગઈ. લોહી? બાને વાગ્યું હતું કે શરીરમાંથી લોહી પડતું હતું? પોતાને તો કદી ખબર જ નહોતી! બાએ ક્યારેય કહ્યું જ નહોતું. એમ તો બાએ ક્યારે કદી ફરિયાદ કરી હતી! કે કંઈ માગ્યું હતું? પોતાને માટે કોઈ ચીજ કે કોઈ વસ્તુ કંઈ કરતાં કંઈ જ નહીં. સુષમા હાથમાં જે મૂકતી તેમાંથી એ ચૂપચાપ ઘર ચલાવતી. વીણા અને એના પતિએ બેચાર વાર પૂછેલું, તારો પગાર શું? તેં ખાસી બચત કરી હશે. તમે કહેવાઓ બે જણ, પણ બાનો ખર્ચો શું? કાંઈ નહીં. શરદીની દવા પણ નહીં ને! તો પછી આ લોહી? અને આ પગના અંગુઠે પાટો વીંટ્યો હતો. વાગ્યું હશે? પાક્યું હશે? દુઃખતું હશે? સુષમાને નવાઈ લાગી, એને કંઈ ખબર નહોતી બા વિશે? એને શું ગમતું હતું, ભાવતું હતું, પહેરવું હતું, ખાવું હતું - કંઈ જ નહીં. બસ, બા, એક પૂર્ણવિરામ!

બા ઘસઘસાટ ઊંઘતી હતી. થાકી ગઈ હશે? એ રોજ ઑફિસે જાય એ પછી બા શું કરતી હશે? સગાંઓ તો ખાસ કોઈ આવતાં નથી. સુષમા પથારીમાં પડી. એ ક્યાંય સુધી અંધારામાં જાગતી પડી રહી.

સવારે એ ઊઠી ત્યારે બેઝિન પાસે નેપકીન હતો. ટુથબ્રશ પડ્યાં હતાં. રોજની જેમ. બા રસોડામાં દૂધ ગરમ કરતી હતી. એ બ્રશ કરી રહી કે ચા લઈ બા બહારના ઓરડામાં મૂકી ગઈ. બાથરૂમમાં જઈ સુષમાનો ટુવાલ મૂક્યો. સુષમા ઊઠીને બા પાસે આવી. એણે પૂછ્યું : 'બા, તારી ચા ક્યાં?' બા કરચલીઓમાંથી ડોલતી આંખે તાકી રહી સુષમાને ટગર ટગર.

'શું જુએ છે? પૂછું છું તારી ચા ક્યાં? આપણે સાથે પીએ.'

'હું... મને... કામ બહુ પડ્યું છે.' બા રઘવાઈ થઈને બોલી.

'થશે. આખો દિવસ પડ્યો છે. બેસ.'

સુષમાએ ચા બનાવલી અને કપ લઈ બહાર આવી. શિક્ષા કરી હોય એમ બા હજી સંકોડાઈને ઊભી હતી. સુષમા બેઠી. બાનો હાથ પકડ્યો. બા ઊભડક જીવે બેઠી અને ફૂંક મારી ઉતાવળે ચા પીવા લાગી. સુષમાએ પૂછ્યું : 'બા, તને શેનું લોહી પડે છે?'

'મને લોહી... તને કોણે કહ્યું?' બા સાડલો સમેટી લેતાં બોલી.

'તું ગભરાય છે શું કામ, બા? હું તો તેને જાણવા ખાતર પૂછું છું. તો તારી દવા કરાવી શકાય.'

'દવા? મારી? ના રે, બેટા. મારા સારું શું કરવા માથાકૂટ? હું તો વૈદ્ય પાસે. જાઉં...' બા નીચું જોઈ ગઈ.

'તને શું થયું છે એ તો કહે. વૈદ્યબૈદ્યમાં ઑડનું ચૉડ થઈ ગયું તો!' પછી કડવાશથી બોલાઈ જવાયું, હંમેશની જેમ : 'પછી મને જ સૌ કહેશે ને કે તેં બાનું ધ્યાન ન રાખ્યું.'

સાડલાની ફાટેલી કોર ખેંચીને માથે ઓઢતાં એ ઓઝપાઈ ગઈ.

'ના, ના. એવું કોઈ શું કામ ક્યે તને? મારાં તે વળી શાં ધ્યાન રાખવાનાં હતાં હે! આ તો...મને હરસ છે ને તે...વળી હવે લોહી...ચાલે, મારા ભાઈ. વૈદ્યની દવા માફક આવે છે ને મને.' સુષમાએ બાનો ચહેરો ઊંચો કર્યો. ખેંચીને ઓળેલા વાળની વચ્ચેથી લમણાં પાસેની ચામડી સુક્કીભઠ હતી. દુઃખનાં હળ ફરી વળીને કરચલીઓના પડેલા ચાસવાળો ચહેરો. ઊંડા ગૉખમાં બે દીવા મૂક્યા હોય એવી આંખો. ઋજુ સ્વરે

Corporate Office :
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com ● www.hdfire.com

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

HD FIRE PROTECT PVT. LTD.
Protecting What Matters Most to You

સુષમા બોલી : 'તને બહુ તકલીફ થતી હશે નહીં બા?'

આછા નિશ્વાસ સાથે બા બોલી : 'સ્ત્રીદેહ છે. તકલીફ તો બહુ યે થાય જ, બહેન! શું કરીએ? આમેય માંદીસાજી થતી એ તારા બાપુજીને ગમતું નહીં એટલે મૂંગા રહેવામાં જ સાર. પાછું... એ ઘરમાં તો ઝાઝું હોય નહીં... ઈને ત્યાં જ...'

આટલું બોલતાં બોલતાં બા હાંફી ગઈ હોય એમ હાંફતાં હાંફતાં વળ ખાઈને એ ચૂપ થઈ ગઈ.

'ઘરમાં ન હોય ને ત્યાં...? કેમ ચૂપ થઈ ગઈ, બા?'

બા ગભરાઈ ગઈ હોય એમ આમતેમ આંખ ફેરવતાં બોલી : 'એટલે એમ કે... એમને કામ હોય આટલો મોટો વહેવાર. મિલકત...'

'બાપુજી કોને ત્યાં જતા?'

'એ તો... હું...'

બા નીચું જોઈ ગઈ. સુષમાએ ખભે હાથ મૂક્યો.

ચમકીને એણે ઊંચું જોયું. સુષમાએ ધીમે કહ્યું : 'હજીયે નહીં બોલે તું?'

બાના શરીરમાંથી કંપ પસાર થયો હોય એમ સુષમાનો હાથ જરા ધ્રૂજી ઊઠ્યો.

'તારા બાપુજી. બીજીને ત્યાં જ ઝાઝું રહે એટલે...'

'બીજી? એ કોણ?'

'રાખી' તી કોઈ બાઈ!' બોલતાં બોલતાં બાનો સ્વર ઠરડાઈ ગયો.

'અને તેં એમને કંઈ ન કહ્યું?'

'કહ્યું નહીં એમ કેમ બને? પણ પછી મારતા. ઘોડાગાડીનો ચાબુક કે..પછી ડામ!' ફાટી આંખે બાએ છાતી પર જોરથી હાથ ભીડી દીધો. સુષમાએ બાનો હાથ ખસેડ્યો અને શરીરને વળગેલા બ્લાઉઝનાં બટન ખોલ્યાં. ચીમળાઈને લટકી પડેલાં બે સ્તન પર કાળાં ચકામાં હતાં. જરઠ બાની આંખોમાંથી બે ટીપાં છાતી પર સરકી પડ્યાં. હવે ન કશું પૂછવાનું હતું ન સાંભળવાનું હતું.

સુષમાએ બાની છાતી પર સાડલો નાખી દીધો. હાથ પકડી બાને પલંગ પર બેસાડી.

'બા તું બેસ. હું રસોઈ કરું છું. ખીચડી ચાલશે ને?'

બા બેબાકળી ઊભી થવા ગઈ. સુષમાએ બાનો હાથ હાથમાં લીધો. સુકાયેલી ડાળખી પર બટકી રહેલાં પાંદડાં જેવી હથેળી. વિધાતાએ દોરેલી પાંદડાંની સૂકી નસ જેવી રેખાઓ. સુષમાએ વળી ગયેલી આંગળીઓ સીધી કરી હાથ ફેરવ્યો.

'બા, મારી પાસે રજાઓ બહુ પડી છે. આપણે હરદ્વાર જઈશું? મને ઘણા વખતથી હિમાલય જવાનું મન છે. તું આવશે ને? રોજ ગંગામાં નહાઈશું.'

'ખરેખર!' બાએ સુષમા સામે જોયું. ભીની પાંપણોના વહેણમાં આંખોના દીવા ઝગમગી ઊઠ્યા. ■

## ડિપ્રેશન

(અનુસંધાન : પાના નં.-૩૦ ઉપરથી ચાલુ)

કપડામાં વીંટાયેલ એક પોટલી બહાર કાઢી અને ટેબલ પર મૂકી.

"શું છે?" હવે અવિનાશ ભાનમાં આવ્યા અને પૂછ્યું.

"મારી મરણમૂડી છે, સાહેબ!"

"પણ તે મને શા માટે આપો છો?"

"તમે મને ભરોસો કરવા લાયક લાગ્યા, એટલે તમને સોંપું છું."

"પણ શા માટે?"

"સાહેબ! હું ભિખારી છું, પણ વખાનો માર્યો છું. શહેરની બહાર મફથિયાપરામાં મારી ઝૂંપડી છે. ત્યાં મારી પત્ની અને પોતરી સાથે દિન ગુજારું છું. મારી બેય કિડની ફેઈલ છે. મોત સામે બાથ ભીડી લડું છું, પણ હવે એવાં એંધાણ વર્તાય છે કે ઝાઝું નહીં ખેંચાય." એ ડૂમો ખાળવા અટક્યો અને પછી આગળ બોલ્યો : "સાહેબ! મારી પુત્રવધૂ મારી પોતરીને જનમ આપી ગુજરી ગઈ હતી અને પછી મારા દીકરાએ પણ હતાશામાં ઘેરાઈ આપઘાત કર્યો હતો."

"મારે મરવું હોત તો બે વાંભનું દોરડું તો મને પણ ભીખમાં મળી રહેત, પણ મારી પોતરી!" શબ્દો સાથે આંસુ વહાવી તે હૈયું ઠાલવતો રહ્યો. અવિનાશ એકાગ્રચિત્ત થઈ એને સાંભળી રહ્યા હતા. સહસા તેમની નજર ટેબલ પરના ગ્લાસ પર જઈ ઠરી. ગ્લાસનું ડહોળું પાણી ઓસરી રહ્યું હતું. તેમને એવો અહેસાસ થતો હતો કે એ ભિખારીનાં આંસુઓથી એના વિક્ષિપ્ત દિમાગના કલુષિત વિચારો ધોવાઈ રહ્યા છે.

"સાહેબ! મારો માંહ્યલો એમ કહે છે કે તમારી આવરદા લાંબી છે અને હું આજકાલનો મહેમાન છું. મારા ગયા પછી મારી આ અમાનતમાંથી મારી પોતરીનાં લગન કરાવી આપશો, સાહેબ?" આટલું કહેતાં એની આંખોમાંથી ધોધમાર ગરીબી વરસવા લાગી. પછી એણે પહેરણની ચાળથી આંસુ લૂછ્યાં અને ગ્લાસ તરફ આંગળી ચીંધી બોલ્યો : "સાહેબ! એક ગ્લાસ પાણી આપશો?"

અવિનાશે જોયું તો ગ્લાસમાં ઠલવાયેલ પાઉડર સાથે એમનો આપઘાત કરવાનો સંકલ્પ પણ ઓગળી પાણી-પાણી થઈ ગયો હતો! એમની ચિત્તભૂમિના મેદાનની પીચ પર ઊભો-ઊભો ગૌરવ 'નૉટઆઉટ' કહી માથું હલાવી મલકતો હતો. તેઓ પણ થોડું મલક્યા. પછી તે ભિખારી સામે જોઈ શતપ્રતિશત હસ્યા. હવે તે બથમાં લેવા જેવો નજીકનો માણસ લાગતો હતો!

તેઓ ઊભા થયા અને ટબલ પરનો ભરેલો ગ્લાસ ઉપાડી વૉશબેઝિન તરફ ગયા. ગ્લાસનું ડહોળું પ્રવાહી ઢોળી નાખ્યું. નવા પાણીથી ગ્લાસ સાફ કર્યો અને એમાં તાજું જળ ભરી તે ભિખારીને આપ્યો.

તે જીવનરસ ગટગટાવતો હોય એમ પી ગયો. ■

# ડૉ. મિલ્કી

નીતા જોશી

નાનકડા શહેરની એક મોટી સોસાયટીની પાછળ આવેલા સંજયનગરની ગલીમાં એ પગ મૂકતી એ સાથે છોકરાઓ ચૂપ થઈ ઘરમાં ભરાઈ જતા. થોડીવાર માટે શેરીમાં સન્નાટો છવાઈ જતો. બૈરાંઓ પામી જતાં કે એ આવી લાગે છે. દિવસ આખો કર્કશ અવાજ કાઢ્યા કરતી આ મોટી ઉંમરની સ્ત્રીઓ પણ આની સામે ચૂં કે ચા કરવા તૈયાર નહોતી. એનો સ્વભાવ પહેલેથી આવો હતો કે પછીથી થયો એની કોઈને ખબર નહોતી. પરંતુ એ જ્યારથી આ વસાહતમાં રહે છે ત્યારથી તો આવી જ છે. એ ખૂબ ટટ્ટાર ચાલતી એટલે છોકરાઓ એને વાંસડો કહેતા. આ ગલીમાં જે દસ-બાર ખોલીઓ હતી એમાં એક ખોલી એની હતી. એ નોકરી કરી બહારથી આવે, તાળું ખોલે, ઘરની અંદર ઘૂસે એટલે બારણું બંધ. પાછળથી એનાં ભાતભાતનાં નામ પડતાં. એમાંનું એક નામ હતું ખાસડું. એનાં કાન સુધી ન પહોંચે એમ લગભગ બધી બાઈઓ બોલતી ‘લો...ખાસડું આવ્યું.’ ‘હાશ! ખાસડું ગયું.’ એ જો કે આવાં નવાં નામથી અજાણ હતી, પરંતુ આવાં નામ કોઈ પાડી શકે એવી જ શકલ હતી. કપાળ ઊપસીને બહાર આવી ગયેલું, હોઠ તો માત્ર કહેવા પૂરતા પાતળી નાનકડી લીટી જેવા. એ પણ એનું લોહી મરી ગયું હોય એવાં કાળાશ પડતા. હડપચી ઊપસીને બહાર નીકળી આવેલી. શરીર લય વગરનું - સીધુંસટ્ટ. પુરુષો એને ખપાટિયું કહીને બોલાવતા, પણ સાવ અંદર... અંદર... કદાચ જો એ સાંભળી ગઈ તો મણ મણની વજનદાર ગાળો આપી શેરી ધમરોળી નાંખતી. છોકરાઓ એને ડ્રેગન કહેતા. છોકરાંઓને એ નહોતી ગમતી એમ એને પણ છોકરાંઓ નહોતા ગમતાં. એમાં પણ જો એ ભરબપોરે બે કલાકનાં વિરામમાં આવી હોય અને છોકરાંઓની ધમાલ સંભળાય એટલે પત્યું : ‘જાવ બધાં ઘરમાં ઘૂસો... શાંતિથી આરામ કરવા દો, માઓએ જણી જણીને છૂટાં જ મૂકી દીધાં છે. બીજાનો વિચાર કરવાનો જ નહીં?’

શેરીમાં એક એનાં નામ ઉપર કલાકોનાં કલાકો બૈરાંઓનાં તો શું મર્દોનાં પણ પસાર થઈ જતા : ‘છીનાળ ઘર માંડીને ઠરીઠામ પણ થતી નથી.’

શેરીમાં જો કોઈ જુવાન સ્ત્રી એની સાથે નરમાશથી વર્તે તો બધાં અંદર અંદર શંકા શરૂ કરી દેતાં કે નક્કી આનાં પેટમાં કાંઈક ગોટાળા લાગે છે! ઈન્દુ પણ ઈશારાથી અને કાંઈક હળવેથી થોડામાં ઘણું સમજાવી દેતી. આ ગલીમાં રહેવાનું એક કારણ એ પણ હતું કે અહીં એની એક ઓળખ હતી. અહીં એ રાત્રે દરવાજો ખૂલ્લો મૂકીને શાંતિથી ઊંઘી શકે એટલી સલામતી અનુભવતી. બાકી ડૉક્ટર એને એટલી તો મદદ કરી જ શકે, જેથી એ નાનકડા સુખ સુવિધાવાળા મકાનમાં રહી શકે. શહેરના મોટાભાગના લોકો એવું માનતા કે આ શહેરમાં બે મશીન રહે છે જેને કામ અને પૈસા સિવાય કશા સાથે મતલબ નથી. એક શરીરમાંથી બીજા શરીરને છૂટું કરી દેવામાં માહેર એવા ડૉ. મિલ્કી અને થોડામાં ઘણું સમજી જનાર એના હાથ નીચે કામ કરતી ઈન્દુ. બંનેને અરસપરસ પૂરતી ગરજ રહેતી. ઈન્દુ ન હોય તો ડૉક્ટરનું દવાખાનું ધૂળધાણી અને ડૉક્ટર સિવાય ઈન્દુનું બીજે ક્યાંય ટકવું મુશ્કેલ! વળી બંનેના સંબંધો ઉપર શહેરનો કાળો કૂતરોયે વહેમ કરતા અચકાય. ક્યાં સોહામણો અને પગમાં સોનાની મોજડી પહેરવાનાં સપનાં જોતો ડૉક્ટર મિલ્કી અને ક્યાં બદસૂરત ઈન્દુ!

ડૉક્ટરનું દવાખાનું ઈન્દુનાં ઘરથી પંદર મિનિટમાં અંતરે. અનેક ગલીઓ વીંધીને જવું પડે એવી વિચિત્ર જગ્યાએ હતું. બહારથી સાદું પાટિયું મારેલું નાનકડું લાગે, પણ અંદરથી ખૂબ મોટું હતું. અને આ દવાખાનામાં ભીડ ખાસી રહેતી. લોકો બધું જાણતા, પણ આંખ આડા કાન કરતા એટલું જ. દવાખાનાની પાછળ એક મોટો વાડો હતો, જ્યાં ભાતભાતનાં વૃક્ષો, છોડ અને નાનાં ફૂલ છોડ રંગ અને સુગંધથી પ્રસન્ન રહેતાં. ડૉક્ટર આ ફૂલો તોડવા બાબતે ખૂબ સંવેદનશીલ હતો. ફૂલો એની મેળે ખરી પડે તો વાંધો નહીં, પણ જો કોઈ એની એક પછી એક પાંખડી તોડે તો એની પાંસળીમાંથી સિસકારો નીકળી જતો. ઈન્દુને આ વાતની ખૂબ નવાઈ હતી કે કેવો વિચિત્ર છે આ માણસ! દિવસ આખો ગઠ્ઠાનાં ગઠ્ઠા ઠળિયાની જેમ ફેંકી દે છે અને ફૂલો તોડવામાં આંગળી મરડાવા જેટલી પીડા? એ બંને વચ્ચે શરૂઆતમાં ખૂબ માથાકૂટ થયેલી ઈન્દુ કહે : ‘સાહેબ, આપણે ફળાઉ ઝાડ રોપીએ. એવી તો રસદાર જમીન છે, જેમાં ફળોની લૂમો અને ઝૂમખાં ઊતરશે.’

ડૉક્ટરે આંખો બંધ કરીને જ કીધું : ‘નહીં એનાં ફળ નહીં ખાઈ શકાય.’ ઈન્દુ ચૂપ થઈ ગયેલી અને કહ્યું : ‘ભલે એક એક ભ્રૂણનાં એક એક ફૂલછોડ. બરાબર?’

સાંજે દવાખાનાને તાળું મારતા પહેલાં બંને ગણતરી કરી લેતાં કેટલા ઝાડ, કેટલા છોડ અને કેટલા સાવ નાનાં ફૂલછોડ. વાડો તો થોડાં દિવસોમાં જ ફૂલ્યો ફાલ્યો હતો. ડૉક્ટરે ઈન્દુને કહ્યું હતું : ‘લાગે છે, હવે મોટા બાગ માટે મોટી જમીન લેવી પડશે!’

ડૉક્ટરનો પોતાનો બંગલો પણ વિશાળ હતો. એ બે હાથે પૈસા ઉડાવી જિંદગી ભોગવી લેવા માંગતો હતો. એનું ચાલે તો એની મોંઘીદાટ કારનું સ્ટીયરીંગ પણ સોનાનું કરાવે એવો ધનવાન નબીરો બનવા માંગતો હતો. ઈન્દુને થતું, આટલી સાહ્યબી હોવા છતાં સાહેબ એકલા કેમ રહે છે? ઘરમાં કે બહાર ક્યાંય કોઈ સ્ત્રી કેમ દેખાતી નથી? ઈન્દુની આંખમાં આવા અનેક પ્રશ્ન ડોકાતા, પરંતુ ક્યારેય ખૂલીને પૂછવાની હિંમત કરતી નહીં. બંને માટે આ વ્યવસાય ધીરે ધીરે સહજ થઈ ગયેલો એટલે જ નવરાશની પળોમાં બંને ખડખડાટ હસી શકતા. ઈન્દુ ડૉક્ટર સિવાય લગભગ બધાં સાથે બરછટ વ્યવહાર કરતી. અહીં આવનાર મોટાભાગની સ્ત્રીઓ લાચાર અને દયનીય ચહેરા સાથે જ આવતી. ઈન્દુ એનો ફફડાટ પામીને વધુ જોહુકમીથી વર્તતી. મશ્કરી સાથે કપડાં ઉતારતી અને લાકડું ચીરે એમ બે પગને ચીરી સ્ટેન્ડમાં લટકાવી મનમાં બબડતી : 'સાલ્લી સાણસીઓ, શું કામ?'

લગભગ બધો ખેલ પંદરથી વીસ મિનિટ ચાલે. કણસાટ, થોડી ચીસો અને છેલ્લે હાશકારો. ડૉક્ટરનાં હાથ કૂણી ડાંડલી કાપે એમ બધું કાપે છે. ઈન્દુ બધું ઝીલીને ક્યારામાં ઠાલવે છે અને પેલી ઊતરી ગયેલા ચહેરાવાળી સ્ત્રી ચેતન આવતાં જ બબડે છે : 'હવે ફરી ક્યારેય નહીં આવું.'

ઓપરેશન થિયેટરમાં ત્રણ રોબોટ જેવા હોય છે : ડૉક્ટર, ઈન્દુ અને પેલી સાણસી જેવી સ્ત્રી.

ડૉ. મિલ્કી રંગીન તબિયતનો ખુશમિજાજ માણસ છે. એને પૈસા જેટલું સ્ત્રીઓનું આકર્ષણ નથી. નવરાશની પળોમાં ભાત ભાતનું સાંભળ્યા કરે અને નવાં જૂનાં ગીતો ગણગણ્યા કરે. એ ઓછી ભરાવદાર મૂછો રાખે છે. જમણા હાથની આંગળી અને અંગૂઠાથી જમણી બાજુની મૂછને વળ ચડાવ્યા કરે અને ખાવાનો ગજબનો શોખીન છે. એક એક લારીઓથી લઈ સારામાં સારા રેસ્ટોરન્ટથી વાકેફ રહેતો હોય છે. સાંજે ઇન્દુ બગીચામાં ખાતર નાંખી લે એટલે કહે : 'જા ઈન્દુ, આ લઈ આવ અને તે લઈ આવ!'

ઈન્દુ ક્યારેય ડૉક્ટરની સામે બેસીને ખાણીપીણી કરતી નહીં. પરંતુ આખા દિવસનો અહેવાલ વિસ્તારથી સંભળાવતી. કેટલાં વૃક્ષ, કેટલા છોડ અને કેટલા ફૂલછોડનો હિસાબ માંડતી. કયા વિસ્તારમાંથી વધુ કેસ આવ્યા અને કોને કેટલું ખાતર અને કોને કેટલું પાણી આ બધી વાતો પણ ખૂલીને કરતી.

'સાહેબ, આપણો બગીચો હવે ચિક્કાર થઈ ગયો છે, નહીં?'

'તો ઈન્દુ નવી જગ્યા લેવી પડશે, નહીં?'

'હું તો સાહેબ કહું જ છું, એક ફાર્મ હાઉસ બનાવો. પંદર જાતનાં આંબા, ચીકુ, પપૈયા, જાંબુ વાવી દો. જુઓ પછી... ફૂલોના રંગ આટલા જોરદાર છે તો ફળો તો કેટલા રસદાર હશે?'

'નહીં ઈન્દુ એ શક્ય નથી. મારે એનો રસ નથી પીવો. ફૂલો ભલે ખીલે અને જાતે જ ખરી પડે.'

ઈન્દુ મનમાં બબડી-આટલા દયાળુ છો તો ઑપરેશન થિયેટરમાં કેમ કળીઓ ચૂંટતા હોય એમ... એ જોરથી હોઠ ભીંસી દેતી. ઈન્દુને ક્યારેક પૂછવાનું મન થતું સાહેબ લગ્ન ક્યારે કરવાના છો? પરંતુ એનું સ્થાન યાદ કરી ચૂપ થઈ જતી. છાની છપની સાહેબની બધી હિલચાલ જોયા કરતી.

'આજે તો સાહેબ, તમે ડીઝલ બુલેટ લઈને આવ્યા છો?'

'હા, કાર સર્વિસમાં આપી છે.'

'તમને બુલેટનો જબરો શોખ છે નહીં?'

'આપણો સ્વીપર કહેતો હતો, 'સાયબ રવિવારે સાંજે ટેકરીવાળા રસ્તે બુલેટ લઈને જતા'તા.'

ઈન્દુએ ડૉક્ટરને નહોતું કહ્યું પણ એણે સ્વીપરને એ પૂછી લીધું હતું : 'સાહેબ એકલા જ હતા?'

સ્વીપરે પણ કહ્યું હતું : 'હા, એકલા જ હતા.'

ઈન્દુ વળી વાતનો દોર આગળ લંબાવતી.

'સાહેબ, આ બુલેટ તો બહુ જૂનું લાગે છે. બદલી કેમ નથી નાખતા?'

'ઈન્દુ હું બદલાઈશ પણ બુલેટ નહીં. કેમ ખબર છે? કારણ કે મારા પપ્પાનું છે.'

ઈન્દુ ચૂપ થઈ ગઈ. થોડીવાર શું બોલવું એની સમજ ન પડી. પહેલીવાર એણે ડૉક્ટરનાં મોંએથી કોઈ સ્વજનનું નામ સાંભળ્યું હતું. એ મટકું માર્યા વગર ડૉક્ટરને તાક્યા કરી હતી.

'ઈન્દુ આજે સાંજે છેલ્લો કેસ આવ્યો એ ફાઈલ જરા ચેક કર તો!'

'સાહેબ એનું કોકડું કંઈક ગૂંચવાયેલું લાગતું હતું.' બોલતી એ ઊભી થઈ અને ફાઈલ સાહેબના હાથમાં આપતાં બોલી : 'કનિશ્કા અકરમ.'

'હિન્દુ મુસલમાનનાં લોચાવાળું છે કાંઈક.'

'તમે એને બે દિવસ પછી આવવાનું કહ્યું છે ને?'

'હા.' કહી ડૉક્ટર થોડીવાર મૂંગા થઈ ગયા.

'છોકરો સાથે આવેલો?'

'હા, સાહેબ દાઢી હતી, માથે ટોપી પણ હતી. મને પાકી ખબર છે એ બંને બુલેટ ઉપર આવેલાં.'

'બુલેટ!' એણે પાણીનો એક ઘૂંટ પીધો, ગળું સરખું કરી વાત બદલાવતા ઈન્દુને કહ્યું : 'તું લગ્ન કેમ નથી કરતી?'

'ઈચ્છા નથી થતી.'

'કેમ? એકલી રહે છે એનાં કરતાં એક સે ભલા દો.'

ઈન્દુને થયું એ તો તમને પણ એટલું જ લાગુ પડે છે. પરંતુ એ બોલી નહીં.

'સાહેબ, નવી મા માટે તો હું વાંહડો છું. કહે કે આને ક્યાં વરાવશું? બાપને બહુ પરવા નથી. એકલી રહું છું. મજા પડે છે. તમારા દવાખાનામાં છું ત્યાં સુધી તો સબ સલામત. પણ સાહેબ, તમે તો સુખી અને દેખાવડા છો. મને ક્યારેક તમારા મમ્મી-પપ્પાનો ફોટો જોવાની ખૂબ ઈચ્છા થાય છે. તમે કોના જેવા લાગો છો - મમ્મી જેવા કે પપ્પા જેવા?'

ડૉક્ટરે ટેબલ ઉપરના પેપરવેઈટને રમાડ્યા કર્યો, પછી ધીમેથી ખાનામાંથી બે ફોટા કાઢ્યા. એક ડીઝલ બુલેટ પર ડૉક્ટરના નાનપણનો હતો, જેમાં પપ્પા સાથે મમ્મી જીન્સ ટીશર્ટ અને ખુલ્લા વાળમાં ઊભી છે અને બીજા ફોટામાં કાળા રંગની પેટ્રોલ બુલેટ ઉપર મમ્મી-પપ્પા સાથે એ અને સાથે નાનો ભાઈ હતો.

ઈન્દુ આ જો પહેલા ફોટામાં જે બુલેટ છે એ પપ્પાએ મારા પહેલા જન્મદિવસે લીધેલી અને આ બીજી છે એ પપ્પાએ મારાથી આઠ વર્ષ નાના ભાઈના પહેલા જન્મદિવસ ઉપર લીધેલી. પપ્પાને બુલેટ ચલાવવાનો ક્રેઝ હતો. અમારી એક પણ સાંજ એવી ન હતી જેમાં પપ્પાએ બુલેટ ઉપર બેસાડી ચક્કર ન મરાવ્યું હોય.

પછી...?

બધું વેરવિખેર. પપ્પા કેન્સરમાં ગયા.

ડૉક્ટરને થયું આ બધું ઈન્દુને કહેવાથી શું ફાયદો? પણ આજે બધું ખુલીને બહાર આવી ગયું હતું. ડૉક્ટર જાણે ઈન્દુ સાથે નહીં પણ જાત સાથે વાતો કરતા હોય એમ બોલતા ગયા. પપ્પાના ગયા પછી મમ્મી થોડા જ દિવસમાં અમ્મીજાન બની ગઈ. નાનો ભાઈ અદ્વૈતમાંથી અકરમ બની ગયો. આ બધું ત્યારે એની સમજની બહાર હતું કે આટલું મમ્મીએ ફટાફટ આ શું કરી નાખ્યું? મકાન વેંચાઈ ગયું. ચીજ વસ્તુઓ પણ વેચાઈ ગઈ. મમ્મીએ ખાલી બે બુલેટ વેચવા નહોતા દીધા. ફોઈના હાથમાં મને અને બુલેટને સોંપી નીકળી ગઈ. એણે પાછું ફરીને ક્યારેય જોયું નહીં કે હું ક્યાં છું? એ હોસ્ટેલની સાંકડી ઓરડીમાં લાચારી અને બેચેનીથી કેવી રીતે સમય પસાર કરતો રહ્યો એની મમ્મીને ક્યાં ખબર છે? પપ્પાને ગુમાવ્યા કરતા મમ્મીએ કરેલા વ્યવહારને એ માફ ન કરી શક્યો. એણે એ દિશા તરફ જોવાનું જ છોડી દીધું. એણે નક્કી કરી લીધું કે એ હવે પૈસાને પ્રેમ કરશે, માત્ર પૈસાને. પણ કોઈ સ્ત્રીને નહી. એટલે જ એ બધી તાકાત ભેગી કરી ભણ્યો અને અહીં સુધી પહોંચ્યો. એના મનમાં એક ખ્યાલ વધુ મજબૂત થતો ગયો કે આ પૃથ્વી ઉપર ન ઈચ્છેલા સંતાનોની જરૂર નથી, જે જન્મીને દુઃખ અને અભાવમાં મોટા થાય. એણે નક્કી કરી લીધું કે ભલે બધાં એને પાપ સમજે, પણ એના માટે તો આ પુણ્ય જ છે. પ્રેમના અભાવમાં કે લાચારીથી જીવતા માસૂમ ચહેરા એ સહી નહોતો શકતો. એણે એના ભાઈ વિશે જાણવાની ઈચ્છા પણ છોડી દીધેલી. પોતે તો ક્યારેય લગ્ન નહીં કરે એટલે કશું વેરવિખેર થવાની વેદના જ નહીં.

એણે રૂમાલથી ચહેરો સાફ કર્યો અને કપાળ ભાર દઈને લૂછ્યું.

'ચાલ ઈન્દુ આઈસ્ક્રીમ ખાઈએ.'

'ના, સાહેબ. મોડું થઈ જશે.'

'હું મૂકી જઈશ.'

'તારે જે ખાવો હોય એ અને મારા માટે રોસ્ટેડ આલમન્ડ લઈ આવ. મારા પપ્પાને એ ખૂબ પસંદ હતો.'

'સાહેબ, આ છેલ્લો કેસ જરા સંભાળીને હાથમાં લેજો. છોકરી પરણેલી લાગતી નથી.'

'સારું.'

બે દિવસ પસાર થઈ ગયા. ડૉક્ટરના ક્યારામાં વધુ કેટલાક ફૂલછોડ રોપાઈ ગયા. એ સાંજે ફરી બુલેટ આવ્યું. ડૉક્ટર મિલ્કી ત્યારે બહાર ઊભા હતા. એક નજરમાં બુલેટ માપી લીધું. નવા રંગરોગાન સિવાય બધું એ જ. એનાં મશીન બની ગયેલા હાથ ધ્રૂજ્યા. એ અંદર જઈ બે હથેળીમાં ચહેરો છુપાવી થોડીવાર બેસી રહ્યા. થોડીવાર પછી ઈન્દુને કહ્યું : 'એમને અંદર બોલાવ.'

યુવતી એકલી જ અંદર દાખલ થઈ.

એની આંખોમાં ભય હતો. એ દુપટ્ટાના છેડાને પકડીને બેઠી હતી.

'નામ શું?'

'કનિષ્કા.'

'સાહેબ, આ બાળક મારે નથી જોઈતું.'

'કેમ લગ્ન નથી થયાં?'

'ના'

'ધર્મ?'

'હા.'

યુવતીની આંખો ભરાઈ આવી હતી.

'ભૂલ થઈ ગઈ છે. બચાવી લો, મને બીક લાગે છે.'

'બંને ડરો છો?'

'હા.'

ડૉક્ટર મિલ્કી જાણે કશું સાંભળતાં જ નહોતાં. એને એનું ઘર, નાનપણ, નાનો ભાઈ, મમ્મી-પપ્પા બુલેટ...એના કાન કબલલાટથી ભરાઈ ગયા.

'કનિષ્કા...આ બાળક ભલે રહ્યું. ડૉક્ટર તરીકે સલાહ આપું છું કે બાળક તો પૃથ્વી ઉપરનું સ્વર્ગ છે.'

'ના, સાહેબ ભૂલ થઈ ગઈ. મને બચાવી લો.'

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૯ ઉપર)**

# સાચા અર્થમાં માતા-પિતા બનીએ : (૨)

સમાજ ચિંતન

ડો. મણિલાલ ગડા - મનોચિકિત્સક, ડો. દિપ્તી શાહ (ગડા) - મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક

ત્રીસેક વર્ષો પહેલા અહીં આપેલ 'માતાપિતાની પ્રાર્થના' વાંચવા મળી. લેખકનું નામ મળ્યું નહીં પરંતુ મનોચિકિત્સક તરીકે અનામી લેખકને નતમસ્તકે નમન કરીએ છીએ. આજની ૨૧મી સદીમાં પણ ''માતાપિતાની પ્રાર્થના'' એક માર્ગદર્શન આપે છે. બાળકે નહીં પરંતુ માતાપિતાએ બાળક માટે શું સમજવું જોઈએ તથા પોતાના (સ્વમાં) વલણમાં શું ફેરફારો કરવા જોઈએ એ બાબત ઊંડાણમાં, સાદી, સરળ ભાષામાં વર્ણવ્યું છે અને પ્રભુને પ્રાર્થના કરી છે કે માતાપિતામાં ફેરફારો કરવાની શક્તિ આપે.

દરેક માતાપિતા તથા વડીલોને નમ્ર વિનંતી છે કે એક એક ફકરો ધ્યાનપૂર્વક સમજીને વાંચો, વારંવાર વાંચો તથા અમલમાં લાવવાનો પ્રયત્ન કરો.

## માતા-પિતાની પ્રાર્થના

*હું પ્રાર્થના કરું છું કે હું મારા બાળકને એની પોતાની જિંદગી જીવવા દઉં. મે જીવવાની ઈચ્છા કરી હતી તેવી જિંદગી નહીં અને એટલે જે કરવામાં મને નિષ્ફળતા મળી હતી તે કરવાનો બોજ એના પર લાદવા સામે હે પ્રભુ! મને સાવધ રાખજે.*

*તેણે જે લાંબો માર્ગ કાપવાનો છે તેને ખ્યાલમાં રાખીને હું એનું આજનું ખોટું પગલું જોઈ શકું એ માટે મને સહાય કરજે પ્રભુ. અને એની ધીમી ગતિ માટે ધીરજ રાખવા જેટલી ઉદારતા મને આપજે.*

*એની ઉંમરના નાના નાના તોફાનો સામે ક્યારેક હસી લેવું અને તેને જેનો ભય લાગે છે ને જેના પર તે કાબૂ મેળવી શકતો નથી તેવા આવેગો સામે ક્યારેક સંરક્ષક દૃઢતાથી કામ લેવું તે જાણવા જેટલું ડહાપણ પ્રભુ, તું મને આપજે.*

*તેના ગુસ્સાભર્યા શબ્દોનો કોલાહલ ભેદીને કે તેના ગુમસુમ મૌનની ખાઈ ઓળંગીને તેના હૃદયની વ્યથા સાંભળવામાં મને સહાય કરજે. હે પરમાત્મા! મને એ ઔદાર્ય આપજે જેથી અમારા વચ્ચેની એ ખાઈ હું હૂંફભરી સમજદારી વડે પૂરી દઈ શકું.*

*હું પ્રાર્થના કરું છું કે મારો અવાજ ઊંચો થઈ જાય તો તેણે કંઈક કર્યું હોય તે માટેના ગુસ્સાને લીધે નહીં પણ તે જે છે તેના આનંદોલ્લાસને લીધે. જેથી રોજરોજ તે પોતાની જાતમાં શ્રદ્ધા સાથે મોટો થતો રહે.*

*મને સહાય કર કે હું એને એવી ઉષ્માથી મારા હૃદય સરસો ચાંપી શકું જેથી બીજાઓ પ્રત્યે તેનામાં મૈત્રીભાવ પ્રગટે અને પછી મને ધૈર્ય આપ કે તેના માર્ગ પર તે મજબૂતીથી જઈ શકે તે માટે તેને મુક્ત કરું.*

**– અનામી લેખક**

(મનોવિશ્લેષણ : બાળકના વિચારો, ભાવનાઓ, વર્તણૂકને (હકારાત્મક અને નકારાત્મક બંને) માતાપિતા ધીરજપૂર્વક હૂંફભરી સમજદારીથી સમજે અને મનથી સ્વીકારે. જરૂરત જેટલું જ માર્ગદર્શન આપે. બાળકને લીધેલા નિર્ણયો તથા કાર્યોની જવાબદારી લઈ પરિણામ સ્વીકારવાની મનથી તૈયારી કરે)

- **બાળકના વ્યક્તિત્વનું ઘડતર તથા વ્યક્તિત્વનો વિકાસ :**

બાળકના વ્યક્તિત્વના ઘડતર તથા વિકાસમાં માતાપિતા તથા વડીલોનો સિંહફાળો હોય છે. યોગ્ય ઘડતર તથા યોગ્ય વિકાસ માટે માતાપિતાના સ્વભાવ તથા વલણમાં નીચે વર્ણવેલા મુદ્દાઓને ધ્યાનમાં રાખી જરૂરી ફેરફારો વલણમાં તથા વર્તણૂકમાં લાવવા જરૂરી છે.

### ૧. બાળક માટે સમય ફાળવવો (Time) :

માતાપિતાએ પોતાના બાળક માટે સમય ફાળવવો જોઈએ. આજે મુંબઈ જેવા શહેરમાં ઘણાં માતાપિતા એવા છે કે પોતાના બાળક માટે સમય ફાળવતા નથી. માતાપિતા બંને વ્યવસાયિક કામ કરતા હોય ત્યારે સમય ફાળવવો કઠીન છે. ઘણા માતાપિતા પાસે સમય હોય છે પરંતુ બાળકો માટેના સમયની (Priority) માતાપિતાને સમજાતી નથી. બાળક પાસે સમય હોય એ પ્રમાણે માતાપિતાએ શક્ય એટલો સમય ફાળવવો જોઈએ. પોતાના બીજા કામોને આગળ પાછળ ગોઠવી બાળક જોડે સમય ગાળવો જોઈએ.

રાતનું જમવાનું કુટુંબના બધા સભ્યો સાથે લે. દરેક કુટુંબીજન પોતાના અન્ય કાર્યોનું આયોજન એવી રીતે કરે કે રાતનું ભોજન સૌ સાથે લે. એકબીજા જોડે એ વખતે સંવાદ (વાતચીત) અગત્યની છે. એ વખતે જમવા સિવાયની અન્ય પ્રવૃત્તિઓ ટાળવી જોઈએ. ટી.વી નહીં, ફોન પર વાતચીત નહીં. તાતપુરતો મોબાઈલ ફોન બંધ કરવો જોઈએ. આથી આપસમાં પ્રેમભાવના વધશે. બાળકને માતાપિતા તથા વડીલોની હૂંફ મળશે. પરસ્પરના સંબંધો હકારાત્મક થશે.

અઠવાડિયાની રજાના દિવસે ૨ થી ૪ કલાક સમય મળી શકે.

**૨. ગુણવત્તાભર્યો સમય (Quality Time) :**

ફાળવેલા સમયમાં શું કરવું એ એક મોટો પ્રશ્ન ઘણા માતાપિતા માટે બની જાય છે. બાળકની ઉંમર, એનો અભ્યાસ, બાળકના ગમા-અણગમાને ધ્યાનમાં લઈ આ સમયમાં બાળક જોડે સંવાદ કરો. વધારે અગત્યનું છે કે બાળકને સાંભળો. બાળકની વાતો રસથી, ધ્યાનથી એકચિત્તે સાંભળો. વચ્ચે વચ્ચે વધુ માહિતી મેળવવા યોગ્ય સવાલ પૂછો. આથી બાળકને થશે કે માતાપિતા ધ્યાનથી એની વાતો સાંભળે છે. આથી બાળકને માતાપિતા માટે હકારાત્મક લાગણી થશે. માતાપિતા તથા બાળક વચ્ચે લાગણીનો સેતુ બંધાશે. બાળકને નાનું માની એની વાતોને અવગણશો નહીં. "તને ખબર ન પડે, તું નાનો છે" કહી એને તરછોડશો નહીં, એનું અપમાન કરશો નહીં. એની સમજણ શક્તિ પ્રમાણે બાળક જોડે સંવાદ ચાલુ રાખો. બાળક સમજતું નથી એમ કહેવાને બદલે બાળકને સમજાવવાની ત્રેવડ, આવડત, પદ્ધતિમાં માતાપિતા તથા વડીલોએ સમજદારીપૂર્વકના પ્રયત્નો કરવા જોઈએ.

બાળકને સલાહ આપવાનું ટાળો. ઘણી બાબતમાં એનો અભિપ્રાય જાણવાની કોશિશ કરો. આથી બાળકમાં વિચાર કરવાની શક્તિનું સિંચન થશે અને એનો આત્મવિશ્વાસ વધશે.

**(૩) સલામતી (Security) :**

બાળકને પોતાના ઘરમાં સલામતી લાગવી જોઈએ. એને સલામતી મહેસૂસ થવી જોઈએ. બાળકને હંમેશાં અને સતત લાગવું જોઈએ કે તકલીફના સમયમાં મારા માતાપિતા કે વડીલો મને સાચવી લેશે, મને હૂંફ આપશે. મારી સમસ્યાઓનો યોગ્ય નિકાલ લાવી દેશે. ઘરમાં સલામતીભર્યું વાતાવરણ અને સલામતીની ભાવના બાળકના વ્યક્તિત્વના વિકાસ માટે પાયાની જરૂરિયાત છે. ઘરમાં સલામત બાળક દુનિયાનો તથા બહારથી આવનારી તકલીફોનો વ્યવસ્થિત રીતે સામનો કરી શકે છે.

તમારા બાળક અને પડોશીના બાળકનો ઝઘડો થાય છે. પડોશીના બાળકની મમ્મી તમારે ત્યાં આવીને તમારા બાળકની ફરિયાદ કરે છે. તમે શું કરશો? તમારા બાળકનું સાંભળ્યા વગર તમારા બાળકને ગુસ્સે થઈ ધમકાવશે? બધાની વચ્ચે તમારા બાળકનું અપમાન કરશો? એને ઉતારી પાડશો?

બાળઉછેરના દૃષ્ટિકોણથી પડોશીના બાળકની મમ્મીની ફરીયાદ શાંતિથી સાંભળી લો. તમારા બાળકને બાજુમાં એકાંતમાં લઈ જાઓ. આખા પ્રસંગ વિષે એનું મંતવ્ય સાંભળો. એની વાત શાંતિથી, સમજદારીપૂર્વક સાંભળો. એની વાત પર ભરોસો રાખો. તમારી જાતને એની જગા પર મૂકો અને વિચાર કરો કે તમે એ વખતે શું કર્યું હોત.

તમારા બાળકની વર્તણૂક યોગ્ય હોય તો એનો પક્ષ લઈ (જેમ પડોશીની મમ્મી એના બાળકનો પક્ષ લઈ તમારી જોડે ચર્ચા/ઝઘડો કરવા આવી) પડોશી બાળકની મમ્મી જોડે શાંતિથી, મક્કતાથી ચર્ચા કરો. તમારા બાળકની ભૂલ હોય તો તમારા બાળકને એકાંતમાં જ (બધાની હાજરીમાં નહીં) શાંતિથી ગુસ્સે થયા વગર એને સમજાવો. પડોશી બાળકની મમ્મીને કહો કે હું એની જોડે વાત કરી લઈશ.

આ વર્તણૂકથી બાળકને સમજાશે કે ભૂલ હોય ત્યારે માતાપિતા સમજાવે છે પરંતુ યોગ્ય વર્તણૂક હોય ત્યારે તેઓ એનો પક્ષ લે છે. આથી માતાપિતા-બાળક વચ્ચે હકારાત્મક ભાવનાઓને સેતુ મજબૂત થશે તથા બાળકમાં આત્મવિશ્વાસ વધશે. ■

---

## ડૉ. મિલ્કી

**(અનુસંધાન : પાના નં.-૩૭ ઉપરથી ચાલુ)**

'શું છે તારા પ્રેમીનું નામ?'

'અકરમ'

'અકરમ તને પ્રેમ કરે છે?'

'હા.'

'તું એને ચાહે છે?'

'હા, પણ... અત્યારે બંનેમાં એવી હિંમત નથી.'

'તું મારી સાથે લગ્ન કરે ખરી?'

'તમારી સાથે? કેવી વાત કરો છો, ડૉક્ટર?'

'હા, બાળક જન્મે પછી તું મુક્ત. અકરમને કહેજે તારા બાળકને ગળે લગાવવાની હિંમત ભેગી થાય પછી નિકાહ પઢજે. હું તને અલાયદી રહેવાની સુવિધા આપીશ. અકરમને કહેજે ડૉ. મિલ્કી કરાવી આપશે આપણા નિકાહ.'

કનિષ્કા તાક્યા કરી હતી ડૉ. મિલ્કીના ચહેરાને.

'ડૉક્ટર તમારા ચહેરામાં આજે અકરમનો ચહેરો કેમ ભળી જાય છે?'

'હા, ભળી જવું અને વિખેરાઈ જવું એ તો કુદરતનો સ્વભાવ છે. હું ઈચ્છું કે આ બાળક પૃથ્વી ઉપર જન્મે.'

'ઈન્દુ...'

'હા, સાહેબ બધું તૈયાર છે!'

'નહીં, ઈન્દુ આજે કશું નહીં. જા, આઈસ્ક્રીમ લઈ આવ. આજથી ડૉ. મિલ્કીનો ક્યારો બંધ.'

ઈન્દુનું ઊપસેલું કપાળ જાણે વધુ ઊપસીને બહાર આવી ગયું. એને કશું સમજાતું નહોતું પણ એ ખુશ હતી.

ઈન્દુના જીવનની પણ પહેલી સાંજ હતી જ્યારે એ ચોકલેટ લઈ પહેલીવાર શેરીમાં પ્રવેશી હતી. ■

(વડીલોની વાતો)

# સાંધ્ય વેળાએ

રશ્મિ શાહ

'ગુડ મોર્નિંગ મહેતાસાહેબ' અમલની શુભેચ્છા સહર્ષ સ્વીકરાંત નિખિલ મહેતાએ પ્રત્યુત્તર વાળ્યો.

'મોર્નિંગ... મોર્નિંગ શાહસાહેબ, શું વાત છે આજે આપણે બેઉ એક જ સમયે ઘરની બહાર આવી ગયા!'

અમલ શાહે હસલતાં હસતાં બંગલા નંબર-૭ તરફ આંગળી ચીંધતા જણાવ્યું.

'મહેતાસાહેબ, આપણે બે જ નહીં, સામે જુઓ દવેસાહેબ પણ બહાર આવી ગયા છે.'

'કહેવું પડે. ઘણા લાંબા સમય બાદ આજે ત્રણે મિત્રો એક સાથે મોર્નિંગ વૉક માટે ઘરની બહાર આવી ગયા. આજે સોસાયટીના નાકે આપણે કોઈની રાહ નહીં જોવી પડે.'

'સાચી વાત છે. આ બધી મોસમની અસર છે. છેલ્લા ત્રણેક દિવસથી ઠંડીની અસર સાવ ઓછી થવા લાગી છે. આમ પણ આપણામાં પ્રચલિત વાયકા છે ને કે મહાશિવરાત્રી આવે એટલે ઠંડી શિવ... શિવ... કરતી કૂવામાં પડી જાય. એવું જ થયું છે ને આ શિવરાત્રી ગઈ નથી અને ઠંડીની અસર સાવ ઓછી થઈ ગઈ.'

'શાહ સાહેબ એમાં તો એવું છે કે લોકવાયકા સાચી ઠેરવવા ઠંડીની અસર ભલે દિવસ દરમિયાન ઓછી થઈ હોય પણ હજી એનું અસ્તિત્વ જાળવવા વહેલી સવારે અને રાત્રે બિચારી કૂવાના કાંઠે બેસી રહે છે. જેવા સૂર્યદેવ પ્રકટ થાય છે કે કૂવામાં ભરાઈ જાય છે અને સૂર્યાસ્ત થતાં આપણને ડરાવવા પાછી આવી જાય છે.' ચાલતાં ચાલતાં જ વાતમાં જોડાતાં પ્રદ્યુમ્ન દવેએ હાજરી પુરાવી.

'કોઈ વાંધો નહીં દવે સાહેબ. જુઓ ઠંડીનો પ્રકોપ ઘટ્યો એ સાથે જ આપણે નિયમિત થઈ ગયા ને! થોડા દિવસ પછી મોર્નિંગ વૉક માટે આપણે પણ સમય વહેલો કરીશું.'

'શાહ સાહેબ, ઠંડીની અસર ઓછી લાગવા પાછળનું બીજું કારણ પણ છે. જુઓ આ લોકસભાની ચૂંટણી જાહેર થઈ અને વાતાવરણ દિવસે દિવસે ગરમ થવા લાગ્યું.'

'સાચી વાત છે. આ વખતની ચૂંટણી કદાચ સૌથી વધુ ગરમી પેદા કરનારી બને તો નવાઈ નહીં. ચૂંટણી પહેલાથી જ જે રીતે દરેક પક્ષો અને નેતાઓ એકબીજા પર આક્ષેપો - પ્રતિઆક્ષેપો કરવા સાથે જે ગંદી ભાષાનો ઉપયોગ કરે છે, એ જોતાં આ ચૂંટણી ખૂબ જ હિંસક બની શકે છે. બીજી વાત એવી છે કે આપણા દેશની એ કમનસીબી છે કે આપણે રાષ્ટ્રહિતની વાતો કરીએ છીએ પણ ધર્મ, જાતિ-પ્રજાતિ અને પ્રદેશવાદને સૌથી વધુ પ્રાધાન્ય આપીએ છીએ. ઘણાંબધાં રાજ્યોમાં પ્રાદેશિક પક્ષો પ્રભુત્વ ધરાવે છે. જ્યાં રાષ્ટ્રીય પક્ષોનું વર્ચસ્વ છે ત્યાં પણ જાતિવાદી સમીકરણોના આધારે ઉમેદવારોની પસંદગી થાય છે. અને એટલે જ આપણા દેશમાં હવે પછી ક્યારેય પૂરેપૂરા રાષ્ટ્રનું સમર્થન ધરાવતા કોઈ એક રાષ્ટ્રીય પક્ષની સરકાર બનવાની શક્યતા સાવ નહિવત્ છે. આદેશની લોકશાહી હવે અનેક પક્ષો - સંગઠનો સાથેની જોડાણવાળી લોકશાહી બની રહેવાની છે.'

વાતો કરતાં કરતાં ત્રણેય મિત્રો પોતપોતાની સમજ મુજબ આ દેશની લોકશાહીના ભાવિ અંગ બળાપો કાઢી રહ્યા હતા ત્યાં જ ડૉ. પથિક પટેલ અને કૃષ્ણસિંહ જાડેજા તેમની સાથે જોડાયા. જાડેજા વળી આજે અડધી બાંયની કેસરી રંગની જર્સી પહેરી આવેલા. એ જોઈ પ્રદ્યુમ્ન દવેએ ટકોર કરતાં કહ્યું, 'કાં બાપુ, તમે પણ ભા.જ.પા.માં જોડાઈ ગયા કે શું?'

બાપુએ પણ વળતો પ્રહાર કરતાં કહ્યું, 'કાં, ભા.જ.પા. તમારા બામણોનો ઈજારો છે?'

'અરે હોય બાપુ! અમારો તો હવે ક્યાંય ઈજારો નથી રહ્યો. પણ તમને એક વાતની ખબર છે બાપુ કે આજકાલ ગુજરાત ભા.જ.પા.માં પણ તમારા બાપુઓ કરતાં પટેલોનું વર્ચસ્વ વધારે છે.'

'ખબર છે ભાઈ ખબર છે.' બાપુએ ટૂંકો જવાબ આપ્યો.

બાપુને ખીજવવાના આશયથી ડૉ. પથિક પટેલે કહ્યું, 'દવેસાહેબ, તમને ખબર છે, બાપુઓનું વર્ચસ્વ કોંગ્રેસમાં વધુ છે. શંકરસિંહ વાઘેલા, શક્તિસિંહ ગોહિલ, ભરતસિંહ સોલંકી. જો કે એમના કારણે કોંગ્રેસની હાલત બહુ પાતળી થઈ રહી છે.'

'લ્યા ડૉક્ટર તમે વળી કાં આ બામણના રવાડે ચઢો છો. મારા વાલા આમ જ લડાઈ મારશે.'

નિખિલ મહેતાએ વાતને વાળવાના આશયથી અમલને સવાલ કર્યો, 'શાહ સાહેબ, તમારું ગણિત શું કહે છે? આ ચૂંટણીમાં કેજરીવાલ અને આપવાળા ભા.જ.પા. અને મોદીસાહેબને કેટલા પ્રમાણમાં નડશે?'

'જુઓ મહેતાસાહેબ, પહેલી વાત તો એ કે જ્યારે દિલ્હી વિધાનસભાનાં પરિણામો જાહેર થયાં અને ત્યારબાદ કેજરીવાલે મુખ્યમંત્રીના શપથ લીધા ત્યારે એમના પક્ષ તરફ સારી એવી હવા હતી. જો કે કેટલાક લોકોએ વાજબી ટીકા પણ કરેલી કે કોંગ્રેસ કે ભા.જ.પા.નો ટેકો નહીં લે એવી જાહેરાત છતાંય જે રીતે કોંગ્રેસના સમર્થનથી સરકાર બનાવી એ વાજબી નહોતું. છતાંય પક્ષને લોકો તરફથી સારો પ્રતિસાદ મળેલો. પરંતુ રાજકીય દીર્ઘદષ્ટિના અભાવે એમણે જે કેટલાંક ઉતાવળિયાં પગલાં લીધાં જેમ કે રેલભવન ખાતે મુખ્યમંત્રી હોવા છતાંય ધરણાં કર્યાં, લોકોને તકલીફમાં મૂક્યા, જનસભાના તાયફા કર્યા અને એમાં જે પ્રકારે અવ્યવસ્થા સર્જાઈ, એમના જ પ્રધાન મંડળના સભ્યો સોમનાથ ભારતી અને રાખી બિરલાએ જે જાહેર વર્તન કર્યું અને અકારણ જ ટીકા-ટીપ્પણી કરી. કેજરીવાલે પોતે શરૂઆતમાં મુખ્યપ્રધાન તરીકે બે બંગલા સ્વીકાર્યા અને ટીકાઓ થતાં પરત કર્યા. વીજબીલ અંગે જે પ્રકારના અસંવિધાનિક નિર્ણયો જાહેર કર્યા અને છેલ્લે જે પ્રકારે ઓગણપચાસ દિવસના કુશાસન બાદ પીછેહઠ કરી એ બધું જોતાં સામાન્ય જનતાનો વિશ્વાસ એમણે ગુમાવ્યો છે. ખાસ કરીને લોકસભા ચૂંટણી જાહેર થતાં ઉમેદવારોની પસંદગીથી લઈ, પક્ષના અદના કાર્યકરોની અવગણના અને એકહથ્થુ નિર્ણયોના કારણે એ માણસ અપરિપક્વ હોવાની છાપ વધારે પડે છે. છતાંય એક વાત ચોક્કસ છે કે અન્ય પક્ષો પણ જે રીતે ભ્રષ્ટ અને ખરડાયેલા લોકોને ટિકીટો આપી આવકારે છે એ જોતાં આ 'આપ'વાળા ચૂંટણી પરિણામોનું ગણિત ખોરવી શકે છે. એ લોકો કેટલી બેઠકો પર ચૂંટાશે એ કરતાં કયા પક્ષની કેટલી બેઠકો બગાડશે એ મહત્ત્વનું છે.'

'તમારી વાત સો ટકા સાચી છે શાહસાહેબ. છતાંય જોઈએ આગળ શું થાય છે.' ડૉક્ટર સાહેબે પોતાનો અભિપ્રાય જાહેર કર્યો. વાત આગળ ચાલે એ પહેલાં પ્રદ્યુમ્ન દવેએ ટકોર કરી.

'મિત્રો, આજે આ રાજકારણની ચર્ચાને કારણે આપણે આપણો નિયમ તોડ્યો છે. સામાન્ય રીતે પહેલા રાઉન્ડમાં આપણે સૌ મૌન રાખી ઝડપથી ચાલીએ છીએ અને વળતી વખતે ચર્ચાઓ કરીએ છીએ.'

'ભાઈ દવે, રાજકારણ વિષય જ એવો છે કે બધું ભૂલાઈ જાય છે. અને આમ પણ આપણને, વડીલોને આ દેશની કેટલી ચિંતા છે?' ડૉક્ટર પટેલે સહેજ ટીખળ કરી. એ સાથે સૌ ઝડપથી ચાલવા લાગ્યા. એક તરફ પહોંચ્યા પછી, વળતી વખતે પણ સૌ મૌન રહ્યા. થોડું અંતર કાપ્યા બાદ ડૉક્ટર પટેલે મૌન તોડતાં અમલ શાહ સાથે વાત શરૂ કરી.

'શાહ સાહેબ, તમારું એક અંગત કામ પડ્યું છે.'

'બોલોને, ડૉક્ટર સાહેબ.'

'એવું છે કે તમે જે વૃદ્ધાશ્રમમાં સેવા આપવા જાવ છો એમાં એક નિઃસંતાન વિધવા બેનને દાખલ કરાવવાં છે. પ્રશ્ન એવો છે કે એમની પાસે કોઈ સ્થાયી આવક નથી. તો શું તમારી સંસ્થા કોઈ ચાર્જ લીધા સિવાય એમને રાખી શકશે?'

અમલ શાહે સીધો અને સરળ જવાબ આપ્યો, 'ડૉક્ટરસાહેબ, અમારી સંસ્થાનો સામાન્ય નિયમ એવો છે કે જરૂરિયાતમંદ અને આર્થિક મુશ્કેલીવાળી અમુક વ્યક્તિઓ સુધી વિના મૂલ્યે રાખી શકાય. પણ એ માટે ટ્રસ્ટી મંડળ યોગ્ય વિચારણા કરી નિર્ણય લે છે. તમે એક કામ કરો. એ બેન પાસે અરજી કરાવો. એમની આર્થિક મુશ્કેલી સ્પષ્ટ રીતે જણાવો. મારાથી શક્ય એટલી મદદ કરીશ.'

'શાહ સાહેબ, એ અરજી પણ તમારે જ કરવી પડશે. આઈ મીન તૈયાર કરાવવી પડશે. કેમ કે હું તો દવાના પ્રિસ્ક્રિપ્શન લખી શકું. અરજી લખતાં બહુ ફાવે નહીં. વળી અમારા ગરબડિયા અક્ષર દવાવાળા ઉકેલી શકે, કોઈ સંસ્થાના ટ્રસ્ટી નહીં.'

ડૉક્ટર પટેલે મજાક કરતાં જવાબ આપ્યો. અમલ શાહે પણ હસતાં હસતાં કહ્યું.

'ભલે ડૉક્ટર સાહેબ, એક કામ કરજો. તમારી અનુકૂળતાએ એ બેનને લઈને મારા ઘેર આવજો. હું એમની પાસે અરજી તૈયાર કરાવીશ. એક કામ કરજો બપોરે ત્રણેક વાગે આવજો. જેથી સાથે ચા પીતાં પીતાં કામ થઈ જશે.'

'ઓ.કે. થેન્ક્સ શાહ સાહેબ.'

'ઇટ્સ ઑલરાઈટ.'

એકાએક નિખિલ મહેતાએ જૂની વાત યાદ કરાવતાં અમલને પ્રશ્ન કર્યો, 'શાહ સાહેબ, તમે એકાદ માસ પહેલાં એક આવો જ વિધવા બેનનો કિસ્સો સંભળાવેલો. જેમને બંને દીકરાઓએ આશરો આપવાનો ઈન્કાર કરી કાઢી મૂકેલા અને તમારી સંસ્થામાં આવેલ. એમને પણ આવકનો પ્રશ્ન હતો.'

'યસ... યસ... તમે જેની વાત કરો છો એ બેનનું નામ અનુરાધા. એ કિસ્સો તો મજાનો બની ગયો. બીજા દિવસે ટ્રસ્ટીઓને જાણ કરી. એમણે એક દિવસ અનુરાધાબેનને બોલાવ્યાં. એમને સમજાવ્યાં કે સંસ્થાને તેઓનો કોઈ ચાર્જ વસૂલ્યા સિવાય રાખવાનો વાંધો નથી. પરંતુ દીકરાઓ એમની ફરજ અને જવાબદારીમાંથી છટકી જાય એ સમાજ માટે સારી વાત નથી. વળી કાયદાકીય જોગવાઈઓ અનુસાર ઘરડાં મા-બાપની જવાબદારી નિભાવવાની એમની ફરજ છે. એટલે અનુરાધાબેને બંને દીકરાઓ સામે ભરણપોષણ માટે દાવો કરવો જોઈએ. અને સંસ્થા એ બાબતે એમને પૂરેપૂરી મદદ કરશે.

ટ્રસ્ટીઓની વાતે બેન થોડા નિરાશ થયાં. પોતાના જ દીકરાઓ સામે કાર્યવાહી કરવા એ તૈયારો નહોતાં. મનથી થોડાં વિચલિત થયાં. જ્યારે ટ્રસ્ટીઓએ ખૂબ સમજાવવાની કોશિશ કરી ત્યારે એક તબક્કે તો રડતાં-રડતાં બેને જણાવ્યું કે એ પોતાનાં જ સંતાનો સામે કાર્યવાહી કેમ કરી શકે? છોરું કછોરું ભલે થાય, માવતર કમાવતર કેમ થાય? ટ્રસ્ટીઓએ પણ એ સમયે તો બેનને

એટલું જ કહ્યું કે સંસ્થા એમને આશરો આપશે પણ શાંત ચિત્તે એ વિચારે કે એક ધર્માદા સંસ્થાના આશરે રહેવું હિતાવહ છે કે પોતાના અધિકાર માટે સંઘર્ષ કરી સમાજમાં દાખલો બેસાડવો છે જેથી કરીને ઘરડાં મા-બાપને તગેડી મૂકતાં સંતાનોને સબક શીખવા મળે.

થોડા દિવસોની ગડમથલ બાદ અનુરાધાબેન સંતાનો સામે કાર્યવાહી કરવા તૈયાર થયાં. સંસ્થાની મદદથી કાર્યવાહી શરૂ કરાઈ. એ સાથે જ પોલીસ મારફતે કોર્ટનું સમન્સ મળતાં બંને દીકરાઓ ગભરાઈ ગયા. કોર્ટે બંનેને વૃદ્ધાશ્રમમાં ભરવાના રૂપિયા બે હજાર તથા દવાદારૂ તથા અન્ય ખર્ચા મળી દર માસે ત્રણ હજાર આપવાનો હુકમ કર્યો. હજી તો બે માસના પૈસા ભરતાં ભરતાં તો બંને દીકરાઓની અક્કલ ઠેકાણે આવી ગઈ છે. બંને જણે વારાફરતી છ છ માસ માટે માને પોતાના ઘેર રાખવાની અને સારી રીતે રાખવાની અરજી કોર્ટમાં આપી દીધી છે. કેમ કે બેઉ જણ સમજે છે કે સાથે રાખવાથી આર્થિક બોજો ઓછો પડશે. કેમકે કુટુંબના અન્ય સભ્યો સાથે માજીને રાખવાથી બોજ બહુ નહીં પડે. વળી સમાજમાં થતી અકારણ ટીકાઓથી પણ બચી શકાશે. કદાચ થોડા દિવસોમાં મા-દીકરાઓનું સુખેદુઃખે પુનઃમિલન થશે.'

શાહ સાહેબની વાત સાંભળી પ્રદ્યુમ્ન દવેએ કહ્યું, 'મને લાગે છે કે આપણા સમાજમાં વૃદ્ધો પ્રત્યેનું આવું ઓરમાયું વર્તન કે સંતાનોની સાવ બેજવાબદાર વર્તણૂકનું મુખ્ય કારણ આર્થિક સ્થિતિ હોઈ શકે. એક સામાન્ય આવકવાળા માણસને બાળકોના અભ્યાસ, કુટુંબનું ભરણપોષણ એ બધા માટે જ્યારે આર્થિક પરિસ્થિતિમાં અભાવનો સામનો કરવો પડતો હોય ત્યારે માનસિક રીતે એમ થયા કરે કે કામ વગરના આ વૃદ્ધો પાછળ દવાદારૂ સહિતનો ખર્ચો કેમ પરવડે? જોકે એ લોકો આર્થિક અભાવની પરિસ્થિતિમાં એ ભૂલી જાય છે કે એવી જ કે એથીય બદતર પરિસ્થિતિમાં મા-બાપે એમને ઉછેર્યા છે. એ લોકો એ પણ ભૂલી જાય છે કે તેઓ જેમ પોતાનાં સંતાનો પ્રત્યે વહાલથી ફરજ બજાવે છે એવી ફરજ મા-બાપ પ્રત્યે પણ છે. આઇ એમ સૉરી ટુ સે કે આ બધા પ્રશ્નોનું મૂળ આર્થિક છે. ઇટ્સ સિમ્પલી ઇકોનૉમિક ક્રાઇસિસ વિચ મેક્સ પીપલ સો ક્રૂઅલ ટુ ધેર પેરન્ટ્સ. શું કહો છો શાહસાહેબ?'

જવાબ શાહ સાહેબના બદલે નિખિલ મહેતાએ આપ્યો, 'અંશતઃ તમારી વાત સાચી છે પણ પૂરેપૂરી સાચી નથી. કેમકે મારા જ એક સંબંધીનો કિસ્સો મારી નજર સમક્ષ છે. જેમાં દીકરાઓ લખપતિ હોવા છતાં એક વૃદ્ધા માને એની વિધવા દીકરી સાથે રહેવું પડે છે.'

પછી તરત જ અમલ તરફ ફરતાં જણાવ્યું, 'શાહસાહેબ, આ કિસ્સો સમજવા જેવો છે. એ વૃદ્ધ માનું નામ પ્રેમલતા છે. ઉંમર હશે આશરે પંચ્યાસી વર્ષ. એમની દીકરીનું નામ છે સુવર્ણા. હાલ બેઉ મા-દીકરી વિધવા છે. દીકરીની ઉંમર પણ હશે આશરે ત્રેંસઠ-ચોંસઠ વર્ષ. સુવર્ણાને પણ એક દીકરી જ છે. અને એ પરિણીત છે. શહેરમાં જ રહે છે. દીકરી-જમાઈ વ્યવસાયી હોવા છતાંય બેઉ વડીલોનું શક્ય એટલું ધ્યાન રાખે છે. વિશેષ વાત એ છે કે આર્થિક રીતે બેઉ સ્ત્રીઓ સધ્ધર છે. આર્થિક પ્રશ્નો નથી. એનું સબળ કારણ છે કૌટુંબિક સ્થિરતા.

વાત એમ છે કે પ્રેમલતાનાં લગ્ન થયાં ત્યારે જ એનો પતિ શહેરમાં એક આલીશાન સાડીઓના શૉ-રૂમનો માલિક હતો. શૉ-રૂમ શહેરમાં અગ્રગણ્ય હતો અને આવક પણ સારી હતી. પ્રેમલતાની કૂખે પહેલી દીકરી જન્મી. એ જ આ સુવર્ણા. સુવર્ણા ત્રણેક વર્ષની થઈ અને પ્રેમલતાએ બે ટ્વિન્સ-જોડકાં પુત્રોને જન્મ આપ્યો. એકનું નામ જય અને બીજાનું નામ વિજય રાખ્યું. છોકરાઓ મોટા થતા ગયા. પ્રેમલતા પણ એ જમાનામાં આધુનિક સ્ત્રી ગણાતી. બાળકોને શાળાએ રવાના કરી એ પણ શૉ-રૂમ પર જતી અને પતિને વ્યવસાયમાં મદદ કરતી. સ્વભાવે પ્રેમલતાબેન થોડાં ઉગ્ર ખરાં. એમની વાત ન માનનાર સાથે સારા સંબંધ જાળવી ન શકે. પરિણામે કુટુંબમાં અન્ય સભ્યો સાથે બહુ મેળ ન રાખે. જોકે લગ્નના થોડા જ સમયમાં જ એમના પતિએ અલગ બંગલો બનાવેલ. જેથી પૂરેપૂરી સ્વતંત્રતાથી જીવતા.

ઉંમરયાલક થતાં, મોટી દીકરી સુવર્ણાનાં લગ્ન થયાં. એના ત્રણેક વર્ષમાં જ પ્રેમલતાના પતિનું અવસાન થયું. ત્યારે એમના બેઉ દીકરા હજી ભણતા હતા. બંને દીકરા જય - વિજય એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતા હતા. જીવનમાં કપરી પળોએ પણ નાસીપાસ થવાના બદલે પ્રેમલતાએ પતિનો વ્યવસાય સંભાળી લીધો. અભ્યાસ પૂરો કર્યા બાદ બંને દીકરાઓએ કૌટુંબિક વ્યવસાયના સ્થાને પોતાની અલગ ફૅક્ટરી બનાવી અને કેમિકલનો વ્યવસાય શરૂ કર્યો. પ્રેમલતાએ બંનેને એમના સ્વતંત્ર વ્યવસાય માટે આર્થિક મદદ કરી પ્રોત્સાહન આપ્યું. દસેક વર્ષમાં તો બે ભાઈઓએ ધંધામાં એટલી પ્રગતિ કરી કે શહેરના પોશ વિસ્તારમાં બેઉના અલગ લક્ઝુરિઅસ ફ્લેટ લઈ લીધા. આમ પણ લગ્ન પછી બેઉ દીકરાઓની પત્નીઓ અને પ્રેમલતા વચ્ચેના સંબંધોમાં આત્મીયતાથી વિશેષ ઔપચારિકતા હતી. જોકે પ્રેમલતાને દીકરાઓ તરફ સાચે જ ખૂબ પ્રેમ હતો. દીકરાઓ તો ઠીક એમના સંતાનો માટે પણ ખૂબ વહાલ હતું.

દીકરાઓ અલગ થયા. પ્રેમલતાબેનની ઉંમર પણ સિત્તેરની આસરાસ થઈ. ત્યાં સુધીમાં શારીરિક રીતે બી.પી., ડાયાબિટીસ જેવા રોગોએ એમને માનસિક રીતે થોડાં નબળાં બનાવ્યાં. આખરે બાળકોની સંમતિ સાથે સાડીઓનો શૉ-રૂમ બંધ કર્યો. એમના વિશાળ બંગલામાં એકલવાયુ જીવન જીવવા લાગ્યાં. ક્યારેક બે-ચાર દિવસ માટે દીકરાઓ કે દીકરીને ત્યાં જતાં. પણ સ્વતંત્ર મિજાજ ધરાવતાં હોઈ ખાસ કોઈને ત્યાં રહેતાં નહીં.

બન્યું એવું કે પ્રેમલતાની માફક જ એમની દીકરી સુવર્ણા પણ પચાસની ઉંમર થતાં વિધવા બની. એની એકની એક

દીકરીના પણ લગ્ન થઈ ગયેલાં. એટલે દીકરી પણ એકલી થઈ ગઈ. એકાદ માસ દીકરીને સથવારો અને સાંત્વન આપવાના ઉદ્દેશથી સાથે રહી, જ્યારે પ્રેમલતાએ પોતાના ઘેર પરત જવા નક્કી કર્યું, ત્યારે સુવર્ણાએ રડતાં રડતાં માને પોતાની સાથે જ રહેવા આગ્રહ કર્યો. પરંતુ પ્રેમલતાએ દીકરીને સમજાવી કે પોતે દીકરીને ઘેર આવતી-જતી રહેશે અને એની સંભાળ પણ રાખશે. વળી જ્યારે પણ ઇચ્છે ત્યારે એ પોતે પણ આવી શકશે.

થોડાં વરસો એમ વીત્યાં. પણ વધતી ઉંમરને લઈ પ્રેમલતા શારીરિક રીતે અનેક રોગ-વ્યાધિથી પીડાવા લાગ્યાં. ત્યારે એમણે ત્રણે સંતાનોને ભેગા કર્યાં અને જાહેર કર્યું કે વધતી ઉંમર અને શારીરિક અશક્તિને લઈ એ ત્રણે સંતાનો સાથે થોડો થોડો સમય વિતાવશે. એની વાત સાંભળી જય-વિજયે એકબીજાની સામે જોયું. સુવર્ણાએ આનંદિત થઈ પ્રેમલતાને, પોતે એકલી હોઈ કાયમ એની સાથે રહેવા નિમંત્રણ પાઠવ્યું. બેનની વાતને ટેકો આપતાં જયે જણાવ્યું કે એ અને વિજય બંનેની પત્નીઓ પણ વ્યવસાયમાં તેઓની સાથે સંકળાયેલી છે અને એકાઉન્ટ્સ તથા માર્કેટિંગ સંભાળતી હોઈ આખો દિવસ વ્યસ્ત રહે છે જ્યારે સુવર્ણા કોઈ કામકાજ નહીં કરતી હોવાથી એની સાથે રહેવાથી પ્રેમલતાને સથવારો રહેશે. વળી દિવસ દરમિયાન એકલતા નહીં સાલે અને કોઈ તકલીફ હશે તો તુરંત મદદ મળી રહેશે. પ્રેમલતાએ જયની વાત સાંભળી થોડી નિરાશા સાથે બંને દીકરાઓ તરફ નારાજગીભરી દૃષ્ટિએ જોયું. મનોમન એને થયું કે બંને દીકરાઓની એને સાથે રાખવાની ઇચ્છા નથી. નાનપણથી જ બંને દીકરાઓને પૂરેપૂરી સ્વતંત્રતા આપી છે. વળી લગ્ન બાદ થોડા સમયમાં જ બંને અલગ રહેતા થયા છે એટલે કદાચ માની કાયમી હાજરીથી એમની સ્વતંત્ર જિંદગીમાં કોઈ પ્રકારે રોકટોક થાય એ અસ્વીકાર્ય લાગતું હશે. જોકે એ પણ સમજતી હતી કે વહુઓ કરતાં દીકરી એને સારી રીતે રાખશે. એટલે એણે તુરંત તો દીકરી સાથે રહેવાની વાત સ્વીકારી. પરંતુ બંને દીકરાઓને કહી રાખ્યું કે એની મરજી પડશે અને જીવનમાં થોડો ચેન્જ જોઈતો હશે તો એ એમના ઘેર આવીને રહેશે. એટલે એ લોકો પણ જવાબદારીમાંથી છટકવાની કોશિશ ના કરે. ત્યારે તો બેઉ દીકરાઓએ મૌન ધારણ કરી લીધું.

એમ ને એમ વરસો પસાર થતાં રહ્યાં. આજથી ચારેક વર્ષ પહેલાં પ્રેમલતાબેનની શારીરિક તકલીફો વધી ગઈ. કિડનીમાં તકલીફ ઊભી થઈ. પરિણામે પગ, મોં સહિત શરીરના ભાગોમાં સોજા આવવા લાગ્યા. વારંવારની દાક્તરી તપાસ, અનેક દવાઓ, ચાલવા સહિત અનેક તકલીફો. એક દીકરી તરીકે સુવર્ણા તથા એની દીકરી અને જમાઈએ શક્ય એટલી સેવાઓ કરી. ઉંમર અને એકલતા તથા વંશીય બીમારીઓને કારણે સુવર્ણાને પણ બી.પી., ડાયાબિટીસની તકલીફો શરૂ થઈ. છતાંય દિવસ દરમિયાન બાર કલાકની બાઈ રાખી પ્રેમલતાબેનની સારવારમાં કોઈ કચાશ રાખી નહીં. આવી પરિસ્થિતિમાં પણ વ્યવસાયિક વ્યસ્તતાને બહાને બંને દીકરાઓ અને એમની વહુઓ ઔપચારિકતા નિભાવવા આવીને માની ખબર કાઢી જતાં. પરંતુ ક્યારેય માને પોતાના ઘેર લઈ જવા જેટલું સૌજન્ય પણ નહોતા દાખવતાં. એમાંય પરિસ્થિતિની પરાકાષ્ટા તો ત્યારે આવી જ્યારે સુવર્ણાના દિયરે જે અમેરિકા સ્થાયી થયેલાં, તેમના ઘેર લગ્નપ્રસંગ આવ્યો. સુવર્ણાનાં દીકરી-જમાઈ પ્રસંગમાં હાજરી આપવા તથા ફરવા જવાના આશયથી અમેરિકા જવાના હતાં. એમની ઇચ્છા ખરી કે પિતાના અવસાન બાદ મમ્મી ક્યાંય ગઈ નથી તો એ બહાને એને પણ સાથે લઈ જવી. પ્રેમલતાબેને પણ દીકરીને આગ્રહ કર્યો કે દીકરી-જમાઈની કંપની છે તો એ પણ જઈ આવે. એ રીતે પ્રસંગમાં હાજરી આપવા સાથે અમેરિકા જોવાઈ જશે. પ્રેમલતાબેનને પણ મનોમન હતું કે દીકરી પરદેશ જશે એટલે દીકરાઓએ એમને રાખવી તો પડશે.

બધું નક્કી થઈ ગયું. અમેરિકાના વિસા પણ મળી ગયા. ટિકીટો બુક થઈ ગઈ. આ બધું જાણવા છતાંય દીકરાઓએ અકળ મૌન ધારણ કર્યું. ફ્લાઇટ ઊપડવાના એક અઠવાડિયા અગાઉ બંને દીકરાઓ અને વહુઓ સુવર્ણાના ઘેર આવ્યા. સુવર્ણાને અને પ્રેમલતાબેનને જણાવ્યું કે એમનાં બાળકોની પરીક્ષા પૂરી થતી હોઈ એ લોકો પણ એકવીસ દિવસ માટે યુરોપ ફરવા જઈ રહ્યા છે. માટે પ્રેમલતાબેન માટે ચોવીસ કલાકની બાઈ રાખી લે જેથી એમને દેખરેખ સારી રીતે થઈ શકે. દીકરાઓની વાત સાંભળી પ્રેમલતાબેન ખૂબ વ્યથિત થયાં. એમણે ગુસ્સે થઈ દીકરા-વહુઓને કડવા વેણ કહ્યાં. પણ એની કોઈ અસર ના થઈ. તમે કોઈ માનશો નહીં પણ પંચ્યાસી વર્ષની બીમાર માની દીકરાઓએ દરકાર કરી નહીં. સુવર્ણ કચવાતા મને અને માના આગ્રહથી અમેરિકા ગઈ તો ખરી. ત્રણ માસના બદલે બે માસે પાછી ફરી. દરમિયાન ચોવીસ કલાકની બાઈના આશરે માને છોડવી પડી.

ટૂંકમાં મારો કહેવાનો મતલબ એટલો જ છે કે આર્થિક અભાવોના કારણે જ સંતાનો મા-બાપને વૃદ્ધાશ્રમમાં મોકલે છે કે એકલા છોડી દે છે એવું નથી. વ્યક્તિમાં રહેલી સ્વાર્થવૃત્તિ અને પત્નીઓના દબાણને કારણે કે પછી લાગણીના અભાવે પણ વડીલોની ઘોર ઉપેક્ષા થતી રહે છે.

નિખિલ મહેતાની વાત પૂરી થઈ. ડૉક્ટર પટેલ, અમલ શાહ સહિત સૌ એક વાત સાથે સંમત થયા કે માત્ર આર્થિક પરિબળો ઉપરાંત અનેક કારણો વૃદ્ધોની અવદશા માટે જવાબદાર છે.

મોર્નિંગ વૉક પૂરી થઈ. છૂટાં પડતાં અમલ શાહે જણાવ્યું કે બીજા દિવસે એ સૌને બે એવા કિસ્સા સંભળાવશે જેનાથી સમજવું અને વિચારવું પડશે કે એકાએક નષ્ટપ્રાય થઈ રહેલી સંયુક્ત કુટુંબની પ્રથા ઉપરાંત કૌટુંબિક સંસ્કારો પરિસ્થિતિ માટે કેટલેક અંશે જવાબદાર ગણી શકાય.

અને પાંચેય મિત્રો, સાશ્ચર્ય છૂટા પડ્યા. ■

# કુરિવાજોને કાઢવા પડશે!

ભીમજી નાકરાણી

મેં થોડા સમય પહેલાં ગાંધીજીનો એક લેખ વાંચેલો. જેમાં તેમના સમયમાં લગ્નના કુરિવાયોની વાત હતી. આજે પણ આ લેખ એટલો જ પ્રસ્તુત છે. મતલબ કે ૧૦૦ વર્ષથી કુરિવાજો સામે લડાઈ ચાલતી રહી છે. છતાં સમાજ સુધારાવાદી વલણ અપનાવી શકતો નથી. અને આની પાછળનું મુખ્ય કારણ છે દેખાદેખી, દેખાડાવૃત્તિ, અમીરી બતાવવાની વૃત્તિ અને જડતા!

કોઈ ધાર્મિક, સાંપ્રદાયિક નેતાઓ, રાજકીય આગેવાનો, સામાજિક આગેવાનો, રામકથા, શિવકથા, ભાગવત કથા કરનારા કથાકારો પણ ક્યારેય આ કુરિવાજોરૂપી ખપ્પરમાં હોમાવાનું બંધ કરવાની વાત કરતા સાંભળ્યા નથી. કારણકે કુરિવાજ અંધશ્રદ્ધાનો જ એક ભાગ ગણવો. સમાજ જેમ જેમ આર્થિક સદ્ધર થતો જાય છે તેમ તેમ કુરિવાજોનો ઉમેરો થતો જાય છે અને શિક્ષણ, અભ્યાસ, ડિગ્રીધારીઓ વધે છે પણ કેળવણીની વૈચારિક ભૂમિકાના અભાવે શિક્ષિત લોકો જાણવા છતાં વાતો કરે છે. પરંતુ કુરિવાજોને છોડી શકતા નથી, જે સૌને ખબર છે. અને અંતે 'લાંબા વાંહે ટૂંકો જાય, મરે નહીં પણ માંદો થાય'નો ઘાટ જોવા મળે છે. આજ સુધીમાં ક્યાંય કુરિવાજ નાબૂદી અભિયાન થયાનું યાદ નથી. સમાજ વિવિધ અભિયાનો ચલાવે છે. જો કે સમૂહલગ્ન, કુરિવાજ ત્યજવા માટેનો હિસ્સો છે પરંતુ સફળતા મળી નથી.

આપણે ઘણાં ક્ષેત્રે ક્રાંતિ સર્જી છે. મારા બીજા લેખમાં સપ્તક્રાંતિની વાત મેં કરી છે. પરંતુ આ કુરિવાજોની નાબૂદીની ક્રાંતિનો સમાવેશ થતો નથી. આ ક્રાંતિ કરવાની હજુ બાકી છે. રૂઢિચુસ્તતા, કુરિવાજ, ખોટી પ્રથાઓ બંધ કરવાની પહેલ કોણ કરશે એ પ્રશ્ન છે. પહેલ કરનારાઓ છે ખરા પણ પ્રારંભ કરે છે, વળી પાછા મૂળ ટ્રેકમાં આવી જ જાય છે.

વર્ષો પહેલાં સમાજ અશિક્ષિત હતો. વેરવેખિર અને આર્થિક રીતે પછાત હતો. તેમને જાગ્રત કરનાર કોઈ માધ્યમો ન હતા, જાણકારો ન હતા, સમાજશાસ્ત્રીઓ ન હતા. આને કારણે જે કોઈ રૂઢ માન્યતાઓ હતી તેમાં સુધારો થતો ન હતો. સમાજમાં સમજણ આવી, સમય ઘટતો જોયો, ચાર દિવસ રોકાતી જાન એક ટંક રોકાવા ઉપર આવી ગઈ. આ સુધારો થવા પાછળનું કારણ 'નવરાશ' ઘટવાનું જ હોઈ શકે. બીજું કોઈ દેખાતું નથી. સમયની માંગ મુજબ થોડા ઘણાં ફેરફારો થયા. વળી પાછા હતા ત્યાં ને ત્યાં આવી રહ્યા છીએ. સુધારાઓને બદલે વધારાઓ થઈ રહ્યા છે. રૂઢિગત માન્યતાઓને, કુરિવાજોને સજ્જડપણે છોડી શકનારાની સંખ્યા અડધો ટકો પણ દેખાતી નથી. આ આપણી કઠણાઈ ગણવી. આખા સમાજમાંથી કુરિવાજોનો ત્યાગ કરી દાખલો બેસાડનારા ૨૫થી ૩૦ ટકા વ્યક્તિઓ આગળ આવે તો ધીમે ધીમે સૌને સત્ય સમજાય. પણ આ પ્રારંભ કોણ કરે?

સમાજમાં જન્મથી માંડી મરણ સુધી અનેક સારા-માઠા પ્રસંગોએ આપણે કુરિવાજોને પ્રોત્સાહન આપતાં રહીએ છીએ. સૌપ્રથમ બાળકના જન્મને છઠ્ઠે દિવસે ઘરની સ્ત્રીઓ ભેગી થતી અને છઠ્ઠી થતી. સુખી સંપન્ન લોકોએ આ દિવસે પણ સૌને નિમંત્રણ આપી દેખાડો શરૂ કરી દીધો છે. બાળકના જન્મ પહેલાં 'સીમંત' વિધિ થાય છે.

પહેલાં ઘર-ઘરની બે પાંચ બહેનો સામે પક્ષે જઈ સીમંત કરી દીકરીને તેડી લાવતા. આજના સમયે સીમંતમાં ૫૦૦થી ૧૦૦૦ માણસોનો જમણવાર થાય છે અને બહેનોના આ પ્રસંગમાં ભાઈઓ પણ આવે અને પછી લેતી-દેતીનો રિવાજ પણ ચાલુ થયો છે. જૂની પરંપરા સારી હતી, સમય અને પૈસા બચતા અને સરળતા રહેતી હતી. હવે તો 'લાડવા' લઈને જવામાં પણ સો બસ્સો વ્યક્તિને લઈ જવાનો કુરિવાજ ચાલુ થયો છે. આને રોકી શકાય તેમ છે.

દીકરા - દીકરીને વેવિશાળ પ્રસંગે ૨૫થી ૩૦ વ્યક્તિ જતા. જેનાથી જે બની શકે તે મુજબ કપડા અને ઘરેણાં લઈ જવાનો સામાન્ય રિવાજ આજે તો મહાકાય કુરિવાજમાં પરિણમ્યો છે. ૫૦૦થી ૭૦૦ વ્યક્તિનું જમણવાર, લગ્ન જેવો જ ભપકો, સ્ટેજ ઉપર યુવક-યુવતીને મળીને હાથમાં કવર આપવાનો કુરિવાજ ખટકે છે. દેખાડો એટલો મોટો કે ઘટવાનું નામ લેતો નથી. આ પ્રસંગ તો બે ઘર વચ્ચેના પ્રિયજનોનો છે. લેતી-દેતી બંધ થવી જોઈએ અને સંખ્યા પણ મર્યાદિત કરી શકાય. સમાજે વિચારવું પડશે. કોઈક તો પહેલ કરો!

સમય, શક્તિ, દિવસો, સંપત્તિનો સૌથી વધુ વ્યય, બગાડ 'લગ્ન' પ્રસંગમાં થાય છે. જે પ્રસંગ સવારથી સાંજ સુધીમાં સાદાઈથી, ઘરઘરના સ્નેહીજનો વચ્ચે થઈ શકે તેને હવે મૂડીવાદીઓ અને તેનું જોઇને સામાન્ય વર્ગ પણ રૂા. ૧૦૦/- થી લઈને રૂા. ૧૦૦૦/- સુધીના લગ્ન કાર્ડ, ગીત, ગરબા, લગ્ન, વરઘોડો, રોડ ઉપર નાચગાન, ફટાકડા, જમણવાર, રિસેપ્શન, ફૂલેકુ, મહેંદી રસમ — બધાં મળીને ૩થી માંડીને પાંચ દિવસ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૦ ઉપર)**

# વૃદ્ધાવસ્થાની કઠણાઇ

હિમા યાજ્ઞિક

આદ્યકવિ નરસિંહ મહેતાએ જ કહ્યું છે –

*'ઘડપણ કોણે મોકલ્યું, જાણ્યું જોબન રહે સૌ કાળ;*
*ઉમરા તો ડુંગરા થયા રે, પાદર થયા પરદેશ;*
*ગોળી તો ગંગા થઈ રે, અંગે ઊજળા થયા છે કેશ.*
*નહોતું જોઈતું ને શીદ આવિયું રે, નહોતી જોઈ તારી વાટ.'*

તેમના જેવા ભક્ત કવિ અને તત્ત્વચિંતક ખુદ જ્યારે આવું કહે ત્યારે થાય કે વૃદ્ધાવસ્થામાં કઠણાઈ છે તે વાતમાં જરૂર કોઈ વજૂદ છે.

સમય મોટો શિલ્પી છે. એનું કોતરકામ આપણામાં સતત ચાલતું જ રહે છે. સાક્ષીભાવે જોયા કરવા સિવાય આપણે બીજું કરી શકીએ પણ શું? કાળની લીલા અદ્‌ભુત છે. સતત પરિવર્તન, રૂપાંતર આપણામાં ચાલ્યા જ કરવાનું. 'સંસારરૂપી ચોપાટ ઉપર મનુષ્યોરૂપી સોગઠાં વડે મહાકાળ પોતાની શક્તિ મહાકાલી સાથે રમત રમે છે' તેવું ભર્તૃહરિએ કહ્યું છે. વૃદ્ધાવસ્થા સ્વીકારવી જ રહી.

ભર્તૃહરિ આગળ કહે છે, 'વૃદ્ધાવસ્થા વાઘણની જેમ રૂપને પીંખી નાખવા તૈયાર છે. રોગો શત્રુઓની સોનાની જેમ હુમલો કરવા તૈયાર છે. ફૂટેલા ઘડામાંથી આયખાનું જળ ઓછું થાય છે.' જન્મ મૃત્યુથી ગ્રસ્ત છે, યૌવન ઘડપણથી.

આખી જિંદગી મોજમજામાં ગાળી પછી આવેલા ઘડપણનો આદર કોણ કરે? ઘડપણથી બધાં ભાગે, તો ઘરડા વડીલથી ઘરમાંય સૌ ભાગે.

બુઢ્ઢાઓની મુખ્ય તકલીફ એ કે એકની એક વાત વારંવાર કહ્યા કરે, જૂની જૂની ફરિયાદોની યાદી હાજર જ હોય. સામી વ્યક્તિને અનુકૂળ થવાની તો વાત જ નહીં ને! સાંભળનારને સમયની સગવડ છે કે નહીં, કે કંટાળો તો નથી આવતો ને, એવું વિચારે જ નહીં. અંગત સગાંવહાલાં પણ તેમનાથી દૂર ભાગે. દીકરો જુદો થવા માંગે છે, વહુ ગાંઠતી નથી, છાશિયાં કરીને જમાડે છે, સરકારી નોકરોના ભ્રષ્ટાચાર, વધતી જતી મોંઘવારી... વગેરેના ગાણાં ગાયા જ કરે. અજંપો અને બળાપાના કોઠામાંથી બહાર નીકળવાનું બુઢ્ઢો નામ જ ન લે. જ્યારે જુઓ ત્યારે તેના ચહેરા પર ચિંતાના કરોળિયા ફેલાયેલા જ દેખાય.

શાહબુદ્દીનભાઈ કહે છે તેમ એક સમયે જે ખાનું પાઉડર, પરફ્યુમ, ફેશનર, સેંટથી ભરચક હતું ત્યાં હવે ગૅસહર પિલ્સ, કાયમ ચૂર્ણ, સુદર્શન ફાકી, બામ, મૂવ મલમ ખડકાયેલાં છે. કબાટમાં જિન્સ અને ટી-શર્ટને બદલે કાનટોપી, મફલર, સ્વેટર અને શાલની થપ્પી લાગેલી છે. ટૉઈલેટમાં ખીંટી ઉપર નિયત સ્થળે એનીમા કેન લટકાવેલું છે. દાંતનાં ચોકઠાં સાચવવાની ડબ્બી બેઝિન ઉપર હાજર છે.

'As You Like It'માં શેક્સપિયરે વિધાન કર્યું છે કે, 'All the world is a stage and all the men and women are merely players, they have their exits & entrances.'

ભર્તૃહરિએ તો સૈકાઓ અગાઉ સંસાર નાટકનું કાવ્યમય રૂપક 'વૈરાગ્યશતક'માં નિરૂપ્યું છે. જગતના રંગમંચ ઉપર બાળક તરીકે પહેલો પાઠ ભજવાય અને છેલ્લે, 'મુખ દાંત વિનાનું હોય, વાણી સ્પષ્ટ રીતે બોલાતી નથી, શક્તિ ચાલી ગઈ છે, તેમજ ઇન્દ્રિયોની શક્તિ દેખાતી નથી...' એ રીતે વૃદ્ધાવસ્થાએ ફરીથી બાળપણ આવ્યું છે : 'Old age is second childhood.'

સંસ્કૃત સુભાષિતોમાં વૃદ્ધાવસ્થાનું આબેહૂબ વર્ણન કરેલું છે. ચાલો ભંડાર ખોલીએ શંકરાચાર્યનું 'ચર્પટરંજિકા' સ્તોત્ર પણ મમળાવવા જેવું છે. એમાં કેવું માધુર્ય, લાલિત્ય અને સૌંદર્ય છે? ભજગોવિંદમ્ ની કડીઓ લલકારવી ગમે તેવી છે. અંગો ગળી ગયાં છે, માથાના કેશ ધોળા થઈ ગયા, મોઢું બોખું થઈ ગયું અને ડોસાં લાકડીના ટેકે ચાલે છે, તોય એ આશા-પિંડને છોડતા નથી.'

અન્ય સુભાષિતોમાં પણ જર્જરિત શરીરનું કેટલું તાદશ વર્ણન? 'શરીરનાં બધા અંગો આડીઅવળી કરચલીઓ અને વળીઓથી ઢીલાં પડ્યાં છે, ગતિ શિથિલ બની છે, દાંતની હાર પડી ગઈ છે, નજર નાશ પામી છે, બહેરાશપણું વધ્યું છે, મુખમાંથી લાળ પડે છે...'

ઘરડાનું મોઢું બોખલું કેમ? દાંત કેમ પડી ગયા? આપણા સંસ્કૃત સુભાષિતોએ અફલાતુન કારણો રજૂ કર્યા છે. 'ઘડપણ આવતાં કાળા કેશોએ ધોળાપણું પ્રગટ કર્યું, તેથી રોષે ભરાયા હોય એ રીતે મુખમાંથી દાંતોની હાર બહાર નીકળી આવી?' કે પછી એ બોખાપણું કોઈ શિક્ષા સ્વરૂપે હતું? 'તને આટલી બધી સામગ્રી આપવા છતાં તેં કાંઈ પુણ્ય કર્યું નહીં' એ રીતે જાણે કોપ્યા હોય એમ યમરાજા વૃદ્ધના દાંત જ પાડી નાંખે છે.'

તો માથા પરનાં પળિયાં માટે સુભાષિત શું કહે છે? 'જેમ

ઘરમાં અગ્નિ લાગતાં, સાર વસ્તુ બળી જતાં એકલી ભસ્મ રહી જાય, તેમ ઘડપણરૂપી અગ્નિથી યૌવન જેવી સારવસ્તુ બળી જતાં પળિયારૂપે એકલી ભસ્મ બાકી રહેલી દેખાય છે.' કોઇ દંડસ્વરૂપે પળિયાં હતાં? હા, 'વૃદ્ધને માથે જે પળિયાંની હાર જોવા મળે છે, તે ખરેખર પળિયાં નથી. પરંતુ 'તેં જન્મ ફોગટ જ ગુમાવ્યો' એ બતાવવા વિધિએ તેને માથે ભસ્મ નાખી છે.'

વૃદ્ધત્વની વિશેષ કરુણતા તો એની અવહેલના થવી, વાતવાતમાં અપમાનિત થવું, હડધૂત થવું એ છે. શરીરની આવી દુર્દશા તો પણ તેને વસવસો છે કે 'કુટુંબીજનો વચનનો આદર કરતા નથી, સ્ત્રી સેવા કરતી નથી અને વિશેષમાં સગો પુત્ર પણ શત્રુની જેમ વર્તે છે. ખરેખર વૃદ્ધ મનુષ્યનું જીવન કષ્ટમય છે.' સંસ્કૃત સાહિત્યમાં આ કેટલું સુંદર અવલોકન! સુભાષિતો બીજું પણ નોંધે છે, 'બુઝાતા દીપકની જ્યોતિની જેમ વૃદ્ધજનની મતિ ક્ષણવાર પ્રગટ થાય છે અને પછી અંધકાર તેને પોતાની અંદર આવરી લે છે.' કૌટુંબિક ચર્ચા સમયે વૃદ્ધ વડીલની આવી પરિસ્થિતિને 'સાઠે બુદ્ધિ નાઠી' એમ કુટુંબીજનો ઉપહાસપૂર્વક અવલોકે છે. વૃદ્ધ વડીલને પોતાનું 'હોવાનું' મહત્ત્વ ખોવાઇ જાય છે. ડ્રાઈવિંગ સીટ પરથી પાછળની સીટ પર ધકેલાઈ જવાનું મહેસૂસ કરે છે. વિચાર ભેદ - જનરેશન ગેપ કનડે છે અને એવું થતાં સંતાનોનાં ઉછેરમાં પોતાનાથી રહી ગયેલી ત્રુટિઓ તેને સ્પષ્ટ થાય છે. થાકતી જતી એકલી સાંજોમાં બચપણથી આજ સુધીનું જીવન કેલિડોસ્કોપ બનીને ઝૂલ્યા કરે છે. વૃદ્ધાવસ્થામાં અંગ નરમ અને મન બરડ થતું જાય છે! વૃદ્ધ થયેલો ચહેરો એ પુરુષના જીવાયેલા જીવનનો અરીસો છે.

વૃદ્ધત્વ આવે ત્યારે ઘણા સ્વજનો સ્વર્ગે સિધાવી ગયા હોય. સરખેસરખા મિત્રો પણ મૃત્યુ પામ્યા હોય. આવા એકલા પડી ગયેલા વૃદ્ધનું ભર્તૃહરિએ રસપ્રદ વર્ણન કર્યું છે. 'રેતીવાળા અને વારેવારે ધસી પડતા, નદીના કિનારે કોઈ એકલું વૃક્ષ ઊભું હોય અને પળે પળે 'પડ્યું કે પડશે' તેવી તેની સ્થિતિ હોય; બસ એવી જ સ્થિતિ સંસારનદીના કિનારે ઊભેલા એકલા વૃદ્ધ પુરુષની છે, છતાં તેને સંસારની અસારતા કેમ નથી સમજાતી?'

વય વધતાં અભાવો હણહણવા લાગે છે, અપેક્ષાઓને પાંખો ફૂટે છે જેટલી સહજતાથી ધોળા વાળ આવે એટલી સહજતાથી કંઈ ડહાપણ ના આવી જાય.

વૃદ્ધત્વ હાંસીપાત્ર ક્યારે બને? ઘડપણમાં પણ જે કામવિહારથી મુક્ત નથી તેને આ અવસ્થા અતિશય પીડાદાયક લાગે છે.

કવિ કેશવ કટાક્ષ કરે છે :

***'કેશવ, કેશન અસ કરી, અરિહું કરી ન જાય;***
***કંચનવરણી કામિની બાબા કહી ભૂલાય.'***

'આ ધોળા વાળે તો નખ્ખોદ વાળ્યું! શત્રુઓ કરતાં પણ વધુ ખરાબ કર્યું! કંચનવરણી સુંદરીઓ પણ અમને 'બાપા' કહીને હવે બોલાવે છે.'

તો ભર્તૃહરિનું અવલોકન કેવું? ચાબખા મારતું, છતાં રસિક રૂપક દ્વારા સમજાવે છે, 'તરુણીઓ વૃદ્ધ પુરુષને ચાંડાલના કૂવાની જેમ ત્યજી દે છે.' કવિ વૃદ્ધ પુરુષને 'ચાંડાલના કૂવા' સાથે સરકાવે છે. શા માટે? 'ચાંડાલના કૂવાની પાળે સફેદ હાડકાંનો ઢગલો પડ્યો હોય છે. તેથી દેખાવડી, રૂપાળી પનિહારીઓ તેને દૂરથી જ ત્યજીને ચાલી જાય છે. વૃદ્ધ પુરુષ પણ અંદરથી કૂવાની જેમ પોલો, ખોખલો થઈ જાય છે. એનાં 'પાણી તળિયે જતાં રહે છે. માથા ઉપર ધોળાં પળિયાં તે જાણે હાડકાંનો ઢગલો. તજવા જેવા આવા ઘરડા પુરુષ સામે કઈ સુંદરી નજર કરે?'

'દેહ પડવાની તૈયારી કરતો હોય તો પણ એની તૃષ્ણા એવી તો સતીસાધ્વી છે કે એના દેહને છોડતી નથી.'

સુભાષિત રત્ન ભાંડાગારમાં ઘડપણની ઘણી હાંસી ઉડાવી છે. વૃદ્ધ મનુષ્યની દેવો સાથે સરખામણી કરી છે, પણ કેવી કટાક્ષમય?

'વૃદ્ધાવસ્થા પુણ્યકાર્ય ન કરનાર માણસને પણ દેવ બનાવે છે; જેમકે યમરાજની જેમ તે વૃદ્ધજન હાથમાં દંડ રાકે છે, ગદાધારી વિષ્ણુની જેમ તે વૃદ્ધજન સગદ (ગદ = રોગવાળો) હોય છે, વાંકા ચંદ્રની જેમ તે શરીરે વાંકો વળી ગયેલો હોય છે અને ત્રણ નેત્રવાળા શિવની જેમ તે વિરૂપાક્ષ - બેડોળ હોય છે.'

ઘડપણને કારણે રૂપ અને નામ વિનાના બનેલા માણસને વૃદ્ધાવસ્થા શાં શાં રૂપ અને નામ આપતી નથી? સુભાષિત કહે છે, તે માણસને શતમન્યુ (ક્રોધથી ભરેલો, ઇન્દ્ર) દંડધર (હાથમાં લાકડી ટેકવનાર, યમરાજ), કુબેર (ખરાબ શરીરવાળો, કુબેરભંડારી), શૂલધારી (પેટમાં ચૂંકવાળો, મહાદેવ) અને ગદાધારી (ગદ = રોગવાળો, વિષ્ણુ) બનાવી મૂકે છે.'

કળિયુગના સર્વે ધર્મો સાથે વૃદ્ધાવસ્થા સમાનતા સાધે છે, તે દર્શાવતું મજાનું સુભાષિત છે. 'કળિયુગમાં શ્રુતિ (વેદો)ની જેમ ઘડપણમાં શ્રુતિ (કાન) શિથિલ બની જાય છે; કળિયુગમાં સ્મૃતિ (ધર્મશાસ્ત્ર)ની જેમ ઘડપણમાં સ્મૃતિ (સ્મરણશક્તિ) નાશ પામે છે; કળિયુગમાં ગતિ (સદાચાર)ની જેમ ઘડપણમાં ગતિ (ચાલ) અવળે માર્ગે ચાલે છે; કળિયુગમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોના સમૂહ (દ્વીજ)ની જેમ ઘડપણમાં દાંતની પંક્તિ (દ્વીજ) ગળી જાય છે અને જેમ કળિયુગમાં ગાયોનો સમુદાય અત્યંત યોગ્ય કાર્યમાં આવે નહીં, તેમ વૃદ્ધાવસ્થામાં ઇન્દ્રિયો (ગો) પોતપોતાની ક્રિયાથી શિથિલ બને છે.'

અને છેલ્લે, સંસ્કૃત સાહિત્ય શૃંગારપ્રચૂર પણ ખરુંને?

'જેમ નવોઢા સ્ત્રી પતિ પાસે જતાં (સંકોચથી) પગને અટકાવે છે, તેમ વૃદ્ધાવસ્થા (શિથિલતાથી) પગને અટકાવે છે. જેમ નવોઢા (લજ્જાથી) અંગોનો સંકોચ કરે છે, તેમ વૃદ્ધાવસ્થા

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૦ ઉપર)**

# સંબંધોના સથવારે : દીકરીનું વહાલ

ઈલા કે. શાહ

રીતુનો ભાઈ તુષાર હાલ અમેરિકા હાયર સ્ટડીઝ માટે ગયો હતો. એ દરમિયાન રીતુના પિતા પર દેવાનો ભાર વધી ગયો હતો. રીતુ બેંકમાં એક ઉચ્ચ હોદ્દા પર કામ કરતી હોવા છતાં તેના પિતાએ તેને આ વાતથી વંચિત જ રાખી. દીકરીને જણાવીને શા માટે ટેન્શનમાં મૂકું? તેથી ન જણાવવાનું મુનાસિબ માન્યું.

જ્યારે તેની માતાને મન તો દીકરી એટલે વહાલનો દરિયો. બંને વચ્ચે ખૂબ જ પ્રેમ. અંતરની કોઈ વાત એવી ન હોય કે જે પરસ્પર ગોપિત રહે. મા-દીકરીના નાજુક સંબંધની દોર મજબૂત હતી.

રીતુ ઑફિસેથી વહેલી ઘેર આવી. પપ્પા સાથે રાજકારણથી માંડી રસોડા સુધીની અવનવી ચર્ચા કરી. પરદેશનાં શિક્ષણ પછીનું ભાવિ કેવું હશે તેમ તુષાર બાબત પણ વાત કરી.

'પપ્પા, તમે તુષારને પરદેશ મોકલ્યો તે સારું કર્યું. તે ત્યાંનું શિક્ષણ મેળવી ઉચ્ચ ડિગ્રી મેળવશે પછી જોબ પણ સરસ જ મળશે ને?' રીતુએ કહ્યું.

'હા, બેટા. ત્યાંની યુનિવર્સિટીની ડિગ્રી મળે પછી ભવિષ્યમાં ચિંતા જ નહીં. ત્યાંની વેલ્યુ ઘણી વધી જાય છે.' પપ્પાએ કહ્યું.

'બસ, પછી તો તમારે કશી ચિંતા કરવાની જ નહીં. તમારે ને મમ્મીએ દર મહિને મનીઓર્ડરની જ પ્રતીક્ષા કરવાની, બરોબર સેટ થઈ જાય તો ત્યાં જવાનાં ચાન્સ પણ ખરા હોં.' રીતુએ ચિંતામુક્ત રહેવા જણાવ્યું.

પરંતુ વાત કરતાં રીતુના પપ્પાને પરસેવો વળતો હોય તેવું લાગ્યું. ઔપચારિક હર્ષ વ્યક્ત કરતાં હોય તેવું લાગ્યું. એકાએક તેઓ ઢળી પડ્યાં. ટેન્શનનો ઍટેક આવ્યો. કાંઈપણ બોલ્યા વગર કે કહ્યા વગર આમ જીવનલીલા સંકેલી લીધી. મા-દીકરી ચોધાર આંસુએ રડ્યાં.

'પપ્પાને આમ એકાએક શું થઈ ગયું? તેમને કઈ વાતનું દુઃખનું વાદળ આમ દૂર ખેંચી ગયું?' રીતુએ પૂછ્યું.

તુષાર પાછળ તેઓ દેવાદાર બનેલા તે વાત રીતુને ખબર જ નહોતી. તુષારનું ભવિષ્ય સુધરશે પણ દેવું ભરપાઈ કોણ કરશે? તેવી ચિંતાએ તેમને ઘેરી લીધા અને આમ બન્યું. મમ્મી પાસે વાત જાણ્યા પછી બોલી, 'પપ્પાએ મને પારકી ગણી. મને કહ્યું હોત તો બીજી કોઈ વ્યવસ્થા કરાવત અથવા તુષારને ન મોકલત. આ તો સૌનાં દુઃખની ઘટના ઘટી ગઈ. તુષાર પર શું વીતશે?' રીતુ તેની મમ્મી સાથે ચર્ચાસ્પદ મુદ્દાને આટોપતી હતી.

મમ્મીએ હિંમત દાખવીને કહ્યું, 'બેટા, એવું નથી. આપણાં સમાજનું માળખું જ એવું છે કે માતા-પિતા પર પુત્રીનો અધિકાર ગણતરીમાં લેવાતો જ નથી. મા-બાપની સાર સંભાળનો ઈજારો તો જાણે દીકરાનો જ છે. દીકરો અવગણે તો દીકરીને નાછૂટકે કહેવાય છે. જો કે અત્યારે તો બેટી, બેટા કરતાંય ચડિયાતી પુરવાર થઈ છે.'

શોકમય વાતાવરણને સંકેલીને બંને જણ પરસ્પર ચર્ચા કરતાં હતાં. રીતુ બોલી : 'મમ્મી, તું જરાપણ ફિકર ન કરીશ. તારી આ દીકરી તને સાચવશે. તુષાર પરદેશમાં ભણે છે, હજી ક્યારે કમાશે? કેવી રીતે તારું ધ્યાન રાખશે? હું હજી ક્યાં પારકે ઘેર ગઈ છું? હું લગ્ન જ નહીં કરું, ને મારી વહાલી મમ્મીને વધુ કમાઈને જિંદગીભર સાર-સંભાળ લઈશ.'

'ના, ના, બેટા. તને શ્વસુરગૃહે તો મોકલીશ જ. મારા લીધે તારી જિંદગીને ઠેસ ન પહોંચાડાય. મારે તુષારના ભવિષ્યનો પણ ખ્યાલ કરવાનો કે નહીં? હું હજી પગભર થઈ શકું તેમ છું તેથી કોઈ વાંધો નથી.' મમ્મીએ દીકરીને ચિંતા ન થાય તેવું કહ્યું.

'અત્યારે હું તારો દીકરો જ કહેવાઉંને? હાલ મારી જવાબદારી ગણાય. તને હું જ રાખીશ.' રીતુએ કડક વલણ અપનાવ્યું.

'અત્યારે ચાલતી ગાડીમાં જ ચડીને મુસાફરી કરવાની યોગ્યતાને અમલમાં મૂકવી પડશે, સમજી ગઈને? વર્તમાનમાં જીવવાની જ મજા છે. કાલની ચિંતા ઈશ્વરને સોંપી દઈએ.' અને એમ કહીને મમ્મીએ દીકરી રીતુને વહાલથી પોતાની સમીપ ખેંચી લઈ પ્રેમભરી હૂંફ આપી. ■

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

# લાછુ, તું ક્યાં છે?

સંસ્મરણ

લીલાધર માણેક ગડા

સપ્ટેમ્બર મહિનાના નારી વિષયક મારા અને બાંધવ દામજીના લેખોના પ્રત્યાઘાત રૂપે જોસેફ મેકવાનનો પત્ર વાંચી જરીય આશ્ચર્ય ન થયું. જોસેફને મારી જેમ સમાજમાં કચડાતા, ઉપેક્ષા પામતા, હિંસાનો ભોગ બનતા, જીવતે જીવ બાળી નાખવામાં આવતા, ક્યારેક ક્રૂરતાની તમામ સીમાઓ વટાવી જાય એવી દારૂણ હિંસાનો ભોગ બનતા નારી સમાજ પ્રત્યે ઋજુતાભાવ અને સંવેદનશીલતા છે.

સ્ત્રી વર્ગની ઉપેક્ષા, એના પ્રત્યેની ક્રૂરતાની ઘટનાઓનાં વારંવાર સાક્ષી બનવું પડે છે ત્યારે હૈયું નંદવાઈ જાય છે, વલોવાઈ જાય છે. વર્ષો અગાઉ નલિયામાં મધરાત્રે બાળી નાખવામાં આવેલી બે સ્ત્રીઓનાં ચિત્કારો હજી વિસારે નથી પડ્યા. નખત્રાણાથી કચ્છ વિકાસ સંગઠનની ઓફિસે ભયાવહ સ્થિતિમાં અવાચક બની ગયેલી ૧૩ વર્ષની કુમારિકાનાં હાલ હવાલ સાંભળીએ તો આપણા હોશકોશ ઊડી જાય. સતત એક વર્ષ સુધી પોતાના સગા બાપની કુદૃષ્ટિથી પોતાની જાતને બચાવતી રહેલી બાળાને હવે પોતાનું શિયળ બચાવવું અશક્ય લાગ્યું ત્યારે ગામ છોડી ભાગી નીકળી અને કોઈ ભલા માણસે સંગઠનની ઓફિસે લાવી મૂકી. ભયાવહ બાળકી નજર પણ ઊંચી કરી શકતી ન હતી અને એણે એના બાપની આંખમાં દીઠેલા ઝેરને કારણે કોઈની સાથે આંખ મેળવવાને બદલે સતત નજર નીચી રહેતી હતી. આ ઘટનાનું સૌથી દર્દનાક પાસું એ છે કે આખા ગામમાં સૌને આની ખબર હોવા છતાં કોઈ સપૂત એવો ન થયો જે નરાધમ રાક્ષસ બાપને ઠપકારે. દીકરીની માનો અવાજ, આક્રોશ બાપની ગડદાપાટુમાં દબાઈ જતો.

સ્ત્રીની ઉપેક્ષા, એની સગવડો પ્રત્યે આંખમિંચામણાં, એના સ્વાસ્થ્ય અંગે બેફીકરાઈના કિસ્સાઓના અવારનવાર સાક્ષી બનીએ છીએ. દરિદ્રતા, ગરીબી આની સાથે સ્ત્રી તકલીફોમાં ઉમેરો કરે છે ત્યારે માત્ર ઈશ્વર જ એની પડખે હોય એવું લાગે છે. મરવાના વાંકે જીવતી આવી સ્ત્રીઓ પ્રત્યે સામાજિક સંસ્થાઓ, ચેરિટેબલ હોસ્પિટલો કે જ્યાં જ્યાં એમના માટે કશુંક થઈ શકે એવી માળખાકીય સુવિધાઓ છે તેઓ પણ ઉપેક્ષા અને બેફિકરાઈ સેવે છે અને તાજેતરમાં બનેલી એક ઘટના આ હકીકતની સાખ પૂરે છે.

★

સાંજનું વાળુ લઈ ભોજાય હોસ્પિટલના પ્રાંગણમાં ખુરશી ઢાળી અમે સૌ બેઠા હતા. ગરમી અને બફારો બન્ને સાથે હતા. ગપસપની વાતો. મુખ્યત્વે દિવસ દરમિયાન કોઈ વિશિષ્ટ બીમારીનો દર્દી આવ્યો હોય કે કોઈ ઘટના બની હોય તેની ચર્ચા થાય. કલાકેક દિવસ દરમિયાન પ્રવૃત્તિઓનું પોસ્ટમોર્ટમ થાય ત્યારે કંઈક નવું જાણવા મળે, બોધપાઠ શીખવા મળે અને ભૂલોનો અહેસાસ પણ થાય. અમારી સેશન પૂરી થાય તે અગાઉ હોસ્પિટલના દરવાજે એક છકડો આવી ઉભો રહ્યો. છકડામાંથી કુલ છ જણ ઉતર્યા. જેમાં આશરે વીસ બાવીસ વરસની યુવતી હતી જે માંડ માંડ ચાલી શકતી હતી. બે પ્રૌઢાઓ એનો હાથ ઝાલી ધીરે ધીરે હોસ્પિટલના કંપાઉન્ડમાં લઈ આવી. સાથે ત્રણ ભાઈઓમાંથી એક રોકાયો, અન્ય બે જણ છકડાની સાથે રવાના થઈ ગયા. દર્દી હોસ્પિટલનાં પગથિયાં માંડ ચડી શકતી હતી. એટલે રોકાયેલા ભાઈએ એને ઉંચકી બાંકડા પર બેસાડી. પૂછતાછ કરતાં જણાવવામાં આવ્યું કે છોકરીને દેખાતું નથી, એને મોતિયો આવ્યો છે. વિગતો આપનાર ભાઈ દર્દીનો બાપ હતો. જ્યારે દર્દી સાથેની બે સ્ત્રીઓમાંથી એક એની માતા હતી અને બીજી એમની કોઈ સંબંધી હતી. વહેલી સવારે દર્દીનો બાપ પણ ચાલ્યો ગયો. હવે દર્દીની સાથે એની મા અને અન્ય એક બહેન હતી.

ઓ.પી.ડી. શરૂ થતાં દર્દીને કેસ પેપર કઢાવવા કહ્યું ત્યારે ખબર પડી કે એની પાસે એક પણ પૈસો ન હતો. ગઈકાલે રાત્રે આવ્યા ત્યારે ક્યાં જમ્યા હતા એવું પૂછતાં જવાબ મળ્યો કે ત્રણે જણી ગઈકાલથી ભૂખી હતી. રાત્રે અમે પણ એનાં ભોજનની પૂછા ન કરી તે બદલ પસ્તાવો થયો. ત્રણે બહેનોને સવારે ચા નાસ્તો આપી દર્દીને આંખની ઓ.પી.ડી.માં બેસાડ્યા. કેસ પેપર નામ હતું લાછુબાઈ આદમ કોલી. ઉ. વર્ષ ૨૦.

અમારા Eye Surgeon ડૉ. હસમુખ સાહેબે દર્દીની આંખો તપાસી અને દુઃખદ આશ્ચર્ય અનુભવ્યું. વીસ બાવીસ વર્ષની યુવાન દીકરીને બેઉ આંખે મોતિયા હતા, જે લગભગ પાકી ગયા હતા અને ઑપરેશન તુરત કરવું જરૂરી હતું. ડૉક્ટર સાહેબે પારૂલને દર્દીની આંખનું ટેન્શન લેવાની સૂચના આપી. બે-ત્રણ મિનિટ પછી પારૂલે ડૉક્ટર સાહેબને જણાવ્યું કે આની આંખો સાવ ફિક્કી છે અને કદાચ એનું હેમોગ્લોબીન ઓછું હોય. ત્યાર પછી ડૉક્ટરે દર્દી લાછુબાઈની ઝીણવટભરી તપાસ કરી. એનાં નખ, જીભ ઈત્યાદિ જોતાં દર્દીનું હેમોગ્લોબીન ઓછું હોવાની શંકા ગઈ. લેબોરેટરીનો રિપોર્ટ આવ્યો કે લાછુબાઈનું હેમોગ્લોબીન માત્ર ૨.૨ હતું જે માની ન શકાય. લોહીમાં આટલું

ઓછું હેમોગ્લોબીન હોય અને દર્દી જીવંત હોય અથવા ચાલી શકે એ માનવામાં આવે તેવી વાત નથી. ફરી એક વાર લોહી ચેક કરાવતાં રિપોર્ટ એ જ આવ્યો. એટલે લોહીનું સેમ્પલ લઈ સ્ટાફને માંડવી મોકલ્યો અને ત્યાંથી રિપોર્ટ ૨.૨૮ નો આવ્યો. હોસ્પિટલનાં RMO ડૉ. રાયમા પણ વિસ્મયમાં કે દરદી હાયપોક્ષીઆ જેવા કોમપ્લીકેશનમાં કેમ નથી ગયો. ડૉ. હસમુખનાં મતે આટલી નાની ઉંમરે મોતીયો પાકવાનું કારણ એનીમિયા હોઈ શકે જેનાથી દર્દી લાછુબાઈ ગ્રસ્ત હતી. અમારે માટે દર્દીને લોહી ચડાવવા સિવાય બીજો પર્યાય ન હતો. સ્ટાફના એક ભાઈ લોહીનું ક્રોસ મેચ લઈ ભુજ ગયા અને ચાર કલાક પછી ૩ બોટલ લઈ આવ્યા. દર્દીનાં મોતિયાનું ઑપરેશન પડખે રહી ગયું અને એનું Hb વધે તેની વ્યવસ્થા કરવામાં આવી અને તેથી વધારે અગત્યનું હતું નિદાન કે જેને કારણે દર્દીનું Hb આટલું ઓછું થઈ ગયું હોય. દર્દીને સાધારણ તાવ હતો એટલે એની મલેરિયા, ટાઈફોઈડ ઇત્યાદિ માટે MP અને WIDAL ટેસ્ટ કરવામાં આવ્યા. બન્ને નેગેટીવ આવ્યા. છતાં સાવચેતીરૂપે એન્ટી મેલેરિયા સારવાર શરૂ કરવામાં આવી. દરરોજ એક બોટલ લોહી ચડાવી એનું Hb તપાસતા ગયા. ત્રીજા દિવસે Hb ૫.૨ નોંધાયું.

મેં અગાઉ નોંધ્યું છે કે સ્ત્રીની પડખે જ્યારે કોઈ નથી હોતું ત્યારે ઈશ્વર જ હોય છે. અને દર્દી લાછુબાઈ ૨.૨ હેમોગ્લોબીન હોય અને જીવતી હોય, ચાલી શકતી હોય એને ઈશ્વરની કૃપા સિવાય અન્ય શું સમજવું?

અમને હવે દર્દીની અન્ય વિગતો જાણવામાં રસ પડ્યો. એની માતા પાસેથી જ જાણવા મળ્યું, ધણી સાવ બેફિકર હતો. ઢસરડો કરવાનું ફરજિયાત હતું. શારીરિક તકલીફો હોય, બિમારી હોય અને ગણકાર્યા વગર ઘરકામ અને મજુરી બન્ને કરવાના. ઘરખર્ચની પૂરતી રકમ પણ ન મળે એટલે ઘણી વખત એક ટંક જમવાનું અને ક્યારેક બે ત્રણ દિવસનાં લાંઘણ પણ ખરાં. ચાર વર્ષથી ઘરમાં આ વાતાવરણ હતું. 'દીકરી સાસરે શોભે' એવી ભારતીય પરંપરાની ખોટી ઘેલછા સૌની હતી એટલે બહુ બિમાર હોય, સાવ પથારીવશ ત્યારે માવતરે ચાર છ દિવસ માટે આવે અને ફરી પાછી સાસરે જવાનું હોય. શરીર ઘસાતું હતું, હાથપગ ઢીલાઢફ થતા હતા, નજર ઓછી થતી હતી, શ્વાસ હાંફ ચડતાં હતા અને વજન ઘટતું હતું. છતાં લાછુને માટે કોઈ પર્યાય ન હતો. ધણીની બેફિકરાઈની હદ એટલી કે ત્રણ ચાર દિવસ સુધી તાવમાં કણસતી પડી હોય, કંઈ ખાધું ન હોય તો પણ એને ડૉક્ટર પાસે નહીં લઈ જાય કે ભોજન માટે કોઈ વ્યવસ્થા નહી કરે. પાડોશીઓ છેવટે માવિત્રોને જાણ કરે અને માવિત્રો ઘરે લઈ જાય, સારવાર કરે, ખવડાવે-પીવડાવે અને પાછી દોજખમાં મૂકી આવે. છેલ્લા બે વર્ષથી આ સિલસિલો હતો.

પખવાડિયા અગાઉ લાછુબાઈને દેખાતું લગભગ બંધ થઈ ગયું હતું અને એકાદ બે ફૂટથી દૂરનું જોઈ શકતી ન હતી. ત્યારે તેનો પતિ લાછુને માવતરે મૂકી ગયો. દસેક દિવસથી લાછુના મા-બાપ એને ત્રણ ચાર હોસ્પિટલમાં આંખો બતાવવા લઈ ગયા પણ પૈસાને અભાવે એની સારવાર-ઑપરેશન થઈ શક્યાં નહીં. સિવિલ હોસ્પિટલમાં BPL કાર્ડનાં અભાવે મફતમાં લોહીની વ્યવસ્થા થઈ શકી નહીં. અન્ય ચેરિટેબલ હોસ્પિટલમાં નેત્રયજ્ઞ સિવાય મફતમાં ઑપરેશન થાય નહીં. એટલે ત્યાંથી વગર સારવારે રૂખસદ મળી. ત્રીજે ઠેકાણે આ દર્દી અંગે જોખમ લેવા સંચાલકોએ અશક્તિ દર્શાવી. સામાજિક સંસ્થાઓ, સરકારી કે અન્ય હોસ્પિટલો બીબાઢાળ કાર્યવાહીથી વિશેષ, ચીલો ચાતરીને આવા દર્દીઓ માટે અને ખાસ કરીને જેની ભલામણ કરનાર કોઈ ન હોય તેવા પ્રત્યે સંવેદનશીલ ન બની શકે?

ખેર, લાછુની કહાની આગળ વધે છે. ચોથા દિવસે એને ઉલટી અને ચક્કર આવવા શરૂ થયા. ડૉ. રાયમાએ સારવાર આપી અને થોડો સમય માટે Convulsion બંધ થયો. અડધી રાત્રે ફરી શરૂ થયા એટલે એને હોસ્પિટલ અથવા એમ.ડી. ફિઝીશિયન હોય તેવા નર્સિંગ હોમમાં મોકલવાનું નક્કી થયું. અમે ફોન પર સિવિલ હોસ્પિટલના ફિઝીશિયન ડૉ. કશ્યપ બૂચનો સંપર્ક કર્યો અને દર્દીને ત્યાં ટ્રાન્સફર કર્યો.

ત્રીજા દિવસે સિવિલ હોસ્પિટલનો સંપર્ક કર્યો ત્યારે અમને સૌને એક બાબતની ચિંતા હતી કે લાછુ સારવાર પામી સારી થઈ જશે પરંતુ આંખના ઑપરેશન માટે નહીં આવે તો? એના પાકેલા મોતિયાનું ઑપરેશન સમયસર નહીં થાય તો તે અંધત્વને પામશે. ગીતાદીદી અને હું સિવિલ હોસ્પિટલમાં ગયા ત્યારે જાણવા મળ્યું કે લાછુ બાર કલાકની સારવાર પછી બરોબર થતાં એને ડિસ્ચાર્જ કરવામાં આવી છે.

અમારી ભૂલ હતી કે અમે એનું પાકું સરનામું લીધું ન હતું. સિવિલ હોસ્પિટલમાં ઈન્ડોર ફોર્મ પર લખેલું સરનામું બરોબર વંચાતું ન હતું. ભોજાયથી લાછુ ગઈ તેને છ દિવસ થયા અને એના કોઈ સમાચાર ન હતા. પારૂલે નખત્રાણાના ડૉ. સોમૈયા મારફત તપાસ કરાવી તો કોઈ પત્તો લાગ્યો નહીં. અમે સૌ પોતપોતાને કોસતા રહ્યા કે અમે સૌએ લાછુ માટે


કોટન બેઝમાં પરવડે તેવી રેન્જ　વિશેષતા : હોલસેલ ભાવે રીટેલ

- ગઢવાલ
- કોરા કોટન
- સુપરનેટ કોટા
- ટીસ્યુ કોટા
- ફેન્સી કોટા
- જૈન સિલ્ક
- ચંદેરી ટેમ્પલ
- પ્રિન્ટેડ જ્યોર્જેટ



"કાંચી"ની સાડી વાહ... વાહ...!!

મીનલ દેઢિયા • 09930704743

KANCHI A Blend of Indian Heritage

૭૧/૭૩, શાહ ભુવન, ગ્રાઉન્ડ ફ્લોર, જુની હનુમાન લેન, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨.

Tel. : (022) 22060636 E-mail : sareekanchi@gmail.com Sunday Closed

જે કર્યું છે એ સૌ એળે જશે, જો એની આંખનું ઑપરેશન થશે નહીં. દસેક દિવસ પછી લાછુ એની મા સાથે ભોજાય આવી અને વળતા દિવસે એની એક આંખનું સફળતાપૂર્વક ઑપરેશન કરવામાં આવ્યું અને સાથે સાથે એક બોટલ લોહી પણ ચડાવવામાં આવ્યું. બીજી આંખનું ઑપરેશન અઠવાડિયા પછી કરવાનું હતું એટલે નક્કી થયું કે એને ઘરે જવાની રજા આપવાને બદલે રોકી રાખવી. માતા રોકાવા તૈયાર ન હતી અને લાછુ મા વગર રહેવા તૈયાર ન હતી. તેણે ખાતરી આપી કે તે ફરી આવતા અઠવાડિયે પાછી આવશે. અમને ભય હતો કે લાછુ એક આંખથી હવે ઑપરેશન પછી બરોબર જોઈ શકે છે. એટલેથી કુટુંબીજનો સંતોષ માની લેશે અને ફરી ધક્કો નહીં ખાય. રજા આપતી વખતે અમે એનું પાકું સરનામું નહીં લેવાની ફરી ભૂલ કરી. પણ પારૂલે એટલું નોંધી રાખ્યું કે તે ગામ જડોદર, તા. નખત્રાણાની હતી.

પંદર દિવસ વીતી ગયા અને લાછુ પાછી આવી નહીં. અમે એક કાર્યકરને જડોદર મોકલવાનું નક્કી કર્યું. દરમિયાન ભોજાય હોસ્પિટલના રસોડામાં કામ કરતા દેમાબાઈના વેવાઈ જડોદરના હતા એટલે ત્યાં ફોન કરી લાછુની ભાળ મેળવી અને ભોજાય મોકલવા તજવીજ કરવાની વિનંતી કરી અને આ રવિવારે લાછુ જ્યારે ભોજાય આવી ત્યારે સ્ટાફના સૌ ભાઈ બહેનો આનંદિત થયા. અમારા પ્રશ્નના જવાબમાં માતાએ જણાવ્યું કે પરિવારમાં મૃત્યુ થવાથી તે આવી શકી નહીં. રવિવાર ૮ નવેમ્બર, ૨૦૦૯ ના દિવસે લાછુની બીજી આંખનું ઑપરેશન થયું અને વળતા દિવસે સવારે એનો પાટો છોડ્યો ત્યારે રોશનીના કિરણો એના ચક્ષુમાં પ્રવેશ્યા. મા દીકરીને સુખડી સાથે વિદાય આપવામાં આવી.

જોસેફ, કેટલી લાછુબાઈઓ આ દેશમાં અથડાતી, કુટાતી પરેશાન થતી ફરતી હશે અને એમાંથી કોને સંવેદનાસભર ભોજાયનું વાતાવરણ, હૂંફ પ્રાપ્ત થશે. આ હકીકત પર ગૌર કરતા લાગે છે કે આપણી પીડા અજાત છે, ક્યારેય ઓછી નહીં થાય.

*ભોજાય, કચ્છ*

## વૃદ્ધાવસ્થાની કઠણાઈ

**(અનુસંધાન : પાના નં.-૪૬ ઉપરથી ચાલુ)**

અંગોનો સંકોચ કરે છે. જેમ નવોઢા હાથને કંપારી લાવે, તેમ વૃદ્ધાવસ્થા હાથ કંપાવે છે. જેમ નવોઢા પ્રણયીજનનાં વચન સાંભળતી નથી, તેમ વૃદ્ધાવસ્થા કાને સાંભળતી નથી. જેમ નવોઢા રમણ કરતાં મોટો આવેગ ઉત્પન્ન કરે છે, તેમ વૃદ્ધાવસ્થા રતિમાં ઉદ્વેગ પમાડે છે. જેમ નવોઢા પોતાના શરીરને વાળે છે, તેમ વૃદ્ધાવસ્થા પોતાના શરીરે પળિયાં લાવે છે. એ રીતે નવોઢા અને વૃદ્ધાવસ્થા પુરુષ સાથે સરખાં આચરણ કરે છે. તફાવત એટલો છે કે નવોઢા પુરુષથી ભય પામે છે ત્યારે વૃદ્ધાવસ્થા પુરુષને બીવડાવે છે.'

ખરેખર, વૃદ્ધાવસ્થાની કઠણાઈ તો ભારે, ભાઈ! ■

## કુરિવાજોને કાઢવા પડશે!

**(અનુસંધાન : પાના નં.-૪૪ ઉપરથી ચાલુ)**

સુધીના કાર્યક્રમો, ઝાકઝમાળ, લાખો - કરોડોનો ધુમાડો, સાથે સાથે મામેરૂં પણ પાથરવું, કરિયાવરનો દેખાડો, છાબ લઈને જવું - ચાંલ્લો કરવા આવવું. કેવા કેવા દેખાડા થાય છે! આ બધું જ વધેલા કુરિવાજમાં આવે છે અને આ રીતે દેખાદેખી કરીને માથે દેવું કરીને પણ આ કુરિવાજોનો ભોગ બનનારા પછીથી ડૂબે છે. આમ છતાં સમાજ જાગતો નથી. કશુંય ઘટાડવા તૈયાર નથી. અનાજ અને રાંધેલા અન્નનો બગાડ, વિચારનારાને આંચકો આપે તેટલા પ્રમાણમાં થાય છે.

આ કુરિવાજોમાંથી બહાર લાવવા સમાજે સમૂહલગ્ન, આર્યસમાજ, ગાયત્રી મંદિર વિધિ — બધો પ્રારંભ કર્યો. પરંતુ કુરિવાજો, જમણવાર અને લેતીદેતીના વ્યવહારમાં કોઈ ફરક પડ્યો નથી. તાજેતરમાં મારા એક ભત્રીજાના લગ્નમાં પાટ ઉઠામણ, ચાંદલા પ્રથા, પગે લગામણ, મામેરૂં ભરવું કે પછી કોઈપણ વિધિ વિધાનમાં કોઈપણ પ્રકારના આર્થિક વ્યવહારો સદંતર બંધ રાખવામાં આવ્યા હતા. થોડી ટીકા અને ચણભણ થઈ. કોઈ વાંધો નહીં, કુરિવાજને કાઢવાનો નવો પ્રયોગ કર્યો, કોઈ તકલીફ પડી નથી. આ થઈ શકે છે. સમાજે કરવું જોઈએ. લગ્ન પ્રસંગમાં બધા કુરિવાજ ખરાબ છે. પણ આમાં સૌથી ખરાબ છે જાહેરમાં બેન્ડવાજા સાથે ભરબજારે ગરબાના નામે થતો ડાન્સ! અરે, વિચારો તો ખરા કે આપણે આ શું કરી રહ્યા છીએ? આપણી બેન-દીકરીઓ ખુલ્લેઆમ આ રીતે ડાન્સ કરે તે વાત કેવી રીતે ચલાવી લેવાય?

મરણ પ્રસંગે - મૃત્યુ પામનારની પાછળ બારમું, દસમું કે તેરમું, જમણવાર અને બાર દિવસ સુધી દિવસ-રાતની બેઠક. સમય બદલાયો છે. લોકો પાસે સમય નથી. ત્યારે આપણે આમાં ફેરફાર કરી શકીએ. હજુ સુધારો થતો નથી. ઋષિપંચમી અને શ્રાદ્ધ માટે દૂરદૂરથી બધાને ભેગા કરવા કરતા જ્યાં હોય ત્યાં પાંચમ કરી શકાય છે. કુરિવાજો ત્યજો, સમયની માંગ છે. દેખાદેખીમાં ડૂબી જઈશું. સૌ પોતપોતાની રીતે પહેલ કરીએ તો કેમ?

*મો. ૯૭૨૩૩ ૩૬૪૮૨*

***શાસ્ત્રકારોએ સાચા સંન્યાસીઓને કીર્તિથી સદા દૂર રહેવાની આજ્ઞા કરી છે કારણકે જેમ લક્ષ્મીનું, સત્તાનું અને પોતાની મહત્તાનું ઘેન ચડે છે તેમ કીર્તિનો પણ એક જાતનો નશો છે. કીર્તિ એ જીવનની મઘમઘતી સુવાસ છે, પણ કીર્તિનો કમાનાર જો એ સુવાસને પળે પળે સુંઘ્યા કરે તો એને ઘેન ચડી જાય છે. આ ઘેન ચડ્યા પછી મેળવેલી સિદ્ધિઓ પર એક જ ઘડીમાં પાણી ફરી વળે છે અને તે માણસને શિથિલ બનાવી દે છે.***

# વડાપ્રધાન સાથેની મુલાકાત

ડૉ. એચ. એલ. ત્રિવેદી

*यः पठति लिखति पश्यति परिपृच्छति पण्डितान् उपाश्रयपि ।*
*तस्य दिवाकरकिरणैः नलिनी दलं इव विस्तारिता बुद्धिः ॥ १५ ॥*

***જ્ઞાનીઓના સંગાથમાં રહીને જે વ્યક્તિ જુએ છે, લખે છે, વિચાર કરે છે, એ સૂર્યકિરણના સંપર્કથી જેમ કમળપુષ્પનો વિકાસ થાય છે તેવો વિકાસ પામે છે.***

★

શ્રીમતી ઇંદિરા ગાંધીએ ૧૯૮૨માં ફરીથી કેન્દ્ર સરકારનું સંચાલન સંભાળી લીધું હતું અને વડાંપ્રધાન તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યાં હતાં. આ તેજસ્વી ઓજસ્વી મહિલાએ નહેરુ પરિવારમાં જન્મ લીધો હોવાથી એ એક શક્તિશાળી રાજનીતિજ્ઞ તો હતાં જ. ઉપરાંત ગળથૂથીમાં રાજકારણ મેળવ્યાની સાથે સાથે રોજરોજ રાજનીતિના નવા દાવપેચ શીખતાં. તેમણે પોતે પણ અત્યંત કુશળ, ખુમારીવાળાં અને જાજરમાન એવા રાજનીતિજ્ઞ તરીકે પોતાનું અનેરું સ્થાન સ્થાપિત કરી દીધું હતું. એ દિવસોમાં એવી બોલબાલા હતી કે સંપૂર્ણ લોકસભામાં માત્ર એક જ શક્તિશાળી પુરુષ હતો, જેનું નામ હતું ઇંદિરા ગાંધી! સ્વપ્નદૃષ્ટા પિતા અને ભારતના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નેહરુ તથા તે પછીના લોકલાડીલા વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રી પાસેથી વારસામાં એમને દિલ્હીનો તાજ બક્ષીશમાં મળ્યો હતો. આટલા મોટા, અસંખ્ય પ્રશ્નોવાળા અને વિરોધાભાસી વલણ ધરાવનારા તેમ જ સિદ્ધાંતોમાં માનનારા શાસકો, રાજકારણીઓ અને (કેટલાક નેતાઓની દૃષ્ટિએ) અણઘડ પ્રજાને સંભાળી લેવા માટે આ મા જગદંબાનું નવું જ અવતરણ હતું! એકીસાથે રાષ્ટ્રના અસંખ્ય, બહુઆયામી પ્રશ્નો અને તેની સાથે સાથે જ એકલી વિધવા મા અને પ્રેમાળ દાદીમા, એવાં બધાં જ પાત્રો આ વિશેષ ભણતર વગરની વિદૂષી સ્ત્રી કોઈ પણ વિચક્ષણ અને બુદ્ધિશાળી પુરુષને શરમાવે એવી સ્ફુર્તિ અને કાર્યદક્ષતાથી નિભાવીને સતત પ્રવૃત્તિશીલ રહેતી.

હું ઘણા સમયથી ઇંદિરાજીની મુલાકાત-સમય લેવા માટે પ્રયત્નશીલ હતો. માર્ચ, ૧૯૮૨થી મેં જાતે એમના કાર્યાલય સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો હતો. મારી ઇચ્છા હતી કે, કિડનીના રોગોની ગંભીરતા અને એની યોગ્ય સારવારની અનિવાર્યતા એમને સમજાવું. સાથેસાથે મારી આવડતની વાત કરું તો કદાચ કિડની ઇન્સ્ટિટ્યૂટને કેન્દ્રીય મહત્ત્વ ધરાવતી રાષ્ટ્રીય સંસ્થાનો દરજ્જો એ અપાવી શકે. પછી સંસ્થાનું કાર્યક્ષેત્ર સહેલાઈથી દેશવ્યાપી થઈ શકે અને પ્રગતિ પણ ખૂબ ઝડપથી સાધી શકાય.

એપ્રિલ માસના અંતમાં મને વડાં પ્રધાનની કચેરીએથી કાગળ મળ્યો કે, મૅડમે મને ૩૧ મે, ૧૯૮૨ ના રોજ સવારે ૯.૦૦ વાગ્યે મુલાકાતનો સમય આપ્યો છે. હું ખૂબ ખુશ થઈ ગયો! આ મુલાકાત-સમય મેળવવા માટેની સફળતા કોંગ્રેસ પક્ષના અગ્રણી શ્રી રામજીભાઈ માવાણીના પ્રયત્નોને કારણે મળી. ૩૦ મે ની રાત્રે દિલ્હી ખાતે આવેલ ગુજરાત ભવનમાં રોકાયા. વહેલી સવારે ૧, અકબર રોડ પર વડાંપ્રધાનના નિવાસસ્થાને રામજીભાઈ મને લઈ ગયા. અમે ત્યાં પહોંચ્યા ત્યારે લગભગ ત્રણસો લોકોની ગિરદી ત્યાં હતી અને મધપૂડાની જેમ લોકો બંગલાની બહાર ઘેરાયેલ દેખાતા હતા. રામજીભાઈએ મારો હાથ પકડી રાખ્યો અને નાના બાળકની જેમ મને અંદર દોરી ગયા. એમણે મને પહેલેથી ચેતવી દીધો હતો કે, મૅડમના બંગલે ખૂબ જ ભીડ હશે, ધક્કામુક્કી થશે અને કોઈ પણ પરિસ્થિતિમાં મારે એમનો હાથ છોડવો નહીં. રામજીભાઈ ઊંચા પહોળા, ભરાવદાર વ્યક્તિત્વવાળા અને પ્રભાવશાળી. ત્યાં પહોંચતાં જ ત્યાંના સુરક્ષાકર્મીઓએ એમને કોંગ્રેસ પક્ષના મોભી માનીને જગ્યા કરી આપી અને એમની આભાથી જ લોકો પણ થોડાક અદબભેર થઈ ગયા. પ્રારંભિક સુરક્ષાતપાસ પછી વડાંપ્રધાનના નિવાસસ્થાનના બગીચામાં પ્રવેશ મળ્યો. ત્યાં સુધી પહોંચતાં અમને પંદરેક મિનિટ લાગી. અંદર ખુલ્લાં પ્રાંગણમાં પહોંચ્યાં ત્યારે જુદા જુદા સમૂહો ઊભા હતા અને અમે જોયું કે, મૅડમ દરેક સમૂહ સાથે થોડીક પળો ગાળે, પ્રેમથી વાત કરે અને આગળ વધે. અમને એમના રહસ્યસચિવ શ્રી આર. કે. ધવન સીધા એમની કચેરીમાં લઈ ગયા. ધવનસાહેબે પહેલેથી જ મારી પાસેથી મેં તૈયાર કરેલ દરખાસ્ત મેળવી લીધી હતી. એમણે એનું વિહંગાવલોકન કર્યું અને એના ઉપર નોંધ કરીને અમને એક તરફ કચેરીના બહારની પ્રતીક્ષાખંડમાં સન્માનપૂર્વક બેસાડ્યા. થોડી જ પળોમાં મૅડમ હાજર થયાની જાણ થઈ અને અમને અંદર એમની સમક્ષ બોલાવવામાં આવ્યા.

'પ્રિયદર્શિની' નામ એમને માટે યથાયોગ્ય હતું અને એમને શોભાવતું હતું. તેજસ્વી કાંતિ અને ધીરગંભીર, છતાંયે થોડુંક સ્મિત ધરાવતાં ઇંદિરાજીને જોઈને હું પહેલી નજરે જ અભિભૂત થઈ ગયો હતો એ મારે કબૂલ કરવું રહ્યું. એમની સાથે પત્રવ્યવહાર દ્વારા મારે ઘણી વાર પરોક્ષ મુલાકાત થઈ હતી. પરંતુ પ્રત્યક્ષ મુલાકાત તો આ પહેલી જ હતી! મનમાં ને મનમાં મેં મારી જાતને સંબોધીને કહ્યું, આપણા જ લોકો તો શું પરંતુ વિદેશી રાજદૂતો પણ આમની સામે અમથા મોહિત થઈને વશીભૂત નથી થતા.

દેશની આઝાદીમાં વ્યસ્ત, અતિશય સમૃદ્ધ વકીલ દાદાજી-પિતા અને ખૂબ મોટું નામાંકિત ખાનદાન હોવા છતાં, અતિશય સુકોમળ અને બીમાર માતાની અપૂરતી હૂંફને કારણે એમનું શિક્ષણ પણ લોકોની નજરે અવ્યવસ્થિત અને અધૂરું જ રહી ગયેલ. અનેક સ્વદેશી-વિદેશી રાજવીઓ, રાજકારણીઓ, મહેમાનો, કુટુંબીજનો અને નોકર-ચાકરોની વચ્ચે ઊછરેલાં તથા મોટેરાંઓની પ્રેમની નજર અને હૂંફ તથા સારસંભાળ વિનાનું ઘડતર પામેલી આ દીકરીએ નોંધારાપણાનો અહેસાસ કર્યો હશે. એટલે જ હંમેશાં એમને એક જાતનો અજંપો અને ડર પણ રહેતો હશે. તેમના વ્યક્તિગત જીવનમાં અનેક વિરોધાભાસી તત્ત્વોનો સંઘર્ષ રહેતો હશે. એક અસાધારણ સ્વપ્નદ્રષ્ટા હોવા છતાં મિત્રો અને સગાંઓ તરફથી પ્રેમની ઝંખનામાં સાંપડેલ નિરાશાને કારણે ધીરે-ધીરે સ્વરચિત કોચલામાં પોતાને બંધ કરતાં થયાં હતાં, એકાકી થતાં જતાં હતાં અને કદાચ સંસારથી પણ વિમુખ થવા માંડ્યાં હતાં!

એમની સામે જોઈને હું ઊભો રહ્યો અને આદરપૂર્વક અભિવાદન કર્યા બાદ સામે બેસીને મેં એમને વાત કરી કે થોડાં વર્ષે પૂર્વેના એમના સૂચનને સન્માન આપીને હું હંમેશ માટે કેનેડાના શિક્ષણ તબીબી તીર્થને છોડીને વતનમાં પાછો આવ્યો છું અને અમદાવાદમાં રાજ્ય સરકારની મદદથી કિડની ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી શક્યો છું. એમણે સંસ્થા વિશે માહિતી માંગી કે, કેટલી જગ્યા છે, કેટલા દર્દીઓ રોજ આવે છે, એમને કઈ કઈ જાતની સવલતો આપવામાં આવે છે? વગેરે. ...પછી પૂછ્યું, સરકાર પાસેથી તમને આર્થિક સહાય કેટલી મળે છે? મેં જવાબ આપ્યો, વાર્ષિક રૂપિયા ત્રણ લાખ. એમને કિડનીની પથરી વિશે જાણવાનું કુતૂહલ હતું. એમણે પૂછ્યું કે, ક્ષારવાળું પાણી પીવાથી લોકોને તકલીફ થતી હોય છે કે પછી બીજા પણ કારણો હોય છે? પછી મેં એમને સમજાવ્યું કે, ભારતનો દરિયાકાંઠો તથા રાજસ્થાન અને મધ્યપ્રદેશના ઘણા ભાગો એવા છે જ્યાં મોટા પ્રમાણમાં લોકો પથરીની બીમારીથી પીડાઈ રહ્યા છે અને આખી કિડની કાઢવાનો પણ વારો આવે છે. પછી એમણે સીધો સવાલ કર્યો કે, "ડૉક્ટર, શું આપને લાગે છે કે, રાજ્ય સરકાર આપને પૂરતી સહાય આપે છે?" મેં જવાબ આપ્યો, આર્થિક સહાય તો મળે છે પરંતુ કામનો વ્યાપ જોતાં એ ઘણી જ અપૂરતી લાગે છે. જો સંસ્થાને કેન્દ્રીય સંસ્થાનો દરજ્જો મળે તો વિકાસ ઘણો જ ઝડપથી સાધી શકાય. ત્યારે એમણે પૂછ્યું, "તમારી એવી ઈચ્છા છે કે લોકસભા દ્વારા ખરડો પસાર કરીને તમારી સંસ્થાને રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાનો દરજ્જો આપવામાં આવે?" ત્યારે મેં જવાબ આપ્યો કે એવું જ કાંઈક કરવાની જરૂરિયાત છે. હાલમાં કિડની રોગોનાં સારવાર, સંશોધન, શિક્ષણને લગતી દેશની આ એકમાત્ર સંસ્થા છે. આપની છત્રછાયા હેઠળ એનો વિકાસ ઝડપથી થશે એની મને ખાતરી છે.

એમણે જવાબ આપ્યો, "આપણા દેશમાં આરોગ્ય એ રાજ્યનો વિષય હોવાથી સહજ રીતે કેન્દ્ર સરકાર એમાં હસ્તક્ષેપ ન કરી શકે. પરંતુ અમે રાજ્ય સરકારને દરખાસ્ત કરીને વિશેષ સહાય અને સવલતો પૂરી પાડવામાં મદદ કરવા માટે અનુરોધ કરીશું. આપની પાસે કોઈ દરખાસ્ત તૈયાર છે?"

મેં તરત જ મારી પાસેની દરખાસ્ત એમને આપી અને વાર્ષિક આર્થિક સહાય રૂપિયા પાંચ લાખ સુધી વધારી આપવાની વિનંતી કરી. એમણે દરખાસ્ત ઉપર હકારાત્મક નોંધ મૂકી અને તરત જ ફાઈલ આગળ મોકલી આપી. હું ખૂબજ પ્રભાવિત થયો. આભાર માનીને વિદાય લેતાં એમણે મને અભિનંદન પાઠવ્યાં અને આ સુંદર કામમાં ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે એવી શુભ કામનાઓ પણ આપી. મેં તરત જ એમને જવાબ આપ્યો કે, જો આ કાર્ય સિદ્ધ થાય તો ૧૯૮૩ માં એમણે જાતે જ આવીને નવી રાષ્ટ્રીય સંસ્થાનું ખાતમુહૂર્ત (ઉદ્‌ઘાટન) કરવું. એમણે તરત જ અનુમતિ આપી અને અમે એમના નિવાસસ્થાનેથી વિદાય લીધી.

દુર્ભાગ્યે મારું આ સ્વપ્ન કદી સાકાર ન થયું. મને પછી જાણવા મળ્યું કે, શું થયું હતું : આ વાતની ગંધ તત્કાલીન કેન્દ્રીય આરોગ્યમંત્રીશ્રી શંકરાનંદજીને આવી હતી. એ પોતે બેંગલોર (હાલનું બેંગલુરુ) ના સાંસદ હતા. એટલે ટૂંક સમયમાં જ એમણે પોતાની વગ વાપરીને આ ફાઈલ ગાયબ કરી અને એની જગ્યાએ એવી જ ફાઈલ તૈયાર કરીને કિડની ઇન્સ્ટિટ્યૂટની માંગણી બેંગલોર માટે મૂકી દીધી. જેથી કરીને એમનો મતવિસ્તાર વધુ સમૃદ્ધ થાય. આ વાત જાણ્યા પછી મને આપણા દેશના રાજકારણ અને નેતાઓ પરનો વિશ્વાસ હંમેશ માટે ઊઠી ગયો. તે પછી મેં કેન્દ્ર સરકાર પાસે ક્યારેય હાથ ન લંબાવવાનો નિર્ધાર કર્યો અને સ્વમહેનતે જે કાંઈ સેવા-કાર્ય થાય તેટલું કરીને સંતોષ માનવો એવું મનોમન નક્કી કર્યું.... યોગાનુયોગે કિડની રોગો માટે કેન્દ્રીય સહાય સાથેની રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા આપણા દેશમાં ક્યારેય જન્મી નહીં.

આજે મને આનંદ એ વાતનો છે કે મેં ઇચ્છ્યું હતું એવી કોઈ કેન્દ્રીય સહાય વિના પણ આ સમયે આપણી આ સંસ્થા સારવાર અને સંશોધનને સંદર્ભે દેશની જ નહીં સમગ્ર વિશ્વની અગ્રણી સંસ્થાઓની હરોળમાં ઊભી રહી છે. ■

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

*VIJAY LAXMI TRANSPORT CARRIERS*
**NAVIN ORIENT CARRIER**
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

# માહિતીનાં પગથિયાંથી પ્રજ્ઞા ભણી પ્રયાણ

ધર્મ

થોમસ પરમાર

શ્રી ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ (મુંબઈ) દ્વારા જૈન ધર્મના સર્વપ્રથમ એન્સાઇક્લોપીડિયા - જૈન વિશ્વકોશ ખંડ-૧ તાજેતરમાં પ્રગટ થયો છે. આધુનિક સમયમાં જુદા જુદા વિષયના અને ધર્મના વિશ્વકોશ પ્રગટ થઈ રહ્યા છે ત્યારે સ્વાધ્યાયને મહત્ત્વનું સ્થાન આપનાર જૈન ધર્મમાં વિશ્વકોશનો જે શૂન્યાવકાશ પ્રવર્તતો હતો તે આ ગ્રંથ તેમજ હવે પછી પ્રગટ થનાર અન્ય છથી સાત ગ્રંથો દ્વારા દૂર થશે. આજ સુધી જૈન ધર્મના વિશ્વકોશને સર્જવા માટે અનેક પ્રયત્નો થયા હતા, પરંતુ એને ધારી સફળતા મળી ન હતી. જૈન ધર્મમાં વર્ષોથી નહીં થઈ શકેલું આ કપરું કાર્ય પદ્મશ્રી કુમારપાળ દેસાઈ અને શ્રી ગુણવંત બરવાળિયાએ સુપેરે પાર પાડ્યું છે. યુગદિવાકર રાષ્ટ્રસંત પૂ. નમ્રમુનિ પ્રેરિત જૈન ગ્લોબલ આગમ મિશનના કાર્યની શૃંખલામાં જૈન વિશ્વકોશનો પ્રારંભ આ ગ્રંથથી થઈ રહ્યો છે.

જૈન વિશ્વકોશ રચનાનાં વિચારબીજ રાજકોટના જૈન સાહિત્ય જ્ઞાનસત્રમાં વવાયાં હતાં. આ કાર્યને આગળ ધપાવવા માટે આ પછી મુંબઈ અને અમદાવાદમાં આ વિષયના વિદ્વાનોની સભા મળી હતી. સદર ગ્રંથનાં અધિકરણોમાં લેખન અંગે છેલ્લાં ત્રણ વર્ષમાં એક મુંબઈમાં અને ત્રણ કોબા (મહાવીર આરાધના કેન્દ્ર) માં વિદ્વાનોના વર્કશોપ યોજવામાં આવ્યા હતા. ચાર ચાર વર્ષના અથાગ પરિશ્રમને અંતે આ ગ્રંથ પ્રગટ થયો છે. જૈન વિશ્વકોશ એટલે જૈન ધર્મની તમામ બાબતોને આવરી લેતો કોશ. એક પ્રાચીન અને વિરાટ ધર્મની અનેક શાખાઓની સર્વાંગીણ માહિતી સંક્ષિપ્ત અને અધિકૃત સ્વરૂપે આપવામાં આવી છે. 'જૈન વિશ્વકોશ' ના આ પ્રથમ ભાગમાં જૈન ધર્મના ૪૬૨ જેટલા જુદા જુદા લેખોનો સમાવેશ થાય છે. તેમાં ૯૫ વિષયોને કક્કાવારી પ્રમાણે રજૂ કરવામાં આવ્યા છે. જેને લખવામાં મહાત્માઓ, પંડિતો, વિદ્વાનો એકસો જેટલા અભ્યાસીઓ, વિદેશમાં વસતા તજજ્ઞો અને સંશોધકોએ પ્રદાન કર્યું છે. આ ગ્રંથ તૈયાર કરવામાં જૈનોના દરેક ફિરકાના વિદ્વાન ગુરુ ભગવંતો અને પૂ. સતીજીઓનો પણ સહયોગ મળ્યો છે એ અભિનંદનને પાત્ર છે. ૩૯૨ પૃષ્ઠ ધરાવતા આ ગ્રંથમાં ૨૨૨ જેટલાં આકર્ષક રંગીન ચિત્રો રજૂ કરીને વિષયોને દશ્યમાન કરવામાં આવ્યા છે.

આ ગ્રંથમાં જૈન ધર્મના મુનિ ભગવંતો, આચાર્ય, પૌરાણિક પાત્રો, તીર્થંકરો, દેવીઓ, વિશિષ્ટ વ્યક્તિઓ, ગ્રંથો, પર્વો, પારિભાષિક શબ્દો, સંસ્થાઓ, તીર્થસ્થળો, ભૂગોળ વગેરે વિષયોને આવરી લેવામાં આવ્યા છે. જેમ કે ઋષભદેવ જેવા તીર્થંકર ભગવાનો; અંબિકા જેવાં દેવી, અગ્નિશર્મા, અવંતી સુકુમાર, અંગર્ષિઋષિ, ઇલાચીકુમાર, ઉદયન રાજર્ષિ જેવાં પૌરાણિક પાત્રો; અકામ નિર્જરા, અણુવ્રત, અનુપ્રેક્ષા, અનેકાંતવાદ, અહિંસા, આત્મા, ઋજુગતિ, ઓરા, ઔપશમિકભાવ જેવા તત્ત્વજ્ઞાનના અને અહોરાત્રિ, અંકલિપિ જેવા ગણિતના પારિભાષિક શબ્દો; અઈમુત્તામુનિ, અકલંક આચાર્ય, અજરામર સ્વામી, અણુવ્રતના પ્રવર્તક આચાર્ય તુલસી, જૈન ભૂગોળના વિદ્વાન પંન્યાસ અભયસાગરજી મ.સા., આચાર્ય ઉદયરત્નસૂરીશ્વરજી મ.સા. જેવા મુનિ ભગવંતો અને આચાર્યો; અક્ષયતૃતીયા, ઉજમણું, ઓળીપર્વ જેવાં પર્વો; અભિધાન ચિંતામણિ કોશ, અભિધાન રાજેન્દ્ર કોશ, આગમ સાહિત્ય, આગમ ટીકાઓ, આત્મસિદ્ધિશાસ્ત્ર, ઉત્કાલિક સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર વગેરે ગ્રંથો; અવંતીપાર્શ્વનાથ, આબુ, ઉવસગ્ગહરં પાર્શ્વનાથ તીર્થ, ઓસિયા જેવાં તીર્થસ્થળો; આબુ, ઇલોરા, ઉદયગિરિ-ખંડગિરિ વગેરે સ્થળોની શિલ્પ-સ્થાપત્યકળા; અકર્મભૂમિ, અંજનગિરિ પર્વત, ઋજુવાલિકા નદી, અંચલગચ્છ, ઐરાવતક્ષેત્ર વગેરે જૈન ભૌગોલિક સ્થળો વિશે રસપ્રદ માહિતી આપવામાં આવી છે. જૈન ધર્મ સંસ્કૃતિ અંગે સંશોધન અને સંરક્ષણનું કામ કરતી સંસ્થાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. દેશ-વિદેશમાં ઘણા જૈનોએ વિવિધ ક્ષેત્રોમાં આગવી સિદ્ધિ હાંસલ કરીને જૈન સંસ્કૃતિને ગૌરવવંતી કરી છે, એવી વ્યક્તિઓનાં ચરિત્રો છે. ઓરિસા, આસામ, ઉત્તરપ્રદેશ અને ઍન્ટવર્પમાં જૈન ધર્મના ઇતિહાસનો સંક્ષિપ્ત પરિચય રસપ્રદ છે.

ગ્રંથનાં કેટલાંક અધિકરણો માત્ર પરિચયાત્મક છે. જોકે પારિભાષિક શબ્દોમાં જ આવું જોવા મળે છે. જ્યારે કેટલાંક અધિકરણો વિસ્તૃત અને તલસ્પર્શી છે. અહિંસા, અનેકાન્તવાદ, ઓરા, અર્થશાસ્ત્ર અને જૈન ધર્મ વગેરે અધિકરણો જ્ઞાનસભર વિસ્તૃત છે. અર્થશાસ્ત્ર અને જૈન ધર્મ વિશેનાં અધિકરણ નવ જેટલાં પૃષ્ઠોમાં લખાયાં છે. જૈનોમાં ઉકાળેલા પાણી અને ચોક્કસ સમયે લેવાતા આહારની પ્રથાને વૈજ્ઞાનિક રીતે સમજાવવામાં આવી છે. શ્રીમદ્ વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી મ. રચિત 'અભિધાન રાજેન્દ્ર કોશ' અને શ્રીમદ્ રાજચંદ્રજી લિખિત 'આત્મસિદ્ધિશાસ્ત્ર' નાં અધિકરણો કોઈ પણ વિદ્યાઉપાસકે વાંચવા જેવાં છે. 'અભિધાન રાજેન્દ્ર કોશ' પૂરો કરતાં ૧૪ વર્ષ થયાં હતાં. પ્રાકૃત અર્ધમાગધી શબ્દોના મહાસાગર સમા આ ગ્રંથમાં ૪૫ આગમોનો સાર સમાવિષ્ટ છે. તેની રચનામાં ૯૭ ગ્રંથોનો આધાર લેવામાં

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૪ ઉપર)

# જૈન ધર્મ : વિશ્વનો મહાન ધર્મ

નીતિન એચ. સંઘવી

જૈન દર્શને જગતને જે આપ્યું છે, એ અન્ય કોઈ દર્શન આપી શકે તેમ નથી. તેના માટે મહત્ત્વની બે બાબત મગજમાં ઉતારવી પડે. એકતો એ, કે ધર્મ એ શ્રદ્ધાનો વિષય છે. સાબિતી સ્તરે એને લઈ ન જવાય તો સારું. અને બીજી, આત્મા અને શરીર બંને જુદા છે. એ વાત પણ મનમાં કંડારવી જોઈએ.

જે દર્શને જગતના નિગોદથી માંડીને તમામ જીવો વિશે વિચાર્યું, જે તીર્થંકરે તમામ જીવોને મુક્તિ મળે તેવું વિચાર્યું, એણે શું માનવ વિશે નહીં વિચાર્યું હોય? આમાં ક્યાં ગહન વાત આવી? પરમાત્માએ ૪ ધર્મ વર્ણવ્યા. એમાં દાન, તપ, શીલ અને ભાવ. એમાં ક્યાં ભાગલા પડ્યા? ભાગલા તો આપણે અજ્ઞાનીઓએ જ પાડ્યા છે. એક શબ્દના અનેક અર્થ થતા હોય છે. આપણે કયા અર્થને કયા સ્વરૂપમાં પકડીએછીએ એના પર નિર્ભર છે. એનેએ જ તો અનેકાંતવાદ છે. અડધો ગ્લાસ ભરેલો અને અડધો ખાલી – બંને સાચું છે. પરંતુ આપણી દૃષ્ટિ ખાલી ભાગમાં જાય છે. એવું નથી કે આવું આજે થાય છે. પરમાત્મા મહાવીરના સમયમાં પણ જમાલીએ એક શબ્દ પર અલગ પંથ રચ્યો હતો.

હવે જો આપણે શરીર અને આત્માને અલગ ગણીએ તો અત્યારે આપણું લક્ષ્ય સરીર પ્રત્યે જ જાય છે. શરીરમાં રહેલ આત્મા જે શાશ્વત છે તેના પ્રત્યે આપણું લક્ષ્ય જ નથી અને નાશવંત ચીજ કે જે ક્યારે શાશ્વત નથી અને શાશ્વત સુખ આપનારી નથી તેના ટાપટીપ પાછળ જ આપણું જીવન વ્યતીત થાય છે. પરંતુ કદાચ આપણે જે વસ્તુ જોઈ નથી તેને આપણે કેવી રીતે માની શકીએ? આ જ એક વિચારધારામાં આપણે ભવોભવ અટવાયા જ કરીએ છીએ.

અરે, ભગવાન કરતાં પણ કર્મને જૈન દર્શને મહાન ગણાવ્યું છે અને એટલે જ પરમાત્માને પણ કર્મસત્તાએ છોડ્યા ન હતા. કેટલા બધા ઉપસર્ગો પરમાત્માએ સહન કર્યા અને એટલે જ તો એ પરમાત્મા કહેવાયા.

આપણે તો સહેજ અહં ઘવાય કે આપણા વિચારો સાથે અન્ય કોઈ સંમત ન થાય તો આપણે આપણા મનનું સંતુલન ગુમાવી દઈએ છીએ. પરમાત્માને આટલા બધા ઉપસર્ગો કરનાર ગૌશાળા પર પણ દયા આવી કે તે બિચારો મરીને ક્યાં જશે!

આ જ છે ધર્મની મહાનતા અને આ જ બાબત પરમાત્માએ આપણને - જગતને સમજાવી છે. પરંતુ આપણે ધર્મની પાયાની બાબતો ભૂલી જઈએ છીએ તો પછી તેના અંદરના પેટાળ સુધી ક્યાં પહોંચવાના?

આપણે માનવધર્મ - શ્રેષ્ઠ ધર્મની વાતો કરીએ છીએ પરંતુ તેના કારણે આપણે અન્ય જીવો પ્રત્યે ઉપેક્ષા કરતા હોવાનું ફલિત થાય છે. આપણે ગૌરક્ષાની વાતો કરીએ છીએ તો પછી ભેંસ, બકરી – એનામાં જીવ નથી? એની ઉપેક્ષા શા માટે? જેના હૈયામાં સર્વે જીવો પ્રત્યે મૈત્રી અને કરુણાનો ભાગ પ્રગટે ત્યારે જ સાચું પરમતત્ત્વ પ્રગટ્યું કહેવાય. માત્ર માનવ નહીં, જગતના તમામ જીવો જેમાં વનસ્પતિ, અગ્નિ, વાયુ – આ બધા જીવો આવી જાય. આવી કરુણા આપણામાં ક્યારે પ્રગટશે?

પરમાત્માને સદાયે પ્રાર્થના કરીએ કે હે પ્રભુ! તે જગતને જે આપ્યું છે તે અલૌકિક છે અને એ અમારા / આપણા સૌના અંતરમાં પ્રગટે. એ ઉજાસ સદાયે ફેલાતું રહે જેની જ્યોતથી વિશ્વના સૌ જીવોને શાતા મળે – બસ એવી શક્તિ પ્રભુ અમને આપો.

અમે નાદાન છીએ, છદ્મસ્થ છીએ અને એથી જ ક્યારેક નાની મોટી વાતોમાં કોઈના મનને ઠેસ પહોંચાડવાનું કાર્ય કરી બેસીએ છીએ. એ જીવો સૌ અમને ક્ષમા આપે... ક્ષમા આપે...

*પ્લોટ નં. ૭૬/૨, સેક્ટર-૨/સી, ગાંધીનગર.*

## માહિતીના પગથિયાથી પ્રજ્ઞા ભણી પ્રયાણ

**(અનુસંધાન : પાના નં.-૫૩ ઉપરથી ચાલુ)**

આવ્યો છે. 'આત્મસિદ્ધિશાસ્ત્ર'ની શ્રીમદ્ રાજચંદ્રે ફાનસના આછા પ્રકાશમાં એકજ બેઠકે માત્ર દોઢ-બે કલાકમાં રચના કરી હતી.

૨૨૨ ચિત્રોએ ગ્રંથને કલાપૂર્ણ બનાવ્યો છે. કેટલાંક અધિકરણોની નીચે આપેલ સંદર્ભ સૂચિ આધારભૂતતાનું પ્રમાણ આપે છે. આર્ટ પેપર પરનું તેનું છાપકામ સુઘડ અને સ્વચ્છ છે. આશીર્વાદ પત્રમાં પ.પૂ. નમ્રમુનિ મ. સાહેબે જણાવ્યું છે કે, 'જૈન વિશ્વકોશ એટલે હજારો માહિતીનાં પગથિયાં દ્વારા પ્રજ્ઞાનાં શિખરો સર કરવાનો મહાપ્રયાસ.' સદર ગ્રંથ જોતાં સંપાદકો અને આયોજકોએ મહારાજસાહેબના આ શબ્દો સાચા પાડ્યાનો અહેસાસ જરૂર થાય છે. યોજના પ્રમાણે દસ ગ્રંથો પૂરા થશે ત્યારે સમગ્ર જૈનવિદ્યા (Jainology) તેમાં આવરી લેવાઈ હશે, આ ગ્રંથ તેનો એક ભાગ છે.

*સંદર્ભ : 'વિશ્વવિહાર'*

# આશાતના અને અંતરાય

ધર્મ અને ચિંતન

રમણલાલ ચી. શાહ

થોડા વખત પહેલાં એક મિત્રએ મને કહ્યું, 'રમણભાઇ, અમારા એક વડીલ કે જેઓ બંને પગે અપંગ છે એમને એક પવિત્ર દિવસે ભગવાનનાં દર્શન કરવાનો ભાવ થયો. અમે એમને ઊંચકીને ગાડીમાં બેસાડ્યા અને દર્શન કરવા લઇ ગયા. એક દેરાસરે ગયાં અને દરવાજા પાસે ગાડી એવી રીતે ઊભી રાખી કે જેથી ગાડીમાં બેઠાં બેઠાં ભગવાનનાં દર્શન થાય. પરંતુ દર્શન ન થયાં કારણકે દરવાજામાં ભગવાન આડે કાળું મોટું બોર્ડ હતું. એટલે અમે એમને બીજા દેરાસરે લઈ ગયા તો ત્યાં પણ દરવાજામાં આડું બોર્ડ હતું. ત્રીજા અને ચોથા દેરાસરે પણ એમ જ હતું. તેઓ બહુ નિરાશ થઈ ગયા. પછી અમે એમને સમજાવ્યા કે દેરાસરની ધજાનાં દર્શન કરો એટલે ભગવાનનાં દર્શન થઈ ગયાં કહેવાય. એમણે ધજાનાં દર્શનથી સંતોષ માન્યો.'

મારા એક મિત્ર શ્રી બિપિનભાઈ જૈને કહ્યું, 'કચ્છમાં અમારા નાની ખાખર ગામમાં પહેલાં દેરાસરના દરવાજામાં ભગવાનની આડે કોઈ બોર્ડ નહોતું. બહારથી ઊભાં ઊભાં દર્શન થઈ શકતાં. હવે ત્યાં પણ પાટિયું આવી ગયું છે.'

મેં કહ્યું, 'કચ્છમાં ભદ્રેશ્વરના જૂના દેરાસરમાં આંગણામાં ઊભા રહીને અંદર દૂર અમે મહાવીર સ્વામીનાં દર્શન કરતા. દેરાસરની રચના એવી કરી હતી કે ઠેઠ બહાર ઊભેલો માણસ પણ ભગવાનનાં દર્શન કરી શકે.'

એમ કહેવાય છે કે બોર્ડ રાખવાનું કારણ એ છે કે ભગવાનની પ્રતિમા પર ઓછાયો પડે એથી આશાતના થાય અને વળી બહાર નીકળતાં ભક્તોની પૂંઠ થાય એ બીજા પ્રકારની આશાતના થાય. એમ આ બે પ્રકારની આશાતના માટે દેરાસરોના દરવાજા પાસે બોર્ડ રાખવામાં આવે છે. આ ઉપરાંત બીજું કોઈ કારણ હોય તો તે મારા જાણવામાં નથી. પરંતુ આ અંગે જરા વિગતથી વિચારવાની જરૂર છે.

ભારતમાં બધાં જિનમંદિરોના દરવાજામાં બહાર મોટાં બોર્ડ નથી હોતાં. ગુજરાતમાં જૂના વખતમાં બધે એવું હશે કે નહિ તે ખબર નથી, ગુજરાત, રાજસ્થાન વગેરે ભારતનાં મંદિરોમાં ક્યાં ક્યાં આવાં બોર્ડ રાખવામાં આવ્યાં છે તેનો સર્વે કરવો જોઈએ. કેટલાક મંદિરોમાં જિનપ્રતિમા જ પહેલે માળે રાખવામાં આવી હોય છે. એટલે તેઓને માટે આવા પ્રશ્નો ઉપસ્થિત થતા નથી. મુંબઈમાં પાયધૂનીના છ દેરાસર તથા દિગંબર દેરાસર પહેલે માળે છે.

જૂના વખતમાં પ્રસૂતિવાળી સ્ત્રી કે એનાં ઘરનાં સભ્યો માટે અથવા રજસ્વલા સ્ત્રી માટે દર્શનની જુદી કાયમની વ્યવસ્થા થતી. અમારા ગામમાં દેરાસરમાં એવી રચના પૂર્વજોએ કરેલી કે પ્રસૂતિવાળી સ્ત્રી કે રજસ્વલા સ્ત્રીને દર્શન કરવાં હોય તો તે માટે દેરાસરની બહાર એક જાળી રાખવામાં આવી હતી કે જ્યાંથી તેઓ દર્શન કરી શકે.

દેરાસરમાં ભગવાનની પ્રતિમાને કોઈની અશુભ દૃષ્ટિ લાગે, શુદ્રાદિ માણસો દર્શન કરે, રજસ્વલા સ્ત્રી બહારથી દર્શન કરે માટે પડદો કે બોર્ડ રાખવામાં આવે છે પણ તે નિયમ કેટલો વ્યાજબી છે તે વિચારવું જોઈએ.

એક વખત પ.પૂ. સ્વ. કૈલાસસાગરસૂરિજી સાથે મારે વાત થઈ હતી ત્યારે એમણે કહેલું કે 'મહેસાણામાં ગામમાં નહિ પણ હાઈવે પર હું દેરાસર એટલા માટે કરાવું છું કે જતાં આવતાં પ્રવાસીઓ દૂરથી પણ દર્શન કરી શકે. સીમંધરસ્વામીની પ્રતિમા એટલી ઊંચી બનાવડાવી છે, બેઠક પણ ઊંચી રાખી છે અને દેરાસરનો દરવાજો પણ ઊંચો અને પહોળો બનાવ્યો છે કે જેથી રોડ ઉપરથી માણસ ભગવાનના દર્શન કરી શકે. મોટરકાર કે બસમાં જતા આવતા પ્રવાસીઓ પણ દર્શન કરી શકે.'

ભરત મહારાજાએ અષ્ટાપદ તીર્થમાં ચોવીસ ભગવાનની પ્રતિમા ભરાવીને પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રતિમા 'નિજ નિજ દેહપ્રમાણ' એવી કરાવી હતી અને ચાર દિશામાં એની ગોઠવણી બે, ચાર, આઠ અને દસ એ ક્રમે રાખી હતી. સૂત્રમાં આવે છે :

***ચત્તારિ અટ્ઠ દસ દોય વંદિયા જિનવરા ચઉવિસ્સં.***

અષ્ટાપદ પર્વત ઘણો ઊંચો હતો. એટલે નીચે ઘણે દૂરથી પ્રતિમાઓ નિહાળી શકાય. હવે એ ચોવીસ ભગવાનનાં દર્શનમાં અંતરપટ ક્યાંથી ઊભો કરી શકાય?

પ.પૂ. શ્રી દેવચંદ્રજી મહારાજે શ્રી શાંતિનાથ ભગવાનના સ્તવનમાં લખ્યું છે કે :

***દક્ષિણ પશ્ચિમ ઉત્તર દિશિમુખ ઠવણા જિન ઉપગારી રે;***
***તસુ આલંબન લહીય અનેકે, તિહાં થયા સમકિતધારી રે.***

આ સ્તવનમાં દેવચંદ્રજી મહારાજે સમવસરણની વાત કહી છે. સમવસરણમાં સહુ કોઈ જઈ શકે છે. ભગવાન સમવસરણમાં પૂર્વાભિમુખ હોય છે. અન્ય દિશામાં બેઠેલા લોકોને પણ

ભગવાનનાં સાક્ષાત્ દર્શન થાય એ માટે દેવો બાકીની ત્રણે દિશામાં ભગવાનની જીવંત પ્રતિકૃતિની સ્થાપના કરે છે. એ એવી આબેહૂબ હોય છે કે જોનારને એમ નથી લાગતું કે અમે ભગવાનને બદલે એમની પ્રતિકૃતિ જોઈએ છીએ. સમવસરણની રચના બધાંને દર્શનનો લાભ મળે અને ભગવાનની પવિત્ર દેશના સાંભળવા મળે એ માટે હોય છે. ત્યાં શૂદ્રાદિ, મિથ્યાત્વી અન્ય ધર્મી લોકો પણ ભગવાનનાં દર્શન કરે છે. અરે પશુપંખીઓ પણ ત્યાં આવે છે. પરંતુ એ માટે સમવસરણના દરવાજા બંધ કરવામાં નથી આવતા અથવા બોર્ડ મૂકવામાં નથી આવતું અને આવે તો પણ ભગવાન એટલે ઊંચે બિરાજમાન હોય છે કે દરવાજાનું કે બોર્ડનો ખર્ચ માથે પડે. વળી મહત્ત્વની વાત તો એ છે કે કેટલાય ભવ્ય જીવોને પ્રતિકૃતિ અર્થાત્ પ્રતિમા જોતાં જ ત્યાં સમવસરણમાં જ સમક્તિ પ્રાપ્ત થાય છે. સમવસરણમાં ભગવાન કે એમની પ્રતિકૃતિને કોઈનો ઓછાયો લાગતો નથી તો દેરાસરોમાં ભગવાનની પ્રતિકૃતિ - પ્રતિમાને કોઈનો ઓછાયો કેમ લાગી શકે? દેરાસરોમાં તો યુરોપિયનો કે અન્ય વિદેશોના પ્રવાસીઓને અથવા આપણા દેશના અન્ય ધર્મીઓને આવવા દેવાય છે. તેઓ હોય છે પ્રવાસી, પણ તેઓમાંના કોઈકને ભગવાનની પ્રતિમા જોતાં સમક્તિ થઈ શકે છે. એ જ એનો મહિમા છે. જિન પ્રતિમાના આકારની માછલીને જોતાં જો સમક્તિ થવાનાં ઉદાહરણ શાસ્ત્રમાં હોય તો બીજા લોકોમાંથી કોઈકને કેમ સમક્તિ ન થાય? અલબત્ત, દેરાસરની અંદર આવનારે દેરાસરના આચારનું પાલન કરવું જોઈએ.

નળ દમયંતીની પૌરાણિક કથા છે. દ્યુતમાં હારી જતાં તેઓને વનમાં ચાલ્યા જવાનો આદેશ થયો છે. વનમાં દમયંતીને મૂંઝવણ થઈ. તેને રોજનો નિયમ હતો કે ભગવાનની રોજ પૂજા કરીને પછી આહાર લેવો. પણ વનમાં જિન પ્રતિમા ક્યાંથી હોય? પણ દમયંતી કલાકારીગરીમાં હોંશિયાર હતી. એણે વેળુ (રેતી - માટી)માંથી એક સ્થળે કોઈક અનુકૂળ જગ્યામાં સુંદર જિનપ્રતિમા બનાવી. એના ઉપર પાણી છાંટી, માટીનો જ સરસ સુંવાળો લેપ કર્યો. આ રીતે તૈયાર થયેલી મનોહર જિન પ્રતિમાની વિધિસર સ્થાપના કરીને તે એની રોજ પૂજા કરતી. હવે દમયંતીના જિનમંદિરને કોઈ દીવાલ કે છાપરું નહોતું. એ વખતે ત્યાં આગળથી પસાર થતા આદિવાસી ભીલ જાતિના લોકોનો ઓછાયો ભગવાનની પ્રતિમા ઉપર પડે તો તેનું શું કરવું? પરંતુ દમયંતી જાણતી હતી કે જિનેશ્વર ભગવાનની પ્રતિમા ઉપર કોઇનો ઓછાયો પડે જ નહીં. ત્રિલોકના નાથનું સ્વરૂપ જ એવું અલૌકિક હોય કે ઓછાયો આવે તે પહેલાં ઓગળી જાય.

સામાન્ય રીતે દેરાસરો સવારથી સાંજ સુધી ખુલ્લાં હોવાં જોઈએ. અને પૂજા પણ સૂર્યાસ્ત સુધી થઈ શકે. પણ વ્યવહારુ દૃષ્ટિએ, ચોરી વગેરેના ભયને કારણે તથા વહીવટી ખર્ચ ઓછો રાખવા માટે પૂજા ફક્ત સવારની થઈ ગઈ અને સાંજે ફક્ત દર્શન થઈ શકે. સામાન્ય રીતે સાંજે આરતી થઈ જાય અને ત્યાર પછી દેરાસર માંગલિક થઈ જાય તે પછી કોઈના માટે તે ખોલી ન શકાય. પરંતુ કોઈ મોટો સંઘ આવ્યો હોય અથવા વિશિષ્ટ યાત્રાળુઓ આવ્યા હોય તો અથવા વિશિષ્ટ ઉત્સવ હોય તો દેરાસર અવશ્ય ખોલી શકાય છે.

પચાસ વર્ષ પહેલાં અમે શંખેશ્વરની યાત્રાએ જતાં. ચોમાસા પછી બસ રેતીમાં ચાલુ થાય. સવારે ગયેલી બસ સાંજે પાછી આવે. જાત્રા કરી, બસનો ટાઈમ થાય ત્યારે દરવાજા બહારથી દર્શન કરી સર્વ યાત્રીઓ બસમાં બેસતા. જૂના વખતમાં જ્યારે મુંબઈમાં ટ્રામ હતી ત્યારે માટુંગા, સાયન જનારા લોકો ટ્રામમાં બેઠાં બેઠાં માટુંગાની ચૌમુખી ભગવાનનાં બે હાથ જોડી દર્શન કરતા.

એક ગામમાં અમે એવું દેરાસર જોયું છે કે જ્યાં ચોવીસે કલાક દર્શન થઈ શકે. એમાં ગભારામાં ફક્ત ત્રણ મોટી પ્રતિમાઓ છે. આંગી માટેના ચાંદીના મુગટ અમુક અવસરે જ સવારના પહેરાવાય છે. દેરાસરના ગભારાની જાળી બપોરે બંધ થાય, પણ તેને તાળું મારવાનું નહીં. બપોરે પણ કોઈને પૂજા કરવી હોય તો થઈ શકે. દેરાસરના મુખ્ય દ્વારને રાતે આંગળિયો ભરાવાય. પરંતુ અડધી રાતે પણ કોઈને દેરાસરમાં જઈ પ્રભુજી સામે બેસી ધ્યાન ધરવું હોય તો ધરી શકાય. દીવો ચોવીસે કલાક ચાલુ હોય. ત્યાં ચોરીનું કોઈ જ જોખમ નહીં. એટલે ચોકીદારની પણ જરૂર નહીં. જૂના વખતમાં ગુજરાતમાં ઘણાં ગામડાંઓમાં બોર્ડ વગરનાં આવાં દેરાસરો હતાં. કિંમતી આંગીની પ્રથા આવી ત્યારથી બીજી બધી જરૂરિયાતો ઊભી થઈ.

આવાં બોર્ડ રાખવામાં બીજો એક આશય એમ કહેવાય છે કે દેરાસરની બહાર નીકળતાં માણસ જિનપ્રતિમાને પૂંઠ કરી ન નીકળે. બહાર નીકળતાં ભગવાનને પૂંઠ ન થાય. પરંતુ પૂંઠ કરવાના આ વિષયને પણ બરાબર સમજવો જોઈએ. જૂના વખતમાં નાનાં ગામમાં નાનું દેરાસર હોય અને રંગમંડપ નાનો હોય ત્યાં ભગવાનને પૂંઠ કર્યા વગર પાછા પગે ચાલીને બહાર નીકળી શકાતું. પણ ત્યાં બોર્ડ નહોતાં. પરંતુ હવે જ્યારે મોટા મોટા રંગમંડપો બંધાવા લાગ્યા ત્યાં અડધે સુધી તો માણસને પૂંઠ કરીને નીકળવું પડે છે. વળી પાછા પગે તો દરવાજો ઓળંગવાનું પણ અઘરું છે. ઊંધા પગે વધારે ચાલતાં માણસ ક્યારેક પડી જાય, ભટકાઈ પડે કે ચક્કર પણ આવે. મહેસાણા, અયોધ્યાપુરમ્, શાહપુર વગેરેનાં દેરાસરોમાં કેટલા મોટા રંગમંડપો છે! ત્યાં ક્યાંકને ક્યાંક કોઈક ભગવાનને પૂંઠ થવાનો સંભવ રહે છે. પાલિતાણાના સમવસરણ મંદિરમાં ભમતીમાં પાર્શ્વનાથ ભગવાન છે. એટલે ક્યાંક તો પૂંઠ થવાનો સંભવ રહે છે. રાણકપુરના દેરાસરમાં બહારના ભાગમાં રચના જ એવી કરવામાં આવી છે કે બે પ્રતિમા સામસામે જોવા મળે. ત્યાં એક ભગવાનનાં દર્શન - પૂજા કરીએ તો બીજા ભગવાનને પૂંઠ થાય. પરંતુ એ અટકાવવા માટે ત્યાં ક્યાંય બોર્ડ રાખવામાં આવ્યાં નથી. આપણા ઘણા દેરાસરોમાં ગભારા બહાર રંગમંડપમાં બંને દીવાલોમાં

જિનપ્રતિમા હોય છે; એક બાજુના ભગવાનની પૂજા કરીએ તો સામેની દીવાલના ભગવાનને પૂંઠ થવાની. બોર્ડ મુખ્ય દરવાજે હોય અને મોટા દેરાસરમાં બાજુના બે દરવાજા હોય તો ત્યાં નીકળતી વખતે પૂંઠ થવાની છે. એટલે આ કારણ બહુ વ્યાજબી લાગતું નથી.

તીર્થંકર ભગવાનનો અવિનય થાય એમ હોય એવે વખતે અંતરપટ એટલી વાર માટે કરવામાં આવે છે. એ જરૂરી છે. દીક્ષા કે પદવી પ્રસંગે શિષ્ય ગુરુ મહારાજને વંદન કરે ત્યારે ભગવાનની ઉપસ્થિતિમાં ગુરુ મહારાજને વંદન કરાય એટલો સમય ભગવાન અને ગુરુમહારાજ વચ્ચે અંતરપટ રાખવામાં આવે છે. એ યોગ્ય છે અને શાસ્ત્રોક્ત છે.

મોટાભાગનાં દેરાસરોમાં બોર્ડ ઉપર ગામ પરગામના ઉત્સવોની મોટી મોટી પત્રિકાઓ લગાડેલી હોય છે. બીજા પણ સમાચારો ચોકથી લખાયા હોય છે. આ બધું આવશ્યક છે, પણ તે અન્યત્ર હોય તો વધારે યોગ્ય ગણાય. દેરાસરમાં પ્રવેશતાં જ વચ્ચે બોર્ડ આવે અને માણસ પત્રિકાઓ વાંચવા રોકાય, તો એની 'નિસિહ'નો ભંગ થાય છે. ક્યારેક તો સમાચાર એવા હોય છે કે ભક્તનું મન પ્રભુનાં દર્શન કરતાં કરતાં એના વિચારે ચડી જાય છે. પરિણામે દર્શન પૂજામાં એની એકાગ્રતા રહેતી નથી.

આમ દેરાસરના દરવાજા પાસે ઊંચું પાટિયું રાખવાથી કેટલાય લોકોને દર્શનનો લાભ મળતો નથી. જેઓ દેરાસરનાં પગથિયાં ન ચડી શકે એવા વૃદ્ધો તથા અપંગોને ભગવાનનાં દર્શન સહજ રીતે થતાં નથી. કોઈ ઊંચકીને લઈ જાય તો થાય, પણ બધા વૃદ્ધો પાસે એવી સગવડ હોતી નથી.

આમ દેરાસરના દરવાજામાં બોર્ડ રાખીને કેટલાક લોકોને દર્શન કરતા અટકાવવા એમાં અંતરાય કર્મ બંધાય છે? અંતરાયનો આશય ન હોય તો પણ અંતરાય અવશ્ય થાય છે. જો અંતરાય કર્મ બંધાતાં હોય તો તે કોને લાગે? ટ્રસ્ટીઓને? સંઘપતિઓને? એની પ્રેરણા કરનાર સાધુ મહારાજને? તે વ્યક્તિગત બંધાય કે સામુદાયિક બંધાય? આ બધા પ્રશ્નોના જવાબ તો જ્ઞાની ભગવંતો જ આપી શકે.

વળી આશાતના અને અંતરાય કર્મ એ બેમાં શું વધુ ગંભીર? આશાતના એટલે આય + શાતના. આય એટલે આવક, નફો ઈત્યાદિ. શાતના એટલે ક્ષતિ. આશાતના એટલે વેપારી ભાષામાં કહેવું હોય તો નફે નુકસાન એટલે આશાતના દોષ જેટલો લાગે તેના કરતાં અંતરાયકર્મ વધુ ગંભીર ગણાય.

આ વિષય પર મેં લખ્યું છે તે મારી સમજ પ્રમાણે લખ્યું છે. એમાં કોઈ દોષ હોય તો તે માટે ક્ષમાપ્રાર્થી છું.

જ્ઞાની ભગવંતો આ વિષયમાં વધુ પ્રકાશ પાડે અને યોગ્ય માર્ગદર્શન આપે એમ ઈચ્છું છું. ■

# હવેલી લેતાં ગુજરાત ખોઈ

**કહેવત કથા**

ગુજરાતી સાહિત્યમાં જે કહેવતો સાંપડે છે તેમાંની કેટલીક કહેવતો લોકસમાજમાં ઘટેલી ઘટનાઓ સાથે જોડાયેલી છે, તો કેટલીક કહેવતોનો સંદર્ભ ઐતિહાસિક પ્રસંગ સાથે જોડાયેલો જોવા મળે છે. ઉ.ત.

*'હાથમાં દંડો, બગલમાં મોઈ,*
*હવેલી લેતાં ગુજરાત ખોઈ.'*

આ કહેવત મેં અને તમે સૌએ સાંભળી છે, પણ વિચાર કરીએ કે આ કહેવત આવી ક્યાંથી? તો આપણને ભાગ્યે જ ખ્યાલ આવશે. મોઈ, દાંડિયો, હવેલી, ગુજરાત એ બધાનો સંદર્ભ ભાગ્યે જ સમજાશે. સ્વ. ડૉ. મંજુલાલ મજમુદાર આનો સંદર્ભ સમજાવતાં લખે છે કે હાથમાં દંડો એટલે સત્તાનો રાજદંડ ફાવે તેમ ઘુમાવનાર પૂનાના પેશ્વાનો સૂબો, આબા શેલુકર. તે સને ૧૭૯૮ની સાલમાં અમદાવાદમાં આવેલો. એની 'બગલમાં મોઈ' એટલે શત્રુને મહાત કરવા અને તેને ભય ઉપજાવવા રાખેલું ગુપ્ત સાધન તે તેની બગલમાં રહી જાય' અથવા સંતાડી રખાય એવી મોઈ. આમ આટઆટલી સત્તાવાળો રાજદંડધારી સૂબો રમતમાં ને રમતમાં 'હવેલી' લેવા જતાં ગુજરાત ખોઈ બેઠેલો. કહેવતમાં આવતી હવેલી એ સામાન્ય હવેલી નહીં પણ અમદાવાદમાં જૂના કાળે ભદ્રના કિલ્લાની અંદર આવેલાં મકાનોમાં જ્યાં ગાયકવાડનું થાણું હતું તે આજે ગાયકવાડની હવેલીના નામે ઓળખાય છે. આ હવેલી હસ્તગત કરવા માટે પેશ્વાના સૂબા શેલુકરે એના પર આક્રમણ કર્યું. પરિણામે ગાયકવાડે તેના પ્રતિકાર રૂપે શેલુકરને આખા ગુજરાતની સૂબાગીરીમાંથી હાંકી કઢાવ્યો.

આ કહેવતની પાછળ રહેલી કથા પણ રસપ્રદ છે. આજનું ઐતિહાસિક નગર અમદાવાદ સને ૧૭૫૩માં મરાઠી હકૂમત નીચે આવ્યું. 'સાલબાઈની સંધિ' પ્રમાણે સને ૧૭૮૨ પછી ગાયકવાડ તરફથી એક પ્રતિનિધિ અમદાવાદમાં રહેતો હતો. આ સૂબાની નિમણૂક પેશ્વા કરતા. ચોથ વગેરે ઊઘરાવવાના કામમાં બંનેના ભાગ અડધોઅડધ રહેતા, પરંતુ વહીવટની બાબતમાં ભદ્રના કિલ્લાનો ફક્ત એક જ દરવાજો ગાયકવાડને કબજે હતો.

સને ૧૭૯૮ની આ વાત છે. બાજીરાવ બીજો પેશ્વા બન્યો. તેણે ગુજરાતના સૂબા તરીકે પોતાના દસ વર્ષની વયના નાના ભાઈ ચીમણાજીની નિયુક્તિ કરી. એ સગીર ભાઈના પ્રતિનિધિ તરીકે આબા શેલુકરને નીમ્યો. શેલુકર ગુજરાતની સૂબાગીરી સંભાળવા અમદાવાદ આવ્યો. એ વખતે અમદાવાદ ગાયકવાડ અને પેશ્વાના સહિયારા અમલ હેઠળ હતું.

આબા શેલુકર સમર્થ સૈનિક અને શૂરવીર સેનાપતિ હતો. સાથોસાથ રંગરાગનો પણ ભારે રસિયો હતો. એમ કહેવાય છે કે શહેરમાં જ્યારે સવારી સાથે એ પ્રવેશ કરતો ત્યારે પોતાના હાથીની આગળ મજૂરોને માથે પાટ ઊંચકાવી, તેના ઉપર ચાલતી સવારીએ 'મુજરાનાચ' થતો ને એ જોતો.

શેલુકરને અમદાવાદમાં આવ્યાને થોડો સમય થયો એટલામાં એના સમર્થક નાના ફડનવીસ અને દોલતરાવ સિંધિયાએ એને કેદ પકડ્યો. આ કેદમાંથી મુક્તિ મેળવવા માટે શેલુકરે દસ લાખ રૂપિયા આપવાનું કબૂલ કર્યું. હવે આ શેલુકર કેદમાં હતો તે દરમિયાન પેશ્વાએ વડોદરાના ગોવિંદરાવને, શેલુકરના તાબામાં જે મુલક હતો તેનો કબજો લઈ લેવાનો હુકમ કર્યો. પેશ્વા સરકારના હુકમ પ્રમાણે ગાયકવાડ પેટલાદ મહાલ સર કરવાને ગયા, પરંતુ એ વખતે શેલુકર સાથે ગાયકવાડને સારાસારી હોવાથી શેલુકર વતી ગાયકવાડ વચમાં પડ્યા, અને પેશ્વાઈ ફરીથી શેલુકરને આપવા માટે તેમને દસ લાખ રૂપિયાનો દંડ ગોવિંદરાવ ગાયકવાડે પોતાના પ્રધાન રાવજી અપાજી મારફત પેશ્વાને ભરવાનું કબૂલ કર્યું. રાવજી પ્રધાને દસ લાખની રકમની બાંહેધરી પેટે પેટલાદ મહાલના તારણ તરીકે કબજો માગ્યો. રાવજીએ આ મહાલ પોતાના ભાઈ બાબાજીને સોંપ્યો.

આબા શેલુકરને આ રીતે ગાયકવાડે ધીરેલા દસ લાખ રૂપિયા વડે પોતાની મુક્તિ મેળવવી પડી હતી. આથી આ દંડની રકમ જેમ બને તેમ વહેલી ભરપાઈ થઈ જાય તો સારું એવો વિચાર એના મનમાં હમચીકૂંદું ખૂંદવા મંડાણો. આથી એણે કડક અમલ ચલાવવા માંડ્યો. લીલા ભેગું સૂકું બળવા માંડ્યું. વેપારીઓ જોડે વસવાયાને પણ એણે દંડવા માંડ્યા. આથી શેલુકરની સાથે ગાયકવાડનું શાસન પણ વગોવાવા લાગ્યું.

શેલુકરની દંડ ઊઘરાવવાની પદ્ધતિ ગરીબ લોકોને માટે ત્રાસજનક થઈ પડી. લોકોને ડગલે ને પગલે વેરો ભરવો પડતો. સામાન્ય માનવી પાસેથી પણ મારીકૂટીને વેરો વસૂલ કરાતો. દિ' આખો કાળી મજૂરી કરનાર માનવીની મોટા ભાગની આવક તો વેરાની પાછળ વેડફાઈ જતી. આ વાતની જાણ થતાં લાલા હરખચંદ નામના શાહુકારના દિલમાં માનવતાનું ઝરણું ફૂટ્યું. આ ઉદાર શાહુકારે એક લાખ રૂપિયા સામટા આપીને શહેરના લોક પાસેથી એક વરસ સુધી બિલકુલ વેરો વસૂલ ન કરવાનું કબૂલ કરાવ્યું હતું.

આમ છતાં શેલુકરે દેવું પાછું વાળવાની થયેલી શરતો બાબતમાં અનેક વાંધા કાઢવા માંડ્યા. આથી અણીના વખતે મદદ કરનાર ગાયકવાડના રાવજી તથા સેનાપતિ બાબાજીનાં મન શેલુકરે ઊંચાં કરાવ્યાં. કાગળ સંતાડીને વડોદરા પહોંચ્યો અને ગાયકવાડને જાણ કરી. ગાયકવાડે શેલુકરને પકડીને પૂના પાછો મોકલવા માટેની પરવાનગી મેળવી. પૂનાથી પરવાનગી મળતાંની સાથે જ ગાયકવાડે પોતાના સૂબા શિવરામ ગારદી સાથે અમદાવાદ ભણી ફોજ રવાના કરી. ગાયકવાડી ફોજ અમદાવાદ શહેરમાં આવી. ચોકીદારોએ સૂબા શેલુકરને ખબર આપી, પણ રંગરાગ અને નાચગાનની મહેફિલમાં રત એવા શેલુકરે ઝાઝું ધ્યાન આપ્યું નહીં. ગાયકવાડી લશ્કરે તોપોનો તાશીરો બોલાવ્યો. શેલુકરના સૂબેદારોને ફોડ્યા. જમાલપુરના દરવાજેથી પ્રવેશીને લશ્કર માણેકચોકમાં આવ્યું. આ વાતની જાણ થતાં શેલુકર જાણે કે ઊંઘમાંથી સફાળો બેઠો થયો. એણે હુકમ કર્યો : 'ભદ્રના દરવાજા બંધ કરો અને ત્રણ દરવાજા પર લશ્કરના માણસોને મૂકી દ્યો.' આટલી વ્યવસ્થા કરીને શેલુકરે રંગરાગની મહેફિલ પાછી શરૂ કરાવી દીધી.

પરિણામ એ આવ્યું કે આ ભાઈઓએ ગાયકવાડને શેલુકરની સામે ઉશ્કેર્યા અને અમદાવાદમાંથી પેશ્વાનો કાંટો કાઢી નાખવા સલાહસૂચના આપી. પેશ્વાને ઠેકાણે ગાયકવાડની આગવી સત્તા જમાવવાની લાલચ પણ ગાયકવાડને બતાવી.

સને ૧૮૦૦માં નાના ફડનવીસ પૂનામાં મૃત્યુ પામ્યા. શેલુકરનો આધારસ્તંભ તૂટી પડ્યો. પૂના તથા ગુજરાતની રાજકીય પરિસ્થિતિ ગાયકવાડ માટે વિશેષ અનુકૂળ બનવા લાગી. આ તરફ શેલુકરે અમદાવાદમાંથી ગાયકવાડને ભગાડી મૂકવાનો મનસૂબો ઘડ્યો, પરંતુ આ માથાભારે સૂબો પેશ્વાને પણ ગણકારતો નહીં. આથી પેશ્વા પણ તેના પર નારાજ હતા. દર વર્ષે નિયમિત ખંડણી મોકલ્યા કરતો ને પોતાની મરજી મુજબ વર્તતો. આથી કોઈ એનું નામ લેતું નહીં.

આવા ડહોળાયેલ વાતાવરણની વચ્ચે શેલુકરે સત્તાના મદમાં 'ગાયકવાડની હવેલી' પર ચઢાઈ કરી. હવેલી લઈ લીધી. આ બાબતની જાણ વડોદરાના ગાયકવાડને ન થાય તેની કાળજી રાખીને કડક બંદોબસ્ત ગોઠવ્યો.

અહીં ત્રણ દરવાજા આગળ આરબ લશ્કરે ગાયકવાડના સૈન્યનો સહેજ અટકાવ કર્યો પરંતુ શેલુકરના સરદારોને ગાયકવાડના લશ્કરે ફોડ્યા હતા. એવી માહિતી મળતાં જ આરબોએ લડવાનો ખોટો ખોટો ડોળ કરીને બંદૂકો ફોડી. શિવરામ ગારદીએ કારંજમાં આવી ભદ્રની ફોજોને વટાવીને લાલ દરવાજેથી બધા ભદ્રમાં દાખલ થયા.

બરાબર આ ટાણે પૂનાના પેશ્વાઈ સૂબા શેલુકર ચોપાટ ખેલી રહ્યા હતા. સોગઠાંબાજીનો રંગ બરાબર જામ્યો હતો. ત્યાં દરવાને આવીને ખબર આપી કે ગાયકવાડનું લશ્કર શહેરમાં દાખલ થઈ ગયું છે. શેલુકરે સોગઠી ઉડાડતાં જવાબ આપ્યો :

'ભલે આવ્યું. આવવા દ્યો.'

લશ્કરે હવેલીને ઘેરી લીધી. દરવાને આવીને ફરી સમાચાર આપ્યા. 'લશ્કર હવેલીમાં હમણાં પેસશે.' ત્યારે શેલુકરે બેફિકરાઈથી એટલું જ કીધું : 'ઘડીક ઊભા રહો. છેલ્લી સોગઠી મારવાની બાકી છે. પચ્ચીસ પાડું તો સોગઠી મરે ને બાજી જિતાઈ જાય.'

પણ શેલુકરના પચ્ચીસ ને બે પડવાને બદલે પચીસ ને ચાર પડયા. તેથી તેમની સોગઠીને પેલી સોગઠીથી બે ઘર આગળ મૂકવી પડી. ત્યાં તો ગાયકવાડી ફોજના સૈનિકો કટાક કટાક કરતા હવેલીની સીડી ચઢવા લાગ્યા. એવામાં સામાવાળાએ 'ફરી' પાડતાં શેલુકરની સોગઠી મારી. શેલુકર સૂબો હાર્યો ને રમત પૂરી થઈ. બીજી બાજુ એની સૂબાગીરીની બાજી પણ પૂરી થઈ.

શેલુકર ઊઠીને બહાર જોવા જાય છે તો ચારે તરફ લશ્કર વીંટળાઈ વળેલું જણાયું. સામનો કરવા માટે એણે કંઈ જ તૈયારી કરી નહોતી. એ હજુ કંઈ વિચાર કરે એ પહેલાં તો લશ્કરના સૂબાએ શેલુકરને આવીને પકડી લીધો. લુહારે આવીને એના હાથમાં ચાંદીની બેડીઓ પહેરાવી દીધી અને શેલુકરને બાબાજીને હવાલે કરી દીધો. આજની ઘડી ને કાલનો દિ.'

બાબાજીએ શેલુકરને વડોદરા મોકલ્યો. ત્યાંથી એને વલસાડની જેલમાં ખસેડવામાં આવ્યો. કેદમાં કેટલાંક વર્ષો ગાળ્યા પછી વળી અંગ્રેજ સરકારે શેલુકરને છોડાવ્યો, પરંતુ તેની બાકીની જિંદગી સામાન્ય માનવીની જેમ જ ગુજરી.

આમ પેશ્વાના સૂબાને હાંકી કાઢી, ગાયકવાડ અમદાવાદના રણીધણી થઈ પડ્યા. છેક સને ૧૮૧૮માં પેશ્વાની છેલ્લી હાર થઈ ત્યાર પછી અમદાવાદ અંગ્રેજોના હાથમાં ગયું અને બધી રાજખટપટોનો અંત આવી ગયો.

આમ શેલુકરે ગાયકવાડની હવેલી ઉપર વગર વિચાર્યું આક્રમણ કર્યું એના પરિણામે તેના હાથમાંથી ગુજરાતની સૂબાગીરી ચાલી ગઈ. ઘોડે બેસવા જતાં હાથી ખોયો એવો એનો ઘાટ થયો. બસ, ત્યારથી કહેવત પડી કે

*'હાથમાં દંડો, બગલમાં મોઈ,*
*'હવેલી' લેતાં ગુજરાત ખોઈ.'*

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS &
ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601,
G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

# ચાલને ફરીથી જીવીએ!

ચિંતન

રૂપીન પચ્ચીગર

દરેક વ્યક્તિને જીવવાની ઈચ્છા હોય. જીવવાની ઈચ્છા એટલે માત્ર રોજનીશી પૂરી કરવી એમ નહીં. ખાવું-પીવું, હરવું-ફરવું એ જીવન નથી. જીવન એવું હોવું જોઈએ કે જે સાચા અર્થમાં જીવંત હોય. આ દુનિયામાં ઘણી લાશો જીવે છે, હરે છે, ફરે છે, રોજનું કામ કરે છે, નોકરી કરે છે અને સમય વિતાવે છે. એને જીવન ન કહી શકાય. જીવન એટલે આનંદ, ઉત્સાહ સાથે જીવવાની જિજીવિષા.

જે વ્યક્તિને જીવવાની ઈચ્છા જ નથી તે હરતી ફરતી લાશ બરાબર છે. તેવી વ્યક્તિ જીવે કે મરે તેની કોઈ નોંધ લેતું નથી. એ રોજ સવારે ઊઠી પોતાનું કામ કરી ઘરે આવે અને સૂઈ જાય. આ સામાન્ય રીતે જોવાતો જીવનનો ક્રમ છે. પરંતુ આને જીવન ન કહી શકાય.

જે વ્યક્તિને મહત્ત્વાકાંક્ષા છે, જેને જીવનમાં કંઈક કરવું છે, જીવન પોતાની રીતે આનંદમય રહી જીવવું છે અને લોકોને ઉપયોગી બનવું છે તે વ્યક્તિ જીવંત વ્યક્તિ છે. આવી વ્યક્તિઓ જીવનમાં ચોક્કસ ધ્યેય લઈને ચાલે છે. એને ખબર છે કે એને જીવન પાસેથી શું જોઈએ છે અને એણે જીવનને શું આપવું છે. એના મૃત્યુ પછી પણ લોકો એના કામને યાદ કરે એવાં કાર્યો કરવામાં એવી વ્યક્તિ તલપાપડ હોય છે.

*ગનીભાઈ દહીંવાળા કહે છે કે...*

***જિંદગીનો એ જ સાચોસાચ, પડઘો છે ગની***
***કે હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાયા કરે***

આ ત્યારે જ શક્ય બને જ્યારે વ્યક્તિ માત્ર પોતાના માટે નહીં પરંતુ અન્ય માટે પણ જીવે. એની કોઈ મહેચ્છા હોય, કોઈ ધ્યેય હોય અને એ જીવનને કંઈક આપવા માગતો હોય.

જ્યારે વ્યક્તિ મહત્ત્વાકાંક્ષી હોય ત્યારે એને અનેક વિરોધોનો સામનો કરવો પડે છે. કારણ કે વ્યક્તિને બીજાની મહત્ત્વાકાંક્ષા નડે છે. હું સફળ થાઉં કે ન થાઉં પણ બીજી વ્યક્તિ સફળ ન થવી જોઈએ. એ મારાથી આગળ ન નીકળી જવી જોઈએ. આવા વિચારો સાથે માનવી જીવતો રહે છે. સામાન્ય રીતે માનવી સમૂહમાં રહેવા ટેવાયેલો છે અને એમ માને કે બધા જ એક સાથે સમૂહમાં રહે. સમૂહ એ સમકક્ષ વ્યક્તિઓનું એકત્રીકરણ છે. એક જ વિચારધારા ધરાવતા માણસો સાથે રહી શકે. એક જ ધ્યેય માટે કામ કરતાં માણસો સાથે મળીને ધ્યેય સિદ્ધ કરવા આગળ વધી શકે. પરંતુ જ્યારે વ્યક્તિ હું એકલી ન પડી જાઉં એવી બીકે સમૂહમાં રહે છે ત્યારે તે સમૂહ ટોળું બની જાય છે. આવી વ્યક્તિ પોતાનું અસ્તિત્વ ટોળાંને અર્પણ કરી દે છે. પોતાના વિચારોને દબાવીને ટોળું જે કહે તે જ કરવા માટે તત્પર રહે છે. ટોળું જે કરે તે તેની ઓળખ બની જાય છે. પોતાના અંગત અભિપ્રાયને બાજુ પર મૂકીને એ કાર્ય કરતી રહે છે.

એક ફ્રેન્ચ કવિતાનો ગુજરાતી તરજૂમો છે :

***'ટોળાં વચ્ચે ઊભા રહીને, જોવાની કેવી મજા!***
***શાને કહું કે જે સળગે છે, તે મારું જ મકાન છે.'***

સામાન્ય રીતે લોકો ટોળાંની વચ્ચે રહીને હંમેશાં 'સેઈફ ઝોન' માં રહેવાનો પ્રયત્ન કરે છે. અને તેથી એને ટોળાનો સહારો મળી રહે. માણસ ટોળાથી અલગ પડવાનો વિચાર કરે એટલે એના શત્રુઓ ઊભા થઈ જાય. એણે પોતાની મહેચ્છા પૂરી કરવા, પોતાની ઈચ્છા અનુસાર જીવન વિતાવવા માટે 'સંઘર્ષ' આદરવો પડે. અને કેટલાક માટે તો સંઘર્ષ એ જ જીવન બની જાય છે. જો સફળ થાય તો વાહવાહ અને નિષ્ફળ થાય તો થૂ થૂ...

પરંતુ માનવી જ્યારે કંઈક નવું કરવા જાય તો જ સફળ કે નિષ્ફળ જાય ને! જે વ્યક્તિને કદી નવું કરવું નથી એને આવો કોઈ ભય સતાવતો નથી. કારણ કે એ માનવીનું જીવન ટોળામાં છે. જે લોકો કરે છે તે જ તે કરે છે. એટલે ટોળાંને એવું લાગે છે કે આ તો આપણા જેવો છે, આપણો માણસ છે. પરંતુ જો કોઈ માનવી નવા વિચાર સાથે આવે તો એને માથે નિષ્ફળતાની તલવાર લટકતી રહે છે. તે નિષ્ફળ થઈ શકે છે પરંતુ એક વાર નિષ્ફળ જવાથી એનું જીવન નિષ્ફળ થઈ ગયું એવું માની લેવાની જરૂર નથી.

એક સાયન્ટિસ્ટ અનેકવાર પ્રયોગ કરતો રહે અને નિષ્ફળ જાય, છતાં નવા પ્રયોગ કરવાનું ચૂકતો નથી. તે જાણે છે કે આજે આ પ્રયત્ન નિષ્ફળ ગયો હોય પરંતુ તે જરૂર આમાંથી કંઈ શીખીને નવું સંશોધન કરશે. આ એનો ધ્યેય જ એને વધુને વધુ પ્રયોગ કરવા માટે પ્રેરે છે અને એક દિવસ એ સફળ થાય છે.

*હરિવંશરાય બચ્ચન લખે છે કે...*

*અસફલતા એક ચુનૌતી હૈ સ્વીકાર કરો,*
*ક્યા કમી રહ ગયી, દેખો ઔર સુધાર કરો,*
*જબ તક ન સફલ હો, નીંદ ચૈન કો ત્યાગો તુમ,*
*સંઘર્ષોંકા મૈદાન છોડ મત ભાગો તુમ!*
*કુછ કિયે બિના હી જયજયકાર નહીં હોતી,*
*કોશિશ કરનેવાલોં કી કભી હાર નહીં હોતી!*

એટલે જ્યારે જ્યારે નિષ્ફળતા મળે ત્યારે એક સૂત્ર ધ્યાનમાં રાખવું. પોતાની જાતને કહેવું,

*'ચાલને, ફરીથી જીવીએ!'*

જે વ્યક્તિ પોતાની જાત સાથે આ વાક્યથી સમાધાન કરી શકે, પ્રેરણા મેળવી શકે, તે જ વ્યક્તિ જીવનમાં સફળતાનાં સોપાન સર કરી શકે.

નિષ્ફળતા પછીનો ગાળો વ્યક્તિ માટે ખૂબ આકરો હોય છે. એને સલાહ આપનારનો રાફડો ફાટી નીકળે છે.

*'મરીઝ' કહે છે કે...*

*'બસ દુર્દશાનો એટલો જ આભાર હોય છે.*
*જેને પણ મળું છું મુજથી સમજદાર હોય છે.'*

જે વ્યક્તિઓએ જીવનમાં તમારી સલાહ લઈને જીવન વિતાવ્યું હોય તેવી વ્યક્તિ પણ આવા સમયે તમને સલાહ આપવાનું ચૂકતી નથી.

એક વાર એક ગાડી અને સાઈકલનો ઍક્સિડન્ટ થયો. આવા સમયે સામાન્ય રીતે લોકો ગાડીવાળાનો જ વાંક જોતા હોય. સાઈકલવાળો ખોટી દિશામાંથી આવતો હોય તો પણ વાંક ગાડીવાળાનો, કારણ કે તે ગાડી લઈને ફરે છે. એટલે લોકોએ ગાડીમાંથી પેલા ભાઈને બહાર ખેંચ્યો અને મારવા માંડ્યા.

આ દરમિયાન બે ભાઈ સ્કૂટર પર જતા હતા. એણે પણ સ્કૂટર ઊભું રાખ્યું અને જેને માર પડતો હતો તેને બેચાર લગાવી દીધી અને પાછો સ્કૂટર પાસે આવીને સ્કૂટર સ્ટાર્ટ કરવા ગયો એટલે તેની પાછળ બેઠેલા ભાઈએ એને પૂછ્યું કે, 'કેમ તેં પેલાને માર્યો? એનો શું વાંક હતો?' તો સ્કૂટર હાંકનારે જવાબ આપ્યો કે, 'કોને ખબર કે એનો વાંક શું હતો? આ તો બધા એને મારતા હતા એટલે મેં પણ હાથ સાફ કરી લીધા.'

બસ, લગભગ આવું જ જીવનમાં થતું હોય છે. જો વ્યક્તિ જરા નિષ્ફળ થાય તો જેને એ નિષ્ફળતા સાથે કોઈ સંબંધ નથી તે પણ એનો વાંક કાઢતો થઈ જાય અને એની બીજી સફળ વ્યક્તિ સાથે સરખામણી કરતાં થઈ જાય. આ જીવનનો ક્રમ છે. એટલે નિષ્ફળ થનારે જરાય નિરાશ થયા વગર, ડગ્યા વગર પોતાના જીવનના ધ્યેયની પ્રાપ્તિ માટે કાર્યરત રહેવું જોઈએ.

'ચાલને, ફરીથી જીવીએ!' સૂત્ર અપનાવનાર જીવનમાં ક્યારેય પાછળ પડતો નથી. સમયના વહેણમાં મારી લખેલી પંક્તિઓ અહીં દોહરાવવાનું મન થાય છે.

*સમય સમયનું કામ કરે, તું તારું કામ કર.*
*સમય ભલે તારો ન હોય, તું સમયની સાથે ચાલ.*
*ઉતાર ચઢાવ જીવનની ઘટમાળ, એ તો સમયની છે બલિહારી.*
*સૂરજ જેવાં સૂરજને પણ આથમવું પડે, એ ગતિ ન્યારી.*
*રાત્રિના ભેંકાર અંધકારમાં પણ, સૂરજ તો ચાલતો જ રહે.*
*સમય સમયનું કામ કરે, અને સૂરજ ફરીથી ઊગે.*
*તારું પ્રભાત પણ રાહ જુવે છે, તારા સ્વપ્નને આકાર આપ.*
*સમય સમયનું કામ કરે, તું સમયની સાથે ચાલ.*

**ઉપસંહાર : ચાલને, ફરીથી જીવીએ!...**

*૧. મહત્ત્વાકાંક્ષી વ્યક્તિઓના જીવનમાં સંઘર્ષ અનિવાર્ય છે.*
*૨. ટોળામાં રહેવાને બદલે સ્વતંત્ર ઓળખ ઊભી કરો.*
*૩. સફળતા અને નિષ્ફળતા એક જ સિક્કાની બે બાજુ છે.*
*૪. સમય સમયનું કામ કરે, તું સમયની સાથે ચાલ.*

*(સંપર્ક : સાહિત્ય સંગમ, ગોપીપુરા, સુરત)*

## લોકશાહીની અવદશા : ચીન

**(અનુસંધાન : પાના નં.-૬૩ ઉપરથી ચાલુ)**

**(૮) ચીનના લશ્કરમાં ફેલાયેલો વ્યાપક ભ્રષ્ટાચાર :** બર્લિનના વૉચડૉગ ટ્રાન્સ્પરન્સી ઈન્ટરનૅશનલે કહ્યું હતું કે ચીનનું લશ્કર વિશ્વનું સૌથી મોટું સક્રિય લશ્કર છે. અને સંરક્ષણ સંસ્થાઓના ભ્રષ્ટાચાર વિષેના વિશ્વના આંકમાં તેનું સ્થાન ટોચ પર છે. ચીનના સંરક્ષણ ક્ષેત્રમાં એવા કેટલાક વિસ્તારો છે જ્યાં ચીન ભ્રષ્ટાચાર સામે રક્ષણ મેળવવામાં નબળું પુરવાર થયું છે.

દુનિયાભરમાં પ્રગતિનાં ઢોલ પીટતું ચીન તમામ મોરચે નિષ્ફળ જઈ રહ્યું છે. તેમાંથી તેને બહાર કાઢવા શી જિનપિંગ જેવા પ્રમુખ મળ્યા છે. જો તેઓ હિંમત કરીને આ પુસ્તકના પાનાંઓમાંથી પસાર થશે તો અમેરિકન પ્રમુખ બરાક ઓબામા જેવા વિઝનવાળા તેઓ છે જ. જો બંને દેશો મળીને આ પુસ્તકના પાનાંઓ પર ભરોસો કરીને નવી ક્રાંતિ કરશે તો બંને દેશો જ નહીં, આખી દુનિયાના શ્વાસ હેઠા બેસશે.

*(સંપર્ક : સાહિત્ય સંગમ, ગોપીપુરા, સુરત)*

GIRISH © 2567 5418 • MUKESH © 2568 5279
203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452
Ramji Devshi Shah & Co.
CUSTOM HOUSE AGENT

# લોકશાહીની અવદશા : ચીન

વિશ્વકારણ

નાનુભાઈ નાયક

**(૧) સામ્યવાદી ચીનમાં પણ સત્તાખોરો પ્રજાને લૂંટવાનો ખેલ કરી રહ્યા છે :** સામ્યવાદી ચીનમાં ૧૦ લાખથી વધુ અબજોપતિઓ છે. ચીનના દૈનિક 'ધી ચાઈના ડેઈલી' ના જણાવ્યા પ્રમાણે ચીનમાં બે વર્ષ પહેલાં ૮,૨૫,૦૦૦ અબજોપતિઓ હતા એને બદલે અત્યારે ૯,૬૦,૦૦૦ અબજોપતિઓ છે. ત્યાં આજે કરોડોની કિંમતની ગણાતી રોલ્સ રોયસ અને બેન્ટલી જેવી મોટરો ભારતમાં દેખાતી પાંચ લાખ રૂપિયાની મારૂતિ જેવી નજરે ચડે છે. ત્યાંના અબજોપતિઓમાં એનાથી પણ ભારે કિંમતની ગાડીઓનો ક્રેઝ છે.

આ ૧૦ લાખ દરેક અબજોપતિઓની પાસે ૧,૦૦,૦૦,૦૦૦ યુઆન એટલે ૧.૫ મિલિયન ડોલર કરતાં વધુ યુઆન છે. આમાંના ૬૦,૦૦૦ ચીનાઓ સુપર રીચ એટલે ૧૦,૦૦,૦૦,૦૦૦ કરતાં વધુ યુઆન ધરાવે છે.

કહેવાતા સામ્યવાદી ચીનમાં પણ સત્તાખોરો અને નોકરશાહો અબજોપતિઓ સાથે મળીને આ બધો ખેલ પાડે છે. ચીનની સરકારના હજારો ભ્રષ્ટ અધિકારીઓ આશરે ૧૨૦ અબજ ડોલરની ચોરી કરીને મુખ્યત્વે અમેરિકા જતા રહ્યા હોવાની ઘટના બહાર આવી હતી. ચીનની સેન્ટ્રલ બેંકના અહેવાલ પ્રમાણે આશરે ૧૬,૦૦૦ થી ૧૮,૦૦૦ અધિકારીઓ અને કર્મચારીઓ ૧૯૯૦ ના મે-જૂનથી ૨૦૦૮ સુધીમાં મોટા મોટા સરકારી ફંડની ઉચાપત કરીને ચીન છોડી જતા રહ્યા હતા. અહેવાલમાં જણાવાયું હતું કે ભ્રષ્ટ અધિકારીઓએ આશરે ૮૦૦૦ અબજ યુઆન અમેરિકા, ઑસ્ટ્રેલિયા, કૅનેડા અને હોલૅન્ડમાં ઑફશોર બૅન્ક ઍકાઉન્ટ્સ અથવા રોકાણ, મિલકતો અથવા ઉઘરાણીની રકમ તરીકે એ દેશોમાં ઘુસાડી હતી. આ અંગે બીબીસીએ વિસ્તૃત અહેવાલ પણ આપ્યો હતો.

જો ચીન ચેતશે નહીં તો અત્યારે અંદર અંદર જે ગુસ્સો ધૂંધવાઈ રહ્યો છે તે ગુસ્સો જ્યારે ફાટશે ત્યારે દેશ હિંસક આંદોલનમાં ફેરવાઈ જશે અને સત્તાખોરોથી તે કાબૂમાં પણ નહીં લઈ શકાય. બહુ લાંબે જવાની જરૂર નથી. ઝાર અને લૂઈ સોળમાં જેવાની શું દશા થઈ હતી તે તો ચીની સત્તાવાળાઓ જાણતા જ હશે. ચીન હોય કે રશિયા, અમેરિકા હોય કે ઇંગ્લેન્ડ, જગતના કોઈ પણ દેશને શાસન વ્યવસ્થાની સિસ્ટમ બદલ્યા વિના ચાલે તેમ નથી. જગતભરનાં ગરીબો હવે ગળે આવી ગયા છે. સત્તાખોરો સમજશે નહીં તો જગતભરના માનવસમાજને ભારે અંધાધૂંધી ગળી જવા તૈયારી કરી રહી છે.

**(૨) અડધોઅડધ ચીની પ્રજા પીવાના પાણી માટે વલખાં મારે છે :** ચીનના મુખ્ય વ્યવસાયિક શહેર શાંગહાઈને પાણી સપ્લાય કરનારી નદીઓમાં હજારો ભૂંડો મૃત મળી આવતાં દેશમાં પ્રદૂષણની ભયાનક સ્થિતિ ફરી એક વાર બહાર આવી હતી. ચીનમાં દર વર્ષે ટૉક્સિ પ્રદૂષણથી સાત લાખ લોકો મૃત્યુ પામે છે. તેમાં તાઈ સરોવરનું પાણી ઝેરી રસાયણોથી દૂષિત હોવાનું સરકારે જાહેર કરી દીધું છે. આ સરોવર ત્રણ કરોડ લોકોને પાણી ઉપલબ્ધ કરાવે છે. ઉત્તર-પૂર્વ ચીનમાં ચિયાનિંગની આસપાસ ઝિંક (જસત) ના જમાવડાથી જમીન અને પાણી દૂષિત થઈ ગયાં છે. આ ક્ષેત્રમાં ડિકેસિયનના નિર્માણનું કેન્દ્ર છે. અહીં ઘઉંમાં ઝીંક ભારે માત્રામાં મળ્યું છે. તો ઉત્તર-પશ્ચિમ ચીનમાં પરિવહન અને સાંસ્કૃતિક હિલચાલના મુખ્ય કેન્દ્ર ઉરૂમકીમાં હવામાં સલ્ફર ડાયોક્સાઈડ અને અન્ય કણોની માત્રા નિર્ધારિત મર્યાદાથી ૧૦ ગણી વધુ છે.

ચીનના આવાસ મંત્રાલય અને નગર તથા ગ્રામ્યવિભાગ દ્વારા કરવામાં આવેલા એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું હતું કે ૫૦ ટકા નળના પાણીમાં બેક્ટેરિયા અને ભારે ખનિજ પદાર્થ જોવા મળ્યા હતા. પાણીની ગુણવત્તાની દેખરેખ કરનારા મુખ્ય એન્જિનિયર સોંગ લાન ચેંગે જણાવ્યું હતું કે અમે ૪૦૦૦ પાણીના નમૂનાનું સર્વેક્ષણ કર્યું હતું. તેમાં ૧૦૦૦ માં રાષ્ટ્રીય ધોરણની પાણીની ગુણવત્તા જોવા નહોતી મળી. નળના પાણીની ગુણવત્તામાં ૨૦૦૯ સુધીમાં કોઈ સુધારો જણાયો નથી. ચીનની રેનમિન યુનિવર્સિટીના પર્યાવરણ અને કુદરતી સ્ત્રોતના પ્રોફેસર ઝોજીએ કહ્યું હતું કે લોકો ક્યારે ચોખ્ખું પાણી આવે એની ફિકર કર્યા કરે છે. જ્યાં સુધી ભ્રષ્ટ સત્તાખોરો રાજ કરતા રહેશે ત્યાં સુધી લોકોએ આવું દૂષિત પાણી પીને મરતાં રહેવું પડશે. આખેઆખી સિસ્ટમ બદલ્યા વિના એનો બીજો કોઈ ઉપાય નથી.

**(૩) ચીનમાં પણ જીડીપી વધારાને વિકાસનું લેબલ આપી લોકોને ભ્રમિત કરાય છે :** દરેક દેશમાં જીડીપીના વધારાના આંકડા આપીને, પ્રજાને 'વિકાસ વિકાસ' ના ચઢતા ગ્રાફ બતાવીને જે રીતે ભોળવવામાં આવે છે, તે જ રીતે ચીનમાં પણ આ જીડીપીના ભૂતની વાહવાહ કરીને ચીનના લોકોનું બ્રેન વૉશિંગ કરવાનું કામ થાય છે. પ્રોસિડિંગ્સ ઑફ નૅશનલ એકેડેમી ઑફ સાયન્સ જર્નલ દ્વારા ૧૯૯૦ ના સમયથી ચીનના જીડીપીમાં ચાર ગણો વધારો થયાનાં ડિંડિમ સરકાર વગાડતી આવી છે.

દર વરસે-બે વરસે જીડીપીનાં સર્વેક્ષણો કરીને આ વિકાસનાં જયગાન ગવાતાં હતાં. પણ ચીનની પ્રજાના સુખ વિષે જુદાં જુદાં છ સર્વેક્ષણો કરવામાં આવ્યાં હતાં, તેના પરથી જણાયું હતું કે ચીનમાં છેલ્લાં ૨૦ વર્ષના આર્થિક વિકાસમાં ખાસ કરીને સમાજના ગરીબ વર્ગમાં જીવનની તકલીફો વધી હતી. દુનિયાભરમાં કોર્પોરેટ જગત સરકારો અને નોકરશાહોને સાધીને લોકોની મહેનતના નાણાં લૂંટે છે. હવે લોકોની સહનશક્તિનો અંત આવી ગયો છે. એમાંથી જ હિંસક આંદોલનો અને યુદ્ધો થતાં હોય છે. દુનિયાભરના લોકો જો કોઈ સારી શાસન વ્યવસ્થા શોધશે નહીં તો પરિણામ સારાં આવવાનાં નથી.

**(૪) ચીન ભ્રષ્ટાચારીઓનો દેશ બની ગયો છે :** ચીન આજે ભ્રષ્ટાચારીઓનો દેશ બની ગયો છે. ત્યાં જમીનોની માલિકી સિદ્ધાંતમાં રાજ્યની ગણાય છે, પણ એ જમીનો મોટા પ્રમાણમાં ખેતી સિવાયના ઉપયોગો માટે લીઝ પર આપવામાં આવે છે. તેમાં સામ્યવાદી પક્ષના વિવિધ સ્તરોના નેતાઓની સંડોવણી હોય છે. ચીને જ્યારે ૮ થી ૧૦ ટકાનો આર્થિક વૃદ્ધિદર હાંસલ કર્યો ત્યારે ત્યાં પણ ભ્રષ્ટાચારનાં અનેક કૌભાંડો થયા હતાં. ચીનમાં અમેરિકાના ધનિક વર્ગને શરમાવે એવો અતિ ધનિક વર્ગ ઊભો થયો છે. તેઓ આલીશાન મહેલો જેવા મકાનોમાં રહે છે. કહેવાય છે 'સામ્યવાદી' ચીન પણ વ્યવહારમાં તો 'ક્રોની કૅપિટાલિસ્ટ ચીન' બની ગયું છે. સેન્સરશિપનું ચુસ્ત ઢાંકણું જ્યારે ઊઘડશે, ત્યારે સામાન્ય ચીનવાસીઓ અને બાકીના જગતને તેના ભ્રષ્ટાચારનો પૂરો ખ્યાલ આવશે. આમ જુઓ તો ભારતના ઈતિહાસનું દુનિયાભરમાં રીપ્લે થઈ રહ્યું છે. ચીન અને ભારત – એક સામ્યવાદી અને બીજો સમાજવાદી. બંને આદર્શ શાસનવ્યવસ્થામાં માનનારા દેશો અને બંનેના સત્તાવાળા એક સરખા.

**(૫) ચીનમાં ત્રાસવાદી હુમલામાં છ શકમંદો સહિત ૨૧નાં મોત થયાં હતાં :** ચીનના ઝિ જિયાંગ પ્રાંતમાં આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં કામદારો અને પોલીસકર્મીઓ સહિત ૨૧ લોકો માર્યા ગયા હતા જેમાં છ શકમંદો હતા. આઠ શકમંદોની ધરપકડ કરવામાં આવી હતી. માર્યા ગયેલામાં ૧૫ તો સમાજસેવકો અને પોલીસ અધિકારીઓ હતા. આ વિસ્તારમાં અનેક બૉમ્બ હુમલા પણ થયા છે. ચીનની નેતાગીરી બદલાઈ તે પછીનો આ પહેલો સૌથી મોટો હુમલો હતો. બંધક બનાવવામાં આવેલા ત્રણેય કાર્યકર્તાઓને મારી નાખવામાં આવ્યા હતા અને તેમનાં ઘરો પણ બાળી નાખવામાં આવ્યાં હતાં. ત્રાસવાદની ઘટનાને કારણે હવે સમગ્ર ચીનમાં ખળભળાટ વ્યાપી ગયો છે. હવે તો ચીનમાં ખુલ્લેઆમ વારંવાર મોટા આતંકવાદી હુમલા થવા લાગ્યા છે.

ચીનના નવા પક્ષીય નેતા ઉદારમતવાદી છે. તેમણે પણ ચીનની આવી પરિસ્થિતિ માટે ચિંતા વ્યક્ત કરી છે. જો ચીન 'મારા સપનાનું વિશ્વ' ની પક્ષરહિત સમાજવ્યવસ્થાનો કોન્સેપ્ટ પોતાના દેશની અનુકૂળતા મુજબ થોડા સુધારાવધારા કરી સ્વીકારશે તો ચીનની પ્રજાની હાલત ચોક્કસ સુધરશે.

**(૬) ચીનમાં છ ટકા લોકો જ મતદાર :** વિશ્વમાં સૌથી વધુ વસતી ધરાવતા ચીને સંપૂર્ણ નેતૃત્વ બદલી નાખ્યું છે. પરંતુ ચૂંટણીની પ્રક્રિયા ગોપનીય રહી હતી. ચીનમાં ચૂંટણીમાં ભાગ લેવાનો અધિકાર પણ માત્ર છ ટકા લોકોને જ છે, જે કોમ્યુનિસ્ટ પાર્ટીના સભ્યો છે. બાકીનો દેશ માત્ર મૂક પ્રેક્ષક બની રહે છે.

૧.૩૫ અબજની વસતી ધરાવતા ચીનમાં કોમ્યુનિસ્ટ પાર્ટીના ૮.૦૨ કરોડ સભ્યો છે. આ સભ્યો રાજ્યો ઉપરાંત લશ્કર અને અન્ય સંસ્થા માટે પોતાના પ્રતિનિધિ ચૂંટીને કોમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ચાઈના (સીપીસી) ની નૅશનલ કોંગ્રેસને મોકલી આપે. એમાં સામાન્ય જનતાની કોઈ ભૂમિકા નથી, તેમ એમને પ્રતિક્રિયા આપવાનો અધિકાર પણ નથી.

૫૯ વર્ષના શી જિનપિંગ એક ઉદાર અને સરળ નેતા ગણાય છે. ચીનની સાંસ્કૃતિક ક્રાંતિ વખતે તેઓ ૧૫ વર્ષની ઉંમરે જિયાંગડાન પ્રાંત જતા રહ્યા હતા. તેમણે મજૂરી કરી. ગુફામાં રહ્યા. અભ્યાસ પછી ચીનના શિયામેન પ્રાંતના ગર્વનર બન્યા. જો શી જિનપિંગ ધારે તો ચીનની કાયાપલટ થઈ શકે તેમ છે.

**(૭) દરિયામાં ડૂબી રહેલા શાંગહાઈને તરતું રાખવા ચીની સરકાર નવા કાયદા ઘડશે :** ચીનમાં સૌથી મોટું શહેર શાંગહાઈ તેના વિકાસના પ્રચંડ વજન હેઠળ દરિયામાં ડૂબી રહ્યું છે. આ શહેરને ડૂબતું બચાવી, તેને દરિયાની સપાટીથી ઉપર રાખવા માટે નવા કાયદા ઘડાઈ રહ્યા છે. શાંગહાઈની સમુદ્રસપાટીથી સરેરાશ ઊંચાઈ માત્ર ચાર મીટર છે. અહેવાલમાં જણાવ્યા મુજબ, છેલ્લા પાંચ વર્ષ દરમિયાન શહેરના સૌથી અસરગ્રસ્ત વિસ્તારમાં જમીનનું સ્તર ત્રણ મીટર જેટલું નીચે ગયું છે.

એનું મુખ્ય કારણ એવું પણ મનાય છે કે શાંગહાઈના નવા વિકસેલા ઔદ્યોગિક ક્ષેત્ર માટે ઉનાળા દરમિયાન ઠંડક માટે શહેરના ભૂગર્ભ જળસ્રોતોને વધુ પડતા પ્રમાણમાં ખેંચી લેવામાં આવ્યા હતા.

ચીને 'વિકાસ, વિકાસ' નો નારો લગાવી આખા ચીનના લોકોની મજૂરીના પૈસા ચાર શહેરોમાં ઠાલવ્યા છે. દુનિયાના તમામ દેશોએ પણ જે તે દેશનો બધો પૈસો પાંચ-દસ શહેરોમાં ભેગો કર્યો છે. તેથી દુનિયાના અનેક શહેરો ડૂબવાની દિશામાં જઈ રહ્યા છે. એટલે જ ભારતમાં પક્ષરહિત શાસનવ્યવસ્થામાં દસ લાખથી ઉપરની વસતીવાળા શહેરો ન વિકસાવવાનો વિચાર કરાયો છે. અને મોટાં શહેરોની વસતિને પણ ધીરે ધીરે દસ લાખ સુધી લાવી દેવાની યોજના ઘડવાનો વિચાર કરાયો છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૧ ઉપર)**

# મોંઘેરી શાંતિ

રક્ષા મ. વ્યાસ

દક્ષિણ અમેરિકાનું ખાસ જાણીતું નહીં એવું કોલંબિયા રાજ્ય હવે જાણીતું બન્યું છે. કેમ ભલા? તો એના જવાબ બે છે : તેના ૩૨મા પ્રમુખ ૨૦૧૬ના શાંતિ નોબેલ પારિતોષિકના હક્કદાર ઠર્યા છે, તો લગભગ ૬૦ વર્ષથી ચાલતો આંતરવિગ્રહ શમવાને આરે છે.

પ્રમુખ ખ્વાન માનવેલ સાન્તોસ વ્યવસાયે અર્થશાસ્ત્રી અને પત્રકાર રહ્યા હતા. સંપત્તિ અને પ્રભાવ ધરાવતા પરિવારના સંતાન તરીકે તેઓ ૧૯૧૩થી ૨૦૦૭ સુધી ત્યાંના જાણીતા અખબાર 'અલ-ટીએમ્પો' ના બહુમતી શૅરધારક હતા. લંડન સ્કૂલ ઑફ ઇકૉનૉમિક્સ અને હાર્વર્ડમાં શિક્ષા-દીક્ષા પામેલા આ નેતા કોલંબિયાના રાજકારણમાં સક્રિય હતા. દેશના વિવિધ રાજકીય હોદ્દા ધરાવવા સાથે અસાધારણ બહુમતીથી તેઓ રાષ્ટ્રપ્રમુખ ચૂંટાયા હતા. સુપેરે ઘડાયેલા આ રાજકારણી અને રાષ્ટ્રીય નેતાએ વિશ્વરાજકારણમાં એક કમાલ કરી બતાવી છે.

ખૂબ લાંબા અરસાથી સ્પેનનો ગુલામ રહેલો આ દેશ, અન્ય દેશોથી ઘણો વહેલો ૧૮૯૦માં સ્વતંત્ર થાય છે. શાસન ચલાવવાની ગડમથલમાં સરકારનું દેવું વધી જતાં સરકારે મોટાભાગની જમીન ધનપતિઓને વેચી દીધી ત્યારે પ્રજાએ આ નીતિની ખાનાખરાબી વેઠવાની આવી. સામાન્ય અને ગરીબ પ્રજા સ્વતંત્રતા છતાં સામંતો અને જમીનદારોની ચુંગાલમાં ફસાઈ. ૧૯૨૦થી અંતહીન શોષણ જ તેમને ભાગે શેષ બચ્યું હતું. પ્રજા આવું શોષણ ક્યાં સુધી સહન કરે? શોષણ સામે લડવા ૧૯૬૪ માં ડાબેરી પક્ષની સશસ્ત્ર પાંખ તરીકે ફાર્ક- 'Fuorzas Armadas Revoluanarias de colombia 'રેવોલ્યુશનરી આર્ઝ ફોર્સીસ ઑવ્ કોલંબિયા' નો ઉદય થયો. સ્વાભાવિક છે કે તેમાં દેશના ગરીબો, ખેડૂતો અને કારીગરો સક્રિય બન્યા. સશસ્ત્ર યોદ્ધાઓ વડે સજ્જ આ પ્રજાકીય સૈન્ય ૨૦,૦૦૦ પર પહોંચ્યું. કોઈ પણ બળવાખોર સંગઠનની જેમ તે લશ્કરી છાવણીઓ, સરકારી ઇમારતો અને કચેરીઓને તેનું નિશાન બનાવતું. બળવાખોરોને નાણાં તો જોઈએ જ. તે માટે તેમણે ગુનાખોરીનો રસ્તો અપનાવ્યો. આજના વિશ્વમાં કોલંબિયા કોકેન જેવી ડ્રગની શ્રેણીમાં મુકાતી પેદાશનું વિશ્વમાં સૌથી મોટું નિકાસકાર છે. ફાર્ક બળવાખોરોએ આ કોકેનના ધંધા પર કબજો જમાવીને કોલંબિયાની રાજકીય સામાજિક વ્યવસ્થાને તહસનહસ કરી દીધી. ગેરીલા યુદ્ધનીતિ દ્વારા સરકારને હંફાવવાના કામમાં ફાર્ક કામિયાબ બનતું રહ્યું. ક્રમશઃ સરકાર અને બળવાખોરો વચ્ચેનો આ સંઘર્ષ સશસ્ત્ર સંઘર્ષ બની રહ્યો. ૧૯૮૫થી ફાર્કની આ ગેરીલા નીતિઓ સાથે 'પેટ્રીઓટિક યુનિયન' જોડાયું. જે ત્યાંનો ડાબેરી રાજકીય પક્ષ હતો. કોકેનની નિકાસ અમેરિકા ખંડના પડોશી દેશો માટે પણ સમસ્યારૂપ હતી.

ફેબ્રુઆરી, ૨૦૦૮થી લાખો કોલંબિયાવાસીઓ ફાર્ક વિરુદ્ધ દેખાવો કરતા. આ સંજોગોમાં સરકારને લશ્કરી દળો મજબૂત કરવાની જરૂર જણાઈ. દેશનો આંતરવિગ્રહ જોર પકડી રહ્યો હતો તેમ તેમ દેશ ખાનાખરાબી ભણી ઘસડાઈ રહ્યો હતો. અંતિમ યુદ્ધ અનિવાર્ય બન્યું હતું. ૧૯૪૮ થી ફાર્ક અને સશસ્ત્ર દળો વચ્ચેનો સંઘર્ષ વ્યાપક હિંસામાં પરિણમ્યો હતો. દસ વર્ષ સુધી લંબાયેલો આ 'ધ વાયોલન્સ' નો ગાળો દેશ આખામાં ૨,૦૦,૦૦૦ (બે લાખ) લોકોની હત્યામાં પરિણમ્યો હતો. ફાર્ક અને સરકાર બંનેની અપ્રિયતા વધતી હતી. જેનો કોઈ ઉકેલ હાથવગો નહોતો.

૨૦૧૦માં ખ્વાન માનવેલ સાન્તોસ કોલંબિયાના પ્રમુખ ચૂંટાયા. ઑગસ્ટ, ૨૦૧૨માં સાન્તોસે આ આંતરવિગ્રહનો અંત લાવવા બાબતે ફાર્ક સાથે સમજૂતીભરી વાટાઘાટોની બારી ખોલી. તેમનું આ પગલું તેમની પ્રમુખીય કારકિર્દીનું સીમાચિહ્ન બન્યું. ઑક્ટોબર, ૨૦૧૨માં આ માટે તેમને 'શાલોમ પ્રાઈઝ' ના હક્કદાર ઠેરવવામાં આવ્યા, જે વિશ્વની યહૂદી કોંગ્રેસ દ્વારા એનાયત કરાય છે. એ પછી કોલંબિયામાં પ્રમુખે નાનાંમોટાં વિવિધ અભિયાનો આદરીને ફાર્કને દેશના મુખ્ય પ્રવાહમાં ભેળવવાના પ્રયાસો કર્યા. એ પછી માર્ચ, ૨૦૧૪માં નવી પ્રમુખીય ચૂંટણીઓ જાહેર કરીને આંતરવિગ્રહ સંદર્ભે પ્રજાને એક સૂત્ર ભેટ ધર્યું : 'અમે ઘણું કામ કર્યું છે અને હવે ઘણું કામ કરવાનું છે.' સાન્તોસ ૫૧ ટકા મતથી વિજયી બન્યા, આ વેળાના વિજય વ્યાખ્યાનમાં તેમણે કહ્યું, 'દેશના ૫૦ વર્ષોના સંઘર્ષનો આ અંત છે અને એ નવા કોલંબિયાનો પ્રારંભ છે.' આમ વિજેતા સાન્તોસે શાંતિ પ્રત્યેની એમની કટિબદ્ધતા સ્પષ્ટ કરી. તેમનું આ વ્યાખ્યાન ઘણું મદદરૂપ બન્યું. એટલું જ નહીં પણ એથી પ્રજાને ભારે સધિયારો સાંપડ્યો. આ વ્યાખ્યાનથી જાણે શાંતિપ્રક્રિયાનો આરંભ થઈ ચૂક્યો હતો. દેશનાં લશ્કરી દળોને મજબૂત બનાવવા સાથે ક્યુબાના હવાના ખાતે કોલંબિયાની શાંતિપ્રક્રિયા આરંભાઈ. સરકાર અને ફાર્કના ગેરીલાઓ વચ્ચે ચાર વર્ષ સુધી ઔપચારિક અને બે વર્ષની ગુપ્ત શાંતિ પ્રક્રિયા

(અનુસંધાન : જુઓ પાના નં.-૮૧ ઉપર)

# બધું સુંદર કરતાં કરતાં

લલિત નિબંધ

ગુલાબ દેઢિયા

વસ્તારી ઘરમાં દિવાળીનાં પગરણ સાફસફાઈથી થવા માંડે. દર વર્ષે જૂની ચીજવસ્તુઓ પેટીઓમાંથી, મેડા પરથી, અલમારી પરથી, ક્યાં ક્યાંથી નીકળતી. સાફ થતી, ભાદરવા આસોનો તડકો દેખતી, ફરી સ્વસ્થાને આસન ગ્રહણ કરતી. જેમાં ગાદલાં-ગોદડાં પણ આવી જતાં. મોટા ઘરમાં સંઘરો વધતો જતો.

ઘરમાં કે મનમાં આવેલી વસ્તુ કે વાત ઝટ જતી નથી, છૂટતી નથી. જ્યારે ફરી દેખા દે ત્યારે જૂનાં સંસ્મરણો જાગી ઊઠે છે. વસ્તુ તો ફરી ક્યારેક કામ લાગશે એમ માની સાચવીને રાખું છું પણ મનમાં કેટલીય વાતો, સ્મરણો હવે જેનો ખપ નહિ પડે એવાં, ઘર કરી બેઠાં છે. મનની દિવાળી ક્યારે!

સફેદ માટી પલાળીને એનાથી ઘરની ભીંતોને અમે જાતે જ ધોળતા. એ 'શીળી માટી' થી ઘર હસી ઊઠતું. સામાન બહાર મૂક્યો હોય અને ભીંતો ધોળાઈ જાય ત્યારે ઓરડામાં મોકળાશ અને પ્રસન્નતા વધી જતી. પરિચિત ઓરડો નવો નવો લાગતો. ખાલી ઓરડામાં અમે છોકરાઓ આમ તેમ આંટા મારતા. પછી ગોઠવણીનો દોર શરૂ થતો. ડામચિયો, કબાટ, પેટીઓ વગેરેના ફેરફાર કરવાનાં આયોજન થતાં છતાં ફરી ઘણું બધું એમ જ ગોઠવવું પડતું. સંકડાશ, મોકળાશ, સગવડ બધું જોવા જતાં ઘીના ઠામમાં ઘી પડી રહેતું.

ઓસરીમાં ભીંત પર તોરણ, ગણપતિ, દ્વારપાળ, વગેરે ચિત્રો હતાં. દીવાલોને ઘસી ઘસીને ધોતા ત્યારે એ જૂનાં ચિત્રો આછાંઝાંખાં પ્રગટતાં હતાં. હું વિચારતો કે આ ચિત્રો ખરેખર પૂર્ણ રંગછટા સાથે હોય તો કેવું સારું લાગે! પણ એ તો વર્ષો પહેલાં કોઈ કીમિયાગરે દોરેલાં ચિત્રો હવે તો ભીંતો ધોવાય ત્યારે જ દેખા દે એવાં રહી ગયાં હતાં. અમે ફરીથી ભીંત પર સફેદ રંગ ફેરવી દેતા. ચિત્ર ફરી ભૂતકાળના ખંડમાં સરી જતું. આજે પણ એવું થાય છે કે એ ભીંતચિત્રો ત્યાં હશે તો ખરાંને! કેવી અલપઝલપની સૃષ્ટિ છે! દેખાવું પણ પૂરા પ્રગટ ન થવું. દાયકાઓ પહેલાં દાદા-દાદીએ એ ચિત્રો સાથે વાતો કરી હશે. પછી ઝાંખાં થતાં ઢંકાઈ ગયાં હશે. પણ અસલ રંગ હજી ગયા નથી. હવે પ્રગટ નહિ થાય. કારણ કે હવે ભીંતો ધોવાતી નથી. શીળી માટીને બદલે પાકા રંગના બ્રશ ફરી ગયા છે.

ખરું અઘરું કષ્ટદાયક કામ તો રસોડાના જામેલા ધુમાડાના કાળા થરને હટાવવાનું રહેતું. ગામડાના ઘરેઘરનાં જૂનાં રાંધણિયાંએ કેટલાં આંસુ પીધાં હશે!

રાંધણિયું તો છેક છાપરા સુધી, વળી ને નળિયાં સુધી કાળું મેંશ. એની દીવાલોને બારી બારણાંને ધોતાં કાળારંગના રેલા ચાલતા. શીળી માટીના સફેદ રંગના લપેડા થોડી ધવલતા પ્રસરાવતા.

માતા ઘણા ઘણા થાક વચ્ચે બધાં કામ આટોપી, છેલ્લે માટીના ચૂલાને પણ ધોળીને શ્વેતસુંદર કરી દેતી. કોઈ જરૂર કહેતું : ચૂલાને ધોળવાની શી જરૂર છે? એ તો સળગાવતાં જ પાછો કાળોમેંશ થઈ જશે.

મા કંઈ ન બોલતી. અમારું રંગકામ શરૂ થતું ત્યારે તો અમે ભારે હોંશીલા દેખાતા પણ અડધી રાતે માંડ માંડ પૂરું થતું ત્યારે અમે રંગથી ને થાકથી રંગાઈ જતા. હાશ, પૂરું થયું. એની ખુશી પણ થતી.

ફરી સવારે ઊઠીને માતાને તો એ જ ચિરપરિચિત ચૂલો સળગાવવાનો રહેતો. તે જરાક થોભતી. થોડી ક્ષણો માટે, ચૂલાને સ્વચ્છ, સફેદ રંગમાં રંગેલો મનભરીને જોઈ લેતી. પછી કામમાં ગૂંથાઈ જતી.

ત્યારે તો ક્યાંથી સમજાય, આજે ખ્યાલ આવે છે કે એ કેવડી મોટી વાત હતી! બધું સુંદર કરતાં કરતાં એને સુંદરતાના શિખર પર લઈ જવું. ખબર છે – થોડી વાર પછી, થોડી પળો બાદ એમાં અવરોહ આવશે. ખરી તૃપ્તિ એ આરોહ સુધી પહોંચવામાં છે.

કાળ ઉપર, પરિસ્થિતિ કે સંજોગ ઉપર થોડી વાર, તો ભલે થોડી વાર માટે એક સુંદર સપનું મઢી દેવું. પછી સરલ સહજ ભાવે વાસ્તવિકતાને સ્વીકારી લેવી. થાય ત્યાં લગી સારું કરવું, મનગમતું કરવું, નહિ ટકે એ જાણ્યા છતાં કરવું એ ખરી મજા છે. પ્રસાદ અને આનંદને જથ્થાનો લોભ ન હોય.

રોજ સવારે ઘર આંગણે સાદી સરળ રંગોળી કાઢવા પાછળ પણ આવો જ કોઈ વિચાર હશે ને! ભલે પછી ભૂંસાઈ જાય, વાયરો વિક્ષેપ પાડે, કોઈનો પગ પડી જાય પણ થોડીવાર માટે તો આંગણે મલકાટ કાં ન રોપી દેવો?

થોડીવાર માટે પૂર્ણ પ્રફુલ્લન સુધી પહોંચી જવું એ માણસનો જ નહિ કુદરતનો પણ નિયમ છે.

ચૂલો કેટલો ધોળો થયો, કેટલી વાર સફેદી રહી, બીજાના ચૂલા કરતાં ઓછો સફેદ થયો કે વધુ એવું કશું ત્યાં હોતું નથી. પ્રયત્ન કર્યો, દિલ રેડ્યું, પોતાને ગમ્યું. બસ મન પોતે તથાસ્તુ કહે તોય ઘણું છે. સુંદરતા એ માળાનો મેર છે. ચક્ર ફરી ચાલવાનું જ છે. એવરેસ્ટ પર કંઈ ગામ વસતાં નથી, ત્યાં પહોંચવાનું છે. આપણો હિમાલય ક્યાંક આપણી આસપાસ હોય છે. સપનાં વાવવાં, ઉછેરવાં અને ખીલવવાં.

*સંપર્ક : મો. ૯૮૨૦૬ ૧૧૮૫૨*

# "નાની"

ચરિત્ર નિબંધ

સુચિતા કપૂર

આ 'નાની' એટલે મારી માતામહ નહીં હોં. આ તો એક એવું જીવંતપાત્ર કે જેણે જીવતેજિવ મારામાં પરકાયાપ્રવેશ કરેલો છે. અને જ્યારે ને ત્યારે મારા મનમાં ઉધામા કર્યા કરે છે. મારી સંસ્કારગત માન્યતાઓના છેદ ઉડાડી નવી જ દૃષ્ટિએ જોવા અને એનો સ્વીકાર કરવા મને મજબૂર કરે છે. દુનિયાની સૌથી વ્યક્તિનો ખિતાબ મેં એને આપેલો છે.

તમને મારી વાત અતિશયોક્તિ લાગે છે ને? કેમકે તમે નાનીને મળ્યા નથી. એને નજીકથી જોઈ - ઓળખી નથી. નહીં તો તમારી પણ અનેક રૂઢિગત માન્યતાઓને એ આસાનીથી ખોટી ઠેરવી દેત. ના, ના, રખે એવું ન માનતા કે એ કોઈ બહુ વિદ્વાન, વિદૂષી છે, જે જ્ઞાનચર્ચામાં તમારી દલીલોના ખંડન કરી દેશે. એને એવી પરવા જ ક્યાં છે? એણે તો શાળાનું પગથિયુંયે ચઢવાની પરવાહ નહોતી કરી. કહો કે નિશાળની એને જરૂરેય નહોતી.

તમારી એક માન્યતાનો તો છેદ હમણાં જ ઉડી જશે. નાની કોઈ કહેવાતા ઉચ્ચવર્ણ, અમીર કુટુંબનું સભ્ય નથી જ હોં. છતા નાની તો નાની જ હોં. એના બરોબરિયું હજુ સુધી કોઈ મેં જોયું નથી. નાનીને મળ્યા પછી તમે પણ મારી વાત સાથે સહમત થઈ જશો. ચાલો, તો હું તમને નાની સાથે મેળવું.

મેં એને સૌપ્રથમ રોડના કાંઠે વાસણ માંજતા જોયેલી. ગુલાબી રંગનું, કાળા ટપકાવાળું ફ્રોક, પ્રમાણમાં ઉજળો વાન. સોનેરી ભૂખરાં લટુડા, ઠીંગણી કાઠી, ચપટું નાક, સામાન્ય આંખો, સહેજ જાડા હોઠ, ગોળમટોળ કહી શકાય એવું શરીર. ફ્રોકના બધા જ તૂટી ગયેલાં બટનને કારણે અર્ધા ઉઘાડે વાંસે બે-ચાર વાસણ એ માંજતી'તી. હશે માંડ નવ-દસ વરસની. ત્યારે હજુ ડેવલપમેન્ટ વિનાના આ એરિયામાં અમે રહેવા આવ્યા જ હતા. છૂટાછવાયા મકાનોવાળા, પ્રમાણમાં લૉઅર મિડલ કહી શકાય એવા એરિયામાં હું કામવાળી શોધવા નીકળી'તી અને મને મળી ગઈ વાસણ માંજતી નાની. મને જોઈ પીળા, મોટા દાંત દેખાડતું પરિચિતતાભર્યું સ્મિત એણે આપ્યું. કામવાળી વિશે પૃચ્છા કરતા જૂની ઓળખાણ હોય એમ સહજ ભાવે મને કહે, 'ભાવું કરી જશે. લ્યો બોલાવી લાવું.' ક્યાં રહે છે ભાવું? 'મારી બેન જ છે. સામે જ રહીએ છીએ.'

એ પછી તો એ અંગૂઠા જેવડી છોકરી હેવાયી થઈ ગઈ. નાનું-મોટું કામ કરી પણ આપે. હા, પૈસા રોકડા આપવાના. તમને તરત મનમાં આવ્યુંને, 'વાહ, ગરીબ મા-બાપની મદદ કરે છે, આવડી અમથી છોકરી!' તો સાંભળો, એની ટેવ મુજબ એણે તમને ખોટા પાડ્યાં. પૈસા થઈ સીધા જવાનું નજીકની કરિયાણાની દુકાને. મનગમતો ભાગ લઈ, મજેથી ખાતી નાનીને જો તમે જોઈ હોયનો તો તમનેય એ સસ્તી વસ્તુ ખાવાનું મન થઈ આવે. પણ, જોજો પાછા, આપણે એવી ભૂલ ન કરાય. નાની કોઈ'દી માંડી પડી મેં જોઈ નથી. પણ આપણને તો આવી સસ્તી, બજારૂ ચીજો નડી જ જાય ભાઈ!

એ તો પાછી ખાવાનીયે ભારે શોખીન. અમારાં ઘરની નજીકમાં જ કમ્યુનિટી હૉલ. આસપાસના વિસ્તારના નાના-મોટાં, સારાં-માઠાં પ્રસંગો ત્યાં જ ઉજવાય. લગન હોય કે દાડો (દહાડો) કોઈ દાડો નાની એમાં ન ગઈ હોય એવું ન બને. તૈયાર થઈને પહોંચી જ જાય. પાછી આપણનેય પૂછવા આવે, 'ફલાણાના લગન છે. તમારે નથી આવવું?' વગર આમંત્રણ ન જવાય એવી મારી દૃઢ માન્યતાનો એ તો છેદ જ ઉડાડી દે ને! બોલો, તમે કે મેં આટલાં લગ્નો માણ્યા હશે! ભલેને તમે તમને ગમે તેટલાં સામાજિક ગણતા હો, નાની પાસે તો તમે ખોટા જ પડો હોં. મને તો ડરેય લાગતો, 'કોક'દિ આ વણનોતર્યા પરોણો યજમાનનો મેથીપાક ખાશે જ!' પણ, ફરી એણે મને ખોટી પાડી. વર્ષો સુધી તમામ પ્રસંગોમાં જમવાતો જવાનું જ, એ સિલસિલો બેરોકટોક ચાલતો રહ્યો.

સ્વૈરવિહારી નાનીબાઈને કે જે ક્યારેય ક્યાંય કામ બંધાવે જ નહીં. મન પડે તો છૂટક કરવાનું. શું સૂઝ્યું કે એક નિઃસંતાન દંપતિને ત્યાં, ૨૪ કલાક એમના ઘરે જ રહેવાની શરતે કામ બંધાવ્યું. પતિ-પત્ની બંને નોકરિયાત એટલે નાનીને ઘર સોંપી બંને નોકરીએ જાય. એ બંને નીકળે એટલે નાનીબહેન પણ છટકે. મારાં ઘર જેવા એના સ્થાનકોએ પહોંચી જાય. ક્યારેક મારે ત્યાં પણ પધારે. ત્યારે એ જોવા જેવી હોય. પહેલાના પ્રમાણમાં થોડી ચોખ્ખી, થોડી વ્યવસ્થિત. પ્રમાણમાં સારા અને સ્વચ્છ કપડાં અને ખાસ તો ઓળેલાં ગૂંચ વિનાના, શેમ્પુ કરેલાં વાળ. મોઢાં પર દેખાઈ આવતો પાવડર અને હોઠ બહાર પણ લાગેલી રહેતી લિપસ્ટિક અને એવી જ રીતે નખ બહારેય લાગેલી નેઈલપોલિશ (એની ઉંમર ૧૦-૧૨ વર્ષથી વધારે નહિં હોય) ક્યારેક સ્પ્રેની સુગંધેય આવે. મને સમજાઈ ગયું કે એના મેડમ નોકરીએ જાય પછી નાની એમની વસ્તુઓ વાપરી તૈયાર થાય છે. હું એને

પૂછતીયે ખરી કે કેમ તારા મેડમનું લગાવ્યું છે ને? તો બિન્દાસ્ત હા પાડી દે. મેં પૂછેલું તને ત્યાં ફાવે છે? તો કહે, 'ના!' તમને થશે, ના જ ફાવેને! આટલી નાની છોકરી પાસે આખો દિવસ કામ કરાવતા હશે, પૂરું ખાવા આપતા હશે કે કેમ? તે બિચારીને ન જ ફાવેને! પણ, ફરી તમે ખોટાં છો. આમ તો એ લોકો એને સાચવતા. સીઝનલ ફ્રુટ, દૂધેય આપતા, પણ નાનીએ ત્યાં કામ છોડી દીધું. સ્વભાવ મેચ ન થયા. એ લોકો જરા દુરાગ્રહી હતા. નાનીને થોડું ભણાવવાની, વ્યવસ્થિત કરવાની કોશિશો કરતા હતા. વગડાઉ છોડને બગીચાની માવજત થોડી ફાવે! એમનો સૌથી આકરો અઘરો દુરાગ્રહ રોજ નહાવાનો હતો. બિચારી નાની ક્યારેક નહાયા વગર સૂઈ ગઈ હશે, તો ઉઠાડીને નહાવા મોકલી. હવે તમે જ કહો, નાનીને આવા બંધન ગમે ખરાં?

તમે સુધરેલા લોક હશો, એટલે નાકનું ટીચકું ચઢાવશો. અનહાઈજીનિક રહેવાથી થતાં રોગો, બિમારીઓ, તમારી નજર સામે પસાર થવા લાગ્યા હશે ખરૂંને? તો લ્યો પહેલાં મારી વાત સાંભળો, પછી બોલો. અમારી સોસાયટીમાં એક કૂતરું હડકાયું થયેલું. બધાં જ ડરતા. એ કૂતરાંએ નાનીને દાંત બેસાડી દીધા. મને ખબર પડી તો બરાબરની ચિંતા પેઠી. આપણે તો સાદું કૂતરું કરડે તો પણ દોડી જઈએ ડૉક્ટર પાસે. જ્યારે આ તો હડકાયું. નાની ને કોઈ લઈ જાય! મારાં ઘરની પાછળ આવેલાં ખુલ્લાં મેદનના બાજુના ભાગમાં, રોડ કાંઠે આવેલા ફ્લેટમાં નીચે ખાલી પડેલી દુકાનોમાં નાનીનો પરિવાર વસે. રોજ મારા ઘરના પછવાડાના વરંડામાંથી હું એને કંઈ કેટલીયેવાર મેદાનમાંથી આવતા જતા, રમતા કે મેદાનની સાઈડે ઉગેલાં બાવળિયામાં કળશે જતા જોતી. એને હડકાયું કૂતરું કરડ્યું એ રાત મને સરખી ઉંઘેય ન આવી. નાની હેમખેમ તો હશે ને? એ પછી પંદર વીસ દિવસ ઉઠીને તરત મેદાનમાં નજર કરૂં, નાની દેખાય છે ને? અમારા 'એ' એ તો નાનીના દારૂડિયા બાપને ઑફરેય આપી કે જો એ સરકારી હોસ્પિટલમાં નાનીને લઈ જઈ ઇન્જેક્શન અપાવી આવશે તો સીરીંજ - નીડલ ઉપરાંત રોજના ભથ્થા તરીકે ૧૦૦/- પણ આપશે. પણ... પણ શું? ફરી મને તમને તો ઠીક ભઈ, મોટા મોટા ડૉક્ટરોને અને એથીયે મોટી મોટી દવાની કંપનીઓનેય નાનીએ ખોટા પાડ્યા. હડકાયું કૂતરું તો મરી ગયું પણ નાની હજુયે દસ વરસ પછીયે જીવે છે, હોં.

આ ટચુકડી, રખડું છોકરી આખા વિસ્તારનો ભોમિયો. નવી-નવી રહેવા આવેલી મારી એ ગાઈડ. બધાને ઓળખે. બધાના સમાચાર પણ એની પાસે હોય. કોઇના ઘરમાં કંઈ પણ ઊંચનીચ થઈ હોય તેનો અહેવાલેય મળી જાય. મારી કામવાળી ન આવી હોય તો છૂટક કામેય કરી જાય. કોઈ બીજી માથાકૂટ નહિં. પણ બેન, શોખીન બધી વાતના. મને તો વહેમેય ખરો કે ક્યારેક પાનમસાલોયે ખાઈ લેતી હશે. પતંગની ગજબની શોખીન. ઘર પછવાડેના મેદાનમાં, સંક્રાંત પહેલાના મહિના - દોઢ મહિના સવારથી એને પતંગ ચગાવતી મેં વર્ષો સુધી જોઈ છે. પતંગ ચગાવવી કે લૂંટવી આ ફિલ્ડ છોકરાઓનું જ છે, એ વાતેય નાનીએ એની ટેવ મુજબ ખોટી ઠેરવેલી. સંક્રાંતના દિવસે આવી લાડું-ચીકી લઈ જાય ને લૂંટેલી પતંગો છોકરાઓને આપતીયે જાય.

ખબર નહીં કઈ રીતે, પણ મારા ઘરે આવતા બધાં જ પ્રસંગની એને ગંધ આવી જ જાય. પૂજાનો કોઇ ખાસ દિવસ હોય કે છોકરાઓની બર્થડે. બે-ચાર દિવસ સુધી ન દેખાણી હોય તો પણ ત્યારે તો એ અચૂક આવી જ જાય. પૂજા પછી અપાતી પ્રસાદી અને રોકડ રૂપિયા કે બર્થડે પાર્ટીની કેક, નાનીનો હિસ્સો એને મળી જ જાય. મહેનત અને નસીબની વાતમાં મહેનતને એણે કંઈ કેટલીયેવાર ખોટી પાડી છે.

પણ નાની હવે, નાની ન રહેતા મોટી થઈ રહી હતી. એના શરીરમાં, કાઠીમાં ઉંમર સાથેના ફેરફારો દેખાવા લાગ્યા'તા. પણ એનું મન - મગજ તો એવા ને એવા જ. સોળે સાન, કહેવતેય એણે ખોટી પાડેલી. એ અરસામાં આડોશી-પાડોશી સ્ત્રીઓ કે કામ કરવા આવતી બહેનોએ ઘણીવાર મને હસતાં હસતાં નાનીની ઠેકડી ઉડાડતા ફરિયાદ કરેલી કે, 'આ નાની સાવ ગાંડી છે, બે વેણ કહો તો સારું. અમારા કોઈનું તો કાને ધરતી નથી.' નજીકના વોંકળામાં, જ્યાં આ સ્ત્રીઓ કપડાં ધોવા જતી, નાની ખુલ્લામાં, ઉપરનું પહેરણ કાઢીને ધુબાકાભેર નહાવા પડતી. એકાદ બે ડાહી બાઈઓએ એને વારેલીયે, 'નાની, આમ જાહેરમાં ન નહાવાય, હવે તું નાની નથી!' પણ એ ગણકારે? એટલે મેંય ટોકી જોઈ. 'નાની, બધા વાતો કરે છે, ખરાબ લાગે ને?' પણ સમાજના ભયનેય ખોટો ઠેરવતા એણે કહ્યું, 'એ બધીયું હું કરે સે, મને ખબર સે. હાલો મારી હારે, તમને બતાવું કેવી રીતે નાય સે ઈ.' નાનીના ધુબાકા ચાલુ જ રહેલાં.

પણ, શરીર મનના ફેરફારોએ, સ્વતંત્ર મિજાજની નાનીને, પ્રમાણમાં કાચી ઉંમરે કોઈકના પ્રેમમાં પાડી દીધી. અને એક દિવસ કામવાળા બહેન ખબર લાવ્યાં કે નાની તો ગઈ. 'ભાગી ગઈ' શબ્દ નાની માટે યોગ્ય નહોતો. સહજરૂપે માવતરનું ઘર છોડી એણે પેલાનું ઘર માંડી દીધું. માંડ પંદર-સોળની હોય તોયે ઘણું. કામવાળા બહેને ભવિષ્ય ભાખી દીધું, 'જોજોને, બે મહિનામાં પાછી આવશે.' આમ તે કાંઈ હોય, વગર લગ્ને? પણ ફરી નાનીએ એ બહેનને, તમામ પંડિતો - જ્યોતિષીઓને ખોટાં પાડ્યાં. નાની ત્યાં ટકી ગઈ.

એના માવતરે પણ સ્વીકારી લીધું. આમ પણ દારૂડિયા બાપનું કાંઈ ઉપજતું નહીં. અને દિવસભર દહાડી કરતી મા, બીજું કરેય શું? હવે નાની ક્યારેક જ આ બાજુ દેખાતી. આવે ત્યારે ફિટિંગ વગરનું ઢીલું બ્લાઉઝ, ઢંગધડા વગરની સાડી, સસ્તા ઘરેણાં અને ઓળ્યાં વિનાના વાળ. નાની હવે ગંદી દેખાતી અને રહેતી. થોડાં સમયમાં જ એનું પેટ ઉપસવા માંડ્યું. મને ખબર

**(અનુસંધાન : જુઓ પાના નં.-૭૦ ઉપર)**

# સંત મેક(ર)ણ

લોક કથા

ઝવેરચંદ મેઘાણી

## (૧) હું સૌ માંયલો નથી

રણને કાંઠે સવાર પડતું હતું. ઊડી ઊડીને થાકેલી રેત હજુ જાણે કે પડી હાંફતી હતી. સવારનાં કિરણો એ રણ-રેતની કણીઓને સોનાનો રસ પાતાં હતાં.

નગરઠઠ્ઠાના માર્ગે એ એક ગામ હતું. પાદરમાં મસીદ હતી. મિનારા પરથી બાંગ પુકારાતી હતી. હોજને કાંઠે કોઈ મુસ્લિમ વજૂ કરતો હતો. કોઈ હાથપગ ધોઈને નમાજ પઢતો હતો.

મુસ્લિમોને કાને અવાજ પડ્યો : જી નામ! જી નામ! જી નામ!

સૌની આંખો દરવાજા સોંસરી ગઈ. પડખે થઈને એક ધોરી માર્ગ જતો હતો. તે મારગે કોઈ મુસાફર 'જી નામ! જી નામ!' જપતો પંથ કાપતો હતો.

'ખડો રહે એ હેઈ મુસાફર!' વજૂ કરતા મુસ્લિમોએ બહાર નીકળીને હાક મારી.

વટેમાર્ગુએ ઊભા રહીને પાછળ જોયું. એના અંગ પર ભદ્રભેખ હતો. એને દાઢી નહોતી. એના માથા પર કાપડી સાધુઓ ઢાંકે છે તેવો ઊંચો ટોપ હતો. શરીરે હરમિયા રંગની કફની હતી. ખભે તુંબડાંની કાવડ હતી. ગળામાં માળા હતી.

એણે અવાજ દીધો : 'જી નામ!'

'કોણ છો?'

'વાટમારગ છું.'

'નૂગરો છો? તારા માથે કોઈ મુર્શદ, કોઈ ગુરુ, કોઈ ઉસ્તાદ નથી? એનો ભેખ પહેર્યો છે?'

'કેમ ભાઈ? ગરમ કેમ બનો છો? કાંઈ પૂછતા નથી, ગાછતા નથી, ફોડ પાડીને સમજાવતા નથી. છે શું આવડું બધું?'

'ઊભો કેમ નથી રે'તો?'

'જેને પંથ કાપવો છે એને ઊભા રહેવાનું કારણ?'

'આ બાંગ સાંભળતો નથી? બે'રો છો બાવા?'

'સાંભળું છું અને આંહીંથી મારો પણ શબદ મિલાવું છું. જી નામ!'

'એ શબદ ન મિલાવાય. ને હિન્દુ-મુસલમીનના હરકોઈ ભેખધારીએ આ જાતનો અવાજ સાંભળીને ઊભા રહી અદબ કરવી જોઈએ.'

'એવો રિવાજ છે?'

'રિવાજ જ નહીં, ફર્જ છે.'

'એવી ફરજ સૌને પાડો છો?'

'બેશક.'

'ત્યારે હું એ સૌ માંયલો નથી.' મુસાફર સાધુએ રમૂજ અને તુચ્છકારથી મોં મલકાવ્યું.

'તું શું ટીલું લાવ્યો છે!' કહેતા મુસલમાનો મુસાફરની નજીક ગયા.

'ત્યારે તમારી આ બાંગ શું ટીલું લાવી છે?' પ્રવાસીએ વિશેષ મોઢું મલકાવ્યું. પચાસ-સો મુસ્લિમોના ધગધગતા મિજાજની એના મન પર કોઈ અસર નહોતી.'

'મોં સમાલ સાધુ!'

'જુઓ ભાઈ, તમે જાડા જણ છો, તોય મારે મારું મોં સંભાળવાની જરૂર નથી. મારું મોં એની જાતે જ પોતાને સંભાળી લ્યે છે. પણ હું તમને પૂછું : તમે બાંગ પુકારો છો ને હુંય ધણીનું 'જી નામ' જપું છું. હું તમને મારા જાપ વખતે ઊભા રહી અદબ કરવા કહેતો નથી. અંતરમાં અદબ તો આપોઆપ ઊઠે છે, જ્યાં જ્યાં માલિકની ભક્તિના સાદ ઊઠે છે ત્યાં. પણ તમારી બાંગને માટે જો તમારો ખાસ દાવો હોય તો તે સાબિત કરી બતાવો.'

'શી સાબિતી?'

'સાબિતી એ, કે બાંગ સાંભળતાં ગાને ધાવતાં વાછરું મોંમાંથી આંચળ છોડી દ્યે, ને પાણીના વહેતા ધોરિયા થંભી જાય, એવી કોઈ તાકાત બતાવો, તો હું ડરીને ઊભો રહું. બાકી તમે દમદાટી દઈને ઊભો રાખો એવો પાણી વગરનો સાધુ હું નથી. લ્યો, જી નામ!'

'એ ઊભો રહે.' પાછળ હાકલા થયા ને દોટાદોટ સંભળાઈ.

'મિયાં સાહેબો!' મુસાફરે પાછા ફરીને ચમકતાં નેત્રો નોંધ્યા : 'એમ ગામડે ગામડે બાંગો સાંભળીને અટકતો જાઉં તો મેં નાની (હિંગળાજ) કપ પોગું? આશાપરાનો મઠ હજી વેગળો છે. એકલો નીકળ્યો છું તે સમજીને નીકળ્યો છું. આ ભેખ ભાળો છો ને, એ તો મારો પોશાક છે. મારાં કાંડાં છે ભટી રજપૂતનાં.'

'તારું નામ?'

જવાબમાં સાધુ લલકારી ઊઠ્યો :

***ગામ ખોંભડી ગરુ ગાંગોજી, ભટિયા કુળરા ભાણ હુવા;***
***નેણલે નરખો! હેતે હરખો! સતગુરુકા મેં પંજા લિયા.***

મુસાફરે ગાન કર્યું. અજાનના સૂરોમાં એ ગાનના વાણાતાણા વણાયા.

'કોણ મેકણ કાપડી તો નહીં?' એક બુઢ્ઢા સંધીએ નામ પિછાન્યું.

'મેકણ નહીં, મેકો. ને હું નૂગરો નથી. મારો મુર્શદ પણ તમારા - અરે આપણા સૌનું પૂજવા ઠેકાણું જમિયલશા જોગીનો ગિરનારી ગોઠિયો છે દાતા દત્તાત્રેય.'

*દાતા મેરે દતાતરી, ને મેકો મંગણહાર.*

'જાવ, જાવ બાપુ.' જઈફ મુસ્લિમે બીજા સર્વની સામે ઈશારત કરી કે ચૂપ રહો.

'ઊભા રો, ઊભા રો, સાંભળતા જાવ!' એમ કહીને મુસાફરે બુલંદ ગળે ચાબખો માર્યો : 'હું તો તમને - અમને બેઉને સંભળાવું છું :

*ઠાકર તે ઠુકાયો, મુલ્લાં ડિનીતે બાંગ,*
*ઉન માલક જે ઘરજો, છે નકોં તાંગ.*

ઠાકર - મંદિરમાં આરતીઓ ઠોકાય છે અને મસ્જિદમાં મુલ્લાં બાંગો દઈ બોલાવે છે. પણ એ માલિકના ઘરનો તમને ક્યાંય પત્તો નથી મળતો. અને વળી —

*ઊંચો થીયે નીચે થીયે, હથ દો કિયા હીં;*
*ફોકી ધોઈ ફૂટરો થ્યો, અલા મિલેંદો ઈં!*

એમ અલ્લા મળશે? ઊઠબેઠ કરવાથી ને હાથ ઊંચાનીચા કરવાથી? પૂંઠ ધોવાથી ને રૂપાળા થવાથી?'

મુસ્લિમો ગામડિયા હતા. સાફ દિલના હતા. એ દિલ પર આ શબ્દચાબુક પડ્યા. કોઈએ કહ્યું : 'સાચા શબદ છે.'

'પતંગશા પીર શું કરે છે? તમારા ભાઈ?' જાણકારે કુશળ ખબર પૂછ્યા.

મેકરણે જવાબ દીધો —

*'પીર' 'પીર' કુરો કર્યો, નાંય પીરેંજી ખાણું;*
*પંચ ઈંદ્રિયું વસ કર્યો, (ત) પીર થિંદા પાણ.*

'અરે દોસ્તો! પીર પીર શું કરો છો? જેટલાએ લીલી કફની ધરી તે તમામ શું પીર? પીરોની તે શું ખાણ છે? પાંચ ઇન્દ્રિયોને વશ કરીએ તો આપણે પણ પીર બનીએ. મારો ભાઈ પંડે ઈસ્લામધરમી બન્યો છે. પતોજી હતો તે મટીને પતંગશા થયો છે. મને એનો અણગમો નથી. એની બેઠક બેતો અને કાફીઓ વચ્ચે હતી. એના બાળપણના એ સંસ્કાર. એનોય પંથ છે પ્રભુનો. એ તો હજી ખોજ કરે છે, એને પીર ન કહો. એને સાંભળો.

*પીર પેગંબર ઓલિયા મિડે વેઆ મરી;*
*ચોંણ ઉડાંજ્યું ગાલિયું, નાવો કોય વરી.'*

'પીરો પેગમ્બરો ને ઓલિયા, મણેય (તમામ) મરી ખૂટ્યા, તેમની મૃત્યુ પછીની વાતો કહેનારો કોઈ મોતને સામે કાંઠેથી હજુ પાછો નથી આવ્યો.'

'આને હવે ઝાઝો વતાવા જેવું નથી. આ તો આંહીં ઊભો કંઈક આપજોડિયા ચાબખા સંભળાવશે. માટે જવા દ્યો એને હવે.' ગામલોકોએ આપસ આપસમાં સંતલસ કરીને કહ્યું.

'ઠીક મેકાજી! પધારો હવે. મોડું થાય છે આપને.'

'લ્યો ત્યારે, જી નામ!'

'જી નામ!'

એવી સામસામી સલામ થઈ ગઈ, ને મુસાફર પોતાને માર્ગે પડ્યો.

## દત્તાત્રેયનો મેળાપ

એક દિવસ ગિરનારના કબજેદાર ગણાતા જોગીસમૂહમાં જાણ થઈ કે આપણા પહાડની છાયાભોમમાં, સરભંગ ઋષિનો જે ઠેકાણે આશ્રમ હોવાનું કહેવાય છે, એ જ ઠેકાણે એક અજાણ્યા જુવાને ધૂણો ચેતાવ્યો છે. નથી એ કોઈ મંદિરમાં જતો, નથી એ એકેય દેવની મૂર્તિ રાખતો, નથી કોઈ ધર્મક્રિયા કરતો. એવો બેમાથાળો કોણ છે?

*ધૂણો નાખ્યો ધરાર, આંબલિયું મોઝાર;*
*તરસૂળ ત્રણ પાંખાળ, ખોડે ડાડો મેકરણ.*

દત્ત ગિરનારીની જમાતે પોતાના ગરાસ જેવી ગણેલી આ ગરવા ફરતી પૃથ્વીમાં રજા સિવાય એ કોણ દાખલ થયો છે? ગુરુ દત્તની પાસે ફરિયાદ થઈ.

ગામડે ગામડે આ દત્તાત્રેયનો ધોકો ફરતો. એ ધોકાની નિશાની ન ધરાવનારી ઝોળીમાં કોઈ ભિક્ષા નાખતું નહોતું. દત્તની સ્થાપેલી શિસ્ત કડી અને કડક હતી. દત્તે તો પોતાની જમાત માટે કપરી તાવણ ઠરાવી હતી. દત્તના ચેલાઓ દિગંબરો રહેતા, તપોધનો હતા, ગુફાવાસીઓ હતા. ચલમ અને સાફી એ આ જમાતના સંગઠનનું પ્રતીક હતું. ન્યારા ન્યારા પંથ ચલાવનારાઓને દત્ત ડારતા હતા. ભેખની ભવ્યતા ગુરુ દત્તે સાધી છે તેટલી કો વિરલાએ જ સાધી હશે.

એવા દત્તના ધોકાને પોતાના ધૂણા પર રોકી રાખનાર આ જુવાન કોણ હતો?

દત્તની ચાખડીઓએ ગિરનારના પથ્થરો ગુંજાવ્યા. દત્ત નીચે ઊતર્યા ને ત્યાં ગયા, જ્યાં ગિરનારની આઠેક ગાઉ પરની પુરાણપુરાણી જગ્યાનો ઉજ્જડ વેરાન ટીંબો નવેસર ચેતાવતો મેકણ નામનો જુવાન બેઠો હતો.

દત્તે મિલન-બોલ પુકાર્યો :

સત સરભંગ!
લોહીમાંસકા એક રંગ!

જવાબ જડ્યો :

'જી નામ!'

આ જવાબમાં અજાણ્યો શબ્દ સાંભળીને ગુરુ દત્ત નવાઈ પામ્યા.

એણે પ્રશ્ન કર્યો :

*દત્ત પૂછે ડીગંબરા, તું જોગી કે જડાધાર?*
*કળાસંપૂરણ કાપડી, તારો આગે કુણ અવતાર?*

'તું કોણ છો હે દિગમ્બર? તું આટલો તેજસ્વી ક્યાંથી? તારાં આ રૂપ ક્યાંનાં? તું યોગી છે કે સાક્ષાત્ શંકર છે? તારો પૂર્વાવતાર કયો?'

જવાબમાં એ નવસ્ત્રો જુવાન આટલું જ બોલ્યો :

દાતા મેરે દતાતરી!

મેકો મંગણહાર.

'હે ગિરનારી! હું મેકો તો તારી પાસે માગણહાર બનીને આવ્યો છું.'

ને હું બીજો કોઈ નથી :

*મેં સંગાથી રામકા, ઓરનકા કુલ નાંઈ;*
*ખટ દરસનમાં ફરન્તાં, દરસન મળિયાં આંઈ.*

'હે ગુરુ, છ દર્શનોનું ભણતર ભણ્યો છું. તે પછી જ તમારાં ગેબી દર્શન જડ્યાં છે.'

'શું માગે છે તું?'

'સાચો જીવન-પંથ. સાચો ધર્મ.'

'માગતા પહેલાં શી શી તૈયારીઓ કરી છે જુવાન?'

'ગિરનારને બાર વર્ષ પરકમ્મા દીધી છે. બાર વર્ષ કંદમૂળ જમીને ઝરણાનાં પાણી પીધાં છે. તમારા કાયદાનું પાલન કરી ચૂક્યો છું.'

'ચોર બનીને કેમ આવ્યો?'

'શાહુકાર બનીને આવ્યો હોત તો તમારી પાસે પહોંચવાય દેત કે તમારા ચેલા?'

'કઈ ધરતીનો બેટો છે તું?'

'કચ્છ ધરાનો.'

'જા ત્યારે, જન્મ દીધો છે જે ધરતીએ, એને જ ચરણે ચાકરી ધરી દે. તેનાં ભૂખ્યાંની ભાળ લે. ત્યાં જઈ ધૂણો ચેતાવ. સકળ ધર્મનો સાર એ એક જ ધર્મ છે. બીજી બધી સાંપ્રદાયિક ઈન્દ્રજાળ છે.'

'આદેશ આપો. નિશાની આપો. જગતને ધૂતનારા ફરે છે તેની વચ્ચે મને કોણ ઓળખાવશે?'

'ઓળખાવશે તો તારી કરણી જ એકલી. પણ લે આ બે તુંબડાં. ખંભે કાવડ ઉપાડ, ને દેહ તૂટી ન પડે ત્યાં સુધી ફેરવ.'

કાવડનું સેવાચિહ્ન આ પ્રમાણે સૌ પહેલું મેકરણને સોંપાયું. સૌંપ્યું ગુરુ દત્તાત્રેયે.

*(ક્રમશઃ)*

## નાની

(અનુસંધાન : પાના નં.-૬૭ ઉપરથી ચાલુ)

પડી તો હું અને મારા જેવી આસપાસની સ્ત્રીઓ એની ચિંતા કરવા લાગ્યા. નાની ઉંમરમાં, કાચા શરીરને માતૃત્વનો બોજ એ કેમ વેંઢારશે? એ પોતે બાળક જેવી, ત્યાં આવનાર બાળકનું શું? એની સુવાવડ હેમખેમ પતે તો સારું. પણ મા ના ઘરે નાનીએ એના જેવી જ દીકરીને જન્મ આપ્યો. દીકરીના જન્મના પંદર જ દિવસ પછી મેં નાનીને રોડ પર નીકળતી કુલ્ફીની લારીમાંથી કુલ્ફી લઈ મોજથી ખાતા જોઈ હતી. ડૉક્ટર, વૈદ્યો કે દાયણો — બધાની થીયરીઓ નાનીએ ખોટી પાડી.

એ પછીની ઉત્તરાયણમાં પોતાની ૪-૫ મહિનાની છોકરીને મેદાનમાં કિનારે સુવડાવી, પતંગ ચગાવતી - લૂંટતી નાનીને અમે સૌ જોઈ રહ્યાં. દુનિયાની સૌથી સુખી વ્યક્તિનો ખિતાબ હજુયે એના શિરે જ રહ્યો.

સમય સાથે નાની થોડી વિસારે પડી રહી હતી. ક્યારેક - ક્યારેક દેખાતી. ક્યારેક એકાદ છોકરું વધ્યું હોય તો ક્યારેક ઘટ્યુંયે હોય. મોટી દીકરી અસ્સલ નાની જેવી. હાલચાલ, ચહેરો-મહોરો અને નિર્ભિક વર્તન. પછીનો દીકરો પાછો થયો. પાછી એક છોકરી થઈ. બીજોયે છોકરો પાછો થયો. આ બધા દરમિયાન ડૅવલોપ થઈ ગયેલાં અમારા વિસ્તારમાંથી, વર્ષો સુધી, એમના માટે જ બન્યાં હોય એવા ખાલી બિલ્ડિંગમાંથી એના કુટુંબને પણ જગ્યા ખાલી કરી જવું પડ્યું. નાની વધુ ભૂલાવા માંડી.

ત્યાં જ હમણાં એની મોટી દીકરી, જે પાંચ-સાત વરસની હશે આવી. નાની જેવી જ બેપરવાહ, કોન્ફિડેન્ટ. પૂછ્યું, 'મારી મમ્મી આવી છે?' થોડીવારે નાની આવી. એવી જ લઘર-વઘર, ગંદી. એના ગંદા પીળા દાંત દેખાડતા હસતા હસતા અમારાં સૌના ખબર અંતર પૂછ્યા. મેં પણ પૂછ્યું કે કેમ ઝાઝે સમયે દેખાણી? તો કહે, 'અમે ક્યાં અહીં હતા. આના પપ્પાને રાજકોટ કામ મળ્યું હતું. ત્યાં હતા. એ પ્લમ્બરનું કામ કરે છે. હું દહાડી કરું. ક્યારેક અમે પગીપણામાં રહીએ છીએ.' મેં પૂછ્યું, 'સાચવે તો છે ને?' કહે, 'ક્યાં જાય?' મેં એના પેટ તરફ ઈશારો કરતા કહ્યું, ત્રણ દીકરીઓ તો છે, હવે શું છે? કહે, 'દીકરો તો જોઈએને!' મને પહેલીવાર નાની માટે આઘાત લાગેલો. વીસ-બાવીસ વરસની ઉંમરે છ-સાત સુવાવડો? નાનીનું શરીરેય કંતાતુ જતું દેખાતું હતું. બધાને, ભલભલાને ખોટાં ઠેરવનાર નાની શું સમાજની એક જડ રૂઢિને ખોટી ન ઠેરવી શકી?

પહેલીવાર મને એને મેં આપેલો 'દુનિયાની સૌથી સુખી વ્યક્તિ'નો ઈલકાબ ભયમાં લાગ્યો. હિંચકાના કિચૂડાટે મારું ધ્યાન ભંગ કર્યું. એની મોટી દીકરી બિન્દાસ્ત હિંચકા ખાતી હતી. હું જોઈ રહી. શું હળવેથી નાનીનો ખિતાબ આ છોકરી સેરવી લેશે?

કે પછી નાની એની લાક્ષણિકતા મુજબ મને ખોટી પાડશે? તમને શું લાગે છે?

*કાળિયા બીડ, ભાવનગર*

ગાંધીધામ સંકુલમાં તાંત્રિક શિક્ષણના પ્રણેતા અને અકાદમી પુરસ્કૃત સર્જક

# કેળવણીકાર-સિંધી સાક્ષર : હરિ 'દિલગીર'

કચ્છી પ્રતિભા

ભરત 'કુમાર' પ્રા. ઠાકર

૨૦૧૬ના વર્ષમાં વિવિધ ક્ષેત્રના આઠ જેટલા કચ્છી વ્યક્તિ વિશેષોની જન્મ કે પુણ્ય શતાબ્દી આવે છે. તેમાં શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રની એકમાત્ર પ્રતિભા આદિપુરના પ્રૉ. હરિ દરિયાણી 'દિલગીર' છે. કેન્દ્રીય સાહિત્ય અકાદમી અને ગુજરાત સિંધી સાહિત્ય અકાદમી પુરસ્કૃત આ સિંધી સર્જકની આ વર્ષે આવતી ૧૦૦મી જન્મજયંતી પ્રસંગે એમની આછેરી જીવન-ઝલક પ્રેરક અને પ્રાસંગિક બની રહેશે..

## • પૂર્ણતાવાદી અને આશાવાદી કવિ :

સુપ્રસિદ્ધ અને સિધ્ધહસ્ત સિંધી કવિ-લેખક તથા ગાંધીધામ સંકુલના સામાજિક - રાજકીય અગ્રણી એવા હરિ ગુરદિનોમલ દરિયાણી 'દિલગીર'નો જન્મ બરાબર શતાબ્દી પૂર્વે ૧૫મી જૂન, ૧૯૧૬ ના પાકિસ્તાનના લારકાના (સિંધ પ્રાંત) માં થયો હતો. હરિભાઈને શરૂથી જ કવિતા લખવામાં રસ હતો. તેઓ નવાઝ અલી જાફરી 'નિયાઝ' પાસેથી કાવ્યાત્મક અભિવ્યક્તિ અને છંદશાસ્ત્ર શીખ્યા હતા.

જ્યારે પ્રસિદ્ધ સિંધી કવિ 'બેવસ' ઉર્ફે કિશનચંદ તીર્થદાસ ખત્રી (૧૮૮૫ - ૧૯૪૭) ની અસર તળે સિંધી ભાષાની મીઠાશ અને સૌંદર્ય પામ્યા હતા. પરિણામે સિંધી સાહિત્ય જગતમાં તેઓ 'પૂર્ણતાવાદી' તરીકે જાણીતા થયા. તેઓ એક સકારાત્મક, સંવેદનશીલ અને આશાવાદી કવિ હતા. એમના પદ્યસર્જનમાં સ્વાભાવિકતા, શૈલીનો સ્વયંસ્ફુર્ત પ્રવાહ તેમજ સાદા અને મધુર શબ્દોમાં અર્થની ઊંડાઈ અને વિચારની ઊંચાઈ જેવાં પાસાં જોવા મળે છે.

દેશના ભાગલા બાદ ૧૯૪૮માં એમણે આદિપુર (ગાંધીધામ) ને પોતાનું નવું વતન બનાવ્યું અને પછી બૉમ્બે યુનિવર્સિટીમાંથી વિજ્ઞાન તથા સિવિલ એન્જિનિયરિંગના બેવડા સ્નાતક થયા બાદ ૧૯૫૮થી આ સંકુલને પોતાની કર્મભૂમિ પણ બનાવી. કચ્છમાં નિર્વાસિત સિંધીઓ માટેના નૂતન શહેરી સંકુલ ગાંધીધામના પ્રારંભથી જ તેઓ સિંધી સમાજના પુનર્વસન અને નગર વિકાસમાં પણ સક્રિયપણે જોડાયેલા રહ્યા. આદિપુરને શૈક્ષણિક નગરી બનાવવામાં તેમનું પણ મોટું યોગદાન રહેલું છે.

## • તાંત્રિક શિક્ષણનો પાયો અને વ્યાપ :

હરિ દરિયાણીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ અહીં મૈત્રી મંડળની 'ગાંધીધામ સિવિલ એન્જિનિયરિંગ ઇન્સ્ટિટ્યૂટ' શરૂ થઈ હતી, જેના તેઓ સ્થાપક આચાર્ય હતા. સિવિલ એન્જિનિયર અને સારા વહીવટકર્તા એવા દરિયાણીજીને ટેકનિકલ શિક્ષણની પણ જરૂરત જણાઈ. કચ્છ જિલ્લામાં પ્રથમ એવી સંપૂર્ણ સજ્જ ડિપ્લોમા લેવલ કોલેજ માટે યોજના બનાવી અને મુંબઈના ઉદ્યોગપતિ કાકા તોલાણી (૧૮૯૩-૧૯૮૮) ઉર્ફે પ્રભુદાસ સખાવતરાય તોલાણી સાથે ચર્ચા કરી.

એમની વિનંતીથી તોલાણીજી આદિપુરની મુલાકાતે આવ્યા અને 'ગાંધીધામ કૉલેજિયેટ બૉર્ડ' ની સ્થાપના સાથે તાંત્રિક શિક્ષણનો આરંભ થયો. સતત ત્રણ દાયકા (૧૯૫૯-૮૮) લગી એમણે આ સંસ્થાના સ્થાપક મંત્રી તરીકે સેવા આપી હતી. ૧૯૬૭માં મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ ઇજનેરીના ડિપ્લોમા અભ્યાસક્રમો ઉમેરાયા. આધુનિક સુવિધાઓ સાથે વિવિધલક્ષી હુન્નરકળા વિદ્યાલય (પોલિટેકનિક) ની ભવ્ય ઈમારત પણ બની. ૧૯૭૦માં તેના વિસ્તૃતીકરણ સાથે સંસ્થા 'તોલાણી ફાઉન્ડેશન ગાંધીધામ પોલિટેકનિક' તરીકે ઓળખાઈ, જેના પણ તેઓ આચાર્ય રહ્યા હતા.

## • સર્જન, પુરસ્કારો, સન્માનો :

હરિ દિલગીરે આત્મકથા, તત્ત્વદર્શન, ધાર્મિક અને કાવ્ય સહિત ૨૫ જેટલાં (બહુધા સિંધી) પુસ્તકો લખ્યાં છે. એમના કેટલાક કવિતા સંગ્રહો આ મુજબ છે : 'મૌજ કાઈ મહેરાં' (ભાવોન્માદમાં મહાસાગર, ૧૯૬૬), 'પલ પલ જો પરલાવ' (દરેક ક્ષણના પડઘા, ૧૯૭૭), 'મજેદાર ગીત' (રમૂજી બાળગીતો, ૧૯૮૩), 'બેવસ જો ચૂંદ કલામ' (બેવસની થોડી રચના, ૧૯૮૮), 'આઝાદી આંદોલન જા ગીત' (૧૯૯૫).

આ ઉપરાંત 'અમરગીત' (૧૯૮૧) ભગવદ ગીતા પર સમશ્લોકી અનુવાદ અને વિવેચન છે. 'હરિશ્ચન્દ્ર' (૧૯૪૧) જીવનકથા અને 'કિશનચંદ બેવસ' (૧૯૮૨) કવિચરિત્ર છે. 'સુબહ જો સુહાગ' (૨૦૦૧) માં પ્રભાતનાં ચિંતનાત્મક લખાણો છે. ઉપરાંત, 'ચોલો મુંહીજો ચિકા મેં' (મારું મેલું પહેરણ, ૧૯૮૭) નામે આત્મકથા પણ લખી છે.

પ્રૉ. દરિયાણીજી ઊંચા ગજાના સાહિત્યકાર હતા. સિંધી ભાષામાં એમના ગુણવત્તાભર્યા પ્રદાન બદલ વિવિધ પુરસ્કારો અને સન્માનોથી એમની ઉચિત કદર કરાઈ છે. તેઓ કેન્દ્રીય

સાહિત્ય અકાદમી (દિલ્હી) દ્વારા બે વખત પુરસ્કૃત થયા હતા. પહેલી વખત ૧૯૭૯ માં એમના કાવ્યસંગ્રહ 'પલ પલ જો પરલાવ' ને રાષ્ટ્રીય પારિતોષિક મળેલું. બીજી વખત ૨૦૧૧ માં હરિ દરિયાણી અને અંજુ મખીજાને સંયુક્તપણે ભાષાંતર એવૉર્ડ મળેલો, જે શાહ અબ્દુલ લતીફ ભિટ્ટાઈ (૧૬૮૯-૧૭૫૨) કૃત 'શાહ જો રિસાલો' ના અંગ્રેજી અનુવાદ 'સીકિંગ ધ બીલવ્ડ' માટે અપાયો હતો.

'મજેદાર ગીત' માટે કેન્દ્રીય હિંદી નિર્દેશાલય (દિલ્હી) નો પુરસ્કાર (૧૯૮૪), પ્રિયદર્શિની અકાદમી (મુંબઈ) નો પ્રિયદર્શિની ઍવૉર્ડ (૧૯૯૨), સિંધી સાહિત્ય અકાદમી (ગાંધીનગર) નો ગૌરવ પુરસ્કાર (૧૯૯૩), નારાયણ શ્યામ પારિતોષિક (૧૯૯૬), ઈન્ડસઈન્ડ ફાઉન્ડેશન (મુંબઈ) નો ઈન્ડસઈન્ડ ઍવોર્ડ (૧૯૯૮) વગેરે પણ એમને મળ્યાં છે.

● **સમાજસેવા અને સિંધી ભાષા :**

શહેરના જાહેરજીવન સાથે પણ સંકળાયેલા હોઈ ગાંધીધામ નગરપાલિકા (૧૦મી જુલાઈ, ૧૯૬૮ થી ૩૦મી જૂન, ૧૯૬૯) અને રોટરી ક્લબના પ્રમુખ, ગાંધીધામ કો-ઓપરેટિવ બેન્કના અધ્યક્ષ, તોલાણી આઈ હોસ્પિટલ અને ગાંધીધામ મૈત્રી મંડળના ટ્રસ્ટી, ગાંધીધામ ડેવલપમેન્ટ ઑથોરિટીના મંત્રી તરીકે સેવાઓ આપી હતી.

સિંધી ભાષાના વિકાસમાં પણ દરિયાણી સાહેબનું યોગદાન રહેલું છે. તેઓ ૧૯૯૪-૯૯ દરમ્યાન ગુજરાત સિંધી સાહિત્ય અકાદમી (ગાંધીનગર) ના અધ્યક્ષ રહ્યા હતા. ઉપરાંત ભારત, મુંબઈ અને વડોદરાનાં સિંધી ઍડવાઈઝરી બોર્ડના સભ્ય તરીકે પણ સેવા આપેલી. તેમનાં લખાણો પરથી ઘણા વિદ્યાર્થીઓ પીએચ.ડી. પણ થયા છે.

આવા સમર્થ સિંધી સર્જક અને ગાંધીધામ સંકુલના પ્રખર કેળવણીકાર હરિ દરિયાણી 'દિલગીર' નું ૧૧મી એપ્રિલ, ૨૦૦૪ ના અવસાન થયેલું. ૨૦૧૬માં એમની જન્મ શતાબ્દી પ્રસંગે આદિપુરના વોર્ડ ૪/એ અને વોર્ડ ૪/બી ને જોડતા માર્ગને તેમનું નામકરણ ઉપરાંત એમની સ્મૃતિમાં સૂચિત વૃદ્ધાશ્રમ (વરિષ્ઠ નાગરિક ગૃહ) નું ભૂમિપૂજન પણ કરાયું છે.

*'શિવમ્' ૪૦/બી, વૃંદાવન નગર, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, જિ. કચ્છ - ૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯*
*મોબાઈલ : ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## તું એકલો ક્યારેય નહીં હોય

એક રાતે ઘસઘસાટ ઊંઘી રહેલા એક માણસને સપનું આવ્યું. સપનામાં એણે જોયું કે સમંદરને કિનારે પોતે અને ભગવાન બંને સાથે સાથે ચાલી રહ્યા છે. આ સમયે આકાશમાંથી એક તેજલિસોટો આવે એવી રીતે એના જીવનના પ્રસંગો અને બનેલી ઘટનાઓની દીપમાળા પ્રકટવા માંડી. દરેક દશ્યફલક પર એણે જોયું કે બે જણનાં પગલાંનાં નિશાન રેતી પર અંકિત છે. ત્યાર પછી અનેક દશ્યો માનસપટ પર ચલચિત્રની માફક સરકવા લાગ્યાં.

જ્યારે જિંદગીના અંતિમ પ્રસંગની તસવીર પૂરી થઈ ત્યારે એણે રેતીમાં પડેલાં પગલાં પર નજર નાખી એ વખતે એક તફાવત દેખાયો. પોતાની જિંદગીના કેટલાક ચોક્કસ મુકામે પગલાંનાં નિશાનની હારમાળા એકસરખી ન હતી. ક્યારેક તો એક જ હાર દેખાતી હતી. આ સાથે એણે એ પણ જોયું કે પોતાની જિંદગીના વસમા, વિપરીત, વિમાસણભર્યા, દુઃખદ અને કપરા કાળ વખતે એક જ વ્યક્તિનાં પગલાંનાં નિશાન દેખાતા હતાં. આ જાણીને એ તો દુઃખી દુઃખી થઈ ગયો અને પ્રભુને પડકારીને કહેવા લાગ્યો કે આ બધું શું છે?

'હે ઈશ્વર! તેં મને વચન આપ્યું હતું કે એકલા તને જ અનુસરવાનું નક્કી કરું તો પછી દરેક વખતે તું મારી સાથે જ હોઈશ. પરંતુ આજે મને તારી આ વાતમાં વિશ્વાસ બેસતો નથી. કારણકે મારા જીવનના ખૂબ જ ખરાબ સમયે હું એકલો અને અટૂલો જ હતો. રેતી પરનાં પગલાંનાં નિશાન એની સાબિતી છે. મને સમજાતું નથી કે જે વખતે મને તારી હાજરીની હજારવાર જરૂર હતી ત્યારે તું મને તરછોડીને જતો કેમ રહ્યો?'

ઈશ્વરે પૂર્ણ શાંતિ અને સ્વસ્થતાથી જવાબ આપ્યો, 'વત્સ, મારા મહામૂલા બાળક, હું તને ચાહું છું એટલે તને ક્યારેય છોડીશ નહીં. તારા તાપના અને તાવણીના સમયમાં તને રેતી પર એક જ વ્યક્તિના પગલાં દેખાય છે કારણકે એ સમયે મેં તને ઊંચકી લીધો હતો. એ વખતે પણ હું તારી સાથે જ હતો.'

***અનુવાદ : રમેશ પુરોહિત***
***સૌજન્ય : "સમજણના સૂર"***

*નથી બીજું કમાયા કૈં જીવનની એક કમાઈ છે,*
*અમારે મન મૂડી અમારી માણસાઈ છે.*
*– અમૃત 'ઘાયલ'*

With Best Compliments From
**43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE**
**We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India**
**M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises**
**Admn. Office :** 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station,
Mulund (West), Mumbai-400 080. **Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in**

# સિંધુ-જળ-સંધિ વિશે વિવાદ

વિવાદ

**નીતિન કોઠારી**

સિંધુ એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે. સિંધુ નદી માટે કહેવાય છે કે સપ્તર્ષિઓના સંતોષ માટે ભાગીરથી ગંગાએ પોતાના પ્રવાહમાંથી એક પ્રવાહ જુદો કર્યો તે આ સિંધુ. સંસ્કૃત સાહિત્યના વિદ્વાનોના મત પ્રમાણે હિમાલયના ભાગરૂપ પારિયાત્ર પર્વતમાંથી જે નદી ઉદ્‌ગમ પામી તે સિંધુ. સિંધુનો અર્થ સમુદ્ર થાય છે.

સિંધુ દક્ષિણ એશિયાની વિપુલ જળસ્રોત ધરાવતી દુનિયાની સૌથી લાંબી નદીઓમાંની એક છે. તેની લંબાઈ આશરે ૨,૮૯૭ કિ.મી. છે. હિમાલય પર્વત-હારમાળામાં તિબેટ (ચીન) માં આવેલા બોખાર ચૂ (Bokhar chu - ૩૧° ૧૫' ઉ. અ. અને ૮૧° ૪૦' પૂ. રે.) હિમનદી (કૈલાસ પર્વતની પૂર્વે - ૬,૭૧૪ મી. ઊંચાઈ) માંથી તે ઉદ્‌ગમ પામે છે. હિમાલયનો આ ભાગ સિંગી ખમ્બાન (Singi Khamban) અથવા સિંહનું મુખ (Lion's mouth) નામથી પણ ઓળખાય છે.

હિમાલયની હારમાળા ટેથીસ સમુદ્રતળના ઉત્થાનને કારણે અસ્તિત્વમાં આવેલી હોવાથી અહીં મોટે ભાગે નિક્ષેપકૃત ખડકો જોવા મળે છે. તેમાં પણ ખાસ કરીને રેતી ખડકો, કંકરયુક્ત ખડકો કે ચૂના ખડકોનું પ્રમાણ વધુ છે. વળી અહીં રેતાળપડ (Sand Beds) નું પ્રમાણ પણ અધિક છે.

સિંધુ નદી ભારતમાં પ્રવેશે છે તે પછી તેને હિમાલયની મુખ્ય હારમાળાઓમાંથી ઉદ્‌ગમ પામતી શાખા નદીઓમાં શ્યોક, શિગાર, કુંઝા, ગિલગિટ, અસ્તોર, ગારર્ટોગ, ઝાસ્કર, દ્રાસ, નુબ્રા વગેરે નદીઓનો સમાવેશ થાય છે. આગળ જતાં અટક પાસે કાબુલ, કુર્રમ, ટોચ, રાકની, ઝોબ અને ગુમાલ નદીઓ પણ મળે છે. ગિલગિટ પાસે આ નદીએ ૫૦૦૦ મીટર ઊંચું કોતર નિર્માણ કર્યું છે.

આ નદી દર વર્ષે સરેરાશ આશરે ૧૧૧ અબજ ઘનમીટર જેટલો જળજથ્થો અરબી સમુદ્રમાં ઠાલવે છે. આ જળજથ્થો નાઈલ નદીની સરખામણીમાં બે ગણો તથા યુફ્રેટિસ અને ટાઇગ્રીસ કરતાં ત્રણ ગણો છે. આ નદી દરરોજ ૧૦ લાખ ટન જેટલું ઘનદ્રવ્ય તેના મુખ ત્રિકોણપ્રદેશમાં ઠાલવ્યા જ કરે છે.

સિંધુ નદી કાશ્મીરની પશ્ચિમ સરહદ વટાવ્યા પછી કાલાબાઘ નજીક સોલ્ટરેન્જને છોડીને પંજાબ (પાકિસ્તાન) ના મેદાની પ્રદેશમાં પ્રવેશે છે, ત્યાંના હેઠવાસમાં તેને પૂર્વ કાંઠે વિપુલ જળરાશિ લઈ આવતી જેલમ, ચિનાબ, રાવી, બિયાસ અને સતલજ એક પછી એક મળતી જાય છે. જેનાથી આ પ્રદેશ પંજાબ (પંચ+આબ) તરીકે ઓળખાય છે.

સિંધુ નદીનું મૂળ હિમાલયની પર્વતીય હારમાળામાં (ચીન હસ્તક) રહેલું છે. આ નદી ભારતની સીમા ઓળંગીને પશ્ચિમે આવેલા શુષ્ક અને રણભૂમિ (પંજાબ-સિંધ) માં આગળ વધીને અંતે કરાંચી પાસે અરબી સમુદ્રને મળે છે.

ભારત-પાકિસ્તાનના ભાગલા પડ્યા પછીના પ્રથમ વર્ષે બન્ને દેશો વચ્ચે ૫ મે, ૧૯૪૮ ના રોજ 'Inter Dominion Accord' મુજબ ભારત પાકિસ્તાનને સિંધુનું પાણી આપતું હતું. પાકિસ્તાનને પાણીની જરૂર વધુ હોવાથી તાત્કાલિક ઉકેલ લાવવા બન્ને દેશો વચ્ચે વિચારવિમર્શ થયો. ૧૯૫૧ માં ટેનેસી વેલી કોર્પોરેશન - TVC અને યુ.એન. ના એટોમિક એનર્જી કમિશનના પ્રમુખ ડેવિડ લીલી એન્થુલે (David Lili Enthal) આ વિસ્તારની મુલાકાત લીધી. તેમણે સિંધુ નદીનાં જળના વિતરણ માટેની યોજના ઘડી. તેમણે પોતાની આ યોજના વિશ્વબેંકના અધ્યક્ષ શ્રી યુજીન આર. બ્લેક (Eugene R. Black) ને સોંપી. ૧૯૫૪ ના ડિસેમ્બરમાં બંને દેશના પ્રતિનિધિઓને બોલાવીને છ વર્ષ દરમિયાન ચર્ચા-વિચારણા કરીને ઉકેલ લાવવાનું જણાવ્યું. બંને દેશો વચ્ચે ૧૯૬૦ માં સહમતી થતાં તે 'સિંધુ-જળ-સંધિ' (Indus Water Treaty) તરીકે ઓળખાઈ. સિંધુ-જળ-સંધિ (Indus Water Treaty - IWT) જળ વિભાગીકરણની વ્યવસ્થા છે, જેના માટેની સમજૂતી કરાંચી ખાતે ૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૦ ના રોજ થઈ હતી. તે સમયે ભારતના વડાપ્રધાન જવાહરલાલ નહેરુ અને પાકિસ્તાનના પ્રમુખ જનરલ અયુબખાન હતા. વિશ્વબેંકે પણ મધ્યસ્થી તરીકે યોગદાન આપ્યું હતું. આ સંધિ મુજબ પૂર્વની નદીઓ (સતલજ, બિયાસ અને રાવી) અને સહાયક નદીઓના જળનો ઉપયોગ કરવાનો હક્ક પાકિસ્તાનને પ્રાપ્ત થયો હતો. પૂર્વની નદીઓના જળની ખાધ પૂરવા પાકિસ્તાનને વળતર પણ આપવામાં આવ્યું હતું, જેથી તે નહેરોનું નિર્માણ કરી શકે.

આજ દિન સુધીમાં ૧૯૬૫, ૧૯૭૧ અને ૨૦૦૧ માં સંઘર્ષો થયા, તેમ છતાં બન્ને દેશોના અધિકારીઓ નિયમિત મળતા રહેતા હતા અને આંકડાકીય માહિતીની આપલે પણ થતી હતી. આ સંધિમાં જોગવાઈ રાખવામાં આવી છે કે બન્નેમાંથી કોઈ એક દેશ સંધિ સ્વીકારવા તૈયાર ન હોય તો મધ્યસ્થી તટસ્થ રીતે નિર્ણય આપી શકે છે. બન્ને દેશો IWT નો અમલ વિશ્વાસપૂર્વક કરતા આવ્યા છે. સંધિમાં જણાવેલ આર્ટિકલ XII મુજબ તેમાં ફેરફાર કરવાની જોગવાઈ હોવા છતાં આજદિન સુધી

બન્ને પક્ષે કોઈ ફેરફાર સૂચવાયા નથી.

આ સંધિના સંદર્ભમાં ૨૦૦૭ માં ભારત સરકારના સિંચાઈ વિભાગના પ્રધાને દર્શાવ્યું હતું કે જમ્મુ-કાશ્મીર રાજ્યનો ખેત-હેઠળનો વિસ્તાર ૧,૭૧,૯૯૫ હેક્ટર (૪,૨૫,૦૦૦ એકર) છે. તે વધીને આશરે ૬ લાખ હેક્ટર થઈ શકે તેમ છે. પરંતુ આ રાજ્યમાં સિંચાઈ હેઠળનો વિસ્તાર ફક્ત ૧.૫૦ લાખ હેક્ટર જેટલો જ છે. આ સિવાય જળવિદ્યુત મેળવવામાં પણ જળપુરવઠાની અછત વર્તાય છે. જમ્મુ-કાશ્મીરમાં હાલમાં ૨૦,૦૦૦ મે.વૉ. ની જરૂરિયાત હોવા છતાં ફક્ત ૨,૫૦૦ મે. વૉ. વીજળી જ મેળવાય છે. એક અભ્યાસ મુજબ જેલમ, ચિનાબ, સિંધુ અને રાવી નદી દ્વારા જળવિદ્યુત મેળવવાની સંભવિત ક્ષમતા અનુક્રમે ૩,૫૬૦ મે.વૉ. ૧૦,૩૬૦ મે.વૉ. ૨૦૬૦ મે.વૉ. અને ૫૦ મે.વૉ. છે; જ્યારે વર્તમાન પરિસ્થિતિમાં અનુક્રમે ૭૫૦ મે.વૉ. ૧૫૬૩ મે.વૉ., ૧૨૯ મે.વૉ. અને ૧૩.૩ મે.વૉ. જેટલી જળવિદ્યુત મેળવાય છે. આ રાજ્યમાં એકંદરે ૧૬,૪૮૦ મે.વૉ. વીજળી ઉત્પન્ન થાય છે.

૨૦૦૭થી ભારત આ સંધિમાં ફેરફાર કરવા વિચારતું હતું, પરંતુ ભારતની ઉદાર નીતિને કારણે રજૂઆત કરવાનું ટાળ્યું હતું. પાકિસ્તાનની આતંકવાદની પ્રોત્સાહનભરી નીતિમાં ફેરફાર ન થવાથી અને જમ્મુ-કાશ્મીરની પ્રજાના વિકાસ અર્થે ભારતે 'સિંધુ-જળ-સંધિ' માં ફેરફાર કરવો જરૂરી બન્યો છે. ભારતે પોતાના સીમાવર્તી પ્રદેશમાં વહેતી ઉપરોક્ત નદીઓ પર અધૂરી રહેલી યોજનાઓ પૂર્ણ કરવાનું અને નવી યોજનાઓનું નિર્માણ કરવું જરૂરી બન્યું છે. ■

## નવી ટેવ પાડતાં ત્રણ અઠવાડિયાં થાય

અનુભવી લોકોનું કહેવું છે કે નવી ટેવ પાડતાં ત્રણ અઠવાડિયાં થાય છે, પરંતુ ખાટલે મોટી ખોટ એ હોય છે કે જૂની ટેવને છોડીને નવી ટેવ પાડવામાં જે માનસિક દબાણ વ્યક્તિ અનુભવે છે, તેના લીધે તે શરૂઆતના દિવસોમાં જ નવી ટેવ પાડવાનો પ્રયત્ન મૂકી દે છે. બહુ સરળ ભાષામાં કહીએ તો નવી ટેવ, નવાં જોડાં જેવી હોય છે. શરૂઆતમાં નવા બૂટ કે ચપ્પલ તમને ડંખે છે અથવા તમને બરાબર મજા નથી આવતી. પરંતુ જો તમે તેને ત્રણ અઠવાડિયાં સુધી પહેરી રાખવાનો આગ્રહ રાખશો તો તે તમને બરાબર ફિટ થઈ જશે - જાણે બીજી ચામડી!

ખબર નહીં, પણ મનુષ્ય તરીકેનું આપણું એક જન્મજાત વલણ જ હોય છે કે જીવનમાં સહેજ પણ બદલાવ લાવવાનો આવે એટલે આપણે પહેલા ધડાકે તો તેનો વિરોધ જ કરીએ છીએ. મનોમન આપણે બોલતાં હોઈએ છીએ કે, 'જેમ ચાલે છે તેમ ચાલવા દો ને!' કોઈકે વળી સાચું જ કહ્યું છે કે, 'પહેલાં આપણે ટેવ પાડીએ અને ટેવ આપણને જિવાડ્યા કરે છે અથવા તે ટેવ પ્રમાણે જ આપણે જીવ્યા કરીએ છીએ.'

મારે તો ફક્ત એટલું જ કહેવાનું છે કે તમારી અંગત ટેવોને એકવાર ઝીણવટપૂર્વક તપાસી જજો. કઈ ટેવ તમારા આરોગ્ય માટે, તમારા કૌટુંબિક વાતાવરણ માટે અથવા તમે જ્યાં કામ કરતા હોય તે સ્થળના માહોલ માટે સારી છે કે પછી ખરાબ છે તે તટસ્થતાથી તપાસી જજો અને પછી જો કોઈ ટેવ ખરાબ લાગે તો તેમાં કઈ રીતે સુધારો થઈ શકે તેના પ્રયત્નો આદરી દેજો. કોઈ વ્યક્તિની સારી ટેવ અપનાવવા જેવી લાગે તો તે અપનાવતાં ડરતાં નહીં. આ વાત કોઈની નકલ નતી, પણ તે વ્યક્તિની સારી વાતનો સમજણપૂર્વકનો સ્વીકાર છે.

અહીં એક ઉદાહરણ લઈએ : તમને તમાકુ ખાવાની ટેવ પડી ગઈ છે. એના વગર ચાલે જ નહીં તેવી ટેવ... હવે થાય એવું કે આ ટેવને લીધે તમારે વારેવારે થૂંકવા ઊઠવું પડે. ઊઠવાની આળસ આવે એટલે તમે થૂંકદાની વસાવી તમારી પાસે રાખો અને કોઈના પણ દેખતાં તમે તેમાં થૂંકો. ખેર, આ ભયંકર ગંદી ટેવ કહેવાય. તમારું માન જાળવવા કુટુંબના સભ્યો કાંઈ બોલે નહીં, પણ સમજે ખરા અને સમસમીને બેસી રહે. આ ટેવથી તમારું આરોગ્ય તો જાણે બગડે જ, પણ તમે જ્યાં કામ કરતા હો ત્યાં પણ તમને જોઈને સાથી કર્મચારીઓ સૂગ તો અનુભવે જ. તમાકુની ટેવ છોડવી મહામુશ્કેલ છે. પણ જો તમે ત્રણ અઠવાડિયાં માટે નવી કોઈ સારી ટેવ પાડવાનો પ્રયત્ન કરો તો તે છૂટી પણ જાય.

એક ફિલસૂફે કહ્યું છે તેમ ટેવનું સામ્રાજ્ય અત્યંત શક્તિશાળી હોય છે, પરંતુ તેને ભેદીને નવી કોઈ સારી ટેવ પાડવી અશક્ય તો નથી જ. તે માટે તમારે આજથી જ પ્રયત્ન શરૂ કરી દેવા જોઈએ. તમાકુની ટેવ તો જાણે સમજ્યા કે તે ટેવ છોડવી મહામુશ્કેલ છે, પણ કોઈ બીજી ટેવ જે અરુચિકર હોય તેને છોડવી સહેલી હોય છે. સવાલ ૨૧ દિવસનો છે. પ્રયત્ન કરવો ખોટો નથી.

તમારા વ્યક્તિત્વમાં નિખાર આવે એવી સારી ટેવ વિકસાવવાનો આજથી આરંભ કરી દેજો અને તો જ તમે જીવનમાં નવી ઊંચાઈઓ સર કરી શકશો. અહીં એક રમૂજી વાત કરવાનું મન થાય છે. એક ભાઈને તાળી ઉઘરાવવાની ટેવ હતી. તેઓ કંઈ પણ વાત કરતાં હોય ત્યારે વાક્ય પૂરું થાય એટલે હાથ લંબાવી તમારી પાસે તાળી માગે. જેમકે, 'બોલો સાચી વાત છે ને?' આટલું વાક્ય બોલી તેઓ હાથ લંબાવી તાળી માગે અને તમારે નછૂટકે પણ તાળી આપવી પડે. એ ભાઈને કદાચ ખબર નહીં હોય, પણ તેમની પાછળ બધાં તેમને 'તાળીખાઉં' કહી મજાક કરતા હોય છે.

મોટેથી બોલવું, કોઈની ચાડીચુગલી કરવી, વાત કરતી વખતે વ્યવસ્થિત ઊભા ન રહેવું, મોટાને માન ન આપવું, વગર રજાએ રૂમમાં ઘૂસી જવું — એ બધી નિવારી શકાય તેવી ટેવ છે. માટે આજથી જ ન કામની ટેવને વિદાય આપી, સારી ટેવ પાડવાની શરૂઆત કરજો. સવાલ ફક્ત ત્રણ અઠવાડિયાનો જ છે.

*— આદિત્ય વાસુ*

# ગાંધીજીનો સત્યાગ્રહ અને ઇસુનો જીવનપંથ

વિમર્શ

જોન હોયલેન્ડ ● અનુ. : ચંદ્રશંકર શુક્લ

૧૯૩૮ના આખર ભાગમાં મદ્રાસમાં દુનિયાના તમામ ભાગમાંથી - પણ ખાસ કરીને આફ્રિકા અને પૂર્વના દેશોમાંથી - આવેલા ખ્રિસ્તી પાદરીઓની એક પરિષદ ભરાઈ હતી. આધુનિક જગતના પ્રશ્નોનો ઈસુ ખ્રિસ્તના સંદેશની દષ્ટિએ વિચાર કરવાનો એ પરિષદનો આશય હતો. ખ્રિસ્તી ધર્મના ધનિક અને ઠાઠમાઠવાળા સંપ્રદાયોના કેટલાક પાદરીઓ, જેઓ આખા વિશ્વમાં વિખ્યાત પામેલા છે, તેઓ પણ તેમાં હતા. પરિષદ ભરાતાં પહેલાં એક અપૂર્વ ઘટના બનવા પામી. આમાંના કેટલાક પ્રસિદ્ધ ખ્રિસ્તી નેતાઓ હિંદુ નેતા ગાંધીજીનાં દર્શન કરવા ને તેમને ચરણે બેસવા ખાસ લાંબી મુસાફરી કરીને ગયા. ઈસુ ખ્રિસ્તનું અનુકરણ વધારે સારી રીતે કેમ કરી શકાય એ વિશે ગાંધીજીની સલાહ લેવાનો તેમનો ઇરાદો હતો. ખ્રિસ્તીઓની આવી ધર્મ પરિષદો અગાઉ ઘણીવાર થઈ છે, પણ તેના નેતાઓએ આવું પગલું કદી ભર્યું નહોતું. હવે ભર્યું છે એ પરથી બે વસ્તુ દેખાઈ આવે છે : એક તો એ કે ખ્રિસ્તી ધર્મ, મોટાભાગે આધુનિક ઉદ્યોગવાદ અને આધુનિક સામ્રાજ્યવાદની જોડે માંડવાળ કરી હોવાને કારણે, અવળે માર્ગે ચડી ગયો છે, એવી ઊંડી પ્રતીતિ ઘણા લોકોને થઈ છે. બીજું, ભારતવર્ષના આ મહર્ષિ ઈસુ ખ્રિસ્તનું માનસ આપણા કરતાં ઘણા વધારે પ્રમાણમાં સમજી શક્યા છે, ને ઈસુ ખ્રિસ્તને પગલે આપણા કરતાં વધારે ચાલી રહ્યા છે એ વિચાર પણ ઘણા લોકોના મનમાં બહુ ઊંડો ઊતરી ગયો છે.

★

આ ખ્રિસ્તી પાદરીઓ સાથેની વાતચીતમાં ગાંધીજીએ સૌથી પહેલો પ્રશ્ન પૈસાને લગતો છેડ્યો. તેમણે કહ્યું :

"મને હંમેશાં એમ લાગ્યું છે કે જ્યારે કોઈ પણ ધાર્મિક સંસ્થાની પાસે જરૂર કરતાં વધારે પૈસો થાય છે ત્યારે તે સંસ્થા ઈશ્વર વિશેની શ્રદ્ધા ગુમાવી બેસે અને પૈસાને પૂજતી થઈ જાય એવું જોખમ રહે છે. પૈસાના સદુપયોગ કે દુરુપયોગ જેવી કોઈ વસ્તુ નથી. આપણે એના પર આધાર રાખતા મટી જવું જોઈએ.

"દક્ષિણ આફ્રિકામાં મેં સત્યાગ્રહની કૂચ શરૂ કરી ત્યારે મારા ગજવામાં રાતી પાઈ નહોતી. પણ મારા મનમાં એનો જરાય ઉચાટ નહોતો. મારે ત્રણ હજાર માણસના કાફલાનો નિભાવ કરવાનો હતો. મેં મનમાં કહ્યું : 'કશી ફિકર નથી. ભગવાનની મરજી હશે તો તે બેડો પાર ઉતારશે.' પછી તો હિંદુસ્તાનથી પૈસાનો વરસાદ વરસવા લાગ્યો. મારે સામી ના કહાવવી પડી, કેમ કે પૈસા આવ્યા તેની સાથે મારી આપદા શરૂ થઈ. પહેલાં માણસો રોટીના ટુકડા ને ખાંડથી સંતોષ માનતા. તેને બદલે હવે તેઓ ભાતભાતની વાનીઓ માગવા લાગ્યા....ખરી વાત એ છે કે જે ક્ષણે પૈસા વિશે સલામતી ને નિશ્ચિંતતા આવી તે ક્ષણે જ આધ્યાત્મિક દેવાળું નીકળી જવાનું."

આ છેલ્લા કથનમાં ગાંધીજીનો આદર્શવાદ અતિ સ્પષ્ટ રૂપમાં દેખાઈ આવે છે. તેઓ ફરીફરીને આગ્રહપૂર્વક કહેતા આવ્યા છે કે કોઈ પણ હિલચાલ ચલાવનારા પાસે વ્યાજે મૂકવા જેટલી મૂડી ભેગી થઈ, કે જરૂર પૂરતા પૈસા મળી રહેવાની જોગવાઈ થઈ ગઈ, કે પછી એ હિલચાલમાં પ્રાણ કે શહૂર રહેવાનાં જ નહીં. જે લોકો અગાઉ સ્વેચ્છાએ સેવા કરતા ને આપભોગ આપતા તેઓ લાંચિયા બની જાય છે, ને હિલચાલમાંથી જે કંઈ હાથ લાગે તે મેળવી લેવા તેમાં દાખલ થાય છે. બીજી બાજુ, જે લોકો અગાઉ એમાંથી મદદ મેળવતા ને પોતાની ઉન્નતિ સાધતા તેઓ કંગાલ ને મફતિયું ખાનાર બની જાય છે. પછી એ હિલચાલ ને તેનાં નાણાં દૂધ દેનારી ગાય બની જાય છે; અને બીજાના કરતાં પોતે એ દૂધ વધારે ચતુરાઈથી ને વધારે પ્રમાણમાં કેમ દોહી શકે એ તરફ જ દરેક જણની નજર રહે છે. આમ પૈસા ઉચાપત થવા લાગે છે ને અવનતિ શરૂ થાય છે. દરેક પ્રકારના દંભ અને અસત્યને ઉત્તેજન મળે છે. આ લેખકને અનેક દેશમાં મરકી, દુકાળ ને લડાઈ પછી થતી સંકટનિવારણ ફંડની વહેંચણીનો કંઈક અનુભવ છે. તે પરથી તેની દૃઢ પ્રતીતિ થઈ છે કે ગાંધીજીની વાત સાચી છે. ખરેખરા આત્મબળના પાયા પર ઊભી થયેલી ને જીવતીજાગતી કોઈ પણ હિલચાલ બને એટલે અંશે પૈસા વિના ચલાવી લેશે; ને એમ ચલાવી લેવાથી તેના બળમાં અનંતગણો વધારો જ થશે.

★

તે પછી એમને પૂછવામાં આવ્યું કે "આપના જીવન પર જેની વધારેમાં વધારે અસર થઈ હોય, જેણે જીવનના ઘડતરમાં વધારે ફાળો આપ્યો હોય, અને અન્યાયના નિવારણ માટે અહિંસાનો પ્રયોગ કરવામાં જીવન સમર્પણ કરવાને આપને પ્રેર્યા હોય, એવા કયા અનુભવો આપને થયા છે?" ગાંધીજીએ મૅરિટ્ઝબર્ગના સ્ટેશન પરનો અનુભવ વર્ણવ્યો. આ ઘટનામાં

ગાંધીજીની બે સિદ્ધિઓ આપણે સ્પષ્ટ રૂપમાં જોઈ શકીએ છીએ. પહેલી સિદ્ધિ તે નિર્ભયતા. હિંદનો સામાન્ય માણસ ગોરાથી કેટલો ડરે છે અથવા ખરું કહીએ તો ડરતો — તેનો પશ્ચિમના દેશમાં, જ્યાં ઘણા મોટા ભાગની વસ્તી એકલા ગોરાઓની જ છે, ત્યાં રહેનારને ભાગ્યે જ ખ્યાલ આવે. ગાંધીજીએ એમના દેશભાઈઓને એક મોટામાં મોટો પાઠ એ શીખવ્યો કે ગોરાનો ડર છોડવો ને તેની સામે નીડરતાથી ઊભા રહેવું. ગાંધીજીએ હિંદીઓને અને ખાસ કરીને હિંદી ખેડૂતોને શીખવ્યું છે કે 'ટટાર ઊભા રહો. ડર્યા કે ગભરાયા વિના ગોરાઓની સામે છાતી કાઢીને ઊભા રહો. અને તેના હુકમોથી આપણા દેશનું અકલ્યાણ થાય એમ છે એવું લાગે તો જાણીબૂજીને એ હુકમોનો અનાદર કરો.' ભય ચેપી વસ્તુ છે તેમ નિર્ભયતા પણ ચેપી છે. ગાંધીજીમાં જે નિર્ભયતા છે તેનો ચેપ બીજાઓને લગાડવાની અદ્‌ભુત શક્તિ તેમનામાં છે, સરકારી અમલદારો ચાહે તે કરે છતાં અન્યાયી મહેસૂલ ભરવાની ના પાડવાની હિંમત હિંદી ખેડૂતોમાં તેમણે પેદા કરી છે.

મૅરિટ્ઝબર્ગ સ્ટેશન પરની એ ઘટના પરથી બીજી એક વસ્તુ દેખાઈ આવે છે. માણસ જાતે દુઃખ વેઠીને બીજાઓનો ઉધ્ધાર કરી શકે છે, એ શ્રદ્ધાને ગાંધીજીએ જીવનભર આચરણમાં ઉતારી છે. ગાર્ડે તેમને ટ્રેનમાંથી ઉતારી પાડ્યા અને ગાડીવાને તેમના પર હુમલો કર્યો. એ પ્રસંગ દેખીતો કદાચ નજીવો લાગે. પણ એ પ્રસંગમાં એક થથરતા ને લાગણીવાળા છોકરાએ હિંમતભેર, બીજા લોકોને કાજે, અપમાન ને દુઃખ વેઠ્યાં હતાં. એ પ્રસંગે જ ગાંધીજીના સત્યાગ્રહ સિદ્ધાંતનો જન્મ થયો, એટલું જ નહીં પણ તેની લડતનું બીજ પણ રોપાયું. ત્રીસેક વરસ પછી, સ્વરાજ લેવાને માટે, અઢી લાખ હિંદી સ્ત્રી-પુરુષો જે હર્ષ અને ઉત્સાહભેર જેલમાં જવાનાં હતાં તેનું બીજ, એક અર્થમાં, નાતાલના એ રેલવે સ્ટેશન પર એ છોકરાએ બતાવેલી હિંમતમાં રહેલું હતું. જગતમાં એવું કોઈ દુઃખ કે અપમાન નથી જે યોગ્ય ભાવે ઝીલ્યું કે વેઠ્યું હોય તો તેનો આ રીતે બીજાઓના ભલા માટે ઉપયોગ ન થઈ શકે. કેમ કે સત્યાગ્રહ એ સ્વદેશને માટે આઝાદી ને એકતા મેળવવાની, યા તો લશ્કરશાહી અને શસ્ત્રયુદ્ધ પર જીત મેળવવાની, યા ભૂંડી સામાજિક ને આર્થિક વ્યવસ્થાને સુધારવાની, કેવળ નાટકી રીત નથી. એની જડ એથી ઊંડી ગયેલી છે. સત્યાગ્રહ એ ઐચ્છિક કષ્ટસહનનો સનાતન સિદ્ધાંત છે. જે માણસ સત્યાગ્રહનો આ સાચો અર્થ કંઈક પણ સમજે છે તે પાછળ નજર નાખીને જગતના સમગ્ર ઈતિહાસનું અવલોકન કરે છે; અને જુએ છે કે માનવજાતિ ધીરેધીરે જે ઊર્ધ્વગતિ કરી રહી છે તે બધીમાં, અગણિત વ્યક્તિઓએ કષ્ટ વેઠીને દેહનાં બલિદાન આપ્યાં છે; અને મનુષ્યત્વનો જે પ્રકાર વિનાશમાંથી ઊગરી ટકી રહેવા નિર્માયેલો છે તે પ્રકારની પ્રગતિમાં ફાળો આપેલો છે. તે જુએ છે કે જગતમાં પહેલો માબાપનો પ્રેમ અને આગળ જતાં સામાજિક સહકાર - પહેલાં ધીમેધીમે ને પછી પ્રબળ વેગથી - પ્રવર્તે છે; તેની પાછળ વ્યક્તિનું આવું આત્મસમર્પણ અને આત્મવિલોપન રહેલું હોય છે. પોતાનાં સંતાનોનું અને આગળ જતાં પોતાનાં કોમ કે દેશનાં માણસોનું, હિત સાધવાને માટે માણસો ઘણીવાર સ્વેચ્છાએ કષ્ટ વહોરે છે, અને ક્વચિત જાતને પણ હોમી દે છે. જગતના ઈતિહાસમાં જેમ જેમ સૈકાઓ વીતતા જાય છે તેમ તેમ એ જ સિદ્ધાંત અધિકાધિક તેજથી પ્રકાશતો જાય છે.

આમ સત્યાગ્રહનો અભ્યાસી જોઈ શકે છે કે ગાંધીજીએ તેમના દેશભાઈઓને અહિંસક રહીને કષ્ટ સહેવાની સત્યાગ્રહની હિલચાલમાં દોર્યા છે, તેમાં તેમણે એક વિશ્વવ્યાપી ને જુગજૂના સિદ્ધાંતને જ ફરી પ્રકાશમાં આણ્યો છે, ને એ રીતે પોતાની પ્રતિભાનું દર્શન કરાવ્યું છે. પાશ્ચાત્ય સંસ્કૃતિની સ્વાર્થપરાયણતા, વિલાસપ્રિયતા ને નફાખોરીએ એ સિદ્ધાંતને આપણી આંખથી અળગો કરી નાખ્યો હતો. પશ્ચિમમાં મોટાં યંત્રો અને કારખાનાંનો યુગ શરૂ થયો ત્યારપછીનાં દોઢસો વરસમાં કર્મઠ ખ્રિસ્તી ધર્મે ઈસુના બલિદાનને વિશે ઉપદેશ તો ઘણો આપ્યો છે. પણ જગતમાં ચોમેર સ્વાર્થી હરીફાઈની વૃત્તિ ફેલાયેલી હોવાથી વધસ્તંભનો એટલે કે ઐચ્છિક કષ્ટસહન અને બલિદાનનો સિદ્ધાંત ગૌણ બની ગયો છે. લોકો માત્ર બુદ્ધિથી એ સ્વીકારે છે; અથવા તો એ કેવળ વ્યક્તિના જ મોક્ષનું સાધન બની શકે એમ માને છે. આપણી પેઢીને મોટું કામ એ કરવાનું છે કે એ સિદ્ધાંતને માત્ર બુદ્ધિથી સ્વીકારેલો મત ન રહેવા દેતાં તેને જીવંત અને શાશ્વત જીવનધર્મ બનાવવો; ને તેની મદદથી અન્યાય, શસ્ત્રયુદ્ધ અને હિંસાને નાબૂદ કરવાના પ્રયાસો કરવા.

વળી ઈસુ ખ્રિસ્ત એમ પણ માનતા કે માણસમાં ઈશ્વરને વિશે નવું ભાન જાગ્રત થયું હોય તો જ તે આવી રીતે કષ્ટ વેઠી શકે ને પોતાનું બલિદાન આપી શકે. આજે ગાંધીજીના સંદેશમાં પણ એ જ શ્રદ્ધા દેખાઈ આવે છે. ઈશ્વર આપણી આસપાસ અણુએ અણુમાં વ્યાપેલો છે એ ભાન આપણા મનમાં ફરી જાગ્રત થવું જોઈએ. તેને આપણે આપણી જીવનનૌકાનો કર્ણધાર બનાવવો જોઈએ. ઈશ્વર પોતે આવી રીતે અહિંસાની, આત્મબલિદાનની રીતે કામ કરે છે. આત્મબલિદાન એ, પાપના પરાજય અને અન્યાયના નિવારણ માટે, પ્રગટ કરેલી સનાતન અને જીવતા ઈશ્વરની ઈચ્છા છે. ઈસુ શીખવે છે કે ઈશ્વર એ વંઠેલા ને નાસી ગયેલા પુત્રનો પિતા છે; અને ભટકીને પાછા ફરેલા પુત્રને તેણે ઉદારતાથી આવકાર આપેલો. વળી તે ભલો ભરવાડ પણ છે; તે એક ખોવાયેલા ઘેટાને ખાતર ઘરબાર ને સુખચેનનો ત્યાગ કરે છે; અને ઘેટાને શોધી બચાવી લેવા માટે વનવગડે, ડુંગરે ડુંગરે, અંધારામાં, વાવાઝોડામાં, ને વસમી વાટોમાં ફરવા નીકળી પડે છે. પાપ અને અન્યાયની સામે મનુષ્યે પણ એવી જ રીતે વર્તવું એમ ઈશ્વર ઈચ્છે છે. એ ઈશ્વરની ઈચ્છા છે, ઈશ્વરનો રસ્તો છે, ઈશ્વરનો સાચો સ્વભાવ છે. ઈશ્વર પ્રેમસ્વરૂપ છે. તે મનુષ્યને વિશે સદ્‌ભાવ ધરાવે છે, તેને શોધવા

મથે છે, તેને પાપગર્તમાં પડતો બચાવી લે છે, ને તેનો ઉધ્ધાર કરે છે. એનો એ પ્રેમ અને સદ્ભાવ દુઃખે પીડાતા મનુષ્યને માટે સ્વેચ્છાએ કષ્ટ, જોખમ અને મૃત્યુ વહોરી લે છે; અને દુઃખી દુનિયા આખી ઉદ્ધાર પામે ત્યારે જ તે વિરમે છે. લડાઈ, ગરીબાઈ અને માનવજાતિ પર પડનારાં બીજાં દુઃખોનું નિવારણ આપણે કરવું હોય તો આપણે આ ઈશ્વરને માર્ગે, એની ઇચ્છા અનુસાર, ચાલવું જોઈએ. એને આપણા જીવનરથનો સારથિ બનાવવો જોઈએ.

પશ્ચિમને ઈસુ ખ્રિસ્તનો સંદેશો મળ્યે બે હજાર વરસ થવા આવ્યાં. છતાં પશ્ચિમની સંસ્કૃતિ એ સંદેશાને કદી અનુસરી શકી નથી, અને તેથી અત્યારે આપણી નજર આગળ જ તેના ભૂકા ઊડી રહ્યા છે. અત્યારે જે કંઈ બની રહ્યું છે, અને ભવિષ્યમાં બનવાનો ભય ઝઝૂમી રહ્યો છે, તેને વિશે પશ્ચિમમાં સર્વત્ર બેચેની ફેલાઈ ગઈ છે. એટલે, ઈસુ ખ્રિસ્તના ઉપદેશનું જે મુખ્ય તત્ત્વ છે - સ્વેચ્છાએ સ્વીકારેલા, પ્રતિકાર ન કરનારા, ને ઉધ્ધારક એવા કષ્ટસહનનો જે સિદ્ધાંત ઈસુના શિક્ષણના સારરૂપ છે - તેને ફરી સજીવન કરવાનો પ્રયાસ જે પુરુષે આદર્યો છે ને તેને પોતાનું જીવન સમર્પ્યું છે, અને જે પ્રાચીન વિશ્વવ્યવસ્થા ઘણી રીતે ઘસાઈ ગઈ હતી તેમાં ફરી પ્રાણનું સિંચન કર્યું છે, તે પુરુષની પાસે આ ખ્રિસ્તી નેતાઓ ગયા એ ઉચિત જ હતું. એ પુરુષના પ્રયત્ન વડે ઈસુના બલિદાનનો સિદ્ધાંત જગતમાં ફરી વાજતેગાજતે, એક ઈતર ધર્મના વાતાવરણમાં, સજીવન થવા પામ્યો છે.

★

એ વિવેચન દરમિયાન ગાંધીજીએ કહ્યું : "હું અહિંસાનો પાઠ મારી પત્ની પાસેથી શીખ્યો. હું એને હંમેશાં મારી ઇચ્છા આગળ નમાવવા મથતો. એ એક તરફથી મારી ઇચ્છાનો નિશ્ચર્યપૂર્વક દઢપણે સામનો કરતી અને બીજી બાજુએથી હું મારી જડતાનો માર્યો એના ઉપર જે જે કંઈ વિતાડું તે બધું શાંતિપૂર્વક બરદાસ કરતી. એના આ શાંતિમય વિરોધે અંતે મારી આંખ ઉઘાડી, મને મારી શરમનું ભાન કરાવ્યું; અને હું એના પર ધણીપણું ચલાવવાને સારું જન્મ્યો છું એ મૂર્ખાઈભર્યા મનોરોગમાંથી સાજો થઈ ઊગરી ગયો. આમ અંતે એ મારી અહિંસા શીખવનાર ગુરૂ બની. મેં દક્ષિણ આફ્રિકામાં જે કંઈ કરી બતાવ્યું તે કસ્તુરબાઈએ નામરજીપૂર્વક પણ પોતાની અંગત વર્તણૂકમાં જે કંઈ કરી બતાવ્યું હતું તેનો વિસ્તારમાત્ર હતો."

ગાંધીજીના એ વિવેચન પરથી સત્યાગ્રહને લગતો બીજો પણ એક અતિ અગત્યનો સિદ્ધાંત સમજાયો. સત્યાગ્રહની હિલચાલમાં સ્ત્રીઓ પણ પુરુષોના જેટલો જ ભાગ લઈ શકે છે. એટલું જ નહીં, પણ આગેવાની લેવાને સ્ત્રીઓ વિશેષ લાયક છે. સેંકડો વરસ થયાં ધીરજપૂર્વક કષ્ટ સહેવું એ સ્ત્રીવર્ગનું મોટામાં મોટું હથિયાર રહ્યું છે. તેની સાથે તેમનામાં હિંસા અને જુલમની સામે સ્પષ્ટપણે બોલવાની હિંમત પણ હોય છે. હવે એ જ ભાવના અને કાર્યપદ્ધતિ વાટે જગતનો ઉદ્ધાર સાધવાની હિલચાલમાં તેને આગેવાની લેવાનું કહેવામાં આવ્યું છે.

સત્યાગ્રહના મૂળમાં રહેલી ચાર મુખ્ય કલ્પનાઓ આપણે યાદ કરીએ :

(૧) જગતમાં બૂરાઈ અને અન્યાય પ્રવર્તે છે.

(૨) એ બૂરાઈ અને અન્યાયનું નિવારણ કરવું જોઈએ.

(૩) બૂરાઈ અને અન્યાયનું નિવારણ હિંસાથી કરી શકાતું નથી. હિંસાથી તો ઊલટું બૂરાઈને અન્યાય કરવાની ઇચ્છા વધારે ઊંડી ને મક્કમ બને છે. એને ગમે તેટલી સખતાઈથી દબાવી દીધી હોય તોપણ એ કોઈક દિવસ પાછી દસગણી હિંસાથી ફાટી નીકળ્યા વિના રહેવાની નથી.

(૪) બૂરાઈને અને અન્યાયને ધીરજપૂર્વક કષ્ટ સહીને જ શમાવી શકાય. પ્રેમ અને સદ્ભાવપૂર્વક એવું કષ્ટ વહોરી લેનાર અન્યાય કરનારના ઘા હસતે મોઢે ઝીલે છે, અને વખત આવ્યે મોતની પણ ભેટ કરે છે.

આ ચારેય પાયાના આદર્શોની બાબતમાં સ્ત્રી જગતના આદિકાળથી સત્યાગ્રહનું આચરણ કરતી આવી છે. તેણે પોતે જે દુઃખોને જુલમ વેઠ્યાં છે તેથી, જગતમાં અન્યાય ચાલે છે એ વાત તો તેના મન પર દઢપણે ઠસી ગઈ છે. ધીમે ધીમે તેના મનમાં એ વાત પણ ઊગતી ગઈ છે કે આ જુલમનો અંત આણવો જોઈએ. એ વિશેનો તેનો નિશ્ચય ધીરેધીરે પાકો થતો ગયો છે. એ અંત તે હિંસાથી તો લાવી શકે એમ હોતું નથી. વળી એ સાધનના ઉપયોગથી સ્ત્રી-પુરુષ સંબંધના કોયડાનો ઉકેલ આવી શકે એમ છે જ નહીં, એટલું જાણવા જેટલી સમજ તેનામાં છે. એટલે તે બીજે રસ્તે વળી છે; અને ઘરમાં તેમજ દેશના રાજકાજમાં જુલમની સામે નીડરપણે પોકાર કરવા લાગી છે. જુલમગાર ગમે તેટલા જુલમ વરસાવે, તેને તે શાંતિથી અને બીજાઓની ખાતર પોતે સ્વેચ્છાએ દુઃખ સહેવાની ભાવના મનમાં રાખીને, સહી લે છે. સ્ત્રીઓની હિલચાલની આગેવાનો જ નહીં, પણ લાખો રાંક અને અજ્ઞાત સ્ત્રીઓ પણ એ પ્રમાણે વર્તે છે. બાળકોનું જનન અને સંગોપન કરવામાં સ્ત્રીઓને સત્યાગ્રહના સિદ્ધાંતનો કેવળ પરિચય જ નથી થતો, તેમને એ સિદ્ધાંતનું

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

ખરેખર આચરણ પણ કરવું પડે છે. જનેતા સ્વેચ્છાએ કષ્ટ સહે ત્યારે જ બાળક જન્મ પામે છે; અને બીજાને કાજે સર્વ પ્રકારનાં કષ્ટ ઉઠાવવાનો સ્વભાવ જે પ્રેમમાં છે તેવા પ્રેમ વડે જ માતા બાળકને ઉછેરી શકે છે.

આપણે પુરુષો જગતમાં જીવીએ છીએ, એ હકીકત જ બતાવે છે કે આપણી માતાઓએ સત્યાગ્રહ આચર્યો હતો. તેઓ ઈસુ ખ્રિસ્તને - સ્વાર્પણ અને આપભોગને - રસ્તે ચાલી હતી. આપણને જન્મ આપતાં તેમણે જે પ્રસૂતિની પીડા વેઠી, એટલું જ નહીં પણ આપણા બાળપણમાં હજારો પ્રસંગોમાં - જેનું આપણને સ્મરણ પણ નથી રહ્યું - તેમણે જે અપાર ક્ષમા રાખી, એ એમનો સત્યાગ્રહ હતો. તેમણે આપણે માટે સ્વેચ્છાએ એ હર્ષભેર દુઃખ વેઠ્યું, કેમ કે તેમને આપણા પ્રત્યે પ્રેમ હતો. આજે આપણને જે હાકલ કરવામાં આવે છે તેનો અર્થ એ છે કે આપણે આખી માનવજાતિના ઉધ્ધાર માટે એવા જ હર્ષથી દુઃખો ઝીલવાની તૈયારી મનથી કરીને નીકળી પડવું. આપણામાં જો જરા પણ અક્કલ અને સમજ હોય, તો આપણે પુરુષો સમજીએ કે આ કામમાં સ્ત્રીઓ આપણાથી ઘણી આગળ પહોંચી ગઈ છે, અને તેથી આપણને રસ્તો બતાવવાની ને પોરસ ચડાવવાની લાયકાત તેમનામાં છે. એમની આગેવાની વિના આપણે નિષ્ફળ જ નીવડવાના છીએ.

★

એક પ્રશ્નકર્તાએ બીજો એક કોયડો રજૂ કર્યો. પશ્ચિમના સરમુખત્યારો-ડિક્ટેટરો - ને નીતિને નામે કંઈ પણ કહેવું નકામું છે, કેમ કે નીતિની વાત તેઓ કાને ધરે એમ જ નથી. એમની સામે અહિંસાનો પ્રયોગ નકામો ન નીવડે? એમનો હૃદયપલટો કેવી રીતે થાય?

ગાંધીજીએ કહ્યું : "આ દલીલ કરતાં તમે એમ માની લીધેલું છે કે આ સરમુખત્યારોનો ઉધ્ધાર અશક્ય છે. પણ અહિંસા વિશેની શ્રદ્ધાના મૂળમાં તો એવી કલ્પના રહેલી છે કે મનુષ્યસ્વભાવ મૂળે એક છે, અને તેના પર પ્રેમના વર્તનનો પડઘો પડ્યા વિના રહેતો નથી. સંગઠિત અહિંસામય સામનાનો પ્રયોગ હજુ માણસે ક્યાંયે પૂરતા પ્રમાણમાં થયેલો જોયો નથી એમ કહી શકાય. તેથી જ્યારે તે એવો પ્રયોગ જોશે ત્યારે તેનું ચડિયાતાપણું કબૂલ કર્યા વિના નહીં રહે. વળી મેં ઝેક પ્રજાને સૂચવેલા અહિંસક પ્રયોગની સફળતા સરમુખત્યારોના સદ્ભાવ ઉપર અવલંબતી નથી; કારણ સત્યાગ્રહી કેવળ પ્રભુબળે ઝૂઝનારો હોય છે અને અશક્ય દેખાતી મુસીબતો વચ્ચે એ ઈશ્વરશ્રદ્ધાને જોરે ટકી રહે છે. તેની શ્રદ્ધા તેને અજેય બનાવે છે."

અહિંસક પ્રતિકાર યા સત્યાગ્રહ એ જ સર્વ સંજોગોમાં સર્વોત્તમ સાધન છે, એમ સમજાવીને તેમણે કહ્યું :

"વળી હિટલર તથા મુસોલિની દુનિયાના લોકમતને સાવ અવગણી શકે એમ પણ હું નથી માનતો. આજે તેઓ તેમ કરીને સંતોષ માની શકે છે, કારણ કહેવાતાં 'મહારાજ્યો'માંના કોઈના હાથ ચોખ્ખા નથી, દરેકની માથાવટી મેલી છે, અને એ મહારાજ્યોએ અગાઉ આ પ્રજાઓને કરેલા અન્યાયો તેમને ખટકે છે. થોડા દિવસ પર એક સન્માન્ય અંગ્રેજ મિત્રે મારી પાસે કબૂલ કર્યું હતું કે 'આજનું નાઝી જર્મની એ ઇંગ્લેન્ડનાં પાપનું ફળ છે, અને વર્સેલ્સની સંધિએ જ હિટલરને પેદા કર્યો છે."

ગાંધીજી અહિંસા યા સત્યાગ્રહની વાત કરે છે ત્યારે એમનો આશય ઈસુના બલિદાનની જ વાત કહેવાનો હોય છે. આપણે ખ્રિસ્તીઓ આપણો પોતાનો ધર્મ શું કહેવા માગે છે તે ક્યારે સમજીશું? આ મહાન હિંદુનાં વચનો-અને એ વચનો કરતાંયે વધારે પોતાના સિદ્ધાંતોનું તેમનું આચરણ - ખ્રિસ્તી સમાજની જાગૃતિનો દિવસ નજીક લાવે એવી આશા આપણે રાખીએ.

★

આ જે ખ્રિસ્તી નેતાઓ ગાંધીજીને મળવા ગયા હતા તેમાંના કેટલાક જૂના વખતમાં કેવા વિચારો ધરાવતા હતા એ જાણવા જેવું છે. હું કેમ્બ્રિજમાં વિદ્યાર્થી હતો ત્યારે તેમાંના એક પ્રસિદ્ધ નેતા ત્યાં આવેલા; અને તેમણે છટાદાર ભાષણ કરીને કહેલું કે આખા જગતને આ પેઢીમાં જ ખ્રિસ્તી બનાવવું જોઈએ. એની પાછળ ખ્યાલ એ હતો કે આપણને - પશ્ચિમના પ્રોટેસ્ટંટ ખ્રિસ્તીઓને - સત્ય મળી જ ગયું છે. સવાલ માત્ર એટલો જ છે કે એ સત્ય બાકીની દુનિયાને કેમ આપી દેવાય. નહીં તો પૂર્વના દેશોમાં તો મોટી આફત આવી પડવાનો ભય છે; ને એ સત્ય ત્યાં વેળાસર પહોંચાડાય તો જ એ આફત ટળી શકે એમ છે.

તે પછી તો મહાયુદ્ધ આવ્યું. અને હવે પરિસ્થિતિ કેવી બદલાઈ ગઈ છે! આપણે જોઈ શક્યા છીએ કે જે પુરુષ પોતે હિંદુ હોવા માટે ગર્વ ધરાવે છે તેઓ ઈસુના ને તેમના બલિદાનના - સત્યથી આપણા કરતાં ઘણા જ વધારે નજીક છે. આપણા નેતાઓ પેલા જૂના નેતાઓ જ - ખ્રિસ્તી ધર્મનું રહસ્ય જાણવા - સમજવા માટે એ મહાપુરુષને ચરણે જઈને બેઠા એ યોગ્ય છે; ને એમ કરવામાં એ નેતાઓએ ડહાપણ જ વાપર્યું છે.

*('ગાંધીજીને જગવંદના' માંથી ટૂંકાવીને,*
*સં. ડૉ. રાધાકૃષ્ણન, અનુ. ચંદ્રશંકર શુકલ)*

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
**હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા**
**લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી**
**એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨**
E-mail : kaykay_industries@yahoo.com

પુણ્ય સ્મરણ

# વજ્રથીય કઠણ કુસુમથીયે કોમળ : સરદાર વલ્લભભાઈ

વિભૂતિ વંદના

વિજયાબેન મનુભાઈ પંચોળી

સરદાર વલ્લભભાઈનું નામ યાદ આવે ત્યાં તો અનેક સ્મરણો આંખ આગળ ખડાં થાય છે.

૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહ વખતે પહેલવહેલા જોયા, એક સભામાં. સભા શરૂ થાય તે પહેલાં લડતને અનુરૂપ ગીત મેં ગવડાવ્યું.

*જે દુઃખ થાય તે થાજો રે, રૂડા રામને ભજતાં*
*લોક નિંદે તેને નિંદવા દેજો*
*રાજા દંડે તો દંડાજો રે...રૂડા રામને ભજતાં*
*ઊંચે બાંધીને નીચે અગ્નિ પ્રજાળે*
*માર મુશળના ખાજો રે...રૂડા રામને ભજતાં*

*મેં એને આમ ગવરાવ્યું :*

*જે દુઃખ થાય તે થાજો રે*
*નહીં મહેસૂલ ભરતા*
*લોક નિંદે તેને નિંદવા દેજો*
*રાજા દંડે તો દંડાજો રે...નહીં*
*ઊંચે બાંધી અગ્નિ પ્રજાળે*
*માર મુશળના ખાજો રે...નહીં*

સભા શરૂ થાય તે પહેલાં ગીત ગવાઈ ગયા પછી એમણે કહેવરાવ્યું કે જે બહેને આ ગીત ગવરાવ્યું તે ઊભાં થાય. હું ઊભી થઈ. જય જય કર્યા, મને આંખ નોંધીને જોઈ લીધી, પછી કહે બેસી જા. આ પહેલો પરિચય. પછી તો વરાડમાં સભા હોય ત્યારે એમની નજર મને શોધે. હું એમને મારી આંખે ધારીને જોઉં. ફરી વાર ગીત ગવરાવ્યું.

*સમજી બાંધોને હથિયારને રે જ્ઞાનીના ઘોડે*
*શીલ સંતોષનાં બખ્તર પહેરો રે*
*ધીરજની બાંધો તમે ઢાલ રે...જ્ઞાનીના ઘોડે*
*શૂરા રે હોય તે તો સનમુખ લડશે રે*
*ગાફલ ખાશે માર રે...જ્ઞાનીના ઘોડે*
*કહત કબીરા સુનો ભાઈ સાધો રે*
*એ પદ છે નિરવાણ રે...જ્ઞાનીના ઘોડે*

આ બે ગીતો (નાકરની) બારડોલી સત્યાગ્રહની લડત વખતે લોકોને પોરસ ચઢાવે, ઉત્સાહિત કરે એવાં હતાં એટલે વારેવારે સભા સંમેલનોમાં ગવાતાં.

કબીરનું —

*શૂર સંગ્રામકો દેખ ભાગે નહીં,*
*દેખ ભાગે સોઈ શૂર નાહીં.*

એ ભજન પણ ગવાય.

ફૂલચંદભાઈ સભામાં લોકો સરકાર સામે લડવામાં ઢીલા ન પડે, પાછા ન પડે એટલા માટે એવાં ગીતો ગવરાવે. ઉમેદરામ ભજનિક પણ લડાઈને અનુરૂપ ગીતો ગવરાવે. ગીતોથી એક વાતાવરણ તૈયાર થઈ જાય, પછી સરદાર વલ્લભભાઈનાં ભાષણો થાય.

બારડોલીના ખેડૂતોને શું પાણી ચઢાવે! શું પાણી ચઢાવે! કહેશે : 'જોજો તમે મને સરદાર બનાવ્યો છે, પણ મારું ને તમારું નાક તમારા હાથમાં છે. હજીયે તમારા મનમાં ઢચુપચુ હોય તો હજી ઘોડે નથી ચડ્યા. સરકારને જાહેરનામું હજી નથી આપ્યું ત્યાં સુધી વિચારજો, સાત વાર વિચારજો. અરે ભા પચાસવાર વિચારજો. વિચારીને નિર્ણય કરજો. પણ એક વાર નિર્ણય થઈ જાય પછી પાછી પાની નહીં થાય. પાછળથી કાંકરી ખરી તો દુનિયા પાસે કેમ ઊભા રહેવું? પેલા ગાંધી ડોસાના આશીર્વાદ લઈને આવ્યો છું, એને શો જવાબ દેશું? તમારા ઘરમાં તમે શું મોઢું બતાવશો? તમારાં બાળકો પાસે તમે કેવી રીતે ઊભા રહી શકશો? એમને શો જવાબ દેશો? તમારી આવતી પેઢી તમારા વિશે શું ધારશે?

અને આ અંગ્રેજ સરકાર કંઈ મોળી નથી. તમારાં ઘરબાર ફનાફાતિયાં કરી નાંખશે. તમારાં ઘર-ખોરડાં ખેતર લઈ લેશે પછી પાછું પગલું નહીં ભરાય.'

આવાં તીખાં-તમતમતાં મડદાંને બેઠાં કરે, તેવું કહે. સભામાં અંગ્રેજ સરકારને વ્યંગમાં ટોણામાં શાંતિથી સંભળાવે. થયું એવું કે લડત શરૂ થઈ તેના થોડા દહાડામાં જ એક ગામને પાદર પોલીસોએ પાડો જોયો. પોલીસોને એમ કે ભેંસ છે. રાતનો વખત. ખબર પડી નહીં. તે પાડાની પાછળ સવાર લગી દોડ્યા. દોડ્યા પણ પાડો પકડાય? કહેવાય છે ને, ખાઈ ખાઈને પાડા જેવો થયો છે! તો એ બાજુ પાડાને કોઈ બાંધીને ખવરાવે નહીં. પાડો છૂટો આખો દિવસ ચર્યા કરે. એ પાડો સવાર સુધી પકડાયો જ નહીં. પોલીસો લોથપોથ થઈ ગયા. પણ પાડો તો પકડાયો જ નહીં. સવાર થઈ. જોયું તો પાડો! પછી પડતો મૂક્યો.

એ વાતને સરદારે પકડી લીધી ને બધે ભાષણમાં એ વાત

કહે કે અંગ્રેજ સરકારને પ્રથમ ગ્રાસે જ મક્ષિકા મળી છે. જે સરકાર પાડાની પાછળ રાત આખી દોડે એની પહોંચ કેટલી હશે? એની બુદ્ધિ કેટલી હશે? એમ કહીને સભાને ઉત્સાહિત કરે.

એમણે બારડોલી સત્યાગ્રહનું સફળ સંચાલન કર્યું. કાંકરી ખરી નહીં.

પોલીસ પટેલોનું ને દારૂતાડીના પીઠાવાળાઓનું જૂથ સરકાર પક્ષે. પણ સરદારનાં જડબાંતોડ, મડદાંને બેઠાં કરે એવાં ભાષણોથી બારડોલીની જનતા અડીખમ ઊભી રહી. સરદારને સાથ આપ્યો ને બારડોલી સત્યાગ્રહ સફળ થયો. ત્યારથી સરદાર કહેવાયા.

એ પહેલાં અમદાવાદ શહેરની મ્યુનિસિપાલિટીના પ્રમુખ હતા ત્યાં પણ એમનું સંચાલન સફળ રહ્યું.

એ પોતે મુત્સદ્દી એટલે આટાપાટા ખેલનારા એવો અર્થ કંઈક થતો હોય છે, પણ એ અર્થમાં નહીં. મુત્સદ્દી એટલે વિવેકચતુર, વ્યવહારચતુર. જ્યાં બતાવવાની હોય ત્યાં આંખ બતાવી શકે. એમની આંખના ભાવ જોઈને જ કેટલાક પામી જાય. સરદારને બોલવાની જરૂર ન પડે.

એમના લોખંડીપણાને પૂ. બાપુજીના સ્નેહનો અહિંસાનો સત્યનો વાત્સલ્યનો પુટ મળ્યો. લોખંડ, લોઢું ઓગળ્યું અને એમાંથી વીણાના તાર થયા. સારંગીના સૂરને રેલાવે એવા. ભારતના ભારતીઓને ડોલાવે એવું સંગીત સર્જાયું. કયું સંગીત? ઇતિહાસ જેની ગાથા ગાતાં થાકશે નહીં એવું કામ એમણે છેલ્લાં વરસોમાં કર્યું. ભારતનાં અસંખ્ય દેશી રાજ્યો! બધાં રાજ્યોની રાજાઓની વિચિત્રતા - વિશેષતા આળવિંચરાઈને એમની મુત્સદ્દીગીરીથી પોતાની શેહમાં આણ્યા. લોહીનું ટીપુંય વહેવડાવ્યા વગર બધાંને એક કર્યા. ભારતમાં ભેળવ્યા. એ સરદાર જ કરી શકે, બીજા કોઈનું ગજું નહીં. રાજવીઓ એમના મિત્રો બન્યા. એમણે પણ રાજવીઓને સાલિયાણાં બાંધી આપ્યાં. ક્યાંક ક્યાંક રાજવીઓને સ્વરાજ્યના કામમાં પણ લીધા.

એમની શેહ એવી કે ફેહ ફાટે. એક વાર વાત સાંભળી હતી કે પ્રભાશંકર પટ્ટણીના પુત્ર અનંતરાય પટ્ટણી ભાવનગર રાજ્યના મંત્રી હતા ત્યારે સરદાર સાહેબ, પૂ. બાપુજી બધા એક જગ્યાએ વર્કિંગ કમિટિની મીટિંગ પ્રસંગે ભેગા થયેલા. પૂ. બાપુજીએ અનંતરાય પટ્ટણીને બોલાવ્યા. માણસ તેડવા આવ્યો. પટ્ટણીસાહેબ કહે, "જાઓ બાપુને કહો આવું છું." આવું છું કહ્યા પછી દસ મિનિટે ગયા.

બીજે દિવસે સરદારે પટ્ટણી સાહેબને તેડવા મોકલ્યા. માણસે આવીને કહ્યું : આપને સરદાર બોલાવે છે. પટ્ટણી સાહેબ સડાક કરતાકને ઊભા થઈ ગયા. આ એમનું તેજ હતું. આખાબોલા પણ એવા જ.

બાપુ પાસે અવારનવાર આવે. બાપુજીને અને એમને વાતો ચાલતી હતી. એમાં બાપુજી પાસે કોઈ આશ્રમવાસી બહેન આવી. બાપુજીને પૂછે, શું ખાઉં? બાપુજી એને સમજાવે, તારે આ ખાવું જોઈએ, તે ખાવું જોઈએ. બહેન કંઈ સમજતાં નહીં હોય એટલે સરદાર કહે : 'જો તારે જે ખાવું હોય તે ખા! બાપુજીનું માથું ન ખા.'

એમણે ગાંધીજીને જોયા. એમનું અહિંસાનું સત્યનું બળ જોયું. શ્રદ્ધા જોઈ, સંસારના એ મૂઠી હાડકાંના માનવીમાં પ્રચંડ નૈતિક બળ જોયું. અનેક ઝંઝાવાતો સામે આ મૂઠી હાડકાંનો માનવી અડીખમ ઊભો છે એ જોયું ને એમને થયું : આપણું બળ આની સામે કંઈ જ નથી. એટલે એ બાપુજી પાસે ગયા. એમને ગુરૂ કર્યા અને એમના શિષ્ય થયા, સાથીદાર થયા.

એમની આંખનો પ્રભાવ જોવો એ એક લહાવા જેવું હતું. કોઈકને ડારવાનું, કોઈકને ઠારવાનું, કોઈકને પ્રેમથી ભીંજવી દેવાનું, કોઈકને પોતાના કરવાનું એવા એવા એમની આંખના ભાવો હતા.

મારાં લગ્ન બાબત મેં બાપુજીને કહ્યું હતું કે, 'તમારે કોઈએ મારાં માતાપિતાને સમજાવવાના નહીં. હું એમની પુત્રી છું અને એ મારાં માતાપિતા છે, બસ એ જ વાત કામ કરશે.' પણ બાપુજી બારડોલી આવ્યા ત્યારે મારી બાબતની કંઈ વાત નીકળી હશે એટલે સરદાર વલ્લભભાઈએ મારા પિતાને બોલાવીને સમજાવ્યા.

એક વાર બાપુજી બારડોલી આરામ માટે આવેલા હતા. વરાડ સભામાં આવવાના હતા. મેં બાપુજીને પૂછ્યું, 'વરાડ ગામમાં સભા છે તો ઘેર આવશો?' બાપુજી કહે કે 'હમણાં તો હું સરદારના કબજામાં છું. સરદારને વાત કર. એ જો હા પાડે તો, મને તો તારે ત્યાં આવવું ગમશે જ!' મેં સરદારસાહેબને પૂછ્યું, 'બાપુજી અમારે ઘેર આવશે?' સરદાર કહે, 'એમાં પૂછે છે શું? તારે ત્યાં તો બાપુ આવે જ ને? હુંયે આવીશ, અને બાપુજી - બા, સરદાર. મણિબહેન વ. આવ્યાં. ચા-દૂધ પીધાં.

એક વાર હું સેવાગ્રામ હતી ત્યારે સુરત જિલ્લામાં બારડોલી તાલુકાના હરિપુરા ગામે કોંગ્રેસનું અધિવેશન ભરવા વિશે વાતો ચાલતી હતી. બાપુજી સરદાર વલ્લભભાઈ વગેરેના મનમાં હરિપુરામાં કોંગ્રેસ અધિવેશન ભરવાનો વિચાર હતો.

ખેડા જિલ્લાના બોરસદ, રાસ કે બોચાસણ ગામમાં કોંગ્રેસનું

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

અધિવેશન ભરવું એવું ત્યાંના કેટલાકના મનમાં હતું. એ વાત કરવા માટે રવિશંકર દાદા - ભક્તિબા - શિવભાઈ વગેરે સાથે સરદાર વલ્લભભાઈ-બાપુજી સાથે વાત કરવા આવ્યા. એ લોકોની મીટિંગ ચાલતી હતી. હું મારા કામ માટે બાપુ પાસે ગઈ. સરદારે મને જોઈ, એટલે કહે, જો તો ખરી, આ ખેડા જિલ્લાવાળાઓ પોતાને ત્યાં કોંગ્રેસનું અધિવેશન ભરવા માટે આમંત્રણ આપવા આવ્યા છે. તારે ત્યાંનું તો કોઈ છે નહીં, દેખાય છે કોઈ બારડોલીનું? ત્યાંના પ્રતિનિધિ તરીકે બેસ અહીં ને તું પણ બારડોલી વતી આમંત્રણ આપ.

મેં કહ્યું : 'કોણે કહ્યું કોઈ નથી? અહીં તો બારડોલીના સરદાર બેઠા છે. બીજાની શી જરૂર?' એટલે ભક્તિબા અને શિવાભાઈ કહેવા મંડ્યાં, 'કોણ કહે છે સરદાર બારડોલીના? સરદાર તો બોરસદના છે.'

મેં કહ્યું : 'હું નહીં, ભારત આખામાં જઈને પૂછો સરદાર ક્યાંના? તો સૌ કહેશે બારડોલીના. જાઓ પૂછી આવો!'

પછી તો બાપુજી ને સરદાર બેઉ બોલી ઊઠ્યા : 'તારી વાત સોનાની છે. સરદાર તો બારડોલીના જ છે ને!'

એક વાર મારા પિતા માંદા હતા. આંબલાથી વરાડ મારા પિતાની સારવાર કરવા ગઈ હતી. સરદાર બારડોલી આવેલા. એમણે સાંભળ્યું હશે કે વિજ્યા એના પિતાની સારવાર કરવા વરાડ આવી છે. એટલે એમણે એક ભાઈને વરાડ ખબર કહેવા મોકલ્યા કે, જાઓ, વિજયાને કહી આવો કે એના પિતાની (નારણભાઈની) ખબર પૂછવા હું કલાક પછી આવું છું. એ આવ્યા. ખૂબ પ્રેમથી મારા પિતા સાથે વાત કરી. ચા-દૂધ પીને ગયા. આવી એમના હૃદયની હૂંફભરી લાગણી ભૂલાય નહીં.

એક વાર સેવાગ્રામ આવેલા. એ અને બાપુજી વાતો કરતા હતા. હું ત્યાંથી આંબલા આવવા નીકળતી હતી. બાપુજીને પગે લાગવા ગઈ. બાપુજી કહે કે, 'આશ્રમમાં તને જે ચીજ ગમતી હોય તે તારી સમજ. લઈ જવું હોય તે છૂટ.'

મેં કહ્યું : 'મેં લીધું.' તો કહે : શું?

મેં કહ્યું : 'આપે જે કહ્યું એ જીવીશ ત્યાં લગી મને હૂંફ આપ્યા કરશે. આપે કહ્યું એ જ મારે મન મોટી વાત છે. વસ્તુ તો બજારમાં મળે જ છે ને?'

સરદાર મારી સામે લાગણીનાં પૂર વહેવડાવતા જોયા કરે, પછી કહે, 'વાહ ભાગ્યશાળી છો!'

આવા હતા લોખંડી સરદાર : વજ્રથીયે કઠણ ને કુસુમથીય કોમળ! ■

## મોંઘેરી શાંતિ

(અનુસંધાન : પાના નં.-૬૪ ઉપરથી ચાલુ)

ચાલી. શાંતિ અને પુનર્વિચારણા અંગે બંને પક્ષો વચ્ચે છ મુદ્દાના આયોજન અંગે સર્વસંમતિ સાધવામાં આવી. સરકારે પણ આ સંઘર્ષનો ભોગ બનેલાઓ પ્રત્યે તેમને મદદરૂપ બનવાની ઉદારનીતિ સ્વીકારી. આ અંગેના દસ્તાવેજમાં આંતરરાષ્ટ્રીય કાયદાની દૃષ્ટિએ સરકારના સહાનુભૂતિભર્યા વલણને સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ફેબ્રુઆરી, ૨૦૧૫ માં 'હિસ્ટોરિકલ કમિશન ઓન ધ કોન્ફલીક્ટ ઍન્ડ ઈટ્સ વિક્ટિમ્સ' ના અહેવાલમાં સરકારનાં વલણોની સરાહના કરવામાં આવી. આવી લાંબી, જહેમતભરી વાટાઘાટોને અંતે શાંતિની દિશામાં આગળ વધવાનું શક્ય બન્યું. લોકોની નજરે ફાર્ક ગેરીલાઓને વધુ પડતી છૂટછાટ સાન્તોસે આપી છે. આથી આ અંગેના પ્રજામત - રેફરન્ડમમાં કોલંબિયાની પ્રજાએ સાન્તોસ-પ્રયાસોને બિરદાવવામાં કસર રાખી છે. પરંતુ નૉર્વેજિયન નોબેલ સમિતિના મતે સાન્તોસે 'આધુનિક ઈતિહાસના વિશ્વના સૌથી લાંબા આંતરવિગ્રહને નોંધપાત્ર રીતે શાંતિથી નજીક લાવી દીધો છે.' રેફરન્ડમમાં પ્રજાએ શાંતિ-પ્રસ્તાવને ઠુકરાવ્યો છે તેનો અર્થ એ નથી કે શાંતિ પ્રક્રિયાનો અંત આવ્યો છે. આમ નોબેલ સમિતિ શાંતિની દિશા અંગે ઘણી આશાવાદી છે. આ વર્ષે શાંતિ નોબેલ પારિતોષિક માટેના ૩૭૬ ઉમેદવારો વિશે વિચારતા નોબેલ સમિતિનો આ નિર્ણય દેશો વચ્ચેના સંબંધોમાં મોંઘેરી શાંતિની અનિવાર્યતાનો દ્યોતક બની રહે છે. ■

## શિયાળાની સવાર તો અપૂર્વ આનંદદાયક હોય છે

(અનુસંધાન : પાના નં.-૮૨ ઉપરથી ચાલુ)

સૂર્યના કોમળ કિરણો જ્યારે પૃથ્વી પર પથરાય છે ત્યારે સમગ્ર પ્રકૃતિ જાણે હસું હસું થઈ રહે છે. આકાશ સોનેરી રંગે રંગાઈ જાય છે. વાતાવરણમાં હળવે હળવે સ્ફૂર્તિદાયક ઉષ્મા પ્રસરે છે. રાતભર કડકડતી ઠંડીમાં ઠૂંઠવાતી રહેલી વનસ્પતિમાં નવચેતનનો સંચાર થાય છે. વૃક્ષો જાણે સમાધિમાંથી જાગી ઊઠે છે અને ફૂલવેલીઓ આનંદથી ઝૂમવા લાગે છે. પુષ્પો અને પર્ણો પર પડેલાં ઝાકળનાં બિંદુઓ સૂર્યના પ્રકાશમાં મોતીની જેમ ચળકે છે. માળામાં ભરાયેલાં પક્ષીઓ જાગી ઊઠે છે અને મીઠાં ગીતો ગાઈ ઊગતી પરોઢનું સ્વાગત કરે છે. આમ, આવો આપણે શિયાળાની સવારનું સ્વાગત કરીએ અને તેને માણીએ.

*voramihirm@yahoo.com*

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**

177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.

Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324

E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

# શિયાળાની સવાર તો અપૂર્વ આનંદદાયક હોય છે

નિબંધ

ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, શિયાળો ધીમે ધીમે આગમન કરી રહ્યો છે ત્યારે શિયાળા વિષે વાત કરવાનું મન થયું છે. શિયાળાની સવારે વહેલા ઊઠવા વિશે હાસ્યવિદ્ શ્રી રતિલાલ બોરીસાગરે લખ્યું છે કે, “પથારી છોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.” તેથી શિયાળાની વહેલી સવારે જો કોઈ પથારી છોડવાનું કહે તો પથારી ફરી જાય. લેખકો માટે શિયાળાની સવાર બહુ પ્રિય વિષય છે. માટે જ આજે આપણે અવનવા નિબંધ વિશે વાત કરશું.

રમેશ પારેખની પ્રખ્યાત રચના ‘શિયાળા’ વિશે વિચારતાં—

*ડાળ ઉપર ટાંગેલી ઠીબમાં સવાર પીતું,*
*નીલ રંગનું પંખી જોઈ ઝાડ ભૂલ્યાનું યાદ.*

શિયાળાની સવારના નવનીતના નિબંધમાં જોઈએ તો શિયાળાની રમણીય સવાર સ્ફૂર્તિદાયક અને ઉત્સાહવર્ધક હોય છે. ગામડાંમાં વહેલી સવારે લોકો પોતપોતાની દૈનિક પ્રવૃત્તિઓ શરૂ કરી દે છે. મહિયારીઓ મહી મથવાની કામગીરીમાં લાગી જાય છે. ઘમ્મર વલોણાં ગાજી ઊઠે છે. દૂધ લ્યો રે દૂધ... નો પોકાર કરતી રબારણો ઠંડીની પરવા કર્યા વિના શેરીએ શેરીએ ઘૂમે છે. વૃદ્ધોને મોટેરાંઓ તાપણાંની આસપાસ ગોઠવાઈને અલકમલકની વાતો કરે છે. પ્રભાતિયાં અને દૂહાના મીઠા સૂરોથી ગામડાનું વાતાવરણ જીવંત બની જાય છે. શિયાળાની વહેલી સવારે કેટલાક યુવાનો, બાળકો તેમજ વૃદ્ધો ફરવા અને દોડવા નીકળી પડે છે. જો કે કેટલાક સૂર્યવંશીઓ, સવારની આવી તાજગીને માણવાને બદલે રજાઈ કામળા ઓઢીને નિરાંતે સૂઈ રહે છે. ઘણા લોકો શિયાળાની સવારે તેલમાલીશ કરાવે છે. વહેલી સવારે કડકડતી ટાઢમાં ખેડૂતો પોતાના બળદોને લઈને ખેતરે જાય છે. બળદોની ડોકે બાંધેલા ઘૂઘરાનો મીઠો રણકાર અત્યંત કર્ણપ્રિય લાગે છે. ગોવાળો ગાયોના ધણને ચરાવવા માટે નીકળી પડે છે. મંદિરોનો દિવ્ય ઘંટનાદ શ્રદ્ધાળુ લોકોનાં હૃદયમાં ભક્તિમય સંવેદનો જગાવે છે. મોટાં શહેરોમાં શિયાળાની સવાર અન્ય ઋતુઓની સવારથી ખાસ જુદી પડતી નથી. વાહન વ્યવહારનો ઘોંઘાટ, જાહેર નળો પર થતો બાલદીઓનો ખખડાટ અને મિલોનાં ભૂંગળાંનો શોર દરેક ઋતુમાં સાંભળવા મળે છે. આમ છતાં શિયાળાની સવારની ગુલાબી ઠંડી શહેરીજનોને પણ નવી તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ કરાવે છે. શાળાઓ અને કોલેજોનાં પર્યટનો શિયાળામાં જ યોજાય છે. વિદ્યાર્થીઓ પર્યટનનો આનંદ માણે છે. શિયાળો, એ લગ્નની ખાસ મોસમ ગણાય છે. શિયાળામાં જાતજાતનાં ફળો અને લીલાંછમ શાકભાજી બજારમાં ઠલવાય છે. શિયાળાની બપોરે મગ અને અડદની દાળ સાથે ઘી ગોળ અને રોટલો, લસણની લીલી ચટણી સાથે લીલી ડુંગળી છાશ સાથે જમવાની અનેરી મજા છે. શિયાળામાં ગરમ ગરમ પોંક, ઊંધિયું ને જલેબી ખાવાનો ખાસ રિવાજ છે. ઘણા લોકો શિયાળામાં અડદિયા પાક અને જાતજાતનાં વસાણાનું સેવન કરે છે. આમ, શિયાળાની સુંદર સવાર માનવજાતને તાજગી અને સ્ફૂર્તિનો સંદેશો આપે છે. તે મનુષ્યને ઉલ્લાસ અને સ્ફૂર્તિથી ભરી દે છે. પથારી ત્યાગના પૂર્વાર્ધ નટવર પંડ્યાના હાસ્ય લેખ (અખંડ આનંદ) માં જણાવાયું છે કે, ‘શિયાળાની વહેલી સવાર એ ઊંઘનો સુવર્ણયુગ ગણાય છે.’ જેમ ભક્તિની એક ઊંચાઈએ પહોંચ્યા પછી જીવ અને શિવ એકરૂપ થઈ જાય છે એમ શિયાળાની વહેલી સવારે મનુષ્ય અને પથારી એકરૂપ થઈ ગયાં હોય છે.

આવા પથારી સ્વરૂપ પુરુષને પથારીમાંથી છૂટો પાડવો તે પાણીમાંથી ઓક્સિજન છૂટો પાડવા જેટલું કઠિન કાર્ય છે કારણ કે કેટલાકને ગોળીઓ લેવા છતાં ઊંઘ આવતી નથી જ્યારે કેટલાક આવતીકાલનાં તમામ કાર્યોને ગોળીએ દઈને ઊંઘી જાય છે. શિયાળામાં તો પથારીને સાત સાત જન્મ સુધી સાથ નિભાવવાના કોલ દીધા હોય છે. અને એકથી વધારે ધાબળા, રજાઈ ઓઢીને માનવી ગરમી સમીપે હોય છે. પછી ઊંઘ સત્ય, જગત મિથ્યા પછી સવારના સાત વાગ્યા સુધી જે સૂએ છે તે મનુષ્ય વર્ગમાં ગણાય છે. જ્યારે દસ વાગ્યા સુધી સૂતાં રહેનાર સૂતેલા સિંહના શીર્ષક હેઠળ નોંધવામાં આવે છે. આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે સિંહોને ક્યારેય જગાડી શકાતા નથી. તેઓ જાતે જ જાગે છે. એટલે સાત વાગ્યા સુધીમાં જાગે તેને જગાડ્યો કહેવાય, દસ પછી ઉઠાડ્યો કહેવાય. આમ શિયાળામાં વહેલી સવારે જાગવા કરતાં જગાડવાનું અઘરું છે. એ રીતે જગાડવા માટે પ્રભાતિયાં પણ છે. કનૈયાને જગાડવા માટે ‘જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા, વેણલા રે વાયા કાનુડા.’ ઉપરાંત હિન્દી ફિલ્મોમાં ‘જાગો મોહન પ્યારે જાગો....’ એવાં ગીતો છે. આપણે જો મોહનની કૃપા પામવી હોય તો તેને નિરાંતે ઊંઘવા દેવો જોઈએ. શિયાળાની સવાર આહલાદક જ હોય છે પરંતુ શિયાળાની સવાર તો અપૂર્વ આનંદદાયક હોય છે. શિયાળાની રાતના છેલ્લા પ્રહરના વાતાવરણમાં કાતિલ ઠંડી પ્રસરેલી હોય છે. આખું વાતાવરણ જાણે એક વિરાટ શીતઘરમાં ફેરવાઈ જાય છે. ધીમે ધીમે ભડભાંખળું થતાં પૂર્વની ક્ષિતિજે રંગોની અદ્‌ભુત છટા સાથે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૮૧ ઉપર)**

# એલેક્ઝાન્ડ્રિઆ : લાઇબ્રેરી

વિદ્યા

મોહનલાલ પટેલ

એક કૉસ્મોપોલિટન સિટી (વિશ્વનગર) સ્થાપવાની મનોહર કલ્પના સાથે સિકંદરે ઇ.સ. ૩૩૧માં ઇજિપ્ત ખાતે પોતાના નામનો આધાર આપીને એલેક્ઝાન્ડ્રિઆ નામના નગરની સ્થાપના કરી. શહેરનું ઉત્તમ સ્થાપત્ય, ઉત્કૃષ્ટ પ્રકારનું બંદર, પશ્ચાદભૂમાં ૪૦ માળની ઊંચાઈ ધરાવતી દીવાદાંડી (Light House) તદુપરાંત જગતનાં જુદા જુદા ધર્મ, સંસ્કૃતિ અને ભાષાવાળાં રાષ્ટ્રોના નાગરિકો માટે રહેઠાણ, આરામ, વિહાર, વ્યાયામ વગેરે માટે સગવડભર્યાં સ્થાનો તેમજ સ્નાન માટે સ્વિમિંગ પૂલો... આ બધું પરદેશીઓ માટે ભારે આકર્ષણરૂપ હતું. સાચા અર્થમાં આ શહેર એક વિશ્વનગર બની રહ્યું હતું. જગતભરના લોકોનો અહીં મેળો જામતો. વિચારોનું ગોષ્ઠીઓનું આયોજન પણ થતું. વેપારી, કલાકાર, સાહિત્યકાર કે ફિલસૂફ સૌ એક આબોહવાના જીવ બની રહેતા.

આ બધું ખરું, પણ એલેક્ઝાન્ડ્રિઆનું હૃદય તો એની લાઇબ્રેરી! આ લાઇબ્રેરીનું ક્ષેત્ર ગ્રંથાલય પૂરતું મર્યાદિત નહોતું. એને સંલગ્ન સંશોધન કેન્દ્ર ગ્રંથાલય કરતાં ઘણું ઊંચું મૂલ્ય ધરાવતું હતું એમ કહેવામાં અતિશયોક્તિ નથી. અલબત્ત, એનું અસ્તિત્વ તો ગ્રંથાલયના આધારે જ હતું પણ સંશોધન કેન્દ્રમાં જગતભરના વિજ્ઞાનીઓ દ્વારા જે સંશોધન થયું એનું મૂલ્ય, એ સમયની દૃષ્ટિએ, શબ્દોમાં આંકી શકાય એમ નથી. ત્યાં થતા કાર્યને અનુલક્ષીને એ કેન્દ્ર જગતની પ્રથમ સંશોધન સંસ્થા (Research Institute) જેવું માનભર્યું બિરુદ પામ્યું હતું.

આ કેન્દ્રમાં કામ કરનાર વિજ્ઞાનીઓ દ્વારા બ્રહ્મ (Cosmos)ને ઓળખવા અને તેનાં રહસ્યોને જાણવા માટે પુરુષાર્થ થતો. અહીં સંશોધિત કેટલાંક રહસ્યો તો એવાં હતાં કે જેની ઝાંખી બે હજાર વર્ષ પછીના વિજ્ઞાનીઓએ કરેલી શોધમાં પાયાના કોઈ તત્ત્વરૂપે કરી શકાય એમ છે. જેમકે, હેરોન (Heron)ના પુસ્તક 'ઑટોમેટા' (Automate)માં આજે ખૂબ વિકસિત રૉબોટની શક્યતાનો બોધ કરેલો જોઈ શકાય છે. આર્કિમીડીસે પુલી (ગરગડી - Pulley)નો જે ઉપયોગ (પુલીનું નિર્માણ કરીને) કરી બતાવ્યો એ ગરગડી-વિજ્ઞાન આજે આપણે મોટાં મોટાં તોતિંગ સ્ટ્રક્ચરો (માળખાં) ઉઠાવતું અને એની હેરફેર કરતું જોઈ શકીએ છીએ. યુક્લિડે ભૂમિતિના વિષયમાં કરેલું કામ આજે પણ અકબંધ છે. હિપ્પરચ્યુસે પૃથ્વી પર આંકેલા કાલ્પનિક અક્ષાંશ અને રેખાંશનો આજે પણ આપણે ઉપયોગ કરીએ છીએ.

ભારે આશ્ચર્યની વાત તો એ છે કે બે હજાર વર્ષ પહેલાં સંશોધન ક્ષેત્રે કામ કરતા આ વિજ્ઞાનીઓ પાસે એમના કાર્ય માટે સાધનો ટાંચાં હતાં અથવા નહિવત્ હતાં એમ પણ કહી શકાય. એમની પાસે માઇક્રોસ્કોપ કે ટેલિસ્કોપ જેવા કોઈ 'સ્કોપ' નહોતા અને થર્મોમીટર કે બેરોમીટર જેવાં કોઈ 'મીટર' નહોતાં. એમણે તો દોરી, લાકડી, ધાતુના ટુકડા જેવાં હાથવગાં સાધનોથી કામ ચલાવ્યું હતું. બુદ્ધિ, કલ્પના, અણખૂટ ધૈર્ય, અપરિમેય જુસ્સો વગેરે એમનાં હથિયાર કે સહાયક, જે ગણો તે હતાં.

સિકંદરની એક મહાન યુદ્ધવિજેતા તરીકેની સામાન્ય ઓળખ. સોળ વર્ષની ઉંમરે તો પિતા ફિલીપ (મેસેડોનિયાના રાજા, ગ્રીસની ઉત્તરે)ના લશ્કરમાં રહીને ક્યારેક તો મોરચા પર આગેવાની જેવું કામ કરીને લશ્કરી કુનેહ દાખવી હતી. પિતાના અવસાન પછી ૨૦ વર્ષની ઉંમરે રાજ્યધુરા સંભાળીને એણે યુદ્ધયાત્રા આરંભી દીધી હતી. લડાઇનાં રક્તલાંછિત મેદાનોમાં ઘૂમનારો આ માણસ જગત માટે મંગલકારી કાર્યો કરનારો અને એમાં ઓતપ્રોત રહેનારો શી રીતે થઈ શક્યો? સિકંદરના જીવનની આ જ તો એક આશ્ચર્યકારક ખૂબી છે!

સિકંદરમાં બાળપણથી જ અસાધારણ ચાંચલ્ય અને તરવરાટ તો હતાં જ પણ જેમ જેમ એની વય વધતી ગઈ તેમ તેમ એનામાં રહેલા બુદ્ધિચાતુર્યનું તેજ પણ પ્રકાશિત થવા લાગ્યું. એની તરુણાવસ્થાની એક ઘટનાએ એના જીવનને એક નવો અને ગણો ઉપયોગી માર્ગ ચીંધ્યો. એક વખત કોઇ થિસેલિયન એક ઘોડો વેચવાના હેતુથી સિકંદરના પિતા પાસે આવ્યો. પરીક્ષા માટે ઘોડાને એક ખેતરમાં લઈ જવામાં આવ્યો. ઘોડો તોફાની અને બેકાબૂ જણાયો. એને ચકાસી જોનાર અશ્વવિદ્યાના જાણકારે કહી દીધું કે ઘોડો કોઈ રીતે ઉપયોગી થઈ શકશે નહીં. એ કોઈને સવારી કરવા નહીં દે. સિકંદરના પિતાએ એ ઘોડાને જંગલી પશુ ગણીને એનો સોદો કરવાનો ઇન્કાર કર્યો. સિંકદર ત્યાં હાજર હતો. એ ધીરેથી બોલ્યો : 'આ લોકો ઘોડાને કાબૂમાં રાખવાની એમની બિનઆવડતને લીધે એક પાણીદાર ઘોડાને જતો કરી રહ્યા છે' સિકંદરના આ બોલ તરફ કોઈએ ધ્યાન આપ્યું નહીં એટલે એણે એકવાર ફરીથી એ શબ્દો ઉચ્ચાર્યા એટલે એના પિતાએ કહ્યું : 'તારા કરતાં આ લોકો વધારે અનુભવી અને અશ્વવિદ્યા જાણનારા છે. એ લોકો કંઈ ન કરી શક્યા. તું કરી શકીશ? કરી શકવાનો છે?'

'હા હું કરી શકીશ.' સિકંદરે જવાબ આપ્યો.

આ પછી સિકંદર ઘોડા પાસે ગયો. એણે ઘોડાની પીઠ થાબડી. થોડી ક્ષણો સુધી એ પ્રમાણે થાબડતો રહ્યો. ત્યારબાદ આસ્તે રહીને

ઘોડા પર સવાર થયો. ઘોડાને ચાબુક માર્યા વગર કે પગની એડીનો પ્રહાર કર્યા વગર એણે ઘોડાને ચલાવ્યો, ખેલાવ્યો, દોડાવ્યો અને પોતાની ઇચ્છા મુજબ ઘોડા પાસે કામ લીધું.

સિકંદરના પિતાને પુત્રના બુદ્ધિચાતુર્ય વિશે જાણકારી તો હતી જ, પણ ઘોડાની આ ઘટના પછી એમણે બીજું વિચારવા માંડ્યું. એમને લાગ્યું કે ચીલાચાલુ કેળવણી દીકરા માટે વામણી સાબિત થશે. એમણે બીજા વ્યવસ્થા વિચારી લીધી. સિકંદરની કેળવણી માટે રોકેલા બધા શિક્ષકોને એણે છૂટા કરી દીધા અને ગ્રીસના તત્કાલીન શ્રેષ્ઠ ફિલસૂફ એરિસ્ટોટલને ઊંચું મહેનતાણું અને બીજી ખાસ સગવડો આપીને સિકંદરની કેળવણી માટે રોક્યા.

એરિસ્ટોટલે સિકંદરને અનેક વિદ્યાઓનાં ઊંડાંઊંડાં રહસ્યો શીખવ્યાં. એક્રોઆમાટા અને ઇપોપ્ટિકા જેવા માત્ર મૌખિક રીતે શીખવવાના વિષયો પણ એમણે સિકંદરને શીખવ્યા. વૈદ્યકીય શાસ્ત્ર પણ સારી રીતે શીખવ્યું.

એરિસ્ટોટલ પાસેથી મેળવેલી વિદ્યા ઉપરાંત સિકંદરને સાહિત્યમાં ખાસ રૂચિ હતી. હોમરનું ઇલિયડ મહાકાવ્ય તેમજ સોફોક્લિસ, યુરિપીડીસ વગેરે નાટ્યકારોનાં નાટકો અને ટેલેસ્ટસ તેમજ ફિલોઝેનસની કવિતામં પણ એને ઘણો રસ હતો. યુદ્ધયાત્રાએ હોય ત્યારે પણ એ પુસ્તકોને પોતાના ઓશિકા નીચે રાખતો. પુસ્તકો ખૂટે કે ન મળે ત્યારે એ હારપેલસને લખીને મંગાવી લેતો. (હારપેલસ બેબિલોનના ખજાનાનો રક્ષક હતો.)

એલેકઝાન્ડ્રિઆ નગર અને લાઇબ્રેરીની સ્થાપના પાછળની આટલી ભૂમિકા પછી પહેલાં તો એ લાઇબ્રેરીના ગ્રંથસંચય વિશે થોડી વાત કરીએ.

સિકંદર પછી ઇજિપ્તમાં એના રાજ્યના વારસ ગ્રીક ટૉલેમી રાજાઓએ લાઇબ્રેરીના નિભાવ અને વિકાસની જવાબદારી સંભાળી. આ સંભાળ માટે એ રાજાઓ એમની સંપત્તિમાંથી અઢળક ખર્ચ કરતા હતા. લાઇબ્રેરી માટે પુસ્તકો ખરીદવા માટે એમના એજન્ટોને વિવિધ દેશોમાં મોકલતા હતા. જરૂર પડ્યે ગમે તેટલો ખર્ચ કરીને પણ ઇચ્છિત પુસ્તકો મેળવી લેવાની એમને કાયમી સૂચના આપી રાખેલી હતી. એજન્ટો આ સૂચનાનો કાળજીપૂર્વક અમલ કરતા. જે પુસ્તકો ખરીદીમાં મળે એમ ન હોય એના માટે એજન્ટો જુદો માર્ગ અપનાવતા. પુસ્તકોની નકલ કરીને પરત કરવાની શરતે એ મેળવતા. વિશ્વાસથી આ કામ ચાલતું. જ્યાં એનો અભાવ હોય ત્યાં ડિપોઝિટ તરીકે માગણી પ્રમાણેનાં નાણાં આપવામાં આવતાં. નકલનું કામ તો એલેકઝાન્ડ્રિઆની લાઇબ્રેરીમાં જ થતું. આ કાર્ય માટે લાઇબ્રેરીમાં ખાસ નિષ્ણાતો હતા.

એથેન્સવાસીઓ એમના કબજા હેઠળનાં પુસ્તકોને જીવની જેમ જાળવતા. નકલ માટે પણ લોકો પુસ્તકો આપવા તૈયાર ન થતા. આવા સંજોગોમાં ટૉલેમી રાજાઓ પ્રમાણ કરતાં ઘણું વધારે નાણું ગીરો મૂકીને નકલ માટે પુસ્તકો મેળવતા. ટૉલેમી ત્રીજા (Eurgetes)એ અઢળક નાણું ગીરો મૂકીને ધાર્યાં પુસ્તકો મેળવ્યાં ખરાં, પણ નાણું જતું કરવાની ગણતરી રાખીને પુસ્તકો પરત ન કર્યાં. એથેન્સવાસીઓ રોષે ભરાયા. સંઘર્ષ કર્યો, કશું વળ્યું નહીં. આખરે સમાધાનરૂપે એથેન્સવાસીઓએ પુસ્તકોની નકલો મેળવીને સંતોષ માનવો પડ્યો.

પુસ્તકો મેળવવાનો એક આશ્ચર્યરકારક રસ્તો પણ ટૉલેમી રાજાઓએ અપનાવ્યો હતો. એલેકઝાન્ડ્રિઆ બંદરમાં લાંગરેલાં વહાણોમાં પોલીસ મોકલવામાં આવતી અને જે હાથ લાગે તે પુસ્તકો મેળવી લેવાતાં.

ટૉલેમી રાજાઓએ આ રીતે ગ્રંથાલયને સમૃદ્ધ કરવા માટે ઘણું કામ કર્યું એ તો ખરું, એમણે નવા ગ્રંથો તૈયાર કરાવવા માટે પણ એમના થકો આગવો પુરુષાર્થ કર્યો હતો. આમ એલેકઝાન્ડ્રિઆની લાઇબ્રેરીના વિકાસમાં ટૉલેમી રાજાઓની નિષ્ઠાપૂર્વકની તપશ્ચર્યા હતી.

આપણે ત્યાં પુરાણા હસ્તલિખિત ગ્રંથો પોથીના રૂપમાં હોય છે. જે વાંચવા માટે સવગડભર્યા બની રહે છે. જ્યારે ઇજિપ્તની - આ લાઇબ્રેરીના ગ્રંથો વીંટા (Scroll)ના રૂપમાં હતા. એમને વાંચવા, રાખવા, સાચવવા માટે ભારી કાળજી લેવી પડતી હતી.

એલેકઝાન્ડ્રિઆની લાઇબ્રેરીમાંના પુસ્તકોની સંખ્યાનો ચોક્કસ આંકડો ઉપલબ્ધ નથી, પણ એ પુસ્તકોની સંખ્યા પાંચ લાખની હોવાનો અંદાજ છે.

અગાઉ કહ્યું તેમ એલેકઝાન્ડ્રિઆની લાઇબ્રેરીનું બીજું અંગ એનું સંશોધન કેન્દ્ર હતું. આ કેન્દ્ર એક સંશોધન સંસ્થા તરીકે જાણીતું બનેલું છે. અહીં સંશોધન માટેની વ્યવસ્થા જાણવા જેવી છે. આ સંશોધન કેન્દ્રમાં ગણિતશાસ્ત્ર, પદાર્થ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, ખગોળશાસ્ત્ર, ભૂગોળનું વિજ્ઞાન, ભાષા, સાહિત્ય, વૈદ્યકીય વિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન વગેરે વિવિધ જ્ઞાનશાખાઓના સંશોધન માટે દરેક વિષયને અલગ ફાળવી શકાય એ માટે અહીં મોટા મોટા દસ ખંડો હતા. આ ખંડો સાથે બોટાનિકલ ગાર્ડન, ફુવારા, પ્રાણી સંગ્રહાલય તેમજ બીજી કેટલીક સગવડો પણ જોડાયેલી હતી. આ બધી સગવડો ઉપરાંત એક વિશાળ ડાઇનિંગ હોલ પણ હતો. ભોજન ઉપરાંત ફુરસદના સમયે અહીં સામાન્ય ચર્ચાઓ અને ગોષ્ઠીઓ થતી.

વિવિધ દેશોના અનેક વિજ્ઞાનીઓએ તેમજ વિવિધ વિષયોના તજજ્ઞોએ આ સંશોધન કેન્દ્રમાં કામ કર્યું હતું તે પૈકીના કેટલાકના કાર્ય વિશે અહીં અછડતો ખ્યાલ આપ્યો છે :

- **ઇરાતોસ્થિનીસ (Eratosthenes) :**

એલેકઝાન્ડ્રિઆની લાઇબ્રેરીની સ્થાપના પછી ઇરાતોસ્થિનીસ એનો પ્રથમ ડાયરેક્ટર હતો. એના વિરોધીઓ ગ્રીક મૂળાક્ષર પ્રમાણે એને બીટા (Beta) અર્થાત્ બીજા ગ્રેડમાં મૂકતા. પણ ખરેખર તો એ આલ્ફા (Alpha) અર્થાત્ પ્રથમ ગ્રેડનો વિજ્ઞાની હતો. પૃથ્વી સપાટ નહીં પણ વળાંક (કર્વેચર)વાળી છે એવું એણે માત્ર બે પાતળી લાકડીઓના સાધનથી નક્કી કરીને કહ્યું હતું.

એણે એક લાકડી એલેકઝાન્ડ્રિઆમાં અને બીજી લાકડી ૮૦૦ માઈલના અંતરે Sysne નામના શહેરમાં ઊભી કરીને સૂર્યના તડકામાં આ બે લાકડીઓના પડછાયાના કદના આધારે બુદ્ધિપૂર્વકની ગણતરીએ આ તારણ કાઢ્યું હતું. એણે પૃથ્વીના કદ વિશે પણ વાત કરી હતી.

એ ઘણી વિદ્યાશાખાઓનો નિષ્ણાત હતો જે પૈકી ખગોળશાસ્ત્ર, ઈતિહાસ, ભૂગોળ, તત્ત્વજ્ઞાન, ગણિતશાસ્ત્ર, કાવ્ય વગેરે મુખ્ય હતી.

- **હિપ્પરચ્યુસ (Hipparchus)**

એણે નક્ષત્રો વિશે જાણકારી મેળવવાનું કામ કર્યું અને તારાઓના પ્રકાશના પ્રમાણનાં તારણ કાઢ્યાં. વર્ષની ચોક્કસ લંબાઈ એણે નક્કી કરી અને પૃથ્વી પર કાલ્પનિક રેખાંશ - અક્ષાંશનું અંકન કર્યું.

- **યુક્લિડ (Eculid)**

એણે ભૂમિતિને વૈજ્ઞાનિક રૂપ આપ્યું. ઉપર કહ્યું તેમ એનું Elements પુસ્તક જાણીતું છે.

- **ડાયોન્યસિયસ (Dionysius)**

એણે ભાષાના ઘટકો (Parts of Speech) ઉપર કામ કર્યું અને ભાષાને વિજ્ઞાનના રૂપમાં ઢાળવાનો પુરુષાર્થ કર્યો.

- **હીરોફિલસ (Herophilus)**

શરીર વિજ્ઞાનમાં કામ કર્યું. એણે પ્રથમવાર જાહેર કર્યું કે બુદ્ધિનું સ્થાન હૃદયમાં નહીં પણ મગજમાં છે.

- **હેરોન (Heron)**

ગતિશીલ યંત્રો માટે ગીયરનો શોધક. એના પુસ્તક 'ઑટોમેટા'માં આજના સમયમાં ખૂબ પ્રગતિ પામી ચૂકેલા રૉબોટની શક્યતાની ઝાંખી થાય છે.

- **એપોલોનિયસ (Apollonius)**

એ ગણિતશાસ્ત્રી હતો. એણે શંકુના જુદાજુદા સ્તરના આકારો વિશે લખ્યું છે અને ellipse, પેરાબોલા, હાયરબોલા તેમજ જુદાજુદા વળાંકો વિશે અને ગ્રહો તથા ધૂમકેતુની ભ્રમણકક્ષા વિશે વાત કરી છે.

- **ટૉલેમી (Ptolemy)**

ગ્રીક રાજાઓ સિવાયના પરિવારનો વિજ્ઞાની. ભૂગોળ વિદ્યાશાખામાં કામ કર્યું હતું. એણે વિશ્વનો નકશો તૈયાર કર્યો. કેન્દ્રમાં પૃથ્વીને રાખી અને પૃથ્વીની આસપાસ હજારની સંખ્યા કરતાં વધારે તારાઓ દર્શાવ્યા હતા. એણે પૃથ્વીનો પણ અલગ નકશો તૈયાર કર્યો હતો.

- **Aristarehus**

સૂર્ય અને ચંદ્રના કદ ઉપરાંત એમના અંતર વિશે પણ એણે સંશોધન કર્યું. એણે સૂર્ય કેન્દ્રમાં હોવાનું તેમજ પૃથ્વી એને ફરતી હોવાની જાહેરાત કરી.

- **આર્કિમીડીસ (Archimedes)**

બાથટબમાં સ્નાન કરતી વખતે એકાએક સ્ફુરેલી તરતી વસ્તુઓનો નિયમ (Law of floating Bodies)ની શોધથી વધારે જાણીતા થયેલા આર્કિમીડીસની અસાધારણ બુદ્ધિમત્તા તો મિકેનિકલ એન્જિનિયરિંગના ક્ષેત્રમાં જોવા મળે છે. એણે એલેકઝાન્ડ્રિઆના સંશોધન કેન્દ્રમાં રહીને આ ક્ષેત્રમાં ઘણું કામ કર્યું હતું. ફક્ત એક વાંસડાના સાધનથી ઘણા મોટા વજનવાળી વસ્તુઓ - પદાર્થોને દડાની માફક ઉછાળીને ફેંકી દઈ શકાય એ માટે ઉચ્ચાલનની શોધ, વહાણા જેવા તોતિંગ સ્ટ્રક્ચરોને ઊંચકીને તેમની હેરફેર કરી શકાય એ માટે ગરગડીઓ (Pulleys)ના ઉપયોગની શોધ, પાણીનું લેવલ ઊંચું લાવવા માટે વપરાશમાં લઈ શકાય એવો ઊંચો લાકડાનો સ્ક્રૂ (Screw) આવી અનેક શોધો આર્કિમીડીસે કરેલી છે. એમ કહેવાય છે કે લિઓનાર્દો-દ-વીન્સીના ઉદય પહેલાં મિકેનિકલ એન્જિનિયરિંગના ક્ષેત્રમાં આર્કિમીડીસનું સ્થાન વીન્સી જેટલું હતું.

- **હાઇપેશિયા (Hypatia) :**

એલેકઝાન્ડ્રિઆની લાઈબ્રેરીના આરંભમાં લાઈબ્રેરીમાં વિજ્ઞાની ઈશનોસ્થિનીસનું જે સ્થાન હતું એટલું અથવા કદાચ એથી વિશેષ સ્થાન આ સ્ત્રી-વિજ્ઞાની હાઈપેશિયાનું હતું. વિજ્ઞાનનાં એકાધિક ક્ષેત્રોમાં એનું નામ મહત્ત્વના સ્થાને હતું. પણ ગણિતશાસ્ત્રમાં એ ટોચ ઉપર હતી. ખગોળશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્રમાં પણ એણે ઘણું મહત્ત્વનું કામ કર્યું હતું. ફિલસૂફીના ક્ષેત્રમાં એ ઊંચાં સ્થાને હતી. એટલું જ નહીં પણ ઘણી સક્રિય હતી. એ નિયોપ્લેટોનિક સ્કૂલ ઑફ ફિલોસોફીના વડા તરીકેનું સ્થાન સંભાળતી હતી. એ Pagan (કોઈ પણ ધર્મમાં શ્રદ્ધા ન ધરાવવાની વિચારસરણી) પંથમાં અગ્રેસર હતી. એ ક્ષેત્રમાં એ ઘણું લખતી અને બોલતી. એની આ પ્રવૃત્તિ જીવન માટે જોખમી હતી તે એ જાણતી હતી છતાં એ ક્ષેત્રે નિર્ભય બનીને કામ કરતી. આ જોખમ એટલા માટે હતું કે એ સમયમાં રોમન કેથોલિક ધર્મ હજુ બાલ્યાવસ્થામાં હતો અને એનો વિસ્તાર કરીને પગદંડો જમાવવા માટે એના ધર્મીઓ પ્રયત્નશીલ હતા. આના

Prakash®
PRAKASH METAL CRAFT PVT. LTD.
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
MFG. ST. STEEL UTENSILS

કારણે એ ધર્મીઓ Pagan પંથીઓના કટ્ટર વિરોધી હતા. હાઈપેશિયાના સમયમાં એલેકઝાન્ડ્રિઆના ચર્ચમાં આર્ચબિશપ તરીકે સિરિલ (Cyril) હતા. હાઈપેશિયા રોમન ગવર્નર સાથે મૈત્રીભાવ રાખતી હતી, એ કારણે પણ એ આર્ચબિશપને આંખમાં કણાની જેમ ખૂંચતી હતી. આ સ્ત્રી અપાર મનોબળના કારણે કોઈ જોખમને લક્ષમાં લેતી નહોતી.

એનો જન્મ ઇ.સ. ૩૭૦માં એલેકઝાન્ડ્રિઆમાં થયો હતો. એ અત્યંત રૂપવતી હતી. એટલે લગ્ન માટે એને ઘણી દરખાસ્તો મળી હતી. પણ એમાં એને રસ નહોતો એટલે એ સઘળી દરખાસ્તોને નકારતી હતી.

ઇ.સ. ૪૧૫ના વર્ષમાં એક દિવસ હાઈપેશિયા એના કામ પર જતી હતી ત્યારે આર્ચબિશપ સિરિલના ક્ષેત્રના અનુયાયીઓ (Parishiones)નું એક ટોળું એના માર્ગમાં ઊભું હતું. હાઈપેશિયાનો રથ જ્યારે આ ટોળા પાસે પહોંચ્યો ત્યારે આ ઝનૂની ટોળાંએ એને રથમાંથી ખેંચી કાઢી. એનાં વસ્ત્રો ફાડી નાખ્યાં અને એને જીવતી રહેંસી નાખી. આ લોકો આટલેથી ન અટક્યા. એમણે હાઈપેશિયાના કાર્યક્ષેત્ર એલેકઝાન્ડ્રિઆની લાઈબ્રેરીનો ધ્વંસ કર્યો. અને સાત સદી પુરાણી લાઈબ્રેરીનો અંત આણ્યો. આ સમયે હાઈપેશિયાની ઉંમર ૪૫ વર્ષની હતી.

હાઈપેશિયાના મૃત્યુ પછી લાઈબ્રેરીના અવશેષ રૂપે લગભગ કશું ન રહ્યું. લાઈબ્રેરીના ધ્વંસમાં હાઈપેશિયાના નિમિત્ત કરતાં વધારે તો ધાર્મિક અંધત્વ અને અસહિષ્ણુતાએ ભાગ ભજવ્યો. લાઈબ્રેરીમાં મોટા ભાગે તો Pagan આબોહવા હતી. જેને રોમન કેથલિકો ખમી શકે એમ નહોતા. પરિણામે એલેકઝાન્ડ્રિઆનું જે ગૌરવ હતું એ નાશ પામે એવી સ્થિતિનું નિર્માણ થયું. લાઈબ્રેરીના નાશથી શું નાશ પામ્યું અને કેટલા પ્રમાણમાં નાશ પામ્યું એની ભૌતિક ગણતરી કરવાનો કશો અર્થ નથી. છતાં એ ગણવું હોય તો એમ કહી શકાય કે ગ્રંથાલયનાં પુસ્તકોનો લગભગ સર્વનાશ થયો. એ પુસ્તકોના ટાઈટલ કે એના સર્જકોની કોઈ યાદી કે સૂચિ નથી. સર્જકો અજ્ઞાત ક્ષેત્રમાં ધકેલાઈ ગયા એ નુકસાનનો શો અંદાજ માંડવો? હા, જે બહુ જાણીતા સર્જકો કે નાટ્યકારો હતા એમની બાબતમાં નુકસાનની થોડી જાણકારી મળી શકી. જેમકે, સોફોક્લિસનાં ૧૨૩ નાટકોમાંથી ફક્ત ૭ બચવા પામ્યાં હતાં.

આજે ભગ્નાવશેષરૂપે સ્થળ ઉપર કશું જોવા જેવું રહ્યું નથી. અંધારી જગ્યામાં ખાલી છાજલીઓમાં શું જોવાનું? બહાર સૂના વિસ્તારમાં શીર્ષ સિવાયનું એક સ્ફિંક્સનું પૂતળું અને એક ઊંચો માઈક્રોવેવ ટાવર નજરે પડે છે... બધું સમેટાઈ ગયું છે અને વિશેષ કરુણતા તો એ વાતની કે લોકોની જાણકારીના ક્ષેત્રમાંથી પણ એલેકઝાન્ડ્રિઆની લાઈબ્રેરી લુપ્ત થઈ ગઈ છે!

- **ગ્રંથાલયનો પુનરુદ્ધાર :**

આ સમૃદ્ધ ગ્રંથાલયના પુનરુદ્ધાર માટે ઇ.સ. ૧૯૭૪માં એલેકઝાન્ડ્રિઆ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ડૉ. મોહમ્મદ લોત્ફી ડોવિડોરના સૂચનના આધારે ઇજિપ્તના ઉચ્ચશિક્ષણ મંત્રાલય દ્વારા ઘટતી કાર્યવાહી હાથ ધરવામાં આવતાં આ વિચારને આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા ભારે મોટું પ્રોત્સાહન સાંપડ્યું છે. ખાસ નોંધપાત્ર બાબત એ કે ઇ.સ. ૧૯૮૮માં યુનેસ્કો દ્વારા ગ્રંથાલયના નવા ભવનની ડિઝાઈન તૈયાર કરવા માટેની વૈશ્વિક સ્પર્ધાને સ્પોન્સર કરવામાં આવતાં, વિશ્વના બાવન દેશોના ૫૨૪ સ્થપતિઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ પૈકી નોર્વેની Snohetta કંપનીની ડિઝાઈન પસંદ થતાં આ કંપની દ્વારા Bibliotheca Alexadrina, Alexndria ના ૧૧ માળના ભવનનું બાંધકામ કરવામાં આવ્યું છે. આ ભવન અને ગ્રંથાલયના વિકાસ માટે વિશ્વભરમાંથી ૨૨૦+ મિલિયન અમેરિકી ડોલરની આર્થિક સહાય ઉપરાંત હસ્તપ્રતો, પુસ્તકો વગેરે વિપુલ વાંચનસામગ્રી ભેટ આપવામાં આવી છે. આ ભવનનું એલેકઝાન્ડ્રિઆના પૂર્વીય બંદરે ૪૫,૦૦૦ વર્ગ મીટર જમીન ઉપર બાંધકામ કરવામાં આવ્યું છે. જેમાં ૮૦ મિલિયન પુસ્તકો ઇત્યાદિ વાંચનસામગ્રી સંગ્રહવાની ક્ષમતા છે. આ ગ્રંથાલય દ્વારા પરંપરાગત કાર્યો / પ્રવૃત્તિઓ ઉપરાંત શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. અહીં પ્લેનિટેઅરિઅમ, વૈવિધ્યસભર સંગ્રહસ્થાનો (Museums), માહિતી વિજ્ઞાનના પ્રશિક્ષણ માટે ખાસ વિભાગ, વાંચનસામગ્રીના સંરક્ષણ માટે અદ્યતન પ્રયોગશાળા અને અન્ય આનુસંગિક સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. આ ગ્રંથાલયના પુનરુદ્ધાર પાછળના મૂળભૂત હેતુઓ : વિદ્યાકીય પ્રવૃત્તિઓ, વિચાર-વિમર્શ અને બૌદ્ધિક પ્રવૃત્તિઓના કેન્દ્ર તરીકે વિકાસ પામે તે રહ્યા છે, જેનું તે સાંગોપાંગ નિર્વહણ કરી રહ્યું છે. આજે આ ગ્રંથાલય શિલ્પ સ્થાપત્યની દૃષ્ટિએ વિશ્વના એક દર્શનીય ગ્રંથાલય તરીકે ખ્યાતિપ્રાપ્ત છે.

***સંદર્ભ સાહિત્યસામગ્રી :*** (૧) Universal History of the World, Vol.-3, Golden Press, New York, (૨) Cosmos/Carl Sagan Ballantine Books, New York, (૩) યક્ષકર્દમ / મોહનલાલ પટેલ, હર્ષ પ્રકાશન, અમદાવાદ-૩૮૦ ૦૦૧, (૪) ઇન્ટરનેટ.

***સત્યાગ્રહ છાવણી, અમદાવાદ***

"ROLEX" Brand

Rushabh
STEEL CENTRE
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
Tel. : 2242 2072, 3393 7310 • Fax : (022) 3008 0072
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN



# બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે ફલેટજે નીચે જે ફલેટવારો જસાજી જો છોરો હેવર અઠવાડેથી રોજ ઉગેજો રસ્તો ઓળંગે ને સામે એપાર્ટમેન્ટ આય ઓતે વેનેતો ને અધકલાક ઊભે પુઆ ઉતરેલો ડાચો ખણેંને પાછો અચેતો... સે જરા તપાસ ત કર... કુલા વેનેતો ને પાછો અચે તેર અનજો ડાચો ઉતરેલો કો વેતો?

બચુડો : (તપાસ કરે ને ચેં) આંઉ ચાર-પંજ વાર અનકે પૂછ્યો પણ પેલા જ જવાભ નતે ડેંને... પણ પોય આંઉ ચ્યો ક તોજી તકલીફ મેં આંઉ મદદ કઇંધો તડે ચેં ક સામે જે ફલેટમેં સે રોજ ઉગેજો હકડી છોકરી રૂમાલ હલાયને મુંકે ઈશારા કરેતી પણ પોય મોં વતાય નતી... તેર આંઉ તપાસ કે ને ચ્યો કે ઇ છોરી રૂમાલ હલાયને ઈશારા નતી કરે પણ બારીજા કાચ ઝાપટીંથી વેતી... તેં પુઆ જસાજીજો છોરો ભરાભર ભાનમેં આવ્યો.

## ખિલજા મ ભલા

પતિ :(પત્નીને) આપણી સામે જે નવા રહેવા આવ્યા છે તે ‘આમ આદમી પાર્ટી’ના સભ્ય હોય એમ લાગે છે.

પત્ની : વાહ, એટલામાં તમને ખબર પણ પડી ગઈ? ક્યારે વાતચીત થઈ?

પતિ : વાતચીત તો નથી થઈ પણ આજે સવારે બારીમાં બહેન દેખાયા ત્યારે મેં હાય કરી હાથ હલાવ્યો તો જવાબમાં તેમણે મને ઝાડું દેખાડ્યું.

☺ ☺ ☺ ☺ ☺

ફિલ્મ પ્રોડ્યુસર : ‘મિશન ઈમ્પોસીબલ’ની ભોજપુરી આવૃત્તિ તો તૈયાર કરી નાખી પણ હવે એને નામ શું આપવું એ ખબર નથી પડતી.

ભોજપુરી હીરો : સાવ સહેલું છે. નામ આપી દો : ‘ઇ ના હોઈ પાઈ ભૈયા.’

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : તમારી સાથે પરણી એના કરતાં કોઈ રાક્ષસને પરણી હોત તો સારું થાત.

પતિ : પણ તારા મમ્મી-પપ્પા હોંશિયાર હતા. અને એમને કાયદાનું અને સમાજનું ભાન હતું કે અંદરઅંદર - ઘરઘરનાં સગાં વચ્ચે લગ્ન ન થઈ શકે. એથી તને તમારા કૂળમાં ન પરણાવી.

☺ ☺ ☺ ☺ ☺

પીન્ટુ : અલ્યા આટલો વહેલો વહેલો આ દવાની દુકાન પાસે કેમ ઊભો છે?

ચીન્ટુ : આ તો છાપામાં અને ટી.વી. પર જાહેરાત આવી છે કે આજથી સેમસંગની નવી ટેબ્લેટનું વેચાણ શરૂ થશે.

☺ ☺ ☺ ☺ ☺

કોલેજ ગર્લ : (પ્રોફેસરને) ક્લાસની બારી પર બેઠેલા વાંદરા સામે જોઈને કહ્યું, સર તમારો ભાઈ આવ્યો છે.

પ્રોફેસર : બેબી, જમાનો મોડર્ન થઈ ગયો છે. જાગો... જાગો... હજુ ક્યાં સુધી પતિને તમારા ભઈ... તમારા ભઈ... કહીને બોલાવ્યા કરશો!

☺ ☺ ☺ ☺ ☺

કોલેજગર્લ : મારા તો એક શ્વાસ પર દસ દસ છોકરા મરતા હોય છે.

કોલેજ બોય : વધારે હિંસા કર્યા વગર કોઈ સારી કંપનીની ટુથપેસ્ટ વાપરવાનું શરૂ કર જલ્દીથી....

☺ ☺ ☺ ☺ ☺

મંગુ : દોસ્ત ચંગુ, એક મોટી સમસ્યા ઊભી થઈ છે. ગઈકાલે નવું લાવેલું શર્ટ મેં ડહાપણ કરીને ડિટર્જન્ટથી ધોયું તો ખરું પણ શર્ટની સાઈઝ નાની થઈ ગઈ.

ચંગુ : એમાં આટલું બધું ટેન્શન નહીં લેવાનું. એજ ડિટર્જન્ટથી હવે તું નહાઈ લે એટલે શર્ટના માપનો થઈ જઈશ.

☺ ☺ ☺ ☺ ☺

ઈના : ગઈકાલે મને જે ચિરાગ મળ્યો હતો તે અલ્લાદીનનો જાદુઇ ચિરાગ હતો.

મીના : પણ તને એની ખબર કેવી રીતે પડી?

ઈના : ચિરાગ ઘસ્યો તો જીન પ્રગટ થયો અને કહ્યું, માંગ, માંગ માંગે તે આપું...


મીના : તે શું માગ્યું?

ઈના : મેં કહ્યું મારો પતિ હંમેશાં મારી સાથે રહેવો જોઈએ. મારા સિવાય એની જિંદગીમાં બીજું કોઈ ન હોવું જોઈએ. એ સૂતા-ઉઠતા, બેસતા, હરતા ફરતા મારી સાથે જ રહેવો જોઈએ.

મીના : પછી શું થયું? તારી માંગણી પૂરી થઈ?

ઈના : હા. માંગ્યા પછી બીજી જ ક્ષણે મારો પતિ મારો સ્માર્ટફોન બની ગયો.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*




આ વરસે સમાજના બધા જ કાર્યક્રમો – સ્વામિવાત્સલ્ય, સરસ્વતી સન્માન, પ્રવચનો વગેરેને એક જ દિવસમાં પતાવવામાં આવ્યા. એકંદરે આ યોગ્ય થયું નથી. ઓડિટોરિયમમાં હાજરી બહુ જ ઓછી રહી (જો કે બહાર લોબીમાં સારી હાજરી હતી!) કાર્યક્રમના આયોજકોએ તથા પદાધિકારીઓએ ગયા વર્ષના અનુભવોને લક્ષમાં લીધા વગર આયોજન કર્યું. તેમાં કોઈ કાર્યક્રમને યોગ્ય ન્યાય આપી શકાયો નહીં.

**૧. સ્વામિવાત્સલ્ય :** પર્યુષણ પર્વ પછી આવતો આ પ્રસંગ માત્ર ક્ષમાપના અને ભોજન સમારંભ પૂરતો જ રાખવો જોઈએ. શક્ય હોય તો વચ્ચે અડધાએક કલાકનું, સારા વક્તાનું પ્રવચન રાખી શકાય. જેના માટે હાજરી માટે ઈનામી યોજના રાખી શકાય. ઉપરાંત અગાઉ રાખતા એમ અડધા અડધા કલાકના પાસ આપવા જેથી સભ્ય પરિવારો પોતાને અનુકૂળ સમયે ભોજન માટે આવી શકે.

**૨. સરસ્વતી સન્માન :** આ કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓને અનુકૂળ હોય એવો અલગ દિવસ જ ફાળવવો જોઈએ અને એ જ દિવસે સારા સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવું જોઈએ. સમાજના યુવાઓની કલા પ્રતિભાને પણ યોગ્ય ન્યાય મળવો જ જોઈએ. 'સરસ્વતી સન્માન' એવું નામ આપી દેવાથી નહિ, પણ સરસ્વતીના આરાધકો એવા વિદ્યાર્થીઓ, કલાકારો, રમતવીરો વગેરેનું સન્માન યોગ્ય રીતે થાય તો જ એ સરસ્વતી સન્માન કહી શકાય. જે નથી થતું એમ દુઃખ સાથે કહેવું પડે છે.

સન્માનને યોગ્ય વિદ્યાર્થીઓ, કલાકારો વગેરે તથા તેઓના માતા-પિતાઓ માટે આગળની ૨-૩ હાર શા માટે ફાળવી ન શકાય? એ દિવસે પદાધિકારીઓ, ટ્રસ્ટીઓ, વડીલો જો પાછળની હરોળમાં બેસે તો તેઓનું સારું જ દેખાશે.

આવા પ્રસંગે યોગ્ય હાજરી પણ જરૂરી છે. આ માટે સમયસર આવનારા માટે ઈનામી યોજના ઉપરાંત સારો રસ્તો એ છે કે સવારના નાસ્તાની જોગવાઈ, બપોરના ભોજન ઉપરાંત કરવી. જેથી પરિવારો – ખાસ કરીને ગૃહિણીઓ – નિરાંત જીવે આવી શકે.

આજ સુધી પુરસ્કાર સમિતિ સન્માન કાર્યક્રમનું આયોજન કરે છે. આ સમિતિનું જરૂરી વિસ્તરણ કરી 'સરસ્વતી સન્માન સમિતિ' બનાવી, આવા આયોજનની જવાબદારી સમિતિને આપવી જોઈએ. બધા નિર્ણયો ઉચ્ચ કક્ષાએ જ લેવાના હોય તો સમિતિઓનું શું કામ છે? ટ્રસ્ટ મંડળ કે કારોબારીનું કામ જરૂરી નાણાં ભંડોળ ફાળવવાનું અને હિસાબ માંગવાનું જ હોય.

આ સાથે આ વખતે બીજી એક ગંભીર બાબત લક્ષ્યમાં આવી છે. સરસ્વતી સન્માન મેળવનાર લાભાર્થીઓનાં નામ જે રીતે સપ્ટેમ્બરના મંગલ મંદિરમાં છાપવામાં આવ્યાં છે, એમાં જે કોઈ જવાબદાર હોય – તેઓની ગંભીર બેદરકારી છે.

૧. ઉચ્ચ શિક્ષણની અનેક શાખાઓ છે. કઈ શાખામાં વિદ્યાર્થીઓ શું સિદ્ધિ મેળવી એની કોઈ વિગત નહીં!

૨. ઉચ્ચ શિક્ષણના બે દાતાઓ છે. કયા દાતા કઈ શાખામાં પુરસ્કાર આપે છે એની કોઈ સ્પષ્ટતા નહીં!

૩. વિશિષ્ટ સિધ્ધિ મેળવનારાઓએ અભ્યાસ, કલા ક્ષેત્ર, રમતગમતનું ક્ષેત્ર કે અન્ય કયા ક્ષેત્રમાં કઇ વિશિષ્ટ સિદ્ધિ મેળવી છે, એની કોઈ વિગત – સ્પષ્ટતા નહીં!

માત્ર નામો છાપી દીધાં, ૧-૨ સમૂહ ફોટા છાપી દીધા. સમારંભ વખતે સ્ટેજ પર બોલાવી કવરો તથા સર્ટિફીકેટ આપી દીધા એટલે પતી ગયું? આ કેવું સરસ્વતી સન્માન?

ઉચ્ચ સિદ્ધિ તથા વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓ અને તેઓના દાતાઓના વ્યક્તિગત ફોટા પૂરેપૂરી વિગત સાથે અપાવા જોઈએ (આર્ટ પેપરમાં રંગીન ફોટા) આ માટે મંગલ મંદિરમાં થોડો વધારે ખર્ચ થાય તો સમાજનાં બાળકો, યુવાઓ માટે કરવાનું. મંગલ મંદિરમાં બહારના સમાચારો, જો અપાતા હોય તો આ તો આપણા પોતાના છે. યાદ રહે કે આપણું માસિક ભારતભરમાં જાય છે અને વંચાય છે.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૬૮૭૧૯૨૫*

★

'મંગલ મંદિર' સમાજનું મુખપત્ર – આવું જ કંઈક 'મંગલ મંદિર'ના ટાઈટલ પેજ પર છપાયેલું છે. હવે મને એ વિચાર આવે છે, લખ્યું તો છે સમાજનું મુખપત્ર પરંતુ સમાજના સમાચારો આખા મેગેઝીનમાં કેટલા? સમાજ પાસે કેટલીયે સમિતિઓ છે પરંતુ માત્ર એક-બે કે ચાર સમિતિ સિવાયની સમાજની પ્રવૃત્તિઓનો 'મંગલ મંદિર'માં ઉલ્લેખ જ નથી.

અન્ય સંસ્થાના, અન્ય સમાજના સમાચારો કે વાર્તાઓનો સંગ્રહ કરી 'મંગલ મંદિર' દળદાર બનાવવાનો અર્થ શો? અને આમેય મેગેઝિન હોય કે અખબાર – બંને મહિના પછી પસ્તીમાં જવાના અને મેગેઝિન કોઈને ભેટમાં તો ન જ આપી શકાય. તેના બદલે નાની પુસ્તિકા સ્વરૂપે વાર્તાઓ, બોધ કથાઓ હોય, તો એ ક્યારેક કોઈ વાંચે, કોઈને આપવું પણ ગમે.

હવે વૉટ્સ ઍપના જમાનામાં જોઈએ તેવા સમાચાર, વાર્તાઓ, નવું સંશોધન, એક ક્લીક કરતા બધું મળી જાય છે અને વાંચનનો

શોખ હવે કોને છે? હજુ પણ મારી વિનંતી છે, દર વર્ષે Feed Back જેવું ફોર્મ તૈયાર કરી, એના અભિપ્રાયો સ્વામિવાત્સલ્યના દિવસે મેળવી, નવા સૂચનો આવકારી (પ્રોત્સાહક ઇનામ પણ આપી શકાય), સમાજની પ્રવૃત્તિઓને વધુ વેગવંતી બનાવી અને શક્ય તેટલા વધુ પરિવારો સમાજના વિવિધ કાર્યક્રમોમાં રસ લેતા થાય તેવું કરવું જોઈએ. આ માટે ફરીથી 'મંગલ મંદિર' માટે અને સમાજના ઉત્કર્ષ માટે સૂચનો મંગાવવા જોઈએ.

મેગેઝિન, મેગેઝિન સ્વરૂપમાં રહે તો જ સારું - સુંદર લાગે. બાકી પસ્તી વધારનારું બની જાય.

છેલ્લે, આ પત્ર પ્રસિધ્ધ કરવા નમ્ર વિનંતી અને વાચકોનો પ્રતિભાવ મેળવવા માટે અપીલ.

*નીતિન એચ. સંઘવી - ગાંધીનગર*

★

એક અઠવાડિયાથી અચાનક જ રૂા. ૫૦૦/- અને રૂા. ૧,૦૦૦/-ની નોટ ચલણમાંથી નાબૂદ થવાની જાહેરાત થઈ ગઈ અને રૂા. ૪,૦૦૦/-ની રકમ જ બેંકમાં કે સરકારી કચેરીઓમાં બદલાવી શકાય એની જાહેરાત થઈ. એ.ટી.એમ.થી પણ પૈસા મળવા મુશ્કેલ થઈ ગયા. નાણાંની અછત દરેક નાગરિકને પડવા લાગી. નાણાં બદલાવવા માટે દરેક જગ્યાએ લાઈનો લાગવાની શરૂ થઈ ગઈ. ત્યારે આપણા ભૂતકાળના દિવસો યાદ આવી ગયા. આપણામાંના ઘણા જ લોકોને અનુભવ હશે કે આપણે ઘઉં, ચોખા, ખાંડ, કેરોસીન, કોલસા વિ. ખરીદવા માટે કે પિક્ચર જોવા માટે ટિકીટ લેવા માટે પણ ઘરના બધા કામ છોડીને લાઈન લગાવવી પડતી હતી. તેમ હવે નાણાંનું રેશનિંગ ચાલી રહ્યું છે. તેથી દરેકે દરેક નાગરિકે ઊભા રહી લાઈનમાં જોડાઈને નાણાં લેવા જવું પડે છે. કોણ રંક, કોણ રાજા – એ ભેદ અત્યારે તો ભૂલાઈ ગયો છે.

જે જુવાનિયાઓ મોબાઈલની દુનિયામાં છે તેઓ પણ આ પ્રવૃત્તિમાં જોડાઈ ગયા છે. તેઓને આપણા જેવા વડીલોની રેશનિંગની લાઈનની વાત કરીએ તો એ લોકેને મજાક લાગતી હતી. હવે તો જાણે પસીનાની કમાણી કરતા હોય તેમ ચાર-પાંચ કલાક લાઈનમાં ઊભા રહી મજા માણી રહ્યા છે. અને અવસર બનાવી દીધો છે. ક્યાંક ઝઘડા, મારામારી પણ થાય છે. તો ક્યાંક સેવાભાવી લોકો આ ઝુંબેશને સાથ આપવા ખાણીપીણીની સગવડો પણ લાઈનમાં ઊભેલાઓને મદદ કરે છે. કોમ્પ્યુટરના આ યુગમાં પૈસાની લાઈનો...!!

*અલ્કા એ. સંઘવી - અમદાવાદ*
*મો. ૯૪૨૬૧ ૪૧૯૫૮*

*ઉદય અને અસ્ત નામના આ બે જે કિનારા છે, એની વચમાં જે પ્રવાહ વહે છે તે જ સાચું જીવન છે. નદીનો કિનારો ત્યાં સુધી જ છે કે જ્યાં સુધી તે વહે છે. એમાંથી જ્યારે જળ સૂકાઈ જાય છે ત્યારે કિનારા એની મેળે અદૃશ્ય થઈ જાય છે.*

**પ્રેમ....!!**

**હીકડો પ્રેમ સહવાસજો, બ્યો બાલકતેં પ્રેમ;**
**ત્ર્યો પ્રેમ સંબંધજો, નિત જાળવે નેમ.**
**કેંકે પ્રેમ પૈસે મત્થે, કો રખે નારી તે પ્યાર;**
**કો પ્રેમ ધંધે તે રખેં, ઈંય હલે સંસાર.**
**અંધ પ્રેમ ગુરૂમત્થે, ભક્તિ ફલ ડેરાય;**
**શ્રદ્ધા પ્રેમ ભગવાન તેં, મોક્ષ પંથ તેં લાય.**
**મિત્ર પ્રેમ મૂંઝવણ ટરે, હીરદો ડે ફુલાય;**
**માતૃ પ્રેમ મીણીયા વધે, હૂંફ સદા ડેરાય.**
**પ્રેમ સંધો ઈતિહાસ આય, પન્ના ખોલે ન્યાર;**
**દેશપ્રેમજી દાઝ તેં, મત્થા ધર્યો તતકાળ.**
**વિશ્વ પ્રેમજી ભાવના, ઉચ્ચ અનેરી આય;**
**વિશ્વ પ્રેમ હીરદે ધર્યો, ઈ વિશ્વ પાર પુજાય.**
**પ્રેમ જેંજે હીરદે વસે, ઉજ્જળ મેં વાટ કરાય;**
**પ્રેમ વિગર 'રશ્મિન' ચેં, માડુ ઢોર ગણાય.**

*'રશ્મિન જો રણકાર' ભાગ-૧ માંથી સાભાર*

શુભેચ્છા સહ : **નયનભાઈ મેપાણી**
**KRYSTAL Colloids PVT. LTD.**
301, 'Shivam' Appartment, V. L. Road,
Mulund (W), Mumbai-400 080.

**પંચગની હવાફેર**
પ્રકૃતિના સાનિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવાફેર કરવા પધારો.
શુધ્ધ સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.
૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.
**રાજલક્ષ્મી આરોગ્યધામ**
મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709

Estd. 1955
**Laxmichand Dharshi**
Container Transportation & Handling
Govt. Contractors ● Erection Job
Owners & Suppliers
Crane ● Top Lifter ● Forklift ● Trailor ● Truck ● Labour
Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.
**H.O.** : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
**L. D. Yard (Jasai, JNPT)** : 6522 3399

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છની વિરાસત સાચવવા અનેરી પહેલ

કચ્છ પરના સંશોધનને વેગ મળે અને અભ્યાસુ છાત્રોને અલગ અલગ સ્થાને ભટકવું ન પડે તે માટે એક જ સ્થાને કચ્છની તેમજ કચ્છના સર્જકોની કૃતિઓની તમામ માહિતી - સાહિત્ય સામગ્રી ઉપલબ્ધ બને એ માટે કચ્છ યુનિવર્સિટીએ કરેલી પહેલને સાકાર કરવા ચક્રો ગતિમાન થઈ ચૂક્યાં છે.

તાજેતરમાં 'કચ્છમિત્ર' કાર્યાલયમાં યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ચંદ્રસિંહ જાડેજાના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, મંત્રી કે.આર. શાહ અને સંશોધનમાં રસ ધરાવનારા કચ્છી મોવડીઓએ યુનિવર્સિટીની પહેલને આવકાર આપીને સંપૂર્ણ સહકારની ખાતરી આપી હતી.

યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. કાંતિભાઈ ગોર, વરિષ્ઠ પત્રકાર કીર્તિભાઈ ખત્રી, સાહિત્યકાર હરેશભાઈ ધોળકિયા અને ઈતિહાસ તથા પુરાતત્ત્વના જાણકાર દલપતભાઈ દાણીધારિયાએ કચ્છ વિષયક સંશોધનને લગતી માહિતી ગામડાંઓની લાઈબ્રેરીઓ, ધર્મસ્થાનો તેમજ કેટલીક વ્યક્તિઓ પાસે જળવાયેલી છે તેને એકત્ર કરીને યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઊભા થનાર 'કચ્છ કોર્નર'માં ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા કરવા જણાવ્યું હતું.

આ ચર્ચા અને સલાહ સૂચનના જવાબમાં ડૉ. જાડેજાએ કચ્છ વિશેની જરૂરી સંશોધનાત્મક માહિતી એકઠી કરવા માટે નાણાંની કોઈ તંગી નહીં પડે તેની ખાતરી આપી હતી. સાથે સાથે એવું પણ નક્કી થયું હતું કે, કચ્છના લેખકો - કવિઓનું જે કોઈપણ સાહિત્ય અત્યારે જે કોઈ પણ પ્રકાશક પાસે ઉપલબ્ધ છે તે તાકીદના ધોરણે ખરીદવું. ઉપરાંત કચ્છી વિશે કચ્છ તેમજ બહારના લેખકોએ જે પણ લખ્યું છે તેનાં પુસ્તકો પણ ખરીદવાં અને જે જૂના પુસ્તકોની નકલો ઉપલબ્ધ છે પણ વેચાતાં મળે તેમ નથી તેની ઝેરોક્ષ કરીનેય ગ્રંથાલયમાં મૂકવાના પ્રયાસ થશે.

એવી સ્પષ્ટતા પણ કરવામાં આવી હતી કે કચ્છના લેખકો દ્વારા કચ્છી, સિંધી, ગુજરાતી, હિંદી, અંગ્રેજી કે પછી અન્ય કોઈ ભાષામાં સાહિત્ય સર્જન થયું હશે તેનોય સમાવેશ આ કોર્નરમાં કરવામાં આવશે.

અત્રે એ નોંધવું જરૂરી છે કે કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિર'ના દિવાળી વિશેષાંકનું લોકાર્પણ કરતાં જાણીતા ઉદ્યોગપતિ અને દાનવીર દામજીભાઈ એન્કરવાલાએ સંશોધનાત્મક સામગ્રી એકઠી કરવાના અભિયાનની પ્રશંસા કરી હતી અને એ કામ પૂરું કરવા પોતાના આર્થિક સહયોગની ઘોષણા કરી હતી. જેને સૌએ વધાવી લીધી હતી.

તેમનો સહયોગ યુનિવર્સિટી કોર્નરની રચનામાં કેવી રીતે લેવો એની ચર્ચા પણ બેઠકમાં થઈ હતી.

અંતમાં ડૉ. જાડેજાએ કચ્છ વિષયક પુસ્તકો, કચ્છી સાહિત્ય સર્જકોની કૃતિઓ - પુસ્તકો તેમજ કચ્છના સંશોધનમાં સહાયરૂપ થાય એવી તમામ સામગ્રી જેમના પાસે પણ હોય તેમણે આ અભિયાનના સહભાગી બનીને પુસ્તકો તેમજ હસ્તપ્રતો યુનિવર્સિટીને ભેટરૂપે મોકલી આપવા હાકલ કરી હતી. આ માટે યુનિવર્સિટીના ગ્રંથપાલ હર્ષદ નિર્મલનો મોબાઈલ નંબર ૯૦૬૭૩ ૩૩૪૬૬ પર સંપર્ક કરવા અનુરોધ છે. અપ્રાપ્ય પુસ્તકો કે અન્ય સામગ્રી ઝેરોક્ષ રૂપેય આપી શકાશે. હસ્તપ્રતો યુનિવર્સિટીને ભેટરૂપે મોકલી આપવા હાકલ કરી હતી.

## શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ

ગૌરક્ષક ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ દ્વારા ખેડા જિલ્લાના કઠલાલ વિસ્તારના લાડવેલ ચોકડી પાસેથી એક ટ્રકને પકડતાં અંદરથી જીવતા બળદ જીવ-૧૭ને કતલખાને જતાં બચાવી લીધેલ છે.

છેલ્લા એક માસમાં અમદાવાદ શહેર તેમજ ખેડા જિલ્લાના જુદા જુદા વિસ્તારમાંથી કુલ-૫૫ જેટલા અબોલ જીવોને કતલખાને જતાં બચાવી અભયદાન અપાવેલ છે.

તેમજ ટ્રસ્ટના સંચાલક શ્રી બચુભાઈ રાંભિયાને મુંદ્રા તાલુકાના રામાણિયામાં રાજપુત ક્ષત્રિય સમાજ દ્વારા કચ્છની "વિશિષ્ટ વ્યક્તિ" તરીકે તેમજ રામાણિયાના સાવલા સમાજ દ્વારા "કચ્છના સેવાભાવી વ્યક્તિ" તરીકે સન્માનિત કરવામાં આવેલ છે. ઉપરાંત વિશ્વ હિંદુ પરિષદના મહામંત્રી શ્રી કૌશિકભાઈ મહેતાના વરદ્ હસ્તે "હિન્દુ સમ્રાટ"નું બિરૂદ આપી સન્માનિત કરવામાં આવેલ છે.

હાલના 'કચ્છમિત્ર'ના દીપોત્સવી અંકમાં ગૌરક્ષક ગીતાબેન રાંભિયા તેમજ બચુભાઈ રાંભિયાની કાર્યવાહીને બિરદાવતો એક અહેવાલ પ્રગટ કરવામાં આવેલ. ■

*નદીનો પ્રવાહ કદી પણ ફરિયાદ નથી કરતો કે આ ધરતી પર ચારેબાજુ ખડકો પથરાયા છે અને તેથી આગળ વધી નહીં શકાય. એ પ્રવાહ વહેવા માટે ઢાળ એની મેળે શોધી કાઢે છે એમ તમારે પણ આગળ વધવા માટે એવો જ કોઈ ઢાળ શોધી કાઢવાનો છે.*

## NanoNine™ શબ્દ રમત-૧૨૩

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ■ | ૫ | | ૬ | | ■ |
| | ■ | ૭ | | ■ | ૮ | ૯ | | ■ | | ■ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ■ | ૧૩ | | ■ | ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | |
| ■ | ૧૭ | ૧૮ | ■ | ■ | ૧૯ | | ■ | ૨૦ | | | ■ |
| ૨૧ | ■ | | ■ | ૨૨ | | ■ | ૨૩ | ■ | ■ | ૨૪ | ૨૫ |
| ૨૬ | | | ૨૭ | | ■ | ૨૮ | | ૨૯ | ૩૦ | ■ | |
| | ■ | ૩૧ | | | | ■ | ૩૨ | | | | |
| ૩૩ | ૩૪ | ■ | ■ | | ■ | ૩૫ | | | | ■ | |
| ■ | ૩૬ | | ૩૭ | ■ | ૩૮ | | ■ | ■ | ૩૯ | ૪૦ | ■ |
| ૪૧ | | ■ | ૪૨ | ૪૩ | ■ | ■ | ૪૪ | ૪૫ | ■ | ૪૬ | ૪૭ |
| | ■ | ૪૮ | ■ | ૪૯ | | ૫૦ | | ૫૧ | ૫૨ | ■ | |
| ■ | ૫૩ | | | | ■ | | ■ | ૫૪ | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૧-૧૨-૨૦૧૬)*

### આડી ચાવીઓ

૧. સમય, વખત (૪)
૫. નબળું, અશક્ત (૪)
૭. નજરના _____ છલકાવીને ચાલ્યા ક્યાં તમે? (૨)
૮. અંધારું, અજ્ઞાન (૩)
૧૧. અભિપ્રાય (૨)
૧૩. મળેલી _____ ગુમાવવી નહીં (૨)
૧૪. જવું તે, ચાલ, ગતિ (૩)
૧૬. કઠણાઈ, કઠારો (૨)
૧૭. ખ્રિસ્તી સાધ્વી (૨)
૧૯. શાક સમારવા જોઈએ (૨)
૨૦. ડાક, પોસ્ટ (૩)
૨૨. અત્ર, _____, સર્વત્ર (૨)
૨૪. કાળું _____ જેવું છે (૨)
૨૬. રાજાની સગીર અવસ્થામાં તેના તરફથી રાજ ચલાવનાર અધિકારી (૫)
૨૮. જમીન _____નો ફરક છે (૪)
૩૧. બહુ તીખું (૪)
૩૨. મોંઘવારીમાં ઘર ચલાવવા કરવી પડે (૫)
૩૩. એક તેજાનો (૨)
૩૫. કીર્તિ (૨)
૩૬. સ્વપ્ન (હિં.) (૩)
૩૮. ખેતીની નીપજ (૨)
૩૯. ચંદ્ર સોળે _____એ ખીલ્યો છે (૨)
૪૧. સ્થાન, ઠેકાણું (૨)
૪૨. સૌરાષ્ટ્રનું જંગલ જ્યાં સિંહ વસે છે (૨)
૪૪. મડદું (૨)
૪૬. બાણ (૨)
૪૯. બાજુ, પક્ષ (૩)
૫૧. રક્ષણ, ભાઈ-બહેનનો _____ બંધનનો તહેવાર (૨)
૫૩. ભપકાદાર, ભવ્ય (૪)
૫૪. હુકમ, સનદ (૪)

### ઊભી ચાવીઓ

૧. અહંકાર, ગર્વ (૩)
૨. શિક્ષા, દંડ (૨)
૩. ખેલ, ક્રીડા (૩)
૪. ગધેડો મારે (૨)
૫. સોગંદ, સોગન (અ.) (૩)
૬. જુસ્સો, વેગ, જોર (૨)
૯. મગરની માદા (૩)
૧૦. જીદ, ખોટો આગ્રહ (૨)
૧૨. કાયા, શરીર (૨)
૧૫. દોરડાં પર નાચનાર (૨)
૧૬. પત્રકારોનું હથિયાર (૩)
૧૮. _____કી દુનિયા છોડકર પ્યાર કી (૪)
૧૯. મોટી ભારે છત્રી (૨)
૨૧. સમારકામ, જીર્ણોદ્ધાર (૪)
૨૨. તકતકે એવું (૪)
૨૩. સાર, તત્ત્વ (૪)
૨૫. સમર્થ, બળવાન (૪)
૨૭. સહન કરી શકે એવું (૨)
૨૯. મૂઢ _____ વાગ્યો છે (૨)
૩૦. કલંક વિનાનું, શુદ્ધ (૪)
૩૪. ઘા (૩)
૩૫. જીદ, હઠ, રકઝક, પંચાત (૪)
૩૭. એક જાતની ઘોડાગાડી (૨)
૪૦. વખાર, કોઠી (૨)
૪૧. ભપકો, શોભા (૨)
૪૩. આંખની કીકી (૩)
૪૫. મગજ _____ જેવું ઠંડું રાખો (૩)
૪૭. રણકો, રણકવું તે, રટણા (૩)
૪૮. _____ ચણો વાગે ઘણો (૨)
૪૯. શરીર, દેહ, કાયા (૨)
૫૦. નાશ પામેલું, પાયમાલ (૨)
૫૨. ખારું, ખારાશવાળું (૨)

*પરહિત કાજે ખરચેલી એક પાઈની કિંમત, અંગત સ્વાર્થ અને વિલાસ માટે ખરચેલા લાખ્ખો રૂપિયા કરતાં વધુ છે. કારણકે એકનો હિસાબ સ્વર્ગના ચોપડે જમા થાય છે ત્યારે બીજાનો તો સીધો જ ધુમાડો થઈ જાય છે. લાખ રૂપિયાના વ્યાજ કરતાં પણ આવી રીતે ખરચેલી પાઈનું વ્યાજ વધુ આવે છે!*

## NanoNine™ શબ્દ રમત-૧૨૨નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સો | ના | | વિ | પ | રી | ત | | ચ | ર | ણ | |
| | નો | મ | | થ્થ | | મ | ક | રં | દ | | તા |
| બા | | | ગો | ર | સ | | લા | ડો | | વા | જા |
| ક | સ | | ર | | વા | સ | | | બ | ત | ક |
| સ | ત | લ | જ | | લ | બ | | પા | ર | | લ |
| | પ | ત | | હી | | ક | ર | ણી | | રા | મ |
| ન | ત | | ક | રો | ડ | | મ્ય | | મો | જ | |
| જ | | ફ | ડ | | ગ | ર | | પ | ર | ગા | મ |
| ર | વા | ના | | | ર | જ | | ર | | દી | ન |
| કે | ર | | સ | ર | | ક | ર | ત | લ | | ન |
| દ | | મ | હા | વી | ર | | મૂ | | ખ | ડ | |
| | ક | હા | ન | | ફ | ર | જ | ન | | ચ | રી |

*માસ ઓક્ટોબર-૨૦૧૬ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૨૧ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલાબેન શાહ - અમદાવાદ
૨. જયસુખ સંઘવી - અમદાવાદ
૩. શ્વેતા છેડા - અમદાવાદ
૪. જ્યોત્સના ગોગરી - અમદાવાદ
૫. વર્ષાબેન પારેખ - અમદાવાદ
૬. ચંદ્રા શાહ - અમદાવાદ
૭. નિમેષ ગોગરી - અમદાવાદ
૮. સ્મિતા શાહ - અમદાવાદ
૯. જશવંત કોઠારી - અમદાવાદ
૧૦. હસમુખ દેઢિયા - અમદાવાદ
૧૧. રંજન શાહ - અમદાવાદ
૧૨. રૂપલ શાહ - અમદાવાદ
૧૩. ચેતના વોરા - અમદાવાદ
૧૪. જયવંતી સાવલા - અમદાવાદ
૧૫. અતુલ ધરોડ - અમદાવાદ
૧૬. મધુરી ડાઘા - અમદાવાદ
૧૭. અમિતા મહેતા - અમદાવાદ
૧૮. નેમજી ગંગર - અમદાવાદ
૧૯. પ્રિયંકા શાહ - અમદાવાદ
૨૦. ધર્મિષ્ઠા શાહ - અમદાવાદ
૨૧. વિનોદ મહેતા - અમદાવાદ
૨૨. હર્ષ પરીખ - અમદાવાદ
૨૩. સંજય શાહ - અમદાવાદ
૨૪. લક્ષ્મી ખત્રી - અમદાવાદ
૨૫. નવલ શાહ - અમદાવાદ
૨૬. જયેશ મહેતા - અમદાવાદ
૨૭. હેન્સી શાહ - ભુજોડી
૨૮. મુકુંદ મહેતા - આદિપુર
૨૯. સરોજ શાહ - અગાસ
૩૦. તારાબેન મહેતા - ભુજ
૩૧. પ્રભાબેન શેઠિયા - વલસાડ
૩૨. તારાબેન શાહ - નાગપુર
૩૩. નવીન લાલકા - ગદગ
૩૪. તારાચંદ હેણિયા - હૈદ્રાબાદ
૩૫. ત્રિશા પારેખ - સિકંદ્રાબાદ
૩૬. ડૉ. પ્રદીપ ખોના - ગદગ
૩૭. ઉષા સંઘવી - રૂરકેલા
૩૮. ગુણવંતીબેન - ગાંધીધામ
૩૯. સરોજ ચંદુરા - સુરત
૪૦. દિનેશ મોમાયા - પૂના

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રૉ કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**૧. જયેશ મહેતા – અમદાવાદ**
**૨. મુકુંદ મહેતા – આદિપુર**
**૩. ઉષા સંઘવી – રૂરકેલા**

## NanoNine™ *Sudoku*

*ઓક્ટોબર-૨૦૧૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૭૮ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. જયસુખ સંઘવી - અમદાવાદ
૨. પ્રવીણા છેડા - અમદાવાદ
૩. બીજોય ગોગરી - અમદાવાદ
૪. નયના ગોગરી - અમદાવાદ
૫. સ્મિતા શાહ - અમદાવાદ
૬. ઉષ્મા શાહ - અમદાવાદ
૭. ચંદ્રા શાહ - અમદાવાદ
૮. વર્ષા શાહ - અમદાવાદ
૯. ડૉ. અતુલ ધરોડ - અમદાવાદ
૧૦. હેમલતા દેઢિયા - અમદાવાદ
૧૧. અવંતી દંડ - અમદાવાદ
૧૨. પ્રિયંકા શાહ - અમદાવાદ
૧૩. હેમલતા ગંગર - અમદાવાદ
૧૪. ધર્મિષ્ઠા શાહ - અમદાવાદ
૧૫. સંજય શાહ - અમદાવાદ
૧૬. વિનોદ મહેતા - અમદાવાદ
૧૭. હર્ષ પરીખ - અમદાવાદ
૧૮. હર્ષા મહેતા - અમદાવાદ
૧૯. નિરાલી શાહ - અમદાવાદ
૨૦. જયેશ મહેતા - અમદાવાદ
૨૧. શાંતિલાલ શેઠિયા - અમદાવાદ
૨૨. હેન્સી શાહ - ભુજોડી
૨૩. સંકેત મહેતા - ભુજ
૨૪. પ્રભા શેઠિયા - વલસાડ
૨૫. મીના નાગડા - વડોદરા
૨૬. સોનલ પોલડિયા - નાગપુર
૨૭. તારાચંદ હેણિયા - હૈદ્રાબાદ
૨૮. જૈનમ પારેખ - સિકંદ્રાબાદ
૨૯. હર્ષાબેન મહેતા - ગાંધીધામ
૩૦. ઉષા સંઘવી - રૂરકેલા
૩૧. સરોજ ચંદુરા - સુરત
૩૨. લતા મોમાયા - પૂના

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ :**

૧. પ્રિયંકા શાહ - અમદાવાદ
૨. મીના નાગડા - વડોદરા
૩. સરોજ ચંદુરા - સુરત

## NanoNine™ Sudoku

ઑક્ટોબર-૨૦૧૬ના અંકમાં છપાયેલ
સુડોકુ-૧૦૭૮ના બધા સાચા ઉકેલ મોકલનારના
નામ તથા વિજેતાઓના નામ માટે
જુઓ : પાના નંબર-૯૨

પ્રેરણા પાછળ પરસેવાનું પાણી ન વરસે, તો એ પ્રેરણા થોડા વખતમાં જ રણ જેવી બની જાય છે. જેને કંઈ કરી બતાવવું છે, પ્રકાશવું છે, ખીલી ઊઠવું છે અને આગળ વધવું છે એને કદી પણ પ્રતિકૂળ સંજોગોની શરમ લાગતી નથી. વિજય મળે કે પરાજય એની પરવા કર્યા વિના એ પોતાની પ્રચંડ શક્તિ કામે લગાડી દે છે. ઈતિહાસને પાને નોંધાયેલા એવા કયા મહાપુરુષોના માર્ગ ઉપર ગુલાબના મુલાયમ બગીચાઓ બિછાવ્યા હતા, એ કોઈ કહેશો? ભગવાન બુદ્ધ જ્યારે ગૃહત્યાગ કરીને મધરાતે નીકળી પડ્યા, ત્યારે તેમણે વિચાર પણ નહોતો કર્યો કે બહાર ચાંદનીનું અપૂર્વ તેજ પથરાયેલું હોય તો સારું. જિસસ ક્રાઈસ્ટ, મહમ્મદ પયગંબર કે મહાવીર પ્રભુ માટે, શરૂઆતમાં કોણ કહે છે કે અનુકૂળ સંજોગો હતા?

## NanoNine™ Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૮૦અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ ફેબ્રુઆરી-૨૦૧૭ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૦૮૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | 4 | | | | | 1 | 5 |
| | | | 1 | 2 | | 7 | 9 | |
| 3 | | 9 | | 5 | | | | 2 |
| 4 | | 1 | | | 5 | | 2 | |
| | | 6 | 9 | | 2 | 1 | | |
| | 9 | | 4 | | | | | 6 |
| | 4 | | | 7 | | 2 | | 1 |
| | 2 | 7 | | 4 | 1 | | | |
| 1 | 5 | | | | | 4 | | 7 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | | | | 5 | | 1 | 8 |
| 1 | | 6 | | | 4 | 9 | | |
| | | | | 9 | 3 | | 5 | |
| 4 | | 3 | | 7 | | 8 | | |
| | 8 | | 3 | | 9 | | 2 | |
| | 9 | | | 4 | | 5 | | 3 |
| | | 4 | 9 | 5 | | 1 | | |
| | 6 | | | | | | 8 | 9 |
| 9 | 1 | | 6 | | | | | 5 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | | 6 | | | 9 | | 3 |
| | 6 | 8 | | | 3 | | 1 | |
| | 1 | | | 8 | | 2 | | |
| 4 | | 1 | | 6 | | | | 9 |
| | | 2 | 5 | | 9 | 1 | | |
| | | | | 4 | | 8 | | 2 |
| 7 | | | | 3 | | | 9 | 8 |
| | 3 | | 7 | | | | | |
| 1 | | 6 | 8 | | 2 | | 3 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 4 | 6 | 7 | 9 |
| 2 | | | 3 | 7 | | 1 | | |
| | 7 | 4 | 5 | | 9 | | | |
| | | | | 4 | | 7 | | 6 |
| | 2 | | 9 | 3 | 6 | | | |
| 4 | | 6 | | | | | 9 | |
| | 1 | | 4 | | | 3 | 8 | |
| | | 2 | | 5 | 3 | | | |
| 9 | 4 | | | | | | 6 | 7 |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૭૯

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 8 | 5 | 9 | 6 | 7 | 1 | 3 | 2 |
| 1 | 9 | 2 | 3 | 4 | 5 | 8 | 7 | 6 |
| 6 | 3 | 7 | 1 | 2 | 8 | 9 | 5 | 4 |
| 5 | 1 | 3 | 8 | 9 | 2 | 6 | 4 | 7 |
| 2 | 6 | 9 | 7 | 1 | 4 | 3 | 8 | 5 |
| 8 | 7 | 4 | 5 | 3 | 6 | 2 | 1 | 9 |
| 7 | 5 | 6 | 2 | 8 | 1 | 4 | 9 | 3 |
| 9 | 4 | 8 | 6 | 5 | 3 | 7 | 2 | 1 |
| 3 | 2 | 1 | 4 | 7 | 9 | 5 | 6 | 8 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 7 | 8 | 9 | 5 | 4 | 3 | 6 | 2 |
| 6 | 4 | 5 | 3 | 2 | 7 | 8 | 1 | 9 |
| 3 | 9 | 2 | 6 | 8 | 1 | 5 | 4 | 7 |
| 7 | 3 | 1 | 4 | 9 | 5 | 2 | 8 | 6 |
| 4 | 2 | 9 | 1 | 6 | 8 | 7 | 3 | 5 |
| 2 | 8 | 6 | 2 | 7 | 3 | 4 | 9 | 1 |
| 2 | 1 | 7 | 8 | 4 | 9 | 6 | 5 | 3 |
| 9 | 5 | 4 | 7 | 3 | 6 | 1 | 2 | 8 |
| 8 | 6 | 3 | 5 | 1 | 2 | 9 | 7 | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 7 | 9 | 5 | 6 | 4 | 8 | 2 | 1 |
| 4 | 5 | 2 | 8 | 3 | 1 | 9 | 6 | 7 |
| 8 | 6 | 1 | 7 | 2 | 9 | 3 | 5 | 4 |
| 7 | 4 | 6 | 3 | 5 | 2 | 1 | 9 | 8 |
| 1 | 2 | 3 | 4 | 9 | 8 | 6 | 7 | 5 |
| 5 | 9 | 8 | 1 | 7 | 6 | 2 | 4 | 3 |
| 9 | 3 | 4 | 6 | 1 | 7 | 5 | 8 | 2 |
| 2 | 1 | 7 | 9 | 8 | 5 | 4 | 3 | 6 |
| 6 | 8 | 5 | 2 | 4 | 3 | 7 | 1 | 9 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 1 | 2 | 6 | 3 | 7 | 5 | 9 | 8 |
| 3 | 5 | 8 | 1 | 9 | 2 | 6 | 4 | 7 |
| 6 | 9 | 7 | 4 | 5 | 8 | 3 | 1 | 2 |
| 1 | 8 | 6 | 2 | 7 | 4 | 9 | 3 | 5 |
| 2 | 3 | 9 | 8 | 1 | 5 | 7 | 6 | 4 |
| 7 | 4 | 5 | 9 | 6 | 3 | 2 | 8 | 1 |
| 5 | 6 | 4 | 7 | 8 | 9 | 1 | 2 | 3 |
| 9 | 2 | 3 | 5 | 4 | 1 | 8 | 7 | 6 |
| 8 | 7 | 1 | 3 | 2 | 6 | 4 | 5 | 9 |

# જાણવા જેવું

***સંકલન : રજનીકાંત પારેખ***

## લીંબુ

અત્યારે લીંબુની મોસમ છે આપણે ત્યાં સારી જાતના લીંબુનો પાક ખૂબ સરસ અને મોટા પ્રમાણમાં થાય છે તો જાણો લીંબુના આ ગુણધર્મ.

**ખૂબજ ઠંડા કરેલાં લીંબુના આશ્ચર્યકારક પરિણામ -**

★ લીંબુને ચોખ્ખા પાણીથી ધોઈને ફ્રીજરમાં મૂકી દો. આઠ થી દસ કલાક પછી લીંબુ પૂરેપૂરું ઠંડુ અને બરફ જેવું કડક જામી જાય એટલે છાલ સહિત એને ખમણી લો. પછી તમે જે કાંઈ ખાઓ તેના પર આ લીંબુનું ખમણ ભભરાવીને ખાઓ.

★ શાક, સલાડ, આઈસ્ક્રીમ, સૂપ, દાળ, નૂડલ્સ, સ્પેગેટી, પાસ્તા, સૉસ, ભાત એવી અનેક વાનગી પર નાંખીને એ ખાઈ શકાય. દરેક વાનગીમાં એનાથી એક અલગ મજાનો સ્વાદ આવશે. સૌથી મહત્ત્વની વાત એ છે કે આપણે ફક્ત લીંબુના રસમાંના વિટામિન ‘સી’ બાબત જાણીએ છીએ. એનાથી વધારે લીંબુના ગુણધર્મો વિશે કાંઈજ જાણતા નથી. છાલ સાથે થીજાવેલું લીંબુ એમાંથી કંઈ પણ નકામું ન જવા દેતાં આખે આખું વાપરવાથી અલગ સ્વાદ મળે છે. પણ એથી વિશેષ એના બીજાં ઘણાં ફાયદા છે.

★ લીંબુની છાલમાં લીંબુના રસથી ૫ થી ૧૦ ગણું વધારે વિટામિન સી હોય છે અને આપણે આ છાલ જ ફેંકી દઈએ છીએ.

★ લીંબુની છાલ આરોગ્ય વર્ધક છે. એનાથી શરીરમાંના ઝેરી તત્ત્વોને શરીરમાંથી બહાર કાઢવામાં મદદ થાય છે.

★ લીંબુની છાલનો એક આશ્ચર્યકારક ફાયદો એ છે કે એમાં એક એવો ચમત્કારિક ગુણ છે જેને કારણે શરીરમાંની સર્વ કેન્સરગ્રસ્ત પેશીઓનો નાશ થાય છે. કેમોથેરપી કરતાં આ લીંબુની છાલ ૧૦,૦૦૦ ગણી વધુ અસરકારક છે. તો પછી આપણને આ વિશે કેમ કોઈ ખબર નથી? કારણ કે આજે દુનિયામાં એવી પ્રયોગશાળાઓ છે જે એને કૃત્રિમ રીતે બનાવવામાં પડી છે કારણ કે એમાંથી તેઓ અઢળક નફો કમાઈ શકે છે.

તમે તમારા સહુ મિત્ર મંડળ, ઓળખીતા જરૂરતમંદ ભાઈ - બહેનોને હવે કહી શકશો કે કેન્સર જેવા અસાધ્ય રોગથી બચવા માટે અથવા થયો હોય તો એમાંથી સાજા થવા માટે લીંબુનો રસ અને તેની છાલ કેટલાં ફાયદાકારક છે. એનો સ્વાદ પણ સારો હોય છે અને કેમોથેરપીના જેવી સાઈડ ઈફેક્ટ નથી હોતી.

લીંબુની વનસ્પતિમાં કેન્સરને સાજા કરવાની ચમત્કારિક શક્તિ ઉપરાંત બેક્ટેરિયાના ઈન્ફેક્શન તથા ફંગસ જેવી બીમારીમાં પણ કરી શકાય છે.

લીંબુનો રસ અને ખાસ કરીને એની છાલ લોહીના દબાણ અને માનસિક દબાણને નિયમિત બનાવે છે. મજ્જા તંતુના રોગને પણ કાબુમાં રાખે છે.

જગતની મોટામાં મોટી ઔષધિ બનાવનારી કંપનીઓમાંની એક કંપનીએ જાહેર કર્યું છે કે તેઓએ ૧૯૭૦ થી ૨૦થી વધુ પ્રયોગશાળામાં સંશોધન કર્યા બાદ એવું જાણવા મળ્યું છે કે લીંબુની છાલ ૧૨થી વધુ પ્રકારના કેન્સરની પેશીઓને નષ્ટ કરી શકે છે અને બીજી આશ્ચર્યકારક વાત એ છે કે લીંબુની છાલથી માત્ર કેન્સરની પેશીઓનો નાશ થાય છે. બીજી નિરોગી પેશીઓ પર એની કોઈ વિપરીત અસર થતી નથી.

એટલા માટે જ પાકેલા ધોઈને થીજવેલા લીંબુની ખમણીનો રોજિંદા આહારમાં ઉપયોગ કરીને આવતા રોગથી બચો અને નિરોગી રહો.

★

## બાળકો માટેની હૃદયની એક એવી હોસ્પિટલ...

આ હોસ્પિટલમાં કેશ કાઉન્ટર જ નથી. આ વાત છે છત્તીસગઢના નવા રાયપુરમા આવેલી સાંઈ ચાઈલ્ડ હાર્ટ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલની.

દિલ જેવા આકારની આ હોસ્પિટલનું દિલ ખૂબ જ મોટું છે.

ઘણી હોસ્પિટલમાં મફત ઈલાજ કરવામાં આવે છે છતાં પણ થોડા ઘણા પૈસા લેવાય છે અને તેના માટે કેશ કાઉન્ટર જરૂરથી હોય છે. પરંતુ આ હોસ્પિટલમાં તો કેશ કાઉન્ટર જ નથી બનાવવામાં આવ્યું.

બાળકો માટેની આ હોસ્પિટલમાં મફત સારવાર કરાય છે. જેનો ચાર્જ ખાનગી હોસ્પિટલમાં રૂપિયા ૩થી ૧૦ લાખ સુધીનો થાય છે. અહીં દેશના અલગ અલગ રાજ્યો સિવાય નેપાળ, નાઈજીરિયા, પાકિસ્તાન અને બાંગ્લાદેશથી પણ દર્દીઓ આવે છે. અહીં ઈલાજ તો મફત થાય છે જ પણ એ ઉપરાંત તેની સાથે આવેલા કોઈપણ એક જણને રહેવા - ખાવાનું બધું જ મફત અપાય છે. અહીં દરરોજ ૩ ઑપરેશન થાય છે. આ હોસ્પિટલની ક્ષમતા ૪૦ બેડની છે. પરંતુ આ હોસ્પિટલનું મેનેજમેન્ટ એટલું જબરદસ્ત છે કે અહીં હાલમાં પણ કોઈ વેઈટીંગ નથી. ૩ વરસના સમયગાળામાં ૭૭૬ બાળકોના સફળ ઓપરેશન થઈ ચૂક્યા છે.

***આ હોસ્પિટલનું સરનામું છે :***

**શ્રી સત્ય સાઈ સંજીવની હોસ્પિટલ,**
સેક્ટર-૨, નયા રાજપુર, છત્તીસગઢ (ઇન્ડિયા).
ફોન : (૦૭૭૧) ૨૯૭૦૩૨૫ મો. : ૯૪૨૪૨ ૦૭૧૪૦



સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **શોધ : કચ્છના અખાતમાં મળ્યો તેલનો જથ્થો :** લગભગ ૩૧ વર્ષ બાદ ભારતને તેલ અને ગેસનો નવો ભંડાર કચ્છના અખાતમાં મળ્યો છે. જ્યાં આગામી વર્ષ ૨૦૧૭-૧૮માં ઉત્પાદન શરૂ થઈ જવાની ધારણા છે. અત્યાર સુધી ૨૬ જળકૃત અખાતમાંથી માત્ર સાત (૭) જ ઉત્પાદન હેઠળ છે. છેલ્લે કાવેરી અખાતમાં ઉત્પાદન શરૂ કરવામાં આવેલ. કચ્છના ઑફશોર અખાતમાં ઓ.એન.જી.સી.ના સંશોધન દ્વારા અત્યાર સુધીમાં કુદરતી ગેસનો એક ટ્રિલિયન ક્યુબીક ફીટનો જથ્થો શોધી કાઢવામાં આવ્યો છે. તેના ડાયરેક્ટરે જણાવેલ કે કામકાજ ગતિમાં છે અને વધુ ૦.૫ ટ્રિલિયન ક્યુબીક ફીટ ગેસ મેળવવાના પ્રયાસમાં છીએ અને પછી તેને ઉત્પાદન હેઠળ મૂકી શકાશે.

★ **પ્રવાસન સ્થળે પ્રવાસીઓ :** દિવાળીની રજાઓ દરમિયાન કચ્છમાં પ્રવાસીઓનો ધસારો ચાલુ થઈ ગયેલ છે. માંડવીના દરિયા કિનારે તથા લખપત તાલુકાના માતાના મઢ અને નારાયણ સરોવરમાં પ્રવાસીઓના ઘોડાપૂર ઉમટ્યા છે. પરંતુ સફેદ રણની જગ્યાએ દરિયાનું પાણી લહેરાય છે. જાણકારોના કહેવા મુજબ ડિસેમ્બર મહિનાની ગુલાબી ઠંડી સાથે વહેતો વાયરો ખારા પાણીને ધીમે ધીમે મીઠામાં ફેરવે છે. શ્વેત રણનો નજારો જોવાની ખરી મજા તો ડિસેમ્બર માસમાં આવે છે. રણોત્સવનો આનંદ લેવા ગુજરાતનો પ્રવાસન વિભાગ તંબુ નગરી ઊભી કરવામાં અટવાયેલો છે.

★ **પૂર્વ કચ્છ આર.ટી.ઓ.ને '૩૯' નંબરની ઓળખ :** કચ્છની આર.ટી.ઓ. ઑફિસ દ્વારા કચ્છના વાહનોની ઓળખ સમા GJ-12 ની સાથે પૂર્વ કચ્છની નવી થયેલ આર.ટી.ઓ. સંસ્થાને GJ-39 ની નવી ઓળખ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ છે. ગુજરાત સરકારના જાહેરનામા દ્વારા બાવળા (અમદાવાદ)ને GJ-38 તથા પૂર્વ કચ્છ અંજારને GJ-39 નંબર ફાળવવામાં આવેલ છે.

★ **ફરિયાદ : ગંદું ગાંધીધામ રેલવે સ્ટેશન :** સમગ્ર દેશના સ્વચ્છ રેલવે સ્ટેશનની શ્રેણીમાં મોખરે રહેલા ગાંધીધામ રેલવે સ્ટેશનના પ્રવેશદ્વાર પાસે ગંદકી, ખખડધજ રોડ, ભાતભાતના સૂત્રોથી થયેલું ચિતરામણ સહિતની પરિસ્થિતિ સોનાની થાળીમાં લોઢાની મેખ સમાન ભાસે છે. સ્વચ્છ સ્ટેશનની નામના જાળવવા આ પરિસ્થિતિ સુધારવી ખૂબ જ જરૂરી છે.

★ **સન્માન : શ્રેષ્ઠ કરદાતા - કચ્છી ઉદ્યોગપતિ :** મૂળ ભુજના અને હાલે વાપી જી.આઈ.ડી.સી.માં એમ.એમ. માર્કાની એક્રેલિક શીટની ફેક્ટરી ધરાવનાર માંડલિયા મોઢવણિક મહેન્દ્રભાઈ બળવંતભાઈ મહેતાને ભારત સરકારના નાણાં મંત્રાલય તરફથી 'શ્રેષ્ઠ કરદાતા' તરીકેનું સન્માન આપવામાં આવ્યું છે. તેમના પિતા ભુજની ભીડ બજારમાં પેઢી ધરાવતા હતા તેમજ તેમના દાદાની ભુજમાં પ્રથમ ઑઈલ મિલ હતી. આમ વેપારનો વારસો તેમને ગળથૂથીમાં જ મળેલ છે.

★ **ઉજવણી : કચ્છની સવાસો કરોડની દિવાળી :** કચ્છમાં વૈશ્વિક મંદીના મારની ચર્ચા દિવાળીના દિવસોમાં બંધ થઈ ગઈ છે. કચ્છના નાના મોટા શહેરો અને ગામડાંઓમાં છેલ્લા બે દિવસથી ધૂમ ખરીદી થઈ રહી છે. કાપડ, કાર, સોનું, ચાંદી, ટુ-વ્હીલર વગેરેમાં ઘરાકી જામી રહી છે. કાળી ચૌદસના રાત સુધીમાં એક આછેરા અંદાજ મુજબ ૧૦૦થી ૧૨૫ કરોડનો કારોબાર થયો છે. જેના કારણમાં સરકારશ્રીના સાતમા પગારપંચની તેમજ જમીનની તેજીની અસરનું અનુમાન લગાવાય છે.

★ **જૈનોની આંતરરાષ્ટ્રીય સંસ્થા જિતો :** રૂા. ૧૫૦ કરોડથી વધુ ફંડ ધરાવતું એન.જી.ઓ. 'જિતો' (જૈન ઇન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન)ના ડાયરેક્ટર બોર્ડની મિટિંગમાં વર્ષ ૨૦૧૬-૧૭ના વર્ષની ટીમમાં કચ્છના બે અગ્રણીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં અપેક્સના ઉપપ્રમુખ તરીકે વી-ટ્રાન્સપોર્ટના શ્રી અશોકભાઈ કે. શાહ તથા જિતોની એમિનન્ટ સ્પીકર્સ આઈડેન્ટીફિકેશન એન્ડ પુલિંગ કમિટીના ચેરમેન તરીકે સાડાઉના બશેષભાઈ ગાલા નિયુક્તિ પામ્યા છે. બશેષ ગાલા મેનેજમેન્ટ અને બ્રાન્ડ નિષ્ણાત છે. કોર્પોરેટ જગતમાં બિઝનેસ ગુરૂ તરીકે જાણીતા છે.

★ **લોકાર્પણ : લગેજ ટ્રોલી :** રવિવાર, ૬ નવેમ્બરના રોજ રેલવે ડેવલપમેન્ટ એન્ડ કચ્છ પેસેન્જર્સ એસોસિએશન - ભુજ તેમજ કચ્છ પ્રવાસી સંઘ - મુંબઈના સહિયારા પ્રયાસથી ભુજના રેલવે સ્ટેશન પર સામાન્યત ઍરપોર્ટ પર જોવા મળતી એવી ૨૦ નંગ લગેજ ટ્રોલીનું લોકાર્પણ કરાયું હતું. હાલ આ સેવા ૧ નંબરના પ્લેટફોર્મ પર મળી રહેશે.

★ **લાભ પાંચમનું મુહૂર્ત : સુવિધા : નર્મદા નીર :** ગુજરાતના મુખ્યમંત્રી બન્યા પછી પહેલી વખત કચ્છ આવતા વિજયભાઈ રૂપાણીએ ભુજ ખાતેની મુલાકાત દરમિયાન જણાવેલ કે કચ્છના અન્ય વિસ્તારો માટે નર્મદાના નીર તેમજ ચોમાસા દરમિયાન વહી જતાં વધારાના નર્મદાના પાણીથી આગામી સમયમાં કચ્છના જળાશયો ભરવામાં આવશે. તે અંગેની નાણાંકીય જોગવાઈ આગામી બજેટમાં ફાળવવામાં આવશે. વધુમાં સવાલ પૂછતાં તેમણે જણાવ્યું કે હું કચ્છની સ્થિતિ જાણું છું. કચ્છને ફાળવાયેલ એક મિલિયન એકર ફીટ પાણી દ્વારા કચ્છની પીવાના પાણીની મુશ્કેલી તેમજ સિંચાઈ અંગેના પાણીની તકલીફ દૂર થશે. આગામી બજેટમાં રાપર પાસેના સારણ જળાશયને ભરવા અંગેની જોગવાઈ કરવામાં આવશે જેથી નર્મદા યોજના તબક્કાવાર આગળ ધપશે અને ખાતરી આપેલ કે કચ્છ એ દૂરનો જિલ્લો છે. તેના ડેવલપમેન્ટ અને સુવિધા માટે જ્યાં જરૂર પડશે ત્યાં નાણાંની તંગીના કારણે વિકાસ અટકશે નહીં. નર્મદા નીરથી સૂકું કચ્છ નંદનવન બનશે તેવી વાણી તેમણે ઉચ્ચારેલ. નર્મદા નહેરના નીરના પ્રભાવે સૂકાભઠ્ઠ મનાતા કચ્છની પરિભાષા હરિયાળા મુલકમાં પલટાઈ જશે. વધુમાં તેમણે જણાવ્યું કે સરહદ - સીમાથી જિલ્લાના તમામ છેવાડાઓને સશક્ત બનાવવામાં કોઈ કચાશ નહીં રખાય. ઉપરાંત ભુજના શણગાર સમા હમીરસર તળાવને અમદાવાદના કાંકરિયા જેવું બનાવવાના ૬૦ કરોડના કામના શ્રીગણેશ તેમના શુભ હસ્તે કરવામાં આવેલ. કચ્છની જનતાને આશા આપતાં જણાવ્યું કે ટૂંક સમયમાં કચ્છ ગુજરાતની ભૂખ ભાંગતું થશે. સાંસદ વિનોદભાઈ ચાવડાના પ્રયત્નો થકી ભુજના પરા મીરજાપરમાં આકાર પામેલ ભીમરત્ન સમરસ કુમાર છાત્રાલયનું પણ ઉદ્‌ઘાટન મુખ્ય પ્રધાને કરેલ. વધુમાં કચ્છમાં ખાલી પડેલી ૬૭ હજાર જેટલી નોકરીની તકો વહેલી તકે તબક્કાવાર ભરવામાં આવશે તેવી ખાતરી પણ તેમણે આપેલ હતી.

★ **ચારણગાથા : કચ્છનો દબદબો :** ગઢવી ચારણ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ - બાવળા ખાતે રાજ્ય કક્ષાએ 'ચારણ ગાથા' સંગીત સ્પર્ધામાં ગુજરાત રાજ્યના ૮ જિલ્લામાંથી રાયણ - કચ્છની દેવલ વાલજી ગઢવીએ ૮થી ૧૫ વર્ષના વયજૂથમાં રાજ્યમાં પ્રથમ આવી કચ્છ - માંડવીનું ગૌરવ વધાર્યું છે. તેણે 'ભજો મન રાધે', 'આવે, નવ લાખને જોડી'ની સુંદર પ્રસ્તુતિ દ્વારા વાહ વાહ મેળવી હતી.

★ **'મંગલ મંદિર'ના ૨૧મી સદીનું કચ્છ દીપોત્સવી અંકનું વિમોચન :** શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિર' ૨૧મી સદીનું કચ્છ, વિશેષાંકનું વિમોચન તા. ૬-૧૧ના રોજે ભુજ ખાતે કચ્છ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. જાડેજાને હસ્તે હોટલ સંકલ્પ ખાતેના હોલમાં કચ્છના લેખકો, સાહિત્યકારો તથા સંસ્થાના પદાધિકારીઓની હાજરીમાં કરવામાં આવેલ હતું. જેનું અધ્યક્ષ સ્થાન કચ્છના ઉદ્યોગપતિ અને દાનેશ્વરી દામજીભાઈ એન્કરવાલાએ શોભાવેલ હતું.


★ **સન્માન : ઇઝરાયેલ સરકાર દ્વારા કદર :** મૂળ મીરઝાપરના કચ્છી યુવાન ધર્મેન્દ્ર મોહનલાલ પરમાર છેલ્લા ૧૫ વર્ષથી અન્ડર ગવર્નમેન્ટ ઑફ ઇઝરાયેલ સરકારે રાષ્ટ્રીય સન્માન પ્રસંશનીય પારિતોષિકથી નવાજેલ છે. આ પારિતોષિક જેરુસલામ શહેરના પોલીસ કમિશનર સમોઇલ કોદેવ તથા તેમના પત્ની બાતસિયેલ દ્વારા રાષ્ટ્રપતિ ભવન તરફથી સ્વીકાર્યું હતું.

★ **સુવિધા : પાસપોર્ટ કેન્દ્ર :** ગુજરાતમાં કચ્છ જિલ્લાના કેન્દ્ર માટે ભુજમાં પાસપોર્ટ કચેરી શરૂ કરવા દિલ્હીથી પાસપોર્ટ તથા પોસ્ટ વિભાગના અધિકારીઓની ટીમ નિરીક્ષણ અર્થે આવવાની માહિતી જાણકાર સૂત્રો પાસેથી મળેલ હતી. લાંબા સમયની માંગ અને કચ્છના સાંસદ વિનોદ ચાવડાના પ્રયત્નોથી આ માંગણી સાકાર બની છે. આ નવું પાસપોર્ટ કેન્દ્ર પોસ્ટ વિભાગને મળેલ છે. પરંતુ આ કેન્દ્ર કાર્યાન્વિત થતાં થોડો સમય લાગશે.

★ **રણોત્સવ : નાણાબંધીનું ગ્રહણ :** ભારત સરકારના ૧૦૦૦ તથા ૫૦૦ રૂપિયાની ચલણી નોટો રદ થવાથી રણોત્સવ પ્રસંગે આવતા પ્રવાસીઓમાં ખૂબ જ ઘટાડો થયો છે. હાલના સંજોગોમાં ધોરડો ટેન્ટ સિટીમાં કુલ મળીને ૧૦૦ જેટલા લોકો પણ નથી. અને તેમાં પ્રવાસીઓ કેટલા, તે શોધવા જવું પડે તેમ છે. રણમાં સફેદ નમકના સરોવરના નજારાની ગેરહાજરીને લીધે પ્રવાસીઓ પરત ચાલ્યા ગયા છે. તેઓએ વડા પ્રધાનને પત્ર લખી ટ્વીટ કરી જણાવેલ કે અમે નમક સરોવરના મુદ્દે છેતરાયા છીએ. ■

## ફેરફાર : કચ્છ એક્સપ્રેસ ટ્રેન

ભુજ સુપરફાસ્ટ બનેલી ભુજથી બાંદ્રા અને બાંદ્રાથી ભુજ દોડતી કચ્છ એક્સપ્રેસના ટ્રેન નંબરમાં ૧૭મી નવેમ્બરથી ફેરફાર થયેલ છે. બાંદ્રાથી ભુજ માટે ૨૨૯૫૫ અને ભુજથી બાંદ્રા માટે ૨૨૯૫૬ નંબર હવેથી નોંધવાના રહેશે. ■




### સરનામા ફેરફાર

- **જય બિપેન્દ્ર ગોગરી**
  ૧૨, શિવ કમલ એપાર્ટમેન્ટ, એક્સાઈઝ ભવનની સામે,
  પોલિટેકનિક રોડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. ૯૪૨૭૦ ૬૫૦૯૪
- **બિપેન્દ્ર મેઘજી ગોગરી**
  એ/૨, કાન્તમ એપાર્ટમેન્ટ,
  એસ.બી.આઈ. બેન્કની ગલીમાં,
  કેતવ પેટ્રોલ પંપ સામે, પોલિટેકનિક રોડ,
  આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. ૯૯૦૯૦ ૦૯૮૮૧

### પુત્ર જન્મ

- **રવિવાર, તા. ૪-૧૧-૨૦૧૬**
  **ચિ. ધ્યાન ચિંતન રોહિતભાઈ લોડાયા (નલિયા - અમદાવાદ)**

## સાભાર સ્વીકાર

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની***
***વિવિધ સેવાકીય યોજનાઓ માટે***
***નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.***

### તબીબી સહાય ખાતે

રૂ. ૫,૦૦૦/- શ્રી ચંદ્રકાંત રણછોડલાલ મહેતા - વડોદરા
રૂ. ૨,૫૦૦/- શ્રી રાજુભાઈ રમણિકલાલ દોશી - અમદાવાદ

### વૈયાવચ્ચ ખાતે

રૂ. ૫૦,૦૦૦/- શ્રી જવાહરનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ

### શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂ. ૫૦૦/- શ્રી કવીન લક્ષ્મીચંદ ગાલા - અમદાવાદ
(પુત્ર ચિ. વીરના જન્મ નિમિત્તે)

***સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.***

## અભિનંદન



### ચિ. પૂજન અતુલ ધરોડ

શ્રી પોપટલાલ નેણશી ધરોડ (પત્રી - અમદાવાદ)ના પૌત્ર અને ડૉ. અતુલ પોપટલાલ ધરોડના પુત્ર ચિ. પૂજન ધરોડને ચાલુ વર્ષે અદાણી મેડિકલ કોલેજ - ભુજ ખાતે એમ.બી.બી.એસ.માં એડમિશન મળેલ છે.

***ચિ. પૂજન વધુને વધુ પ્રગતિ પ્રાપ્ત કરતા રહે તેવી શુભેચ્છા.***

*માનવીના મુખનું સમતોલપણું જળવાઈ રહે એટલા માટે તો કુદરતે હોઠ ઉપર હાસ્ય અને આંખમાં આંસુ મૂક્યાં છે. જુદી જુદી બે આંખો મૂકીને પ્રભુએ સાબિત કરી બતાવ્યું છે કે ભેદમાં અભેદભાવ છુપાયેલો છે. આંખો બે છે પણ તેથી બંને વસ્તુઓ જુદી જુદી દેખાતી નથી. બંને આંખો વડે એક જ વસ્તુ દેખાય છે. આંખની વચ્ચે ભેદ છે પણ નજર સામે જે વસ્તુ દેખાય છે એમાં ભેદ નથી.*

## વયસ્ક સમિતિ

સમિતિ દ્વારા તા. ૧૦ નવેમ્બરના રોજ પાલડી ભવન ખાતે એક કાર્યક્રમ યોજાઈ ગયો.

સૌપ્રથમ કન્વીનરશ્રીએ સૌને આવકાર્યા હતા. ત્યારબાદ સમિતિ અને અગાઉના કાર્યક્રમોમાં જેઓનું યોગદાન ખૂબ જ આભારદાયક રહેલ તેવા દિવંગત વડીલોની ઝાંખી દર્શાવતી સી.ડી. બનાવી, તેમને સ્મરણાંજલિ અર્પણ કરવામાં આવેલ હતી. આ સી.ડી.માં અત્યાર સુધી સમિતિ દ્વારા કરવામાં આવેલ કાર્યક્રમોની પણ ઝાંખી બતાવવામાં આવી હતી.

કાર્યક્રમના ઉત્તરાર્ધમાં ડૉ. અનિલ પટેલ દ્વારા અંધશ્રદ્ધા અંગે વાર્તાલાપ તથા આજના કહેવાતા ચમત્કારોમાં નારિયેળમાં આગ કેવી રીતે લાગે, નારિયેળમાંથી ચુંદડી કેવી રીતે નીકળે, હાથમાંથી કંકુવાળા ચોખા કેવી રીતે નીકળે છે, તેમજ લીંબુમાંથી લોહી કેવી રીતે નીકળે – જેવા પ્રયોગો બતાવી અંધશ્રદ્ધા દૂર કરી હતી.

અંતમાં સૌએ સમૂહ ભોજનને ન્યાય આપી વિદાય લીધી હતી.

***કન્વીનર, વયસ્ક સમિતિ***

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## આગામી કાર્યક્રમ : ૧

**હલ્લાબોલ અને મનોરંજક ફિલ્મ પ્રસ્તુત કરતો કાર્યક્રમ માણવાનું ચૂકશો નહીં : ૧ + ૧ ફિલ્મ**

**સ્ત્રી સ્વબચાવ જાગૃતિ અભિયાન અંતર્ગત ૧૦૯૧ હેલ્પ લાઈનની સમજ આપતી ફિલ્મ બતાવવામાં આવશે**

આ **'હલ્લાબોલ'** ફિલ્મમાં શું છે?

★ ગુજરાત ગવર્નમેન્ટ દ્વારા બહેનોની સુરક્ષા માટે બનાવાયેલી ૧૦૯૧ હેલ્પલાઈન શું છે, તેનો ઉપયોગ સ્વબચાવ માટે કેવી રીતે કરવો વગેરેની પ્રેક્ટિકલ વિસ્તૃત માહિતી આપતી આ ફિલ્મ છે.

★ Zero Tolerance ને કેમ Over Power કરવું, તે શીખવતી ફિલ્મ છે.

★ સ્વબચાવ માટે સાત પ્રહાર શીખવતી આ ફિલ્મ છે.

★ Social Media એટલે કે Whatsapp કે Facebook દ્વારા થતી હેરાનગતિમાંથી કેમ બચવું, તે શીખવતી આ ફિલ્મ છે.

★ ATM, Credit and Debit Card વગેરે સાવધાનીપૂર્વક વાપરતા શીખવતી આ ફિલ્મ છે.

૧૦૯૧ હેલ્પ લાઈનને બહેનો સુધી પહોંચાડવાનું ઉમદા કાર્ય મિસ રૂઝાન ખંભાતા (સોશિયલ એન્ટ્રપ્રેન્યોર)એ કર્યું છે, હલ્લાબોલ સીઝન-૨ ના માધ્યમથી, જે ફિલ્મમાં જોઈ શકશો.

*અને હા...!*

*સાથે મનોરંજન આપતી બીજી મનોરંજક ફિલ્મ પણ પ્રસ્તુત કરવામાં આવશે.*

- *કાર્યક્રમ-૧ : બે ફિલ્મ જોવાનો કાર્યક્રમ*
- *તારીખ : શનિવાર, તા. ૧૭-૧૨-૨૦૧૬*
- *સમય : બપોરના ૨.૦૦ વાગ્યાથી*
- *સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*

***ઉપરોક્ત કાર્યક્રમ માટે કોઈ ફી નથી પણ સરળ આયોજન માટે રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.***

નીચેનામાંથી કોઈપણ એક સમિતિ સભ્યને તમારું નામ ફોનથી નોંધાવી શકો છો :

*નીપા શાહ : ૯૫૫૮૦ ૨૨૯૦૨*
*વીણા ગાલા : ૯૩૨૮૦ ૨૦૦૪૦*
*નયના ગોગરી : ૯૪૨૮૫ ૯૯૨૮૬*
*સંગીતા વીરા : ૮૦૦૦૯ ૭૨૯૬૯*
*નેહા ખોના : ૯૪૨૮૧ ૦૪૮૪૪*

★ **ખાસ નોંધ :**

૧. આ કાર્યક્રમમાં તમે તમારા પાડોશી, મિત્રો, બહેનપણી, સહકાર્યકર કોઈને પણ સાથે લાવી શકો છો. સૌ કોઈ આવકાર્ય છે. OPEN FOR ALL.

૨. આ કાર્યક્રમ વખતે મિની પિકનિક માટે નામ નોંધાવનારને મિની ગિફ્ટ પણ આપવામાં આવશે.

**આપણી દીકરીઓને સ્વબચાવ માટે તૈયાર કરીએ.**
**મનોરંજક ફિલ્મનો આનંદ લઈએ.**
**હાઈ-ટી નો સ્વાદ પણ માણીએ.**

***Free Entry for All, But registration is compulsory.***

## આગામી કાર્યક્રમ : ૨

**મિની પિકનિક : રિવરફ્રન્ટ પાર્ક**

સમિતિએ મિની પિકનીકનું આયોજન નક્કી કરેલ છે. શિયાળાની બપોરની મજા, રીવર ફ્રન્ટનું આહ્લાદક વાતાવરણ અને ગેમ્સ રમવાનો આનંદ. અને ઈનામો તો ખરા જ!

પછી તો કહેવું જ શું!!! તો બહેનો, વહેલી તકે નામ નોંધાવો... તા. ૧૭-૧૨ના કાર્યક્રમ (ફિલ્મ જોવાનો)માં નામ નોંધાવનારને મિની ગીફ્ટ પણ આપવામાં આવશે.

- *કાર્યક્રમ : મિની પિકનિક*
- *સ્થળ : રિવરફ્રન્ટ પાર્ક, સુભાષબ્રિજ.*
- *તારીખ : ગુરુવાર, તા. ૨૯-૧૨-૨૦૧૬*
- *સમય : બપોરના ૨.૦૦ વાગ્યાથી*
- *ટોકન ફી : રૂા. ૫૦/-*
- *નામ નોંધાવવાનું સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*
- *નામ નોંધાવવાની છેલ્લી તારીખ : ૨૬-૧૨-૨૦૧૬*

**ખાસ નોંધ** *: બહેનોએ સ્થળ પર જાતે પોતાની રીતે પહોંચી જવાનું રહેશે.*

*સુલુ જલદીપ શાહ - કન્વીનર*

# ગૃહ ઉદ્યોગ સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને આદર્શ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તા. ૧૪થી ૧૯ નવેમ્બર, ૨૦૧૬ના રોજ મહેંદી આર્ટનો કોર્સ યોજવામાં આવેલ હતો. શ્રીમતી મેઘાબેન અગ્રવાલે ભાગ લેનાર બહેનોને મહેંદીની ડિઝાઈન તેમજ પ્રેક્ટીકલ કેવી રીતે મહેંદી મૂકવી તે શિખવાડ્યું હતું.

આ કાર્યક્રમમાં ૨૬ જેટલી બહેનોએ ભાગ લીધો હતો.

*કન્વીનર, ગૃહ ઉદ્યોગ સમિતિ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ઓક્ટોબર / નવેમ્બર - ૨૦૧૬

● **તા. ૨૦-૧૦-૨૦૧૬**

★ આજે સવારના ૬ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી પીયૂષ પારેખ વૃક્ષારોપણ અંતર્ગત કચ્છ જવા રવાના થયેલ. ભુજ ખાતે 'કચ્છમિત્ર'ના કાર્યાલયમાં ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી હરેશભાઈ ધોળકિયા, શ્રી દીપકભાઈ માંકડ તથા શ્રી નરેશ અંતાણીને મળ્યા હતા. મુલાકાતમાં તા. ૬-૧૧-૨૦૧૬ના રોજ ભુજ ખાતે સંસ્થાના મુખપત્ર 'મંગલ મંદિર'ના દીપોત્સવી વિશેષાંકનું લોકાર્પણ કરવાનું નક્કી કરવામાં આવેલ. મજકુર સમારંભમાં અતિથિ વિશેષોના નામો પણ નક્કી કરી લેવામાં આવેલ તથા સમારંભનું સ્થળ શોધીને કાર્યક્રમ માટેના આમંત્રણો ફક્ત લેખકો / સાહિત્યકારોને મોકલવા, તેમ નક્કી કરવામાં આવેલ.

★ આજે બપોરે ૨ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી પીયૂષ પારેખે શ્રી લાલચંદ ડોસાભાઈ અતિથિગૃહમાં શ્રી મુકેશભાઈ ઝવેરીની શુભેચ્છા મુલાકાત લીધેલ હતી. તેઓ ભુજ મધ્યે તેમના સંકુલમાં મેડિકલ સેન્ટરમાં મેડિકલ સેન્ટર શરૂ કરવાના છે તે બાબતે ઔપચારીક વાતચીત થયેલ હતી.

★ આજે બપોરે ૩ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી પીયૂષ પારેખે ભુજના શ્રી વીરેન શાહ સાથે તા. ૬-૧૧-૨૦૧૬ના વિમોચનનો કાર્યક્રમ કરવા માટેના સ્થળ માટે વાતચીત કરેલ હતી તથા હોટલ સંકલ્પ ખાતે તેમનો હોલ જોઈને અન્ય વ્યવસ્થા અંગે હોટલના વ્યવસ્થાપક સાથે વાતચીત કરેલ હતી. હોટલ સંકલ્પનો હોલ સમારંભ માટે અનુકૂળ લાગેલ હતો. બે દિવસમાં નક્કી કરી બુક કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

● **તા. ૬-૧૧-૨૦૧૬**

★ આજરોજ ભુજ ખાતે સવારના ૧૦ વાગે આપણી સંસ્થાના મુખપત્ર 'મંગલ મંદિર'ના દીપોત્સવી વિશેષાંક '૨૧મી સદીનું કચ્છ'ના લોકાર્પણનો કાર્યક્રમ જાણીતા ઉદ્યોગપતિ શ્રી દામજીભાઈ એન્કરવાલાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ. જેમાં મુખ્ય અતિથિ વિશેષપદે કચ્છ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર શ્રી ચંદ્રસિંહજી જાડેજા તથા અતિથિ વિશેષપદે કચ્છમિત્રના મુખ્ય તંત્રી શ્રી દીપકભાઈ માંકડ બિરાજમાન હતા. ઉપરોક્ત સમારંભમાં સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ, સહમંત્રી શ્રી હસમુખ બાબુભાઈ શાહ, સહ ખજાનચી શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર તથા સમાજના સક્રિય સભ્ય શ્રી રસિકલાલ ખીમજી મહેતા હાજર રહેલ હતા. મંગલ મંદિરનું સંપાદકીય કામ કરનાર તથા લેખક શ્રી કેશુભાઈ દેસાઈ, સંસ્થાના આસિ. મેનેજર શ્રી કિશોર ઠક્કર પણ સમારંભમાં હાજર રહેલ હતા. સમારંભમાં આમંત્રિત લેખકો અને સાહિત્યકારો બહોળી સંખ્યામાં હાજર રહેલ હતા.

● **તા. ૯-૧૧-૨૦૧૬**

★ આજરોજ સવારના ૧૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ શાહીબાગ ખાતે મુલાકાત લીધેલ તથા ત્યાં ચાલતા ડાયાલિસિસ સેન્ટરના ટેકનિશિયન શ્રી જાવેદ શેખ સાથે સ્ટાફની કામગીરી બાબત તથા શ્રી દીપ દંડ સાથે પહેલા માળના રિનોવેટ થયેલ બાથરૂમો અંગે વાતચીત કરેલ. ■

# તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વોકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. બેક રેસ્ટ | રૂા. ૨/- |

<u>નોંધ</u> : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

***કે. આર. શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# ઊડતી નજરે....

માસ ઓક્ટોબર-૨૦૧૬ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.........................................** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ......................................................... | ૧૨,૪૨૫ |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ............................ ૫૫૩ | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ............................................... ૧૦૫ | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ............................... ૦૮ | |
| | ● | સોનોગ્રાફી ........................................................................ ૧,૦૦૫ | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ......................................... ૧૭ | |
| | ● | બોડી ચેક-અપ ........................................................................ ૩૦૩ | |
| | ● | અન્ય ..................................................................................૧૦,૪૩૪ | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........................................................ ૯૦૬ | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ ૨,૯૧૭ | ૩,૮૨૩ |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......................... ૨,૨૧૨ | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............................................ ૫,૫૦૦ | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............................... ૨૮૯ | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ .......................... ૭૫૫ | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ . ૪૫૪ | ૯,૨૧૦ |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...................................................... ૩૬૯ | ૩૬૯ |
| | | માસ ઓક્ટોબર - ૨૦૧૬ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ......... | ૨૫,૮૨૭ |

# મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## ગુજરાતી સાહિત્યને કચ્છી સાહિત્યથી સમૃદ્ધ કરનાર સાહિત્યકાર

# દુલેરાય કારાણી અભિવંદના શ્રેણી



કચ્છી ભાષાનું સાહિત્ય માર્મિક પણ છે અને મબલક પણ છે. કેટલાક કચ્છી સાહિત્યકારોએ કચ્છી ભાષા ઉપરાંત ગુજરાતી, હિંદી ભાષાઓમાં સીધું જ સર્જન કર્યું છે. તે તેમની અલગ સિદ્ધિ ગણાય. દુલેરાય કારાણી મૂલ્યનિષ્ઠ સાહિત્યકાર હતા. તેમણે ગુજરાતી ભાષામાં વિપુલ સર્જન કર્યું છે તેમ કચ્છી ભાષામાં પણ સંશોધન અને સંવર્ધનનું નોંધપાત્ર કાર્ય કર્યું છે. તેમનું ઉત્કૃષ્ટ સાહિત્ય વિસરાઈ જાય એ ન પરવડે. આ કારણે તેમની જન્મશતાબ્દના અવસરે તેમનાં પુસ્તકોનું નવેસરથી સંકલન કરીને, નવી ગોઠવણી સહિત 'દુલેરાય કારાણી અભિવંદના' શ્રેણી અંતર્ગત પ્રકાશિત પુસ્તકો

| | |
|---|---|
| **કચ્છની રસધાર** [ભાગ 1થી 5 સંયુક્ત] (કચ્છના ખમીરની વિરલ કથાઓ) | 450 |
| **જામ અબડો અભંગ** (આદર્શ કચ્છી રાજવીના આત્મગૌરવની કથા) | 125 |
| **જામ ચનેસર** (એક કચ્છી રાજવીની પ્રણયભીની કથા) | 180 |
| **જામ લક્ષરાજ** (પ્રજાવત્સલ કચ્છી રાજવીની જીવનકથા) | 150 |
| **જામ રાવળ** (એક કચ્છી રાજવીની કુશળ કારોબાર-કથા) | 160 |
| **કચ્છનો ક્રોમવેલ જમાદાર ફતેહ મહમ્મદ** (કર્તવ્યનિષ્ઠ કચ્છી જમાદારની ખુમારીની કથા) | 120 |
| **મિઠે મેરાણ જા મોતીડા** [ભાગ 1-2 સંયુક્ત] (કચ્છી સુભાષિતોની અત્તરક્યારીઓ) | 275 |
| **રસાલો શાહ અબ્દલતીફ ભિટાઈ જો** (કચ્છી કવિની કલમે પ્રેમીપાત્રોનાં ચરિત્રકાવ્યો) | 250 |
| **શાયર નઝીર અકબરાબાદી** (એક કચ્છી શાયરનો કાવ્યવૈભવ) | 250 |
| **સાર્થ કચ્છી કહેવતો** (કચ્છી કહેવતોનો કુબેરભંડાર) | 220 |
| **કચ્છી પિરોલી** (કચ્છી ઉખાણાં-ઉક્તિઓમાં ઉભરાતું જીવનદર્શન) | 130 |
| **કચ્છડો બારે માસ** (કચ્છી લોકસાહિત્યના ધબકારા) | 400 |
| **કારા ડુંગર કચ્છ જા** (ઇતિહાસ અને લોકકથામાં કચ્છ : એક અધ્યયન) | 350 |







આ ઉપરાંત ધીરેન્દ્ર મહેતા, હરેશ ધોળકિયા, દર્શના ધોળકિયા, દુલાભાયા કાગ, પ્રભાશંકર ફડકે, મહેન્દ્ર સા. દોશી વગેરે લેખકોનાં કચ્છી સાહિત્યનાં નમૂનેદાર પુસ્તકો માટે અમારું સૂચિપત્ર મંગાવો.

**ઇમેલ અને વૉટ્સેપ દ્વારા પણ આપ પુસ્તકોનો ઓર્ડર આપી શકો છો :**
વૉટ્સેપ નં. 9879500182, 9825268759, ઇમેલ : goorjar@yahoo.com, gurjarprakashan@gmail.com

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

## ગૂર્જર સાહિત્યભવન

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

## ગૂર્જર સાહિત્ય પ્રકાશન

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com




**To know more about us, call us today**


**CORPORATE OFFICE : V-Trans India Limited,** 6, Corporate Park, V. N. Purav Marg, Chembur, Mum - 400071
Tel: + 91 25220423 – 26 | Toll Free: 1800 220 180 | Email: info@vtransgroup.com

V-TRANS Driving Excellence

Our other Divisions

V-Xpress Safe and Reliable - For Your Peace of Mind

V-Logis Warehousing & Inventory Management


GAME ON
BY BLAZO
Blazo Clothing Mfg. Co. Pvt. Ltd.
310, Amit Industrial Estate, 61 Dr. S.S. Rao Road,
near Gandhi Hospital, Parel, Mumbai - 400012.
Tel:(022) 24124595, 24168645, 24115010. Fax: 24104290
Info@blazoclothing.com / blazoorder@yahoo.co.in / www.blazoclothing.com

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

